વિલક્ષણ વેર

અથવા

પાપનો પ્રતીકાર.

(મેરી કોરિલીની પ્રખ્યાત નવલકથા વેંડેટ્ટાના આધારે લખાયેલી એક સુંદર નવલકથા.)

ભાષાંતર કરી પ્રકટ કરનાર,

કૃષ્ણપ્રસાદ મણીશંકર શાસ્ત્રી.

સને ૧૯૨૦.   સંવત ૧૯૭૬.

પાકું પુંઠું ગ્લેઝ કાગળ કિં. રૂ. ૨-૮-૦.

કાચું પુંઠું રફ કાગળ કિં. રૂ. ૧-૮-૦.

પ્રથમ આવૃત્તિ.] [પ્રત ૧૦૦૦.

स्त्रियश्चरित्रं पुरुषस्य भाग्यं
देवो न जानाति कुतो मनुष्यः ॥

× × × ×

अतितपुण्यपापानामिहैव फलमश्नुते ।

Printed by Somalal Mangaldas Shah at the Gujarat Printing Press
Panch Kuva, Ahmedabad: and Published by Krishnaprasad
Manishankar Shastri Khijda Pole, Sankdi Sheri Ahmedabad.

છઠ્ઠી ગુજરાતી સાહિત્ય પરિષદના

વયોવૃદ્ધ અધ્યક્ષ

રાવ બહાદુર, રાજરત્ન

હરગોવિંદદાસ દ્વારકાંદાસ

કાંટાવાળાને,

એમની સાહિત્ય સેવા, અને વિદ્વત્તા

વિગેરે ગુણોથી આકર્ષાઇને

આ પુસ્તક સપ્રેમ

અર્પણ કરવાની

રજા લઉં છું.

કૃષ્ણપ્રસાદ મણીશંકર શાસ્ત્રી.

આભાર-પ્રદર્શન.

આ નવલકથા પ્રખ્યાત નવલકથા-કર્ત્રી મેરી કોરિલીના સુંદર નવલકથા વેંડેટ્ટા પરથી મરાઠી ગ્રંથકાર રા. રા. પ્રભાકર એસ. ભસેએ લખેલી છે, અને તેમની ઉદારતામય પરવાનગીથી આભાર સાથે તે મરાઠી નવલકથાનું આ ભાષાંતર કરી પ્રકટ કરવામાં આવ્યું છે. આશા છે કે, વાચકોને તે સંતોષ આપશેજ.

વિલક્ષણ વેર.



G. P. Press—Ahmedabad

ચિત્રકાર આર. કે. મિસ્ત્રી

વિલક્ષણ વેર

અથવા

પાપનો પ્રતીકાર.

પ્રકરણ ૧

બાળકનો અપરાધ.

"હું મારી જિંદગીના બાકી રહેલા દિવસો મક્કા જેવા પવિત્ર સ્થળે ગાળતો હતો. મક્કામાં મારો કોઇની સાથે વિશેષ પરિચય નહોતો; કારણ કે, હું ત્યાં નવોજ ગયો હતો. ત્યાં હું ઘણી જ સાદાઇથી અને ફકીરના વેષે રહેતો હતો. મારા રૂવાબ અને ફકીરના જેવા વેષનું મિશ્રણ જોઇ ઘણાઓને આશ્ચર્ય લાગતું અને તેમાંના કેટલાક તો મને ઘણી જિજ્ઞાસાથી કેટલાક સવાલો પણ પૂછતા, પણ મેં મારે મોઢે સજ્જડ તાળું વાસ્યું હતું. ધીમે ધીમે ત્યાંના કેટલાક ફકીરો સાથે મારો પરિચય વધતો ગયો. તેમાંના ચાર ફકીર સાથે તો મારો પરિચય એટલો બધો વધી ગયો કે, અમારામાં કાંઇ જૂદાઇ જેવું રહ્યું નહિ. 'મળ્યા તો મીર નહિ તો ફકીર' આ કહેવત મુજબ અહીંઆં ઘણાએ ફકીર હતા. પરંતુ, અમો પાંચે ફકીરોના મૂળમાં કાંઇક પણ ચમત્કારિક

વાત હોવાથી પ્રત્યેકને એકમેકની હકીકત જાણવાની સાહજિક જ ઇચ્છા થઇ; અને તે પ્રમાણે તે ચારેયે પોતપોતાની હકીકત કહ્યા પછી મારે પણ મારી હકીકત કહેવી પડી. મારો એવો નિશ્ચય હતો કે, મારે કોઇને પણ મારો ઇતિહાસ કહેવો નહિ. પરંતુ દિલોજાન દોસ્તોએ જ આગ્રહ કર્યો, એટલે મારો ઉપાય નહોતો. અને મેં તેમને મારી આત્મકથા કહેવાની શરૂઆત કરી.

મિત્રો! મારે તમને પ્રથમથી જ કહી રાખવું જોઇએ કે, હું એક મૃત મનુષ્ય છું! તમો એમ સમજશો નહિ કે, મારી જિંદગીની હવે પછી કાંઇ કિંમત રહી નથી એટલા માટે હું મને પોતાને મૃત કહું છું; પરંતુ ખરેખર જ હું મૃત છું! મારા આ શબ્દો સાંભળી તમને ઘણું આશ્ચર્ય લાગતું હશે, તમે માનશો કે હું જૂઠું બોલું છું, અથવા તો કદાચિત્ તમે એવી પણ શંકા લાવશો કે હું ગાંડો થયો છું. પરંતુ, મિત્રો! હું કહું છું તે પર વિશ્વાસ રાખો. હું સોગંદપૂર્વક કહું છું કે, હું એક મૃત મનુષ્ય છું. પણ, ઉભા રહો. તમે ભય પામો નહિ. તમે ખાત્રી રાખજો કે, હું ભૂત નથી! તથાપિ જો તમને ખોટું લાગતું હોય, તો હિંદુસ્થાનમાં મશહૂર દિલ્હી શહેરમાં જાઓ અને પૂછો કે, "સાદતઅલ્લી ખાંન ક્યાં છે?" ત્યાંના લોક નિઃશંક મને તમને મારા કુટુંબના સ્વતંત્ર કબરસ્થાનમાં લઇ જશે અને કુશળ કારીગરોએ બાંધેલી એક કબર તરફ આંગળી કરી કહેશે કે, 'આ સાદતઅલ્લી ખાંનની કબર.' મારા મૃત્યુ સંબંધનો આ કરતાં પણ અધિક પુરાવો તમને બીજો કયો જોઇશે?

હું મરણ પામ્યો છું, આ વાતની સાક્ષી આપવા માટે જેમ

આખું દિલ્હી શહેર તૈયાર છે; તેમજ હું અત્યારે જીવતો છું, એ પણ તેટલુંજ ખરૂં છે. તમારી સામે બેઠેલી આ વ્યક્તિ પોતેજ ખાન સાદતઅલ્લી છે. હું હસું છું, હું બોલું છું, હું ખાઉં છું, હું પીઉં છું, તો પછી હું ધારતો નથી કે, તમને મારા જીવતા હોવાની બાબતમાં શંકા આવશે. હું મરી ગયો છું—આવી લોકોની જે માન્યતા થએલી છે, તે કાયમ રહે એજ મને શ્રેયસ્કર લાગે છે; અને મારી ખાત્રી છે કે તમે પણ તે લોકભ્રમ કાયમ રાખશો. ભલે, લોકોની સમજમાં સાદતઅલ્લી ખાન કબરસ્થાનમાં હોય, તો પણ હું જીવતો છું, લોકો ગમે તેટલી ખાત્રીથી માને કે, હું મરી ગયો છું પરંતુ, મારી પ્રત્યેક નાડીમાંથી હજુ પણ તાજું લોહી વહ્યા કરે છે અને મારી દરેક ઇન્દ્રિય પોતપોતાનું કાર્ય સારી રીતે બજાવ્યે જાય છે. હું આખી દુનિયાને જોઉં છું, પરંતુ દુનિયા માત્ર મને જોતી નથી. બિચારા લોકો પણ હું મરી ગયો છું—આ અંધ વિશ્વાસથી મારો વિરહ સહન કરે છે. લોકમાં ફેલાયલો આ મારો મૃત્યુભ્રમ, જો કે તેવો જ કાયમ રહ્યો છે; તો પણ હું પોતે તે ભ્રમથી ફસાતો નથી. નહિતો, કદાચ મને પોતાને પણ એમ શંકા થઇ આવત કે, "હું ભૂત તો નથી ને?" અત્યારે મારી ઉમ્મર ત્રીસ બત્રીસની છે: અને એવી ભર યુવાવસ્થામાં મરજી મુજબ મોજ મારવાની પણ મને સંપૂર્ણ અનુકૂલતા છે. છતાં, મને તો મારો આ મૃત્યુ-સંવાદ જ વિશેષ ગમે છે. હું આ લોકભ્રમના કબરસ્થાનમાંથી બહાર નિકળવાની કયારેય પણ ઇચ્છા કરતો નથી. અત્યારે મારૂં મન, બુદ્ધિ વિગેરે સર્વ જાગૃત છે; દેહ ચૈતન્યયુક્ત છે અને સર્વ ઇન્દ્રિયો પણ સ્વવ્યાપારમાં છેપત રહ્યા. છતાં, એવી અવસ્થામાં પણ લોકોએ મને જયારે મરણ પામેલો

ગણ્યો છે, ત્યારે પછી હું શા સારૂ તે માટે ખેદ માનું? ભલે ને કહે બિચારા! હું પણ તેમાંજ સંતોષ માનું છું.

પરંતુ, તમે એમ સમજશો નહિ કે મૃત્યુએ પોતાનો ચમત્કાર મને નથી દેખાડયો. અરે મૃત્યુનો તો અવતાર જ તેટલા માટે છે. જીવંત પ્રાણીના જીવનપર ઝડપ મારવી, આ તો તેનો ધંધો જ છે. ઘોડાની લગામ જેમ હાંકનારના હાથમાં હોય છે, તેમ જીવનની દોરીઓ મૃત્યુના હાથમાં છે. એટલે, મૃત્યુએ મારા જીવનપર ઝડપ મારવાનો પ્રયત્ન કર્યો, એ વાતમાં કાંઈ આશ્ચર્ય નથી. હા, એ વાત ખરી કે એ ઝડપ મારાપર હતી ખરી. પરંતુ, જેમ કોઇ શિકારીની ગોળી શરીરને ઘસાઇને ચાલી જાય છે—પરંતુ અંગ છિન્ન કરતી નથી, તેની પેઠે તે વ્યર્થ ગઇ. થોડો સમય મારૂં ચૈતન્ય લુપ્ત થયું હતું—અને એજ મારૂં તાત્કાલિક મૃત્યુ હતું. આવી રીતે પુનર્જન્મ પામેલી વ્યક્તિને તો પહેલાંની જ દુનિયા નજરે પડે છે: પરંતુ મને તો જાણે હું નવા જગમાં આવ્યો એમ લાગ્યું. મને પોતાને એવી કલ્પના પણ ન હોતી કે, આટલા થોડા સમયમાં દુનિયાનો રંગ મારી નજરે આવી રીતે બદલાઇ જશે. દુનિયાનો તે વિચિત્ર દેખાવ જોઈ પુનર્જન્મસાથે જ જાણે હું નવી દુનિયામાં આવ્યો હોઉં એમ મને સાહજિક લાગ્યું. આ નવી દુનિયા મારે માટે સુખદાયક નહિ, પણ દુઃખદાયક થઇ પડી: અને એથીજ હું મારો પૂર્વાશ્રમ છોડી આ પવિત્ર અને રમણીય મક્કામાં આવી રહ્યો છું. હવે, હું તમને જે વાત કહેવાનો છું તે એજ કે, " દિલ્હી શહેરનાં સર્વ માણુસો એમ માને છે કે હું

મરી ગયો છું; છતાં હું જીવતો કેમ છું ? ” મારી આ કહાણી કહેવાથી જો કે મારૂં જીવન–મૃત–રહસ્ય ખુલ્લું થશે એ વાત ખરી છે, પરંતુ હું એમ માનું છું કે, તમારા જેવા મિત્રોને મારી તે આત્મકથા કહીશ તો મારૂં દુઃખ હલકું થશે. મારી હકીકત તમને કહેવી એ મારૂં અંતઃકરણજ ઉઘાડું કરવા બરોબર છે, અને તમને લાગશે પણ નહિ કે, એમાં કાંઇ મોટી વાત છે. પરંતુ, પોતાનું અપમાન, પોતાનાં દુઃખ અને પોતાનાં હૃદય–શલ્ય, એ બીજાની સામે ખુલ્લાં કરવાં તે, પોતાના અંતઃકરણને લજ્જાની છૂરીથી ચીરી ઉઘાડું કરવા જેવું છે. આમ જો કે બનેલું છે, તોપણ હું મારી હકીકત ખુલ્લા દીલથી તમને કહું છું. એમ કરવાથી મારી ઢાંકેલી મૂઠી ખુલ્લી થશે; પરંતુ તેમાં દુનિયાને જરૂર ફાયદો છે. ‘ પ્રેમ ! સ્વર્ગીય પ્રેમ ! ’ કહી પ્રેમનાં ગાન ગાનારો કોઇ એકાદ પ્રેમાંધ, ‘ સભ્યતા ! સ્વર્ગીય સભ્યતા ! ’ કહી ચપટીઓ વગાડનાર એકાદ સજ્જન, અને ‘ વિશ્વાસ ! સ્વર્ગીય વિશ્વાસ ’ કહી ખાડામાં ભૂસકો મારનાર એકાદ મોહાંધ મારી આ જીવન–કહાણી સાંભળી જો તે પ્રેમનું આલિંગન છોડી દેશે, જો તે સભ્યતાથી દૂર રહેશે અને એટલો બધો વિશ્વાસ પર વિશ્વાસ રાખી રહેશે નહિ, તો હું સમજીશ કે, મેં તમને મારી હકીકત કહી તે સાર્થક થઈ. મારા હૃદયના અંતર્ભાગમાં જે શલ્ય પેઠું છે, અને તેને લીધે હૃદયમાંથી જે સતત રક્ત–ધારા વહ્યા કરે છે, તે જોઈ દુનિયામાંની એકાદ વ્યક્તિ જો બોધ લેશે, તો પણ હું સમાધાન માનીશ.

મારૂં કૂળ પહેલાંથીજ શ્રીમંત હતું; અને મારા બાપ તો લક્ષાધીશ હતા. તેમજ અમારૂં કૂળ પરંપરાથીજ બાદશાહી કૂળ

સાથે શરાફના સંબંધથી સંલગ્ન થએલું હતું. હાલમાં, દિલ્હીના રાજ્ય-સિંહાસનપર બાદશાહ ઔરંગઝેબ છે, અને તેમની પાસે મારા લાખો રૂપીયા લ્હેણા છે; બસ, આટલી વાતપરથીજ તમે મારી શ્રીમંતાઇની કલ્પના કરી શકશો. અથાગ સંપત્તિ, સેવા માટે દાસ-દાસીઓ અને તેમાં વળી મા-બાપનો એકનો એક છોકરો-આવી મારી સ્થિતિ હોવાથી મારી બાલ્યાવસ્થા અત્યંત સુખચેનમાં ગઇ. અમારો પરંપરાગત ધંધો સારી રીતે કરી શકું અને હું ડાહ્યો તથા ચતુર થઉં, એટલા માટે મારા પિતાએ મને શિક્ષણ આપવા એક સારા શિક્ષકની નિમણુંક કરી હતી. આ શિક્ષક પાસે મારા જેવા બીજા પણ કેટલાક છોકરાઓ વિદ્યાભ્યાસ માટે આવતા હતા. તેમાં અમીરૂદ્દીન નામના એક છોકરા સાથે મારો સ્નેહ ઘણોજ વધ્યો; તે એટલે સુધી વધ્યો કે અમો બન્નેમાં જુદાઇ જેવું કાંઇ રહ્યું જ નહિ. અમીરૂદ્દીનનાં મા-બાપ તેની બાલ્યાવસ્થામાંજ મરણ પામ્યાં હતાં. કોઇ દૂરનો તેનો સગો તેને શિક્ષણ આપવાનું ખર્ચ પૂરૂં કરતો હતો અમીરૂદ્દીનને નાનપણમાંથીજ ચિત્રકલાનો શોખ હતો; અને અમારો સ્નેહ-સંબંધ વધવામાં આ ચિત્રકલાજ કારણીભૂત થઇ હતી.

મને પણ ચિત્રકલાનો થોડોક શોખ હતો; પણ આગળ જતાં મને અનુભવ થયો કે, આપણને કાંઈ આમાં યશ-પ્રાપ્તિ થશે નહિ, આથી હું તે શીખવાની પંચાતીમાં પડયો નહિ. અમીરૂદ્દીન માત્ર તેમાં દિવસે દિવસે હુંશીયાર થતો જતો હતો. આશરે સોળમે સત્તરમે વર્ષે તો દિલ્હી શહેરમાં તે એક કુશળ ચિત્રકાર તરીકે પ્રખ્યાત થયો હતો. મારી અને તેની મિત્રતા થયા પછી,

પૈસા વિગેરેની મદદ કરી ચિત્રકલા શિખવા માટે મેં તેને સારી સહાયતા કરી હતી. મારા બાવીસમા વર્ષે મારા બાપ મરણ પામ્યા અને ત્રેવીસમે વર્ષે મા મરી ગઈ; આથી, ભરપૂર તરુણાવસ્થામાં હું અથાગ સંપત્તિનો માલીક બન્યો. આ વખતે નિશાળીઆ સોબતીઓનો અને મોજમઝાનો કાંઇ દુકાળ પડતો નથી, એ એક અનુભવની વાત છે; પરંતુ હું તો પહેલેથીજ નિર્વ્યસની અને તદ્દન સારી રીતભાતથી વર્તનારો હોવાથી, ઘણાખરાઓએ મને અરસિક ઠરાવી મારી પાછળ લાગવાનું છોડી દીધું.

અમીરૂદ્દીનનો અને મારો સ્નેહ માત્ર ચમત્કારિક રીતે વધતો ગયો. તે પણ નિર્વ્યસની અને હુંયે તેવોજ. તેનાંયે માબાપ નહિ, અને મારાં પણ નહિ ! આવાં અનેક કારણોને લીધે તેનો અને મારો સ્નેહ સાહજિક જ વૃદ્ધિ પામ્યો. અમો બન્નેમાં ફરક માત્ર એટલોજ હતો કે, તે દરિદ્રી હતો અને હું શ્રીમંત હતો. પરંતુ, મારી સાથેનો તેનો સ્નેહ હું શ્રીમંત હતો એ દૃષ્ટિથી નહોતો પણ એક ખરા મિત્ર તરીકે હતો. હું શ્રીમંત છું એમ માની તે કોઇ પણ દિવસ મારી વંચના કરતો નહતો; અને તેનું એ વર્તનજ મને વિશેષ ગમતું હતું. વળી, તે પોતાના ધંધાપર પૈસા પણ સારા મેળવતો હતો. મારૂં પાસેનું કોઈ સગું–સંબંધી નહોતું; અને તે નહોતું તેને પણ ! આ માટે મને કોઇ દિવસ ખેદ પણ થયો નથી. અમીરૂદ્દીને તે સર્વનો અભાવ દૂર કર્યો હતો. તે અને હું હંમેશાં એકઠાજ રહેતા હોવાથી મારો ઘણો ખરો સમય આનંદમાં જ જતો હતો. અને કોઇક વખત હું એકલો હઇશ ત્યારે પણ 'મને

ગમતું નથી ' એમ કયારેય પણ મને લાગ્યું નથી. વ્યવહાર અને સૃષ્ટિના અપૂર્વ દેખાવ એ બન્નેએ કયારેય પણ મને મારો સમય આળસમાં ગાળવા દીધો નથી. કદાચ કોઈક વખત, નથી ગમતું એમ લાગતું, ત્યારે યમુનાને કાંઠે જઇ કલાકોના કલાક સુધી હું બેસતો હતો. પરંતુ કોઇની સાથે ફોકટની કુથલી કરવાનો મેં કયારેય પણ પ્રયત્ન કર્યો નથી. મારા આ એકલવાયા વર્તનને લીધે, મારી પ્રત્યક્ષ ઓળખાણ ઘણાજ થોડાને છે. દિલ્હી શહેરમાં મારા કૂળને સઘળા ઓળખતા હતા. પણ, અત્યારે તો મને લાગે છે કે, તે શહેરમાં મને ઓળખનાર, હવે તો બહુ તો પાંચ દસ જ માણસ હશે.

ચોવીસ–પચ્ચીસ વર્ષના ભરપૂર યુવાવસ્થા, ઉત્કૃષ્ટ સૌંદર્ય ઉત્તમ શરીર–સંપત્તિ અને મુબલક પૈસા ! આ સર્વ મારામાં એકઠું થયું હોવાથી મોટા મોટા સરદારોની છોકરીઓ પણ મારી સાથે લગ્ન કરવાની ખટપટ કરતી હતી. ગમે તે કોઇ કારણથી, આ સાંસારિક સુખ સંબંધમાં હું ઘણોજ ઉદાસીન હતો; અને તેને લીધે મને લગ્નની ઉત્સુકતા કદી થઇ જ ન હોતી. કોઇ પણ, મારા લગ્નની વાત કાઢતું કે હું તે તરફ દુર્લક્ષ્ય કરી તે બાબતમાં મૌન જ સ્વીકારતો હતો. મારા પિતાના વખતના જે કેટલાક નોકર મારી પાસે હતા, તેમાંના બે ચાર નોકર વૃદ્ધ હતા અને તેમનો દરજ્જો મોટો હતો. લગ્ન ન કરવાનો મારો વિચાર સાંભળી તેઓને ઘણું ખોટું લાગ્યું અને મારા પર તેઓ ક્રુદ્ધ પણ થયા. અમીરૂદ્દીન તો મારો મિત્ર હતો. તેને તો એથી ઘણુંજ આશ્ચર્ય લાગ્યું અને હું લગ્ન કરૂં તેટલા સારૂ અનેક રીતે મારૂં મન વાળવાનો

તે પ્રયત્ન કરતો હતો. 'સુંદર સ્ત્રીને જોઇ જે હૃદયમાં પ્રેમ ઉત્પન્ન થતો નથી, તે હૃદય નહિ પરંતુ મરૂભૂમિ;' 'રમણીના 'નેત્રકટાક્ષથી જે મોહિત થતો નથી, તે અરસિક;' સુંદરીના હાસ્યથી જેનું અંતઃકરણ ડોલાયમાન થતું નથી, તે ચૈતન્ય-શૂન્ય; 'આવું નિરસ હૃદય તો અંધકારમય પથ્થરની ગુફા કહેવાય;' આવું આવું ઘણું તે કહેતો હતો. પરંતુ, મને તો તે સર્વ કવિ-કલ્પના લાગતી. હું જાણતો હતો જ કે, કોઇ કવિની પ્રતિભા ઉદય પામે છે, એટલે તે આમજ કાંઇ પણ બોલ્યા કરે છે. અને તેમાં વળી ખાસ કરીને જો પ્રેમનો વિષય હોય છે, તો તો પછી તેની જીભને બમણું જોર ચઢે છે. મેં કાંઈ એવી પ્રતિજ્ઞા કરી નહોતી કે, મારે લગ્ન કરવું જ નથી. પરંતુ હા; મેં એટલો તો નિશ્ચય કર્યો હતો કે, દુનિયાનું સારી રીતે નિરીક્ષણ કરવામાં કેટલાંક વર્ષ ગાળ્યા શિવાય લગ્નની પંચાતીમાં પડવું નહિ. મારો આ નિશ્ચય જો મેં પાળ્યો હોત અને દુનિયાનું નિરીક્ષણ કર્યા પછી લગ્નની પંચાતીમાં પડયો હોત, તો મારી જીંદગીની આવી દુર્દશા થાત નહિ. તેમ કદાચ એમ કહેશો કે, એમ તો ઘણાંનાંયે લગ્ન દુનિયાનું નિરીક્ષણ કર્યા પહેલાં જ થાય છે, તો પછી તેમના આયુષ્યની કેમ કાં! દુર્દશા થતી નથી? આ પ્રશ્નનો ઉત્તર 'તેમનું સુદૈવ' આ શિવાય બીજો કાંઇ નથી. સાધારણ લોકોના હૃદયમાં કવિઓની માફક પ્રેમની સુંદર કલ્પનાઓ ઉત્પન્ન થતી નથી. લયલા અને મજનુ જેવા યુગ્મના પ્રેમનાં સુંદર વર્ણનો તેમના કાનમાં પ્રવેશતાં નથી. પ્રેમના નયન-મનોહર ચિત્રપટ તેમનાં નેત્રોને દેખાતા નથી; આથી તેઓ સુખી હોય છે અને પોતાનો સંસાર-વ્યવહાર હરિ-ભજન કરતા ગાળે

છે. પરંતુ, તેઓજ જો પ્રેમ પ્રેમ કરતા તે સ્વર્ગીય કલ્પનાના તરંગો સાથે તણાતા જશે, તો તો છેવટે તેમને નરકપુરીનો દરવાજો જ જોવો પડશે. કેટલાક એમ કહે છે કે, 'પ્રેમ એ તો ઇશ્વરી બક્ષિસ છે;' ભલે તેઓ તેમ કહે. હું તો એમજ માનું છું કે, કોઇએ એક ઝેરનો રોપો નરકપુરીમાંથી ચોરી લાવી આ પૃથ્વી-લોકમાં રોપ્યો હશે. ગમે તે હો. પણ એટલું તો ખરૂં કે, આ બાબતમાં હું ઘણો મોડો સાવધ થયો. આ પ્રેમની કલ્પનાને લીધેજ મારા અંતઃકરણમાં એવું કાવ્ય ઉત્પન્ન થતું હતું કે, લગ્ન કરવું તો કોઇ અત્યંત સુન્દર સ્ત્રી સાથેજ કરવું; અને એથીજ હું કોઇની પણ પાસે લગ્નની બાબતમાં નન્નાનો જ પાઠ ભણતો હતો.

બહાર-ગામના એક સરદાર તરફથી કેટલાંક ચિત્રો કાઢવાનાં હતાં તેથી તેણે અમીરુદ્દીનને બોલાવ્યો હતો, અને તે પ્રમાણે તે ત્યાં ગયો પણ હતો. ત્યાંથી તે બે ત્રણ મહિના સુધી આવવાનો ન હોવાથી મેં પણ આનંદની ખાતર કયાંક બહાર ગામ જવા ઠરાવ્યું. ફત્તેહપુર સિક્રીમાં બાદશાહી કુટુંબનો ઘણોજ મોટો અને અત્યંત રમણીય બગીચો હતો, અને તેની આસપાસ જોવા લાયક બીજાં સ્થળો પણ ઘણાં હતાં. આ વાત મારા જાણવામાં હોવાથી હું રજવાડામાં ગયો અને મુખ્ય અધિકારીને મળી, મેં તેની પાસેથી તે બાગમાં રહેવા માટેનો પરવાનો મેળવ્યો. પછી સાથે બે ચાર નોકર ચાકર લઈ હું ફત્તેહપુર સિક્રીમાં જઇ રહ્યો અને દિવસ ગાળવા લાગ્યો. ફત્તેહપુર સિક્રી નૈસર્ગિકજ અત્યંત રમણીય સ્થળે છે. મહાન્ અકબર બાદશાહે ત્યાં બાગ-બગીચા

વગેરે કરાવી પોતાને માટે હવા ફેરબદલ કરવા સારૂ તે સ્થળ તૈયાર કરાવ્યું હતું. તેમના પછીના બાદશાહોએ પણ તે બગીચામાં ઘણો સુધારો વધારો કરી તે બાગ ઘણો પ્રેક્ષણીય કર્યો છે. તે બાગમાં હું લગભગ એક બાદશાહી પરોણાના જેવો હોવાથી ઘણા માન–મરતબાથી રહેતો હતો. બાગ ઘણો વિશાળ છે અને તેમાંનાં કેટલાંક ઝાડ તો ઘણેજ દૂરથી આણેલાં અને અપૂર્વ છે. જૂદી જૂદી જાતના ફુવારાઓ, કુંજો અને ગુફાઓ ત્યાં અનેક છે. એક સુંદર સરોવર પણ ત્યાં છે. તે બાગમાં હું મારા દિવસ ઘણીજ મોઝથી ગાળવા લાગ્યો. દરરોજ સવારે ઘોડાપર બેસી લાંબે રસ્તે રપેટ કરવા જેવું અને પછી આખો દિવસ બાગમાં જૂદી જૂદી જાતના આનંદમાં ગાળવો–આવો મારો ત્યાંનો ક્રમ હતો. સાંજના વખતે બીજા પણ કેટલાક લોકો તે બાગ જોવા માટે ત્યાં આવતા હતા, અને તેમાંના કેટલાક મારી ઓળખાણ કરી લેવાનો પણ પ્રયત્ન કરતા. પરંતુ, તેમના જાણવામાં આવતું કે, હું અરસિક છું, એટલે પછી ફરીથી તેઓ મારી સાથે વાત કરવાનો પ્રયત્ન કરતા નહોતા. એક દિવસ બપોરના ત્રણ ચાર વાગ્યાને સુમારે, ઘરમાં કાંઇ ગમતું ન હોવાથી હું બાગમાં ગયો અને ઠંડી છાયામાં આમતેમ ફરવા લાગ્યો. આ સમયે બાગમાં કોઇ પણ નહોતું–તદ્દન એકાંત હતું. દૂર એક લતામંડપ હતો, તેમાં જઇ બેઠો અને સામે એક ફુવારો ઉડતો હતો તેનું નિરીક્ષણ કરવા લાગ્યો. એટલામાં ઠંડા પવન સાથે વહન થતો આવેલો કાંઇક આલાપ મારા કાનમાં પેઠો. ચિત્રકલાની માફક સંગીતનો પણ મને થોડો શોખ છે. એક સારા ગવૈયા પાસે મેં આ વિષયનો થોડો અભ્યાસ પણ કર્યો છે. આ આલાપ

ખરેખરજ મારા કર્ણને મધુર લાગ્યો અને હું ઉઠયો. બરાબર તે આલાપના અનુરોધેજ જવા માંડયું. એક સુંદર માંડવામાં અઢાર વીસ વર્ષની એક અત્યંત લાવણ્યવતી સ્ત્રી બેઠી હતી અને ગાવામાં તલ્લીન થઇ ગઈ હતી. આસપાસ કોઇ નથી અને હમણાં કોઇ આવનાર નથી; આવી તેની માન્યતા હોવાથી, તે સ્ત્રી પોતાના મુખપરનો બુરખો કાઢીને બેઠી હતી. તે વેલના મંડપમાં એક બેઠકપર તે સ્ત્રી સહજ લીલાંથી બેઠેલી હતી અને ખુલ્લા દીલથી ગાતી હતી. સ્વાભાવિકજ તે અપ્રતીમ સુંદર હતી. તેમાં વળી અત્યારે તે આ મંડપમાં બેઠેલી હોવાથી તે મને ઘણીજ અપૂર્વ સુંદર જણાઇ. આ પહેલાં પણ મેં અનેક સુંદર સ્ત્રી જોઇ હતી, પણ તેથી મારૂં મન આવું અસ્થિર થયું નહોતું. આજેજ માત્ર મારી આવી સ્થિતિ થઇ. આટલા દિવસ સુધી મને લાગતું હતું કે, કવિઓની કલ્પના એ તો એક જાતની સ્વપ્ન–સૃષ્ટિ ! પરંતુ, આજે તે કલ્પનાની સત્યતાનો મને અનુભવ થયો. રમણીની આંખો, તે કાંઇ આપણી આંખો જેવી નથી હોતી. ખરેખરજ, તેમાં બાણના જેવી શક્તિ હોય છે, અને એ નયન–બાણ ઘણાંનાં હૃદય વિદ્ધ કરે છે. તેનું હાસ્ય પણ તમારા–અમારા જેવું નથી હોતું, પરંતુ તે તો પુરૂષને દીવાનો બનાવનારી એક મોહિનીજ હોય છે; અને તેના મુખને કમળની ઉપમા આપે છે તેપણ કાંઇ ખોટી નથી હોતી. નહિ તો, તેમાં અમારા જેવા ભમરા કેમ વારૂ સપડાય ? એક તો હું ગાન–લુબ્ધ હતો. વળી તેના સૌંદર્યથી થોડો થોડો આકર્ષિત થતો જતો હતો. હું તો એકદમ તેની પાસે ગયો હોત, પરંતુ મને બીક હતી કે, રખેને તે જો પાછો મોઢાપર બુરખો નાંખી દેશે તો પાછી કાંઇજ જણાશે નહિ; આથી હું

ઘણીજ ધીમેથી તે મંડપ પાસે જઇ એક ઝાડની આડે ઉભો રહ્યો. કવિઓની કલ્પના પ્રમાણે, તે વખતે મેં મારાં નેત્રોને પ્યાલાની ઉપમા આપી અને હું તેના વતી તે રમણીના સૌંદર્યનું પાન કરવા લાગ્યો. પણ, તે તૃષાને શાંતિ કેમ થાય ? સૌંદર્યનું આકંઠ પાન કરીએ એમ લાગે છે ખરૂં પરંતુ, જે વૃત્તિ પાન કરતી હોય છે તેને કંઠજ ક્યાં હોય છે વારૂ ? ધીમે ધીમે મારી તૃષ્ણા વધવા લાગી અને અંતઃકરણમાં ઘણુંજ આશ્ચર્ય લાગવા માંડયું. થોડીવાર પછી તે તરૂણીએ પોતાનું ગાન સમાપ્ત કર્યું અને તે ત્યાંથી ઉઠી. હું જો કે રસિક નહોતો, તેમ જો કે પ્રેમિક પણ નહોતો. તોપણ, તે તરૂણી સાથે વાતચિત કરવાનો મારા મનમાં વિચાર આવ્યો અને તેના ઉઠવાનું કારણ મેં મારા પરજ ખેંચી લીધું. હું એકદમ તેની પાસે ગયો અને મેં તેને કહ્યું, "હું અહીં આવ્યો તેથી આપ ઉઠયાં લાગો છો ? જો એમ હોય તો આપ બેસો, હું બીજી તરફ જાઉં છું."

અકસ્માત્ એક સુંદર, તરૂણ અને રૂવાબદાર ગૃહસ્થને પોતાની સામે જોઇ તેને સાહજિકજ આશ્ચર્ય લાગ્યું. મને લાગ્યું કે તે પોતાના મોઢાપર બુરખો ઢાંકી દેશે; પણ તેણે તેવું કાંઇ કર્યું નહીં. બુરખો સહેજ ખેંચ્યા જેવો કરી, તેણે પોતાના બન્ને ઓઠમાંથી તરૂણીનું હાસ્ય કેવું સુંદર હોય છે, તે મને દેખાડયું. તેનું તે લાજવું, હસવું, જોવું, મરોડ અને સાથે તેણે થોડો સમય સુધી સ્વીકારેલી મુગ્ધતા, એ વિગેરે જોઇ જેમ હું લુબ્ધ થયો હતો, તેમજ મને જોઇને તેની પણ એવીજ સ્થિતિ થઇ હોય, આમ મને લાગ્યું. પોતાના પગમાંની જરીથી ભરેલી જોડીઓ તરફ

જોતી તે મધુર અવાજે બોલી, "તમે આવ્યા તેથી હું જતી નથી, પણ ઘેર જવાનો વખત થયો છે, તેથી જઉં છું."

આથી વધારે બોલવાનું કાંઈ કારણ નહોતું, પણ મારી જીભ વિવેક જાળવવા કબુલ થઇ નહીં. તેને તો જાણે એક જાતનું સ્ફુરણ ચઢયું. મેં કહ્યું, "આપનું ઘર કયાં છે?"

મેં મૂર્ખે પૂછયું તો પૂછયું; પરંતુ તેણે તો મને ઉત્તર ન આપતાં ચાલ્યું જવું જોઇતું હતું કે નહિ? પરંતુ ના! તેણે હવે ખરેખર જ મારાપર નયનબાણ ફેંકયું અને મને કહ્યું, "આ બાગમાંજ છે."

મેં આશ્ચર્યથી કહ્યું, "આ બાગમાં? અહીંયાં તો હું પંદર દિવસથી રહું છું, પણ મેં તો તમને કયારેય પણ જોયાં નથી!"

"નહિજ જોઇ હોય. કારણ કે, હું કોઇકજ વખત બહાર નિકળું છું."

"આપના ઘરમાં કોણ કોણ છે?"

મારા આ પ્રશ્નનો ઉત્તર આપવા માટે તે થોડી અટકી. પછી ખિન્નતાથી બોલી, "ઘેર મામા અને મામી છે. તેમનાં છોકરાં છૈયાં છે. આ બાગની સર્વ વ્યવસ્થા તેમની પાસે છે."

"અને આપનાં મા-બાપ?"

"મા નાનપણમાંજ મરણ પામી. બાપ હમણાંજ દક્ષિણની ચઢાઈમાં કામે આવ્યા. ત્યારથી હું મારા મામા પાસેજ રહું છું."

આટલું કહેતાં તે તરૂણીનાં નેત્રો અશ્રુથી ભરાઇ આવ્યાં.

મેં સહાનુભૂતિથી કહ્યું, " અરેરે ! ઘણું ખરાબ થયું. ખુદાની મરજી ! બીજું શું ? આપના મામા પણ ઘણા ભલા ગૃહસ્થ છે. તેમણે મારી બરદાસ્ત ઘણી સારી રાખી છે. તેઓ આપની પણ પોતાનાં છોકરાં માફકજ સંભાળ રાખતા હશે ? "

" હા. મારા પર તેમની ઘણી મમતા છે. "

તે તરૂણી જમિન સામું જોઇ ઘણાજ વિનયથી અને મધુર સ્વરે બોલતી હતી. તેનાં નેત્રોમાં એક જાતની વિલક્ષણ મૃદુતા હતી એ ખરૂં, પણ વચમાં વચમાં તે જયારે મારાપર દષ્ટિ–ક્ષેપ કરતી, ત્યારે ત્યારે મારી સ્થિતિ ચમત્કારિક થઇ જતી અને રમણીનાં નેત્રો આટલાં બધાં શક્તિમાન્ હોય છે, એ જોઇ મને ઘણું આશ્ચર્ય લાગતું. મારી અરસિકતાને લીધે, હું જે આટલા દિવસો સુધી તરૂણ સ્ત્રીઓના સંબંધમાં ઉદાસીન રહ્યો, તેને માટે તે સ્ત્રી જાણે પોતાના નેત્ર–સંકેતોથી મને શિક્ષા કરે છે એમ લાગ્યું. આટલા દિવસ સુધીનો મારો જે નિગ્રહ હતો, તે ધીમે ધીમે ઢસળી પડવા માંડયો. આટલા દિવસ સુધી હું એમ માનતો હતો કે, રસિક થવા કરતાં અરસિક રહેવું સારૂં; પણ તે તરૂણીને જોયા પછી તો રસિકજ થવું એમ મને લાગ્યું. સાથે મનમાં એવા પણ વિચાર આવવા માંડયા કે, બસ હવે તો એક પ્રતિભાસંપન્ન કવિ થવું અને આખું અંતઃકરણ પ્રેમની કલ્પનાઓથીજ ભરી કાઢવું પરંતુ રસિકતા અને કવિતા શું રસ્તામાં પડયાં છે ? ઇશ્વરની પ્રાપ્તિ માટે જેમ તપશ્ચર્યા કરવી પડે છે, તે કરતાં પણ અધિક પરિશ્રમ, રસિક અને કવિ થવા માટે કરવો પડે છે. મારૂં આ કહેવું સાંભળી, તમે એમ પૂછશો કે, ત્યારે પછી રસિકો અને કવિઓ

ગલિએ ગલિએ કેમ નજરે પડે છે વારૂ ? આ પ્રશ્નનો ઉત્તર એક રસિક કવિએજ મને આપ્યો છે, અને તે એજ કે 'પૂર્વ જન્મના સંસ્કારને લીધે.' તે ગમે તેમ હોય. પરંતુ એટલું તો ખરૂં કે, હવે મને એમ લાગવા માંડયું કે જાણે તેની સાથે કવિની ભાષામાં મધુર મધુર બોલવું. પણ શું બોલવું તે કાંઇ સુઝે નહિ. છેવટે માથું ખંજવાળી ખંજવાળી એક પ્રશ્ન મને સુઝયો. મેં તેને પૂછયું, "આપનું નામ શું ?"

તે સ્હેજ શરમાતાં અને હસતાં બોલી, "દિલારા. આપનું ?"

"સાદતઅલ્લી ખાન."

"દિલ્હીના પ્રસિદ્ધ શેઠ તે આપજ, નહિ વારૂ ?"

"મારા પર લક્ષ્મીની મહેર છે એ ખરૂં; પણ મારા કરતાંયે વધારે શ્રીમંત એવા ઘણા લોક દિલ્હી શહેરમાં છે."

"હશે. પણ આપ તો બાદશાહના શરાફ છો ને ?"

"એ હકીકત આપને કોણે કહી ?"

"મામાએ. આપ આ બાગમાં બાદશાહના પરોણા છો, આમ પણ તેમણે મને કહ્યું છે."

તેને આગળ શું પૂછવું એ હું શોધતો હતો. પરંતુ હવે તો મારી પ્રતિભા ખુટી પડી. હું એવી ગુંચવાયલી સ્થિતિમાં હતો ત્યાંજ તે બોલી, "વારૂ ત્યારે, હું જાઉં છું."

તેને શો ઉત્તર આપવો ? હું તો તેજ ન સમજી શકયો કે, તેને 'જા' કહું કે 'ન જા' કહું. પરંતુ તેણે કાંઇ મારા ઉત્તરની

વાટ જોઇ નહિ અને તે ચાલી ગઇ. જતાં જતાં વચમાં તે પાછું વળી હું કેવા ગંડૂની માફક ઉભા છું, તે જોતી હતીઃ કોઇક રસિકે તેનું તે મરોડભર્યું અંગ જોવામાં મોટું ભાગ્ય માન્યું હોત, પણ મને તો તેમાં મારૂં જ ગાંડપણ જણાઇ આવ્યું. આગળ જતાં તો હંમેશાં બાગમાં અમારો મેળાપ થવા લાગ્યો અને હું પણ તેનો મેળાપ થતાં આનંદિત થવા લાગ્યો. છેવટે તે રમણી જ વિજય પામી. તરુણ સ્ત્રીઓ સંબંધની મારી ઉદાસીનતા નષ્ટ થઇ ગઇ. અને મારા અંતઃકરણમાં પ્રેમનાં ઝરણાં ઝરવા લાગ્યાં. પહેલાંનો મારો સ્વતંત્ર વૃત્તિનો આયુષ્યક્રમ તે તરુણીએ બદલી નાંખ્યો. ઘણાજ થોડા સમયમાં તે તરૂણીના મામાએ તેની સાથે લગ્ન કરવાની મને વિનંતિ કરી અને તે પ્રમાણે ઘણા ઠાઠમાઠથી હું ચતુર્ભુજ બન્યો !

એ જૂદું કહેવાની જરૂર નથી કે, મારો પરમપ્રિય મિત્ર અમીરૂદ્દીન મારા આ લગ્ન પ્રસંગે હાજર હતો. આ વખતે તેણે ઘણી મહેનત કરી અને મારો લગ્ન-સમારંભ ઘણાજ ઠાઠમાઠથી પાર પાડયો. સમારંભ સમાપ્ત થયા પછી અમે બન્ને જણ જ્યારે છૂટા થયા ત્યારે તેણે મને કહ્યું, "દોસ્ત ! પહેલાં તો અમીરૂદ્દીનનું કથન તમને લવારા જેવું લાગતું હતું, પણ હવે તો તે કાવ્ય પ્રમાણે મધુર લાગતું હશે નહિ વારૂ? આ લોક એક પ્રેમ રાજ્ય છે. એટલે, તમે કદાચ એમ કહેશો કે, હું અહીંના પ્રેમદૂતને ફસાવી પ્રેમથી તદ્દન અલિપ્ત રહીશ; પરંતુ, તેમ કદી પણ બની શકશે નહિ. છેવટે પણ, તમે તે પ્રેમના તડાકામાં સપડાયા, એ જોઇ મને ઘણો આનંદ થાય છે. ખરેજ હાં, આટલા દિવસ

તમે જે બોલ્યા, તેનું ઇનામ તો તમને ઘણુંજ સારૂં મળ્યું ! દિલારા ખરેખર જ એક અપ્રતીમ સુંદરી છે. એવી અનુપમ સુંદર સ્ત્રી આજ સુધી મેં ક્યાંય પણ જોઈ નથી. એ બાબતમાં તો હું તમને ઘણા નસીબદાર સમજું છું. ”

દિલજાન દોસ્તનું આ કથન સાંભળી મને પણ આનંદ થયો. તેનો હાથ મારા હાથમાં લઇ મેં કહ્યું, “ અમીરૂદ્દીન ! એ બધી ખુદાની મહેરબાની ! તેની કૃપા હોય તો પછી શું બાકી ? બસ, હવે તો આનું છેવટ પણ જો આવુંજ મધુર આવે તો સાર્થક ! ” છેવટનું મારૂં આ વાક્ય અજાણતાંજ એકદમ મારા મુખમાંથી નિકળી ગયું. મારા આ વાક્યથી અમીરૂદ્દીનને તો કાંઇ લાગ્યું નહીં; પણ મારૂં મન માત્ર સહેજ ઉદાસ થયું. થોડા સમય પછી અમીરૂદ્દીને મારી રજા લીધી અને તે પોતાને ઘેર ચાલ્યો ગયો. જતી વખતે તેનો ચ્હેરો સ્હેજ ઉદ્વિગ્ન થયો હોય, તેમ મને જણાયું. અમીરૂદ્દીનનો ચ્હેરો કેમ વારૂ ઉદ્વિગ્ન થયો હશે? આ પ્રશ્ન મારા મનમાં ઉત્પન્ન થયો, અને હું પણ થોડો ઉદ્વિગ્ન થયો. તેને એમ લાગ્યું હશે કે, હવે સાદતઅલ્લી ખાનની શાદી થઇ, એટલે તે પહેલાંના જેવો આપણા પર સ્નેહ નહી રાખે. ગૃહિણી ચતુર હશે તો, જે થોડી ઘણી મદદ સાદતઅલ્લી તરફથી મળતી હતી, તે પણ મળશે નહિ; આમ પણ તેના મનમાં આવ્યું હશે. જો કે, તેના મનમાં ગમે તે કાંઇ પણ આવ્યું હશે, પરંતુ મારા મનમાં તો કાંઇજ આવ્યું નહોતું. ઉલટું મારૂં મન મારા આ લગ્નથી ખુશી થયું હોવાથી હું હવે અમીરૂદ્દીન સાથે વધારે ખુલ્લા અંતઃકરણથી વર્તતો હતો. મારા મનમાં એવી ઇચ્છા હતી કે, બંધુપ્રેમ

અગર મિત્રપ્રેમ જેવી જે ઈશ્વરી બક્ષિસ આ દુનિયામાં છે, તે બાબતમાં, માત્ર આ લગ્નને લીધેજ સ્હેજપણ ઉણપ બન્ને તરફથી ન થવી જોઇએ. હા, અત્યારે હવે એટલો ફેર પડયો હતો કે, હું ગૃહસ્થાશ્રમી થયો હોવાથી, તેની સાથે પહેલાંની માફક સ્વૈર સંચાર કરી શકતો ન હોતો. મનુષ્યોનો એવો સ્વભાવ છે કે, મિત્રોની સાથે સ્વૈર સંચારમાં વીતેલું આયુષ્ય તેમને ઘણું આનંદનું લાગે છે; અને તે વીતેલા આયુષ્યના માત્ર સ્મરણથીજ તેમને ઘણો આનંદ થાય છે. મનુષ્ય ભવિષ્યકાળનો રસ્તો માત્ર આશાના બલ ઉપરજ જોયા કરે છે. એ આશા સારી હો કે નરસી; પરંતુ તે આશા આયુષ્યરૂપી દોરીની સહાયતાથી હંમેશાં આકાશમાં પતંગની માફક ઉડતી હોય છે, અને મનુષ્યને પોતાની દરેક હીલચાલ એ આશારૂપી પતંગ તરફ નજર રાખીનેજ કરવી પડતી હોવાથી, વીતેલું આયુષ્યજ સારૂં; આમ તેને સાહજિક લાગે છે.

દિલારા અને હું ઘણાંજ જલદીથી એકમેક સાથે પ્રેમ-રજ્જુથી આબદ્ધ થયાં અને અમારી સંસાર-યાત્રા ઘણા સુખથી પાર પડવા લાગી. દિલારાના અનુપમેય સૌંદર્યથી હું તેના પર ઘણોજ મુગ્ધ થઇ ગયો હતો. તેના સૌંદર્યમાં મદીરાના જેવી માદકતા હતી, અને તેથી મેં તેને મારા અંતઃકરણમાંનો સર્વ પ્રેમ અને વિશ્વાસ અર્પણ કરેલાં હતાં. આવી સુંદર સ્ત્રીનો લાભ થવાથી હું મને ઘણો ભાગ્યશાળી સમજતો હતો. તેનું હસવું-બોલવું પણ એટલું તો ખુબીદાર હતું કે, તેમાં એવોજ ભાવ જણાઇ આવતો કે જાણે તેણે સર્વ ભરોસો મારા ઉપરજ નાંખ્યો છે. પહેલાં તો હું કાંઇક ઉદાસીનતાથી વર્તતો હતો, પણ હવે તો મને લાગવા માંડયું કે, દુનિયાનો અને મારો કાંઇક પણ સંબંધ છે અને

એથી મેં તે દૃષ્ટિયે વર્તવા માંડયું. હું મારા દાતૃત્વનાં અને દયાનાં ખણુગાં તમારી પાસે ફૂંકતો નથી. છેક નાનપણથીજ મારો એવો સ્વભાવ છે. પૈસાથી અને શરીરથી ગરીબ લોકોને ઉપયોગી થઇ પડવું એ મને મારૂં કર્તવ્ય લાગતું અને તે પ્રમાણે મારી આર્થિક સ્થિતિ પણ મને અનુકૂલ હતી લગ્ન થયા પછી હું અધિક દાન ધર્મ કરવા લાગ્યો. મારે બારણે આવેલો મનુષ્ય વિન્મુખ જાય નહી એવો હું બની શકતો પ્રયત્ન કરતો. મારા આ પ્રયત્નમાં દિલારા પણ મને બનતી સહાયતા કરતી હતી. તે વખતે અતિથિ અભ્યાગતો તેની કાર્ય-દક્ષતાનાં વખાણ કરતા અને તે સાંભળી મને ઘણો આનંદ થતો. મનગમતી ગૃહિણી, જીવને સાટે જીવ આપનાર અમીરૂદ્દીન જેવો દોસ્ત, અનુકૂલ સંપત્તિ અને સાથે સરકાર દરબારમાં માન; આટલી બધી અનુકૂલ પરિસ્થિતિ એકઠી થઇ હોવાથી તે વખતે મને સાહજિકજ ઘણો આનંદ થતો હતો. મારા પ્રત્યેક દિવસ આનંદથી વીતતા હતા અને મને ભરોંસો હતો કે આગળ પણ તેવાજ સુખી જશે. લગ્ન પછી એક વર્ષે દિલારાએ એક સુંદર કન્યા-રત્નને જન્મ આપ્યો. આથી મારા સુખમાં વધારો થયો. છોકરીનો ચહેરો આબેહૂબ મારા જેવો હતો અને શરીરે પણ તે મારા જેવીજ સુદૃઢ હતી. આ છોકરી મને ઘણીજ પ્રિય હતી. વળી મારા ઘરમાં વાઘા નામનો-ખરેખર વાઘ જેવો અને પોતાના શેઠને માટે પ્રાણ આપનારો કુત્રો હતો. અરે તે જનાવર શેનું, તે તો એક મનુષ્યજ હતો. પણ હા, મનુષ્યના જેવો તે કૃતઘ્ન કે અવિશ્વાસુ માત્ર ન હોતો. મને એમ લાગે છે કે એ બે દુર્ગુણ અને પુછડીને કાંઇ પણ શત્રુવટ હોવી જોઇએ. આપણે મનુષ્યોને પુછડું નથી એ ખરૂં, પણ તેની ઉણપ આપણે કૃત-

ઘ્નતા અને અવિશ્વાસથી પૂરી કરીએ છીએ. અને પશુઓને પુછતું છે, ત્યારે તેમનામાં કૃતઘ્નતા અને અવિશ્વાસ નથી. દુર્દૈવીજ બિચારાં ! મેં મારી છોકરીનું નામ મરીના રાખ્યું હતું. મરીના અને વાઘાની જલદીથીજ દોસ્તી જામી ગઇ. વાઘો ન જણાતાં મરીના રડવા લાગતી, આટલી બધું તેને વાઘાનું ગાંડું લાગ્યું હતું. મારી તે છોકરી એક વર્ષની થયા પછી મેં તેની જન્મગાંઠ ઘણા ઉત્સાહથી ઉજવી. તે વખતે મારાં સ્નેહી–સોબતીઓ તરફથી તે છોકરીને ઘણી ભેટો મળી. આ પ્રસંગે અમીરૂદ્દીન પણ મારી છોકરીને ભેટ આપવા માટે આવ્યો હતો. તેણે પોતાની સાથે એક મોટી છબી પણ ચીતરી આણી હતી. આ ચિત્રમાં–હું એક કોચ ઉપર બેઠેલો છું અને પાસેજ મરીનાને લઇ દિલારા ઉભી છે, આવો દેખાવ ઘણીજ ઉત્તમ રીતે કાઢેલો હતો. તે ચિત્ર જોઇ હું ઘણો ખુશી થયો અને મેં તેને શાબાસી આપી. મરીનાને આપવા માટે તેણે એક સોનાનો હાર આણ્યો હતો. દિલજાન દોસ્તની આ ભેટ તેના હાથથીજ મરીનાને મળે એટલા માટે મેં દાસીને કહી મરીનાને મારી પાસે બોલાવી. અમીરૂદ્દીને ઘણા આશ્ચર્યથી મરીનાને પોતાના ખોળા પર ઉંચકી લીધી અને તેના ગળામાં તે હાર ઘાલ્યો. તે છોકરીના મધુરા ચ્હેરા તરફ જોઇ અમીરૂદ્દીને કહ્યું, " સાદતઅલ્લીખાંન, ખરૂં સંસાર સુખ તો આપનેજ મળ્યું છે. "

આ શબ્દો કાંઇ સહજ ઉચ્ચારેલા નહિ. મને તો તે શબ્દોમાં થોડી જડતા લાગી. મેં હસીને કહ્યું, " અમીરૂદ્દીન, બીજા લોકો કરતાં મારૂં ભાગ્ય શું જૂદું છે ? "

" જરૂર. આટલા મોટા દિલ્હી શહેરમાં તમારા જેવા કેટલા છે ? "

" ઘણાયે, સેંકડો છે. તમારો અને તેમનો પરિચય ન હોવાથી તમો તેમને ઓળખતા નથી એટલુંજ. તેમ, તમે એમ ન સમજશો કે, તમારાં નેત્રોને જે સુખી જણાય, તે ખરેખરા સુખી હોય છે. તમે એ તો જાણો છો ને કે, દૂરથી ઘણાં સુંદર દેખાતાં કેટલાંક ફળ અંદરથી કડવાં હોય છે ! માટે સુખ દુઃખનું ખરૂં, જ્ઞાન તો જે, તે ભોગવતું હોય તેનેજ હોય છે. બીજાએ તો માત્ર તેની કલ્પના જ કરવી. "

ગમે તેમ હો, પણ મારા આ શબ્દો સાંભળી અમીરૂદ્દીનનો ચહેરો સ્હેજ ખિન્ન થયો. વચમાં વચમાં તે મારા તરફ શંકિત નજરે જોતો હતો. હું તેના તરફ જોયા ન જોયા જેવું કરતો હતો. થોડીવાર પછી તેણે મરીનાને મારા હાથમાં આપવા માટે પોતાના ખોળા પરથી ઉંચકી. તેના કુમળા અને લાલ ગાલનું ચુંબન લેવા માટે તેણે પોતાના ઓઠ તેના ગાલ પાસે લીધા; પણ તે વખતની તેની આંખો મને વિચિત્ર ભીષણ જણાઇ અને તે, તે બાળક તરફ જાણે ખુન્નસી નજરે જુવે છે, એમ મને લાગ્યું. મેં માન્યું કે, એ સર્વ અતિપ્રેમનો ભ્રમ હશે અને પછી મેં અમીરૂદ્દીનના હાથમાંથી મરીનાને લઇ લીધી. તે હંમેશની હાસ્ય-મુખી છોકરી; પણ તેના ગાલને અમીરૂદ્દીનના ઓઠ અડતાંજ તે રડવા લાગી. અમીરૂદ્દીને તેના તે રડવા માટે થોડો તિરસ્કાર દર્શાવ્યો, અને પછી તે મારેજ ઘેર ભોજન કરી ચાલ્યો ગયો. મરીના, ખરેખર એક શાંત અને રમતીયાળ છોકરી હતી. તે સર્વને વ્હાલ ઉપજાવતી હતી. મને લાગતું હતું કે, અમીરૂદ્દીનનો પણ તેનાપર પ્રેમ હશે; પણ આજ એકાએક તે પ્રેમના સંબંધમાં મને થોડો સંશય પડયો. તે બાળકનો એવો શો અપરાધ હશે વારૂ ?

પ્રકરણ ૨.

શહેર કે સ્મશાન ?

અરેરે ! શો તે વખતે દિલ્હી શહેરમાં અનર્થ ઉડેલો ? હું ધારૂં છું કે, તમે તે વાત સાંભળી તો હશે કે, એક વર્ષે દિલ્હીમાં કાળા તાવનો રોગ–ચાળો ઉત્પન્ન થયો હતો અને તેનાથી હજારો માણસો કીડી–મંકોડાની માફક મૃત્યુ–મુખે પડતાં હતાં. જે વર્ષે મારી મરીનાની વર્ષગાંઠ ઉજવી તેજ વર્ષની આ વાત. ઉન્હાળા સુધી તો સર્વ કાંઇ ઠીક હતું; પણ ઉન્હાળાની શરૂઆત થતાંજ એકાએક આ રોગ–ચાળો ઉત્પન્ન થયો અને દરરોજ સેંકડો માણસો મરણ પામવા લાગ્યાં. સારા હકીમોને પણ એ સમજાતું ન હોતું કે, આ ભયંકર રોગ કેમ ઉત્પન્ન થયો અને તેના પર શો ઓષધોપચાર કરવો ? તે ભયંકર રોગે તે વર્ષે દિલ્હી શહેરમાં જે કેર વર્તાવ્યો છે, તે કેટલાકો તો આજન્મપર્યંત વિસરશે નહીં. તે રોગની અનર્થપરંપરામાંથી તે વખતે બાદશાહના મહેલથી તે રંકની ઝુંપડી પર્યંત એક પણ વ્યક્તિ છૂટી નથી, આ વાત ધ્યાનમાં લેશો એટલે તમને તે ભયંકર પ્રસંગની થોડી ઘણી કલ્પના થશે. હિંદુઓનાં સ્મશાનો રાત–દિવસ સળગતી ચિતાઓથી ધગધગતાં જણાતાં હતાં અને મુસલમાનોનાં દરેક કબરસ્થાનોમાં મુરદાંઓને શાંતિ આપવાના ભયંકર બનાવો નજરે પડતા હતા. શહેરમાં જયાં ત્યાં પ્રેતો અને રો–કકળના કરૂણાજનક નાદ, આવું ભયંકર ચિત્ર નજર પડતાં–અરે ! તે ભયંકર પ્રસંગનું ફક્ત સ્મરણ થતાંજ–હજુ પણ અંગે શેરાડા

પડે છે. ધીમે ધીમે તો દિલ્હી શહેરની ઘણીજ દુર્દશા થઇ. બાદશાહ પોતાના લાવ લવાજમ સાથે અને સૈન્ય સાથે દક્ષિણની ચડાઇમાં ચાલ્યા ગયા. અનેક સરદારો અને અધિકારીઓ બીજા સ્થળોની સ્વારીઓમાં અને શિકારે ચાલ્યા ગયા. મોટમોટા શાહુકારો અને વ્હેપારીઓ શહેરમાંથી નાસી ગયા અને તેથી પાછળ રહેલા શહેરમાંના સેંકડો લોકોના વિલક્ષણ હાલ થયા. ઘણાઓના હાલહવાલ થયા, ઘણાઓની બુદ્ધિ પણ ભ્રંશ પામી ગઇ. વધુ તો શું, પણ પ્રત્યક્ષ મા પણ પોતાના છોકરા તરફ આડું વાળીને જુવે નહિ, આટલી બધી ભયંકર દશા તે વખતે દિલ્હી શહેરની થઈ હતી. આવે પ્રસંગે ભાઇ ભાઇઓએ અગર મિત્રોએ એકમેકને કેટલી મદદ કરી હશે, એની તમેજ કલ્પના કરો. આવે પ્રસંગે શહેરમાંથી જનારને જાણે પોતે પ્રત્યક્ષ મૃત્યુના નગરમાંથી જાય છે એમ લાગતું હતું. ઘરમાંથી નીકળતા રોગીઓના આર્તનાદ, મૃત વ્યક્તિનાં સગાં-સંબંધીઓની રોકકળ અને રસ્તામાં પડેલાં પ્રેતો; આવી શહેરની સ્થિતિ જોઇ પ્રત્યક્ષ ધૈર્યદેવતાનું ધૈર્ય ગલિત થઇ જાય, તો પછી મનુષ્યની શી સ્થિતિ થઈ હશે, એની તમેજ કલ્પના કરો. તે વર્ષનો ઉન્હાળો પણ ભયંકર હતો. પવન તો જાણે અગ્નિની જવાળા ! સૂર્યદેવતા તો જાણે નાખુશ થઇ પૃથ્વી પર કોપાયમાન થયા હતા ! મનુષ્યના સંહાર માટે અગ્નિએ જાણે અવતાર લીધો હતો : દિવસે આકાશ એકાદ અગ્નિકુંડના જેવું પ્રજવલિત ભાસતું હતું !

ઉન્હાળો આટલો બધો ભયંકર હતો અને શહેરની આવી દુર્દશા થઈ હતી, તોપણ હું દીલ્હી શહેર છોડી બીજે કયાંય પણ

ગયો નહોતો. પહેલેથીજ હું એ વિચારતો હતો કે, મૃત્યુથી બ્હી ક્યાંય પણ નાસી જવાનું નથી; અને એથી શહેરની આવી દુર્દશા જોતાં છતાં પણ હું વિશેષ ઘભરાયો નહી. તે વખતે મારી શરીર-પ્રકૃતિ ઘણીજ સારી અને સુદૃઢ હતી, તથા મન પણ શરીરના જેવુંજ મજબૂત હતું. અત્યારે હું બ્હીકણ થયો છું એમ કાંઇ નથી; પરંતુ મારી શરીરસંપત્તિ જતી રહી છે; અને એ તમે પ્રત્યક્ષ જુવોજ છો. કઠણ છાતી અને પાસે પૈસાનું બળ; આવી સ્થિતિમાં હું તે વખતે ઘણા લોકોને ઉપયોગી થઇ પડયો, એમાં કાંઇ ઘણું આશ્ચર્ય નથી. તે વખતે જો મેં તે લોકોને થોડી ઘણી સહાયતા ન કરી હોત, તો તેને માટે આગળ જતાં મારા મનમાં ઘણો ખેદ થયો હોત. તે સમયે શહેરમાં જે ભયંકર સ્થિતિ મારી નજરે પડી હતી, તે જોઈ મારૂં મન એટલે સુધી તૈયાર થઈ ગયું હતું કે, જરૂર પડતાં હું કુત્રાના દફનમાં પણ બની શકતી સહાયતા કરૂં, તો પછી મનુષ્યનો પ્રેતવિધિ કરૂં એમાં તે શું બહુ મોટું આશ્ચર્ય ? તે વખતે હું ખુશખુશાલ શહેરમાં જતો અને લોકોને યથાશક્તિ મદદ કરતો. મારૂં માનવું એમ છે કે, આપણામાં જે કહેવત છે કે, "બીકણની પાછળ બ્રહ્મ-રાક્ષસ;" તે પ્રમાણે તેવાં બીકણ માણસો તે વખતે તે તાવનો એકદમ ભક્ષ્ય થઇ પડતાં. હું કઠણ હૈયાનો હોવાથી મને તે તાવની ખિલકૂલે બીક નહોતી. મારૂં રહેવાનું ઘર રાજમહેલ જેવું સુંદર હતું; અને તે શહેરથી થોડુંક દૂર હોવાથી તે દૃષ્ટિએ પણ મને એટલી બધી બીક લાગતી નહોતી. મારી સ્ત્રી દિલારા થોડી બ્હીકણ હોવાથી, હું શહેરમાં જઈ, આવો જે કાંઇ ઉદ્યોગ કરતો તે હું તેને ખિલકૂલ પણ કહેતો નહોતો. અમીરૂદ્દીન તો ઘણોજ

બ્હીકણુ હતો. શહેરમાં કાળા તાવનો રોગચાળો શરૂ થતાંજ તેની સ્વારી ક્યાંક દૂર નાસી ગઇ. તોપણ ચાર આઠ દિવસે ખાસ મને મળવા માટે તે મારે ત્યાં આવતો હતો. તે સમયે મારી ખરી દોસ્તી શહેરમાંના કેટલાક ફકીરો સાથે અને હકીમો સાથે થઇ હતી. શહેરમાં એક દરગા છે, ત્યાં એ ફકીરો અને હકીમો રહેતા હતા. આ તાવનો રોગ શરૂ થયા પછી તેઓ ક્યાંય પણ ગયા નહોતા. શહેરમાંજ રહી તેઓ હરઘડીયે લોકોને ઉપયોગી થઇ પડતા હતા. રોગીઓને દવા દારૂ આપવાં, પ્રેતોની વ્યવસ્થા કરવી વિગેરે પરોપકારી કૃત્યો તેઓ તદ્દન નિઃસ્વાર્થ બુદ્ધિથી કરતા હતા. મારી અને તેમની ઘણાજ થોડા વખતમાં દોસ્તી જામી ગઇ. વચમાં વચમાં તેમને જરૂર પડતા પૈસા પૂરા પાડીને હું તેમના સમાચાર લેતો હતો.

સૂર્યોદય પહેલાં ઉઠવું, પછી સ્નાન કરવું તથા અલ્લાની બંદગી કરવી; અને પછી બીજા કોઇ પણ ઉદ્યોગમાં હાથ ઘાલવો, આવો છેક નાનપણથી જ મારો ક્રમ હતો. તાવનો આ રોગચાળો સહેજ નરમ પડયા પછી એક દિવસે હું મારા રોજના નિયમ મુજબ ઉઠયો અને સ્નાન કરી અલ્લાની બંદગી પણ કરી. પછી શહેરમાં જઇ શા હાલહવાલ છે એ જોવા માટે હું કપડાં બદલી બહાર જવાની તૈયારી કરવા લાગ્યો. મારો એવો રિવાજ હતો કે, જતી વખતે હંમેશાં પ્રિયતમા દિલારાની રજા લેવી અને પછી જવું. તે પ્રમાણે હું તે દિવસે પણ તેની રજા લેવા ગયો જોઉં છું તો દિલારા નિદ્રાવશ થયેલી હતી. ઇન્દ્ર-ભુવનના જેવો તે મહેલ, સુંદર અને પ્રચંડ ચાંદીનો પલંગ, તેપર હિમ-ફેનના જેવા

શુભ્ર અશ્રુની ગાદી અને તે પર એક તરુણ સૌંદર્યલતિકા, એ જોઇ મારા તરુણ, અનનુભવી અને અંધવિશ્વાસુ હૃદયમાં એક જાતનું અભિમાન થયું. દિલારાનું તે અપ્રતીમ સૌંદર્ય મેં ઘણીવાર સુધી આંખો ભરી જોયા કર્યું. આ સૌંદર્યનો એકલો હુંજ માલીક અને ભોક્તા છું, આવો મારા મનમાં વિચાર આવ્યો અને હૃદય પ્રેમથી ભરાઇ આવ્યું. દિલારાની પાસે જઉં અને તેને દઢતમ આલિંગન કરૂં આમ મનમાં થઇ આવ્યું; પણ પ્રિયાની નિદ્રાનો ભંગ થશે, આવી શંકાથી મેં તેને આલિંગન કર્યું નહિં. તોપણ પાસે જઈ હળવે રહીને તેના ગુલાબી ગાલનું ચુંબન લીધું અને પછી તેના તરફ જોતો જોતો મહેલની બહાર નીકળ્યો. જતાં જતાં તે ભયંકર કાળા તાવનાજ વિચાર મનમાં ને મનમાં ઘોળાતા હોવાથી, એકાએક મારા મનમાં તે દિવસે એવો પ્રશ્ન ઉઠી આવ્યો કે, દિલારાની અને મારી આ છેવટની ભેટ તો નહિં હોય? ફરી હું તેના પલંગ પાસે ગયો. તે મારા એકલાની જ સૌંદર્ય-રાજ્ઞીને આંખો ભરી ફરી જોઇ અને પછી મહેલની બહાર નીકળી પડયો.

મારા મહેલની બહાર સુંદર બગીચો તૈયાર કરેલો છે. ધારૂં છું કે, તે હજુ પણ તેવોજ હશે. માળીએ બાગમાં બરોબર પાણી છાંટયું છે કે નહિં, તે જોતો જોતો હું આખા બગીચામાં ફર્યો. તે સુંદર ઉપવન અને તે ઉપવનમાં તે ભવ્ય ગૃહ જોઇ મનમાં ઘણો આનંદ થયો. ખુદાએ મને આટલા બધા વૈભવનો માલીક કર્યો એને માટે મેં તેના કેટલાયે ધન્યવાદ ગાયા. મહેલમાંથી દૂર ગયા પછી તો તે મહેલ મને ઘણોજ વધારે સુંદર દેખાવા લાગ્યો. એટલામાં વળી મારા મનમાં અચાનક જૂદાજ વિચાર ઉત્પન્ન થયા. જાણે મને લાગવા માંડયું કે, હું મારા આ મહેલની

છેવટની રજા લઇ જાઉં છું. મારા મહેલપર અર્ધચંદ્રાકૃતિથી અલંકૃત થએલું લીલું નિશાન ફરફર ફરકયા કરતું હતું. તે નિશાન જાણે મારા વિયોગથી ઉદાસ થતું જાય છે, એમ મને લાગ્યું. ફરી મેં મારા મનને સાવધ કર્યું. મેં માન્યું કે, શહેરમાં ચાલેલા તાવના રોગને લીધેજ હું ઘભરાયો અને તેથીજ મારા મનમાં આવા ચમત્કારિક વિચાર આવ્યા. શહેરના મુખ્ય દરવાજા પાસે આવી, હું શહેરમાં દાખલ થતો હતો;. એટલામાંજ એક વૃક્ષ નીચે કોઇ કણુસતું હોય એમ મને લાગ્યું. તુરતજ હું તે વૃક્ષ પાસે ગયો. જોયું તો, એક દસ બાર વર્ષનો સુંદર છોકરો તડફડતો પડયો હતો. તેને જોતાંજ મારૂં હ્રદય દ્રવી ઉઠયું. હું તેની પાસે ગયો અને તેને મીઠા સ્વરથી પૂછયું, “ બેટા, તને શું થાય છે ? ” મારો આ પ્રશ્ન સાંભળી તે છોકરાએ આંખો ઉઘાડી. થોડીવાર મારા સામું જોયું અને પછી તે બોલ્યો, “ શેઠ, પહેલાં આપ મારાથી થોડા દૂર ઉભા રહો. મને કાળો તાવ આવ્યો છે. ખુદાની મહેરબાનીથી તે દુષ્ટનો હાથ આપનાપર ન પડો. મને હાથ અરકાડશો નહિ. નહિ તો તે રોગ આપના શરીરમાં પણ દાખલ થશે. ”

તે છોકરાના તે શબ્દ સાંભળી મારા હ્રદયમાં દયાનું ઝરણું ફૂટયું. મેં કહ્યું, “ બેટા, બ્હીશ નહિ. એમ નિરાશ ન થઇશ. ધીરજ રાખ. કાળા તાવના ઘણા રોગી સારા થાય છે. સાદતઅલ્લી પોતે જીવતાં છતાં તો એવા હાલ કુત્રાના પણ જોશે નહિ, તો પછી તું તો મનુષ્ય છે. નિરાંતે પડી રહે. હું હમણાંજ વૈદ્યને લઇ આવું છું. ” મારા આ શબ્દો સાંભળી તે છોકરાના મોઢાપર આશાનાં થોડાં ચિન્હો ચમકયાં. તે કૃતજ્ઞતાથી બોલ્યો, “ ખુદા

તમારૂં કલ્યાણ કરો." તેના આ શબ્દો પુરા થતાં પહેલાંજ હું ઉતાવળો ઉતાવળો નીકળ્યો અને પાસેના હકીમ પાસે ગયો. મેં તેને કહ્યું, "હકીમજી! એક અનાથ છોકરો તાવથી માંદો થયો છે. મારી સાથે આવી તેને કાંઇક દવા આપશો, તો ઘણો ઉપકાર થશે."

હકીમ સાહેબનો ચહેરો એકદમ ભયાકુલ થયો. તે બોલ્યો, "નહિ નહિ! હું એવા રોગી પાસે બિલકૂલ જતો નથી."

તુરતજ મારા ખિસ્સામાંથી સોનાની મહોર કાઢી હકીમ પાસે મૂકી અને કહ્યું, "હમણાં તો આ લ્યો. પછી વધુ આપીશ. પરંતુ હમણાં તો તે રોગીને દવા આપવાની મહેરબાની કરો."

તે હકીમ મને ડહાપણ શિખવવાના ઉદ્દેશથી બોલ્યો, "મહેરબાન, આ કાંઇ પૈસાનો સવાલ નથી. જીવિતનો પ્રશ્ન છે. જીવતો રહીશ, તો આવી સેંકડો મહોરો મેળવી શકીશ. તમે ઘણાજ તરૂણ જણાઓ છો, એટલા માટે હું તમને સલાહ આપું છું, કે ફરી એવા રોગી પાસે જશો નહિ."

હકીમના તે શબ્દ સાંભળી મને ઘણું ખોટું લાગ્યું. આ વૃદ્ધ મનુષ્યનો પોતાના દેહ પર આટલો બધો પ્રેમ જોઈ મને ઘણું આશ્ચર્ય લાગ્યું. તુરતજ હું ત્યાંથી દોડતો દોડતો દરગામાંના ફકીર અને હકીમ પાસે ગયો. મને ખાત્રી હતી કે, તેઓ મને જોઇતી સહાયતા કરશેજ. તેમને તે અનાથ છોકરાની હકીકત કહેતાંજ એક હકીમ મારી સાથે આવવા તૈયાર થયો. તે હકીમનું નામ પીરમહંમદ હતું, અને તેજ તે દરગાનો પ્રમુખ હતો. દરગામાંના બીજા બે હકીમો તેના શિષ્ય હતા અને બાકીના

ફકીર પણ તેનાજ આશ્રયે રહેતા હતા. તે ઘણોજ હુંશીયાર હકીમ હતો. તેનો એવો નિયમ હતો કે, કોઇપણ રોગી પાસેથી પૈસો લેવો નહીં; અને તેથી તેને દરગામાં રહી દિવસ કાઢવા પડતા. તે અને હું રસ્તેથી જતા હતા, તે વખતે રસ્તામાંજ ચાર પાંચ દરદીને જોવા જવા માટે તેમને બોલાવવા આવ્યું હતું અને તેટલે ઠેકાણે તે અને હું ગયા હોવાથી, પેલા અનાથ છોકરા પાસે જતાં અમને ઘણીજ વાર લાગી. રસ્તે ચાલતાં મેં હકીમને કહ્યું, "આ રોગ ખરેખરજ સ્પર્શજન્ય છે કે નહિ, એતો કોણ જાણે; પણ મને તો માત્ર એટલું લાગે છે કે તે ભીતિ–જન્ય હોવો જોઇએ. કારણ કે ઘણા લોક તો માત્ર બ્હીકથીજ રોગગ્રસ્ત થાય છે."

હકીમ બોલ્યા, "આપનું એ કથન ઘણે અંશે ખરૂં છે, કોઇ પણ પ્રસંગે ધૈર્ય રાખવાથી ઘણી આપત્તિઓ આપણી પાસે આવી શક્તી નથી. પણ, તમે એમ ન સમજશો કે, ધૈર્યવાન્ વ્યક્તિ આ રોગનો ભોગ થઇ પડતી નથી. વારૂ કહો જોઇએ, મૃત્યુએ કોને છોડયો છે? જન્મેલું પ્રાણી ક્યારેય પણ મૃત્યુના જડબામાં જવાનું જ. ખરૂં પૂછો, તો સૌ કરતાં એજ સારૂં કે આ રોગની બાબતમાં લગારે વિચાર ન કરવો."

અમે બન્ને જણ જલદીથી તે છોકરા પાસે જઈ પહોંચ્યા. છોકરો બહુ અસ્વસ્થ અને બેશુદ્ધ થઇ ગયો હતો. તેની નાડી જોયા પછી હકીમ નિરાશ થઈ ગયો. હકીમે તેને ઔષધ વિગેરે આપ્યું પણ તેનો કાંઇ ઉપયોગ થયો નહિ અને બિચારો તે છોકરો મરણ પામ્યો! મેં અને હકીમે મળી તે છોકરાને કબરવાસ આપ્યો

અને હું તે હકીમ સાથેજ દરગામાં પાછો આવ્યો. જતાં અને આવતાં માર્ગમાં તાપ સખ્ત હોવાથી મારૂં માથું તપી ગયું હતું અને એકાએક પિત્ત ચઢી આવવાથી મારી આંખે અંધારાં આવતાં હતાં. હું ધારતો હતો કે, દરગામાં જઇ થોડો વખત પડી રહીશ એટલે સારૂં લાગશે; પણ તેમ ન થતાં માથું વધારે દુઃખવા લાગ્યું અને શરીરમાં થોડો થોડો તાવ પણ ભરાવા માંડયો. પથારીમાં પડવાનું મન થયું અને તે મેં હકીમને જણાવતાં જ તેણે મને તેના પોતાના પલંગપર લઈ જઈ સુવાડયો. હકીમે મારા શરીરે હાથ અડકાડી જોયા પછી તેનો ચ્હેરો એકદમ ચિંતાગ્રસ્ત થયેલો મને જણાયો. તે સાથેજ મારા અંતઃકરણને પણ ધક્કો લાગ્યો. મેં પૂછયું, "પીરમહંમદ, આ શું કાળા તાવનાં પૂર્વ ચિન્હ?"

પીરમહંમદ બળાત્કારે હસીને બોલ્યો, "નારે ના! એવા ખોટા વિચાર ન કરતા મહેરખાન! થોડું માથું દુખ્યું, એટલે કાળો તાવ આવ્યો, એમ માનવાનું કાંઇ કારણ નથી. માત્ર એટલું કે, આપ આ સખ્ત તાપમાં આવ્યા ગયા, એટલે આપની તબીયત થોડી બગડી આવી છે," આમ કહી પીરમહંમદે પોતાના એક શિષ્યને હાંક મારી મને કાંઇક ઔષધ આપ્યું અને મારા માથા નીચે ઉશીકું નહોતું તેથી તે પણ લાવવા કહ્યું. તેના શિષ્યે મારા માથા નીચે ઉશીકું મૂકયું ત્યાં સુધી, જાણે મારી તબીયત વધારે બગડતી જતી હોય તેમ મને લાગ્યું, મેં પીરમહંમદને કહ્યું, "પીરમહંમદ, મારો આ તાવ કાળો હો કે પછી ભલે સાદો તાવ હો. મને પોતાને આ તાવની કે મૃત્યુની

લગારે બ્હીક લાગતી નથી; પણ એટલી મારી ખાસ ભલામણ છે કે, મારી આ માંદગીના સમાચાર મારે ઘેર કે બીજા કોઇપણ મારાં સગાં–મિત્રોને જણાવશો નહિ. એનું કારણ એજ કે, તે વાત સાંભળી મારી પ્રિય પત્ની બિચારી દિલારા અને પુત્રી મરીનાનાં મન નિષ્કારણ અસ્વસ્થ થશે. ખુદાની ગેરમહેરબાનીથી જો હું આ લોક છોડી જાઉં, તો મને દફનાવ્યા સિવાય મારી સ્ત્રીને કાંઇ પણ જણાવશો નહિ. કારણ, તે ઘણુંજ કુમળા અંતઃકરણની છે. તેનો મારા પર પ્રાણુ કરતાં પણ અધિક પ્રેમ છે. તેના અંતઃકરણથી આ ધક્કો સહન થઇ શકશે નહિ. મારી મૃત્યુ–વાર્તા સાંભળી, તેની પ્રાણ–જ્યોત તત્ક્ષણેજ હોલવાઇ જશે. એટલા માટે મારી આ મૃત્યુ વાર્તા ઘણીજ યુક્તિથી તેના કાને નાંખજો.

પીરમહંમદે મારૂં આ કથન માન્ય કર્યું અને સાથે ‘ આ તાવ એમ બ્હીવા જેવો નથી, ’ આમ કહી તેણે મને ઘણી ધીરજ પણ આપી; પરંતુ મને પોતાને તે બાબતનો વિશ્વાસ નહોતો. તાવ વધતો જતો હતો અને તે સાથે મારી શુદ્ધિ ઉડતી જતી હતી. ફકીર અને હકીમ એ બે વચ્ચે કાંઇ છાની વાતચિત શરૂ થઈ હતી અને તે મારા કાળા તાવના સબંધમાંજ હતી, એટલું ફક્ત મારા જાણવામાં આવ્યું હતું અને તે પછી તો હું તદ્દન બેશુદ્ધ થઇ ગયો હતો. આ બેશુદ્ધિમાં અનેક દેખાવો મારી નજર સામે દેખાવા લાગ્યા અને હું ગમે તેમ લવરી કરવા લાગ્યો. મારી પ્રાણાધિક દિલારા ક્ષણે ક્ષણે મારી આંખો સામે દેખાવા લાગી. ક્યારેક ઘણી આનંદી જણાતી, તો કયારેક તે મને ઘણી દુઃખી જણાતી. તેનો પતિ આ લોકનો ત્યાગ કરી ગયો, તે અનાથ થઈ, અને કેટલાક દુષ્ટ લોક તેને ત્રાસ આપતા હતા. આ છેલ્લો

દેખાવ નજરે પડતાંજ હું મોટી ચીસ પાડી પથારીમાંથી ઉઠી બેઠો થઇ ગયો. એટલામાં ફકીરો વિગેરે દોડતા આવ્યા અને મને ફરી સંભાળપૂર્વક પથારીપર સુવાડયો. હકીમે મારા મોઢાંમાં કાંઇક ઔષધ પણ નાંખ્યું, તે સાથેજ હું બૂમ પાડી ઉઠયો, "અરે મને શા માટે બચાવો છો? પેલા ઝાડ નીચે તડફડતા પડેલા અનાથ બાળકને બચાવો." બસ, તે વખતની જે અસ્પષ્ટ સ્મૃતિ છે તે આટલીજ. તે પછી હું તદ્દનજ બેશુદ્ધ થયો. એક ગાઢ અંધકારવાળી ગુફામાં જાણે મેં પ્રવેશ કર્યો છે, અને જાણે તે ગુફાનાં પગથીયાં ઉતરી હું ઉંડો ને ઉંડો ઉતરતો જાઉં છું એમ મને લાગ્યું. અંધકાર! અંધકાર! ચારે બાજુ ગાઢ અંધકાર! જ્યાં જુઓ ત્યાં અંધકાર સામ્રાજ્ય! અને એવા અંધારામાં હું એક સરખો નીચે ને નીચે ચાલ્યો જતો હતો. એક ફેંકી દીધેલા દડાની માફક ગબડતો જતો હતો. દુનિયાનો અને મારો સબંધ તદ્દન તુટી ગયો હતો. દુનિયાનું શું થાય છે એ હું જાણી શકતો નહોતો, અને મારૂં શું થાય છે તે દુનિયા સમજી શક્તી નહોતી. મૃત્યુના દરબારમાં પેસવાની પ્રસ્તાવના કહેવાય છે તે આજ.

મૃત્યુએ પોતાનો એક હાથ મારી ડોકીપર મૂકી મને આગળ ધકેલ્યો. બીજા હાથે વળી થોડો આગળ ધકેલ્યો હોત, તો મૃત્યુના દરબારમાં મારો પ્રવેશ થયો હોત અને ત્યાંના ચમત્કાર મારી નજરે પડયા હોત. પણ, ઇશ્વર જાણે તેટલામાં શું થયું? મારૂં તો માનવું છે કે, મારા આયુષ્યની દોરી તુટેલી નહોતી છતાં મૃત્યુએ નક્કામી મહેનત કરી, અને જ્યારે તેમાં તેને યશ મળતો નથી એ

તેણે જોયું, ત્યારે ફરી મને આ લોકમાં ફેંકી દીધો. લુપ્ત થએલું ચૈતન્ય ધીમે ધીમે જ્યારે પ્રાપ્ત થવા માંડયું, ત્યારે જાણે કોઇ મારો જીવ લેવામાટે મારી છાતીપર ચઢી બેસી મારી ગળચી દાબે છે, અને તેથી શ્વાસાવરોધ થતાં પ્રાણ આકુળવ્યાકુળ થાય છે એમ મને લાગ્યું. પેલા ફકીર અને હકીમ મારી પાસે બેઠેલા છે છતાં તેમણે શામાટે મારી છાતીપર કોઇને બેસવા દીધા, આવો મારા મનમાં વિચાર આવ્યો અને હું તેમને હાંક મારવાનો પ્રયત્ન કરવા લાગ્યો; પરંતુ પ્રાણ ગોંધાઇ ગયા હોવાથી શબ્દ નિકળી શકતો નહોતો. છેવટે જોરથી ઉછાળો મારવા માટે થોડા હાથપગ હલાવવાનો મેં પ્રયત્ન કર્યો, ત્યાં તો બે ચાર પથરા મારા શરીરપરથી ગડગડ ગડબડી પડયા ! હેં આ શું ?

મારા શરીરપર પથ્થર કયાંથી ? અને હું છું પણ કયાં ? એક બાજુ શ્વાસાવરોધ થતો હતો, તો બીજી બાજુ મન ઘણું જ ગભરાઇ ગયું હતું. જીવવાની આશા ખરેખરજ ઘણી કઠિણ હતી. તે વખતે મને એટલું બધું દુઃખ થતું હતું કે, આના કરતાં તો મૃત્યુ સારૂં હોવું જોઇએ આમ મને લાગ્યું. તથાપિ જીવવાની આશા છુટતી નહોતી. વળી એક વખત ફરીથી મેં મારૂં શરીર થોડું હલાવ્યું; અને વળી કેટલાક પથરા મારા શરીરપરથી ગબડી પડયા તથા શરીરપરનો ભાર કમી થવાથી થોડું સારૂં પણ લાગ્યું. મોઢાપર શાલના જેવો ગરમ કડકો હતો અને તે બાંધ્યો હોય તેમ મોઢે ચોંટી ગયો હતો. વધુ પ્રયત્ન કરી મેં મારો હાથ છૂટો કર્યો અને તે છૂટો થતાં જ મેં મારા મોઢા પર મૂકયો. તે સાથે માટી અને પથ્થર મારા હાથને અડકયાં. તુરત જ આ

બનાવની થોડી કલ્પના મારા મનમાં ઉભી થઇ અને ઉતાવળે ઉતાવળે શરીરપરથી માટી વિગેરે કાઢી નાંખી હું ઉઠી બેઠો થયો. આંખોપરની તંદ્રા ઉડી ગઇ. જે ભયંકર સ્વપ્નસૃષ્ટિમાં આટલો વખત હું સંચાર કરતો હતો, તે સ્વપ્ન–સૃષ્ટિમાંથી બહાર પડયો અને જાગૃત થઇ ચારે બાજુ જોવા લાગ્યો. મને જણાઇ આવ્યું કે, હું ઘણીજ અંધારી ઘોર જગામાં છું. ઘેરથી નીકળતી વખતે જે કપડાં હતાં, તેજ અત્યારે કાયમ હતાં અને આખા શરીરપર એક શાલ ઓરાઢેલી હતી. મેં તે શાલ કાઢી નાંખી અને માટી તથા પથ્થરમાં દબાઇ ગએલા પગ ધીમે ધીમે છૂટા કર્યા. આખું શરીર છૂટું થયા પછી હું સારી રીતે ઉઠી બેઠો થયો. ધીમે ધીમે એક એક વાત મને સાંભરવા માંડી. પેલા નાના છોકરાને કરેલો ઔષધોપચાર, પછી તેનું મૃત્યુ, તેનો દફનવિધિ અને પછી હું ફકીરના મઠમાં આવી તાવથી માંદો પડયો, આટલું તો મને સારી રીતે સાંભર્યું. પણ, તે પછીનું મને કાંઈ જ સાંભર્યું નહિ. તેમ તે પણ ન સમજાયું કે, હું અત્યારે મઠમાં છું કે કયાં છું. એક વખત તો મેં મોટેથી ‘ પીરમહંમદ ! ’ કરી બૂમ પણ મારી; પણ જવાબ ન મળતાં કોઇ ઘુંમટમાં જેમ અવાજનો પ્રતિધ્વનિ થાય, તેમ ‘પીરમહંમદ !’ એ શબ્દ ફરી મારા કાને પાછો આવ્યો. ત્યારે તે ફકીર કયાં છે, પીરમહંમદ કયાં છે અને મઠ પણ કયાં છે ? આવા અનેક પ્રશ્ન એકપછી એક મારા મનમાં ઉદ્ભભવ્યા અને મારૂં મન અસ્વસ્થ થયું. શરીરપરથી પથ્થર–માટી કાઢી નાખવા માટે મને જે શ્રમ પડયો હતો, તે શ્રમથી એ કે હું પરસેવાથી ઘણો જ તરબોળ થઇ ગયો હતો; પરંતુ

જ્યારે મારા ધ્યાનમાં આવ્યું કે આગળ પાછળ કાળું ઘોર અંધારૂં છે અને હું કોઇક ભળતી જ જગાયે છું; ત્યારે મારો પરસેવો જોર પામ્યો અને શરીરે શરાડા ચઢી આવ્યા. હું સ્મશાનમાં છું, એ વાત મારા ધ્યાનમાં આવવાને કાંઇ ઘણો વખત લાગ્યો નહિ. તેમાં પણ આકાશ ન જણાતાં જ્યારે ચારે બાજુ અંધારૂં જ જણાય છે, ત્યારે તો હું કોઇએક બાંધેલા કબરસ્થાનમાં છું, એ પણ એની મેળે જ મારા લક્ષમાં આવ્યું. ધીમે ધીમે આ સ્મશાન પર્યંતનો સઘળો ઇતિહાસ મારા ધ્યાનમાં આવ્યો. હું બેશુદ્ધ થયો હતો તેટલું તો મને સાંભરતું જ હતું. તે પછી રાત્રે મારી એવી ચમત્કારિક સ્થિતિ થઈ હોવી જોઇએ કે, તે ફકીરોને અને હકીમોને હું મરી ગયો એમ લાગ્યું અને મઠમાં નિષ્કારણ પ્રેતને રાખી મૂકવા કરતાં તુરતજ તેની વ્યવસ્થા કરી નાંખવી સારી, એ ઉદ્દેશથી તેમણે મને આ કબરસ્થાનમાં આણી ઉતાવળ કરીનેજ પૂરી દીધો. જો કે હું કબરસ્થાનમાં છું છતાં મારા શરીરમાં લોહી એક સરખું વહ્યા કરે છે, દૃષ્ટિ સાબુત છે, તબિયત ઉત્તમ છે, હુશીયારી પણ જેવી જોઇએ તેવી છે, અને જીભ પોતાનું કાર્ય કરવા ઉદ્યુક્ત છે, એ ધ્યાનમાં આવતાં તે વખતે મને કેટલો આનંદ થયો હશે એની તમે જ કલ્પના કરો. જીવ ક્ષણભંગુર તો ખરોજ; પરંતુ તેનાપર મનુષ્યનો એટલો બધો અઢળક પ્રેમ હોય છે કે, એ ક્ષણભંગુરત્વ કદાપિ તેના લક્ષ્યમાં આવતું નથી. સ્મશાનમાં દટાયા છતાં પણ હું જીવતો છું, એ કલ્પનાથી મને જે આનંદ થયો, તે ફક્ત હું જ જાણું છું. હું કબરસ્થાનમાં ઉંડા ભોંયરામાં હતો છતાં, મને લાગ્યું કે અહીંથી બહાર નીકળવાનો ક્યાંક પણ માર્ગ હોવો જોઇએ; અને તેથી

હું ઉઠયો તથા અંધારામાં અથડાતાં કૂટાતાં માર્ગ શોધવા મંડયો. ઉપર ચડવા માટેનાં પગથીયાં શોધતી વખતે એક બે ઠેકાણે સારી રીતે કૂટાયો પણ ખરો. ઘણી વાર સુધી ભીંતિએ હાથ ફેરવતાં ફેરવતાં પગથીયાં હાથે લાગ્યાં અને તે સાથેજ મને વિલક્ષણ આનંદ થયો. દસ બાર પગથીયાં ચઢી જતાં જ પીત્તળના સળીયાનો મજબૂત દરવાજો મારા હાથને અડકયો. તેમાંથી બહારનું આકાશ અને ચમકતી ચાંદની મને સ્પષ્ટ જણાયાં. બહારનો ઠંડો પવન શરીરે લાગતાંજ શરીરમાં હુંશિયારી આવી. રાત્રિ કેટલી હશે એ સમજવાનો કાંઈ જ રસ્તો નહોતો. તેમ તે જાણવાનું મને કાંઇ કારણ પણ નહોતું. દરવાજો મજબૂત હતો ખરો; પણ તે સાંકળ કે તાળું મારી બંધ કરેલો નહોતો; એટલે મેં તે સહજ ઉઘાડયો અને હું બહાર નિકળ્યો. અત્યારે હું, માત્ર કબરસ્થાન-માંથી જ બહાર આવ્યો નહોતો, પરંતુ મૃત્યુના મુખમાંથી બહાર પડયો હતો; એટલે રસ્તાપર પગ મૂકતાં જ મારૂં અંતઃકરણ ભક્તિથી ભરાઈ આવ્યું અને મેં ત્યાંજ ખુદાની બંદગી કરી. પછી મારાં નેત્રો સામે દિલારાની તે સુંદર મૂર્તિ અને મરીનાની મનોહર બાળઆકૃતિ જણાવા લાગી. પાંખો વળગાડી તેમની પાસે ઉડી જઉં એમ મને લાગ્યું. મેં પીરમહંમદને વિનંતી કરી હતી કે મારી મૃત્યુવાર્તા મારી સ્રીને જણાવશો નહિ અને તેથી તેણે તે પ્રમાણે વર્તન કર્યું હશે; પરંતુ મારા જેવાની મૃત્યુ–વાર્તા ગુપ્ત રહી શકે તેમ ન હોવાથી, તે આખા શહેરમાં પ્રસરી ગઈ હશે અને તે હકીકત દિલારાના પણ જાણવામાં આવી હશે. અરેરે ! તે વખતે તેણે કેટલું આક્રંદ કર્યું હશે ! આવી

માત્ર કલ્પનાથી જ મારૂં હૃદય ભરાઇ આવ્યું. મને એમ પણ લાગ્યું કે, શોકને લીધી કદાચ તે ગાંડી પણ થઈ ગઇ હશે. ઘરના રસ્તા તરફ થોડો આગળ જાઉં છું એટલામાં તો જયાં ત્યાં મને કબરો જ દેખાવા લાગી. કેટલીક કબરો પાસે દીવા બળગતા હતા અને રાત્રિના વખતે તે તારાઓની માફક ચમક ચમક થતા હતા. તે અનેક દીવા જોઇ મારૂં હૃદય ચીરાઇ ગયું. તે દીવા તરતના જ થયેલા દફન-વિધિના સાક્ષીદાર હતા. હજુ પણ શહેરમાં આટલાં માણસો મરે છે એ જોઇ મને ઘણું દુઃખ થયું. થોડી વાર પછી મારા હૃદયમાં એક બીજો જ વિચાર આવ્યો. જે ઠેકાણે મને પૂરવામાં આવ્યો હતો, તે ઠેકાણું એક વખત દીવાના અજવાળામાં જોવું-આવી મને ઇચ્છા થઇ અને તેટલા માટે હું સ્મશાનમાં ફરી એક મોટા દીવામાં તેલ અને દીવેટો એકઠી કરવા લાગ્યો. દસ વીસ દીવેટો એકઠી થવાથી સાહજિક જ ઘણું અજવાળું થયું અને તે લઇ હું ફરી મારા કુટુંબના કબરસ્થાનમાં ગયો. મારા કુટુંબનું કબરસ્થાન સ્વતંત્ર જગ્યામાં છે અને ત્યાં સુંદર મિનારા જેવી દસ બાર કબરો ભોંયરા કરી, તેની અંદર બાંધેલી છે, અને કેટલીક ઉપર જ બાંધેલી છે. જે દરવાજામાંથી હું બહાર આવ્યો હતો, તેજ દરવાજાએ હું અંદર ઉતર્યો અને મારી કબર જોવા લાગ્યો. ઘણીજ ઉતાવળથી જમિનમાં ખોદેલો ખાડો, પાસેજ પથ્થર અને પેલી સાધારણ શાલ; આ બધું જોઈ મારૂં અંતઃકરણ ધડકવા લાગ્યું અને મને ખરેખર બ્હીક લાગવા માંડી. જાણે સ્મશાનમાંનાં પ્રેતો મારી આગળ પાછળ નાચે છે અને મારો ઉપહાસ કરે છે, આમ મને લાગ્યું. જાણે,

માત્ર હાડકાંનાં ખોખાં જ ચારે બાજુ ઉભાં છે અને તેમની આંખોના હાડકાનાં કાણાંમાંથી અગ્નિની જવાળાઓ બહાર નીકળે છે, આમ મને જણાવા લાગ્યું. મારૂં મન અસ્વસ્થ થઇ ગયું અને જાણે બ્હીકથી હમણાંજ ચીસ પાડી ઉઠીશ આમ થઇ ગયું. એટલામાં મારી નજર મારા પિતાની કબર તરફ ગઇ. તુરત જ મેં દીવો નીચે મૂકયો અને બન્ને હાથે તે કબરને પંપાળી, આ પ્રેતલોકમાંથી જલદીથી મારો છૂટકારો થાય તેટલા સારૂ તેમની પ્રાર્થના કરી. ધીમે ધીમે મારી બ્હીક ઓછી થઇ અને મારામાં ધૈર્ય ઉત્પન્ન થવા લાગ્યું. તુરત જ તે બધાં પ્રેતો અદશ્ય થઇ ગયાં. કદાચ તેઓ દેખાય તો ભલે દેખાય! તેઓ હવે મને શું કરવાનાં છે? થોડા વખત પહેલાં હું પણ પ્રેતસ્થિતિમાં જ હતો. તો પછી હું શામાટે તેમનાથી બ્હીઉં? મેં તેમને મારાં મિત્ર માફક માન્યાં અને ફરી એક વખત તેમને જોવાની મને ઇચ્છા પણ થઈ. પણ વાહ, પછી તો તે મને કયાંય પણ દેખાયાં નહિ!

મારા પિતાનું પ્રેત મેં ઘણાજ મોટા સમારંભથી આ સમાધિક્ષેત્રમાં આણી મૂકયું હતું. શહેરના સર્વ પ્રમુખ લોક તેમને ખાંધ આપવા માટે આવેલા હતા. તે વખતે મેં દાન-ધર્મ પણ ઘણાં કર્યાં હતાં. અને મારી પ્રેતયાત્રા!—ત્રણ ચાર માણસોએ ઉતાવળે ઉતાવળે કરી નાંખી હતી. લૌકિક નજરે, જે બન્યું તે ખોટું બન્યું હશે. પણ મને તો તે એક ઉપકારક જ થયું હતું. જો ફકીરના મનમાં રોગનો ભય ન હોત અને શહેરમાં પણ સ્વસ્થતા હોત, તો મને ઘણા સમારંભથી પૂરવામાં આવ્યો હોત. મારી કબર પણ તેમણે મજબૂત જ કરી હોત. પરંતુ, તો પછી

તેવી સ્થિતિમાં મારી જીવવાની આશા સમૂળગી નષ્ટ થઇ હોત. એટલે જ બિચારા ફકીરોએ ઉતાવળથી કરેલી આ દફનવિધિ મને ઉપકારક લાગે, એમાં કાંઈ આશ્ચર્ય જેવું નથી. મેં તે માટી અને પથ્થર તે ખાડામાં નાંખી સાધારણ રીતે તે સરખાં કર્યાં અને પછી હું મારી માતાની કબર પાસે ગયો. આ વખતે મને મારાં માબાપ સાંભરી આવ્યાં અને મારી આંખોમાંથી આંસૂ વહેવા લાગ્યાં. હું વર્ષમાં એક વખત આ કબરસ્થાનમાં આવતો અને તે કબરોપર નવાં વસ્ત્રો ઓરાઢી દીવા વગેરે કરતો હતો. બન્નેની મારાપર વિલક્ષણ માયા હતી અને જાણે કે, તેથીજ તેમણે આ વિલક્ષણ ઉપાયથી મને પોતાની પાસે બોલાવી આણ્યો હોઇ, તેઓ મને કાંઇ પણ વિશેષ ઉપદેશ કરે છે, એમ મને લાગ્યું. મને એવો ભાસ થયો કે, જાણે કે તેઓ મને "આ દુનિયાપર કેટલો વિશ્વાસ રાખવો" એ સંબંધમાં કાંઇ પણ ગૂઢ તત્ત્વનો ઉપદેશ કરે છે. મા-બાપનાં દર્શન કરવામાં અને તેમનો ઉપદેશ સાંભળવામાં હું ઘણોજ નિમગ્ન થઇ ગયો હતો, એટલામાં કોઇક સ્થળની ઘડીઆળપર પહેરેગીરે ઠણ્ ઠણ્ ઠણ્ ઠણ્ આવા ચાર ટંકોરા વગાડયા. તુરત જ જાણે કે ઉંઘમાંથી જાગ્યો હોઉં તેમ હું ઉભો થઇ ગયો. ઘડીઆળપર ઝણઝણતો અવાજ જાણે મારા કાનમાં બાહ્ય સૃષ્ટિનું આમંત્રણ કહેતો હોય તેમ લાગ્યું. હું પણ બહાર નીકળવાને ઉતાવળો જ થયો હતો. કયારે ઘેર જઉં અને મારી દીલારાને કયારે ભેટું આમ મને થયું. અરેરે ! મારી મૃત્યુ વાર્તાથી તે બિચારી અધમૂઇ થઇ ગઇ હશે ! પણ મને તે જયારે જીવતો જોશે તારે તેને કેટલો બધો આનંદ થશે ? દીવાને વળગે-

લો મોગરો ખંખેરી નાંખી મેં તે મોટો કર્યો અને પછી હાથમાં લઈ હું પગથિયાંને રસ્તે જવા લાગ્યો. એટલામાં સામેથી એક ઉંદર નાઠો અને પાછલી બાજુની ભીંતના દરમાં પેસી ગયો. સ્વભાવતઃ જ મેં દીવો તે દર તરફ ફેરવ્યો. તો તે દરમાંથી કેટલાંક ઝીણાં કિરણો દીવાપર આવ્યાં હોય અને તે પાછાં પરાવર્તન પામ્યાં હોય તેમ મને ભાસ્યું. આથી હું દરપાસે ગયો અને દીવો લઇ અંદર જોવા લાગ્યો. અંદર હીરાના જેવી ચકચકતી એક વસ્તુ મને જણાઇ, તે પરથી મારી ખાત્રી થઈ કે, તે હીરો જ હોવો જોઇએ અને હું ઘણા આશ્ચર્યથી તે દરની અંદર જોવા લાગ્યો. જોઉં છું તો અંદર એક ઉંડી અને લાંબી તથા પહોળી બાંધેલી જગા જણાઈ. અંદર મોટી મોટી પેટીઓ મૂકેલી પણ જણાઇ. તે બધું શું હશે, એ સંબંધમાં મારી કાંઇ પણ કલ્પના ચાલી શકી નહિ. મને તે હીરો લેવાનો લોભપણ થયો. મારા જેવા શ્રીમંતને ઘેર હીરાનાં ઘરેણાં નહોતા એમ નહિ. પરંતુ તે હીરાનું તેજ મને કાંઇ વિલક્ષણ જણાવાથી મારા મનમાં સાહજિક જ તેવી ઇચ્છા થઇ. તે કાણામાંથી અંદર જઇ શકાય તેમ ન હોવાથી હું તે બાકોરૂં મોટું કરવાનો ઉદ્યોગ કરવા લાગ્યો. થોડા સમય પહેલાં જયારે હું કબરસ્થાનમાં ફરી દીવામાં તેલ એકઠું કરતો હતો, તે વખતે એક ઠેકાણે પડેલી લોખંડી પરાય મારી નજરે પડી હતી. ઉતાવળો ઉતાવળો હું ત્યાંથી તે પરાય લઇ આવ્યો અને તે ભીંત તોડવાનો મેં પ્રારંભ કર્યો. તે મજબૂત ભીંતમાંથી હું મારૂં માથું ઘાલી અંદર જાઉં, એવડું બાકોરૂં તૈયાર કરતાં મને લગભગ બે કલાક થયા. અંદર જઈ પ્રથમતો મેં પેલો હીરાનો અલંકાર

ઉંચકી લીધો. તે એક કમળપુષ્પના જેવો સ્રીયોના કેશમાં ઘાલવાનો અલંકાર હતો. મધ્યભાગમાં એક મોટો હીરો હતો અને આજુ બાજુ ઝીણા ઝીણા હીરા અને મોતી બેસાડી તે દાગીનો તૈયાર કર્યો હતો. આવી ઉત્કૃષ્ટ કારીગિરીની અને અતિ કિંમતી વસ્તુ મેં આજ જ જોઇ, આમ મને લાગ્યું. તેપર પડેલી ધૂળ ઝાટકતાંજ તે દાગીનો પહેલાંના કરતાં પણ અધિક તેજથી દેખાવા લાગ્યો. જો કે. હું ઘેર જઇશ, તેથી દિલારાને અપ્રતીમ આનંદ તો થશેજ; પણ મૃત્યુના દરવાજામાંથી પાછા આવતાં, મેં તેને માટે એક સુંદર અલંકાર પણ આણ્યો છે, એ જોઇને તો તેને વિલક્ષણ આશ્ચર્ય લાગ્યા શિવાય રહેશે નહિ. એવા આનંદને પ્રસંગે તે કેવી કૃતજ્ઞતાથી આ અલંકારનો સ્વીકાર કરશે, આવી એક સામાન્ય કલ્પનાથી જ મને ઘણો આનંદ થયો. તે દાગીનો મેં મારા ખિસ્સામાં મૂકયો અને વળી હાથમાં દીવો લઈ ત્યાં મૂકેલી મોટી મોટી પેટીઓ ઉઘાડી જોવાનો પ્રયત્ન કરવા લાગ્યો. પહેલી પેટી ઉઘાડતાંજ તેમાં સુવર્ણની મહોરોથી ભરેલી થેલીઓ જણાઇ તે પ્રચંડ સંપત્તિ જોઇ હું આશ્ચર્યથી છક્ક થઇ ગયો. આટલીબધી સંપત્તિ કોની હશે અને વળી તે અહીં મૂકવાનો ઉદ્દેશ શો, તે કાંઇજ મારા લક્ષમાં આવ્યું નહિ. બીજી પેટીમાં હીરા મોતીના અને સુવર્ણના અલંકાર નજરે પડયા. ત્રીજી પેટીમાં અપૂર્વ કારીગિરીનાં અતિકિંમતી જરીનાં વસ્રો હતાં. પણ તે ઘણા દિવસનાં મૂકી રાખેલાં હોવાથી કોહી ગયાં હતાં. પાંચમી અને છઠ્ઠી પેટીમાં હાથીદાંત વિગેરે કિમતી પદાર્થની અત્યંત કુશલતાથી બનાવેલી વસ્તુઓ હતી. આ સર્વ વસ્તુઓ,

અલંકારો અને વસ્ત્રો જોઇ, હું તે વખતે કેટલો બધો આશ્ચર્ય ચકિત થયો હોઈશ, એની તમને કલ્પના પણ આવશે નહિ. તે અજબ સંપત્તિ જોતી વખતે, દુર્દૈવે મારો પ્રવેશ, આ કબરસ્થાનમાં 'પ્રેત' તરીકે થયો છે, એ વાત પણ હું ભૂલી ગયો અને તે સંપત્તિના વિચારમાં જ નિમગ્ન થઇ ગયો. એક પેટીમાંની અત્યંત ચમત્કારિક વસ્તુ જોતી વખતે એક હાથીદાંતની પેટી મારા હાથમાં આવી અને એક ક્ષણના પણ વાર ન કરતાં મેં તે નાની• પેટી ઉઘાડી. અંદર એક જુનો થઇ ગયેલો કાગળ હતો અને તેપર ઉર્દૂમાં કાંઈક લખેલું હતું. છેક દીવાપાસે તે કાગળ લઈ જઇ હું તે વાંચવા લાગ્યો. તેમાં આ પ્રમાણે લખેલું હતું:—

"આ સર્વ સંપત્તિ મેં લોકોના ઘરપર ધાડ પાડી મેળવેલી છે. વિશેષતઃ આ સંપત્તિનો ઘણો ભાગ મુર્શિદાબાદના ખાન ઉસ્માન અલ્લીનો છે. તેઓ પુત્રરહિત મરણ પામ્યા હોવાથી, તેમની સઘળી સંપત્તિ તેમના સગ્ગા ભાઇ દિલ્લીના પ્રસિદ્ધ શેઠ ખાન વજીરઅલ્લી મુર્શીદાબાદથી લાવતા હતા, તે વખતે મેં રસ્તામાં તે લુંટી લીધી હતી. આગળ જતાં, ખાં ઉસ્માનઅલ્લી દરરોજ મને સ્વપ્નામાં આવી ત્રાસ દેવા લાગ્યા; અને પોતાની સઘળી સંપત્તિ તુરતનાજ મરણ પામેલા ખાંન વજીરઅલ્લીના છોકરા ખાન સાદતઅલ્લીને આપવાનું કહેવા લાગ્યા. સાથે તેઓ મને કહેતા હતા કે, મારી સઘળી સંપત્તિ ખાંન સાદતઅલ્લીએ ધર્મ કાર્યાર્થે જ વાપરવી જોઇએ. જોકે હું જાતિનો ધાડપાડુ છું; કૃતાંતથી પણ બ્હીઉં એવો નથી; તોપણ દરરોજ આવતાં આવાં સ્વપ્નાંને લીધે મને બ્હીક લાગવા માંડી અને મારા મનમાં પણ ખેદ થયો. બાદશાહ ઔરંગઝેબનો મારાપર જબ્બર ક્રોધ હો-

વાથી, ઉઘાડી રીતે હું આ સંપત્તિ ખાંન સાદતઅલ્લીને પહોંચાડી શકું તેમ નહોતું. એથીજ મેં તે સર્વ સંપત્તિ ખાન ઉસ્માઅલ્લીના આ કબરસ્થાનમાં લાવી મૂકી. મને ખાત્રી છે કે, ખાંન સાદતઅલ્લી ક્યારે પણ નવી ચાદર ઓરાઢવા માટે અને દીવા બત્તી કરવા માટે અહીં આવશે. હું હિંદુસ્થાન છોડી મક્કા ચાલ્યો જાઉં છું."

અબદૂલ ગફૂર ઉર્ફે સેતાન જંગ

ભાઈઓ ! આ લખાણ અને તેની નીચેની સહી જોઇ મને જે કાંઇ લાગ્યું હશે તેની કલ્પના પણ તમે કરી શકશો નહિ. મારી સંપત્તિ મને આવી રીતે મળે, એ એક કેવો વિચિત્ર યોગાયોગ ! અબદૂલ ગફૂર આ નામ કોઇ પણ દિવસ તમે સાંભળ્યું નહિ હોય; પણ સેતાન જંગ નામ તો તમે જરૂર સાંભળ્યું હશે. સેતાન જંગ ઘણોજ અજબ અને બુદ્ધિમાન્ લુંટારો હતો. તે ક્યારે અને ક્યાંથી આવી, વળી કોને કેવી રીતે લુંટશે, એનો કાંઇ પણ નિયમ નહોતો. તેણે ચારે બાજુ પોતાના નામથી ત્રાસ વર્તાવ્યો હતો. હું જ્યારે ન્હાનો હતો, ત્યારે મારી માતા મને જલદી ઉંઘાડવા માટે "સેતાન જંગ આવ્યો !" આમ કહી બ્હીક દેખાડતી હતી. આટલો વખત સુધી તો મારૂં મન ઘણુંજ અસ્વસ્થ હતું અને ઠેઠ કબરસ્થાનમાં પુરાવા સુધીનો પ્રસંગ આવી પડવાથી હું ઘણોજ ઉદ્વિગ્ન થયો હતો. પરંતુ, આવી રીતે અચાનક અગાધ સંપત્તિ મારા હાથમાં આવી પડવાથી, હું સમજ્યો કે, આ એક દૈવી ચમત્કાર છે. આટલી બધી સંપત્તિ મારા હાથમાં નાંખવા માટે મારા દૈવે કર્મબંધનની જે વિચિત્ર શૃંખલા તૈયાર કરી

હતી, તે જોઇ હું ઘણોજ છક્ક થઇ ગયો. લોકમાં ક્હેવાય છે કે, ચંચલ લક્ષ્મી કયારે કોના ઘરમાંથી નિકળશે અને કોના ઘરમાં પેસશે એનો કાંઇજ નિયમ નથી; આ લોકવાયકાનો આ એક પ્રત્યક્ષ પુરાવો જ હતો. ખરૂં જોતાં, ઉસ્માનઅલ્લીની સંપત્તિની મને કાંઇ પણ આવશ્યક્તા હતી એવું કાંઇજ નહોતું. પરંતુ, મારા કરતાં મ્હોટો, તેમનો એકનો એક છોકરો લઢાઇમાં મરી ગયો ત્યારથી તેમનો મારાપર જીવ કરતાં પણ અધિક પ્રેમ બંધાયો હતો અને તેમને એવી ખાત્રીપૂર્વક આશા હતી કે, પોતાની સંપત્તિનો સદુપયોગ સાદતઅલ્લી ખાન સારી રીતે કરશે. આ સંપત્તિ, માર્ગમાં જ લુંટાઇ ગઇ હોવાથી મારા બાપને અને મને ઘણું જ ખોટું લાગ્યું હતું. આ સંપત્તિ યોગ્ય કાળે જોકે અમારા હાથમાં નહોતી આવી, તો પણ મારા પિતાએ ઉસ્માનઅલ્લીના સ્મરણાર્થ અનેક જુની મસીદોના જીર્ણોદ્ધાર કરી, અનેક સ્થળે ધમશાળા અને કુવાઓ તૈયાર કરાવ્યાં હતાં. આ સંપત્તિ મળવાથી મને ઘણોજ આનંદ થયો. કાકાની ઇચ્છા મુજબ હવે હું એક મોટું ધર્મકાર્ય કરીશ—આમ મારા મનમાં થયું. મારી સહધર્મચારિણી દિલારાને પણ આથી ઘણો આનંદ થશે અને, તેના કાને વજ્રાઘાતના જેવા પડેલા દુઃખદ સમાચારમાંથી આવું આનંદપર્યવસાયી ફ્લ બહાર પડેલું જોઇ તેનો હર્ષ ગગનમાં પણ માશે નહિ, આમ પણ સાહજિક રીતે જ મને લાગ્યું. તે અજબ ધનાગારમાંથી મારૂં મન છૂટું થતાં જ તે ઘર તરફ ખેંચાયું અને હું મારાં મા–બાપના કબરસ્થાનમાં આવી, ત્યાંથી બહાર નિકળવા માટે પગથિયાં ચઢવા લાગ્યો.

પ્રકરણ ૩.

નવજીવન.

બે ચાર પગથિયાં ચઢી થોડો ઉપર જાઉં છું, ત્યાં તો સૂર્યપ્રકાશનું લખલખતું અજવાળું મારી આંખોપર આવ્યું. ઠેઠ દરવાજા પાસે આવ્યો ત્યારે મારા જોવામાં આવ્યું કે, સૂર્ય ઘણોજ ઉંચો આવ્યો હતો અને દફન વિધિ માટે ઘણા લોક સ્મશાનમાં આમતેમ ફરતા હતા. અત્યારસુધી દિલારા પાસે જવા સારૂ મારૂ મન બહુજ ઉતાવળું થયું હતું; પણ સૂર્યનો તે લખલખતો પ્રકાશ અને લોકસમુદાય જોઇ મારા મનમાં ઘણીજ લજ્જા ઉત્પન્ન થઇ અને હું ફરી કબરસ્થાનમાં પાછો આવ્યો. કયારે એક વખત ઘેર જઉં અને દિલારાને ઉલ્લાસથી ભેટું, કયારે એક વખત મરીનાને ઉંચકી લઇ તેના કોમળ ગાલે ચુંબન કરૂં આમ મને થઈ ગયું હતું. પણ તે સાથેજ, મારા મનમાં એક વિચાર આવ્યો કે, જયારે હું રસ્તાપર પગલું મૂકીશ તેજક્ષણે લોકો કેવી અજબ દૃષ્ટિથી મારા સામું જોશે, અને એક મૃત વ્યક્તિને આવી રીતે શહેરમાં ફરતી જોઇ તેઓ કેવી વિલક્ષણ ચર્ચા શરૂ કરશે? આથી હું કબરસ્થાનમાં પાછો આવ્યો અને જીવિતવ્યતાનો વિચાર કરવા લાગ્યો. તે વખતે ઘેર જવાની મારા મનમાં કેટલી બધી આતુરતા થઇ હતી, તેની ફક્ત મને એકલાને જ ખબર છે; પરંતુ, લોકલાજ પણ તે વખતે મારા અંતઃકરણમાં એટલી

બધી વૃદ્ધિંગત થઇ હતી કે, રસ્તે જવું એ એક મને સંકટરૂપ થઇ પડયું. જો હું તે ધનાગાર જોવાના નાદે ન લાગતાં પરોઢિયામાં અંધારામાં જ ઘેર ગયો હોત, તો ઘણું સારૂં થાત; પરંતુ તે વખતે મારા મનમાં તે કલ્પનાનો સ્પર્શ પણ નહોતો થયો કે, બહાર સૂર્ય ઉદય પામી રાત્રિ દૂર થાય છે; અને તેથી હું નિષ્કારણ સુવર્ણ મુદ્રાની ઉથલપાથલ કરતો બેઠો. હશે, હવે તો, થયું તે થયું. હવે તો, રાત પડતાં સુધી કબરસ્થાનમાં જ બેસવું જોઇએ, આવો નિશ્ચય કર્યો; પણ તે બાર કલાક કાઢવા કેવી રીતે એ પણ એક મોટો પ્રશ્ન હતો.

વિચાર કરતાં કરતાં એક તદ્દન જૂદી જ રીતનો વિચાર એકદમ મગજમાં સુઝી આવ્યો. બપોરના વખતે જ્યારે ભૂખની આગ પેટમાં સળગી ઉઠી, ત્યારે મારા મનમાં થવા માંડયું કે, હવે તો બહાર નિકળી કાંઇપણ ખાવાનું મેળવવું. અંતઃકરણમાં આ વિચારનો ઉદય થયા પછી, એક જૂદીજ રીતે તેનું પર્યવસાન થયું. કાંઈ પણ વેષાંતર કરી પછી ગામમાં પેસવું અને બની શકે તો તેવી જ સ્થિતિમાં ઘેર પહોંચવું આમ મેં ઠરાવ્યું. એ તો તમે જાણતાજ હશો કે, જ્યાં ઘણોજ પ્રેમ હોય છે, ત્યાં સંશયની ગંધ પણ તેટલી જ હોય છે. દિલારા પર મારો અત્યંત પ્રેમ હતો. તેનો પણ મારાપર એક વિલક્ષણ પ્રેમ હતો એ પણ ખરૂં; પરંતુ કેટલીક બાબતોની પરીક્ષા પ્રસંગ શિવાય થતી નથી. જ્યાં સુધી પિત્તળને કસોટીપર ઘસ્યું નથી હોતું, ત્યાં સુધી તે પણ સોના જેવું જ લાગે છે. પતિમરણના જેવી દુઃખકર આપત્તિ સ્ત્રી માટે બીજી નથી. દુનિયાની નજરે તે આપત્તિ દિલા-

રાપર તુટી પડી હતી. આથી, મને એ જોવાની અનિવાર્ય ઇચ્છા થઇ કે, આ પ્રસંગે તેની કેવી અનુકંપનીય સ્થિતિ થઇ હશે. દુઃખથી તે તો તદ્દન ગાંડા જેવીજ થઇ ગઈ હશે; પણ તેની તે શોકાર્ત સ્થિતિ જોઈ મારા અંતઃકરણમાં હર્ષ–લહરીઓનો અતિરેક થવાનો હોવાથી મેં તે વિલક્ષણ પ્રેમ–પરીક્ષા કરવાનું ઠરાવ્યું. ખરેખર; આ કલ્પનાથી હું ઘણોજ ઉત્સાહિત થયો અને વેષાંતર કરવાની તૈયારી કરવા લાગ્યો. સ્મશાનભૂમિમાં કોલસાનો લગારે તોટો નહોતો. બે ચાર કોલસા લઇ એક પથ્થરપર ઘસી કાઢયા અને એમ કરી તે તત્કાલિક તૈયાર કરેલો કાળો રંગ ચહેરાપર ચોળી ચહેરો કાળો મેશ જેવો કર્યો; અને પછી પેલી ફકીરોએ મારા દફનપર ઓરાઢેલી ફાટી તુટી શાલ શરીરે ઓઢી હું યમુનાની દિશાના માર્ગે ચાલવા લાગ્યો.

દિલ્હી શહેરમાં કાળા તાવનો ભયંકર કહેર શરૂ થયા પછી શહેરનું ઘણું ખરૂં બજાર યમુનાના કાંઠાપર ગયું હતું. તમે એ તો જાણતા જ હશો કે, યમુના નદી શહેરથી અઢી ત્રણ ગાઉ દૂર છે અને લોકોની સગવડની ખાતર તેની નહેર શહેરમાંથી કાઢી છે. આ બજારમાં જઇ પ્રથમ થોડી પેટ–પૂજા કરવી અને પછી કોઇપણ ન ઓળખી શકે તેવું વેષાંતર કરવાનાં જરૂર પડતાં વસ્ત્રો લઇ, યુક્તિ–પૂર્વક મારા પોતાના ઘરમાં પ્રવેશ કરવો આમ મેં ઠરાવ્યું. મેં પહેલાં જે હકીમની વાત કરી હતી, તે દરગામાંના હકીમની કૃપાથી કેટલાંક અજબ ચમત્કારિક ઔષધો મારા જાણવામાં આવ્યાં હતાં. જેમ ધોળા વાળને કાળા કરી શકાય છે, તેમ કાળા વાળને પણ કેટલીક ઔષધિયો લગાડવાથી

તે ધોળા થઇ જાય છે, એ હું જાણતો હતો. યમુના-કાંઠે ગયા પછી, પ્રથમ તો મેં બજારમાં તે ઔષધો વેચાતાં લીધાં; અને પછી ત્યાંથી ઘણેજ દૂર જઇ તે ઔષધોની યોગ્ય રીતે મેળવણી કરી વાળે ચોપડવા લાગ્યો. લગભગ એક કલાક સુધી મહેનત કર્યા પછી મારા વાળા ધોળા-ફક્ક થયેલા મારા જોવામાં આવ્યા. મારા વાળ કેટલા ધોળા થયા છે અને તેથી મારા ચ્હેરામાં કેટલો ફરક પડેલો છે, એ જોવામાટે હું બજારમાં ગયો અને એક તંબોળીની દુકાન સામે પાનની બીડી લેવા ઉભો રહ્યો. વાસ્તવિક જોતાં, મને પાન ખાવાની લગારે આવશ્યકતા નહોતી; પરંતુ આરસામાં મુખાવલોકન કરવાની ઘણીજ જરૂરીઆત હતી. તંબોળીની દુકાનમાંનો આરસો પણ મોટો હતો અને તેમાં પગથી તે માથા સુધીની મારી મૂર્તિ દેખાતી હતી. તે વખતનો મારો ચમત્કારિક ચ્હેરો જોઇ, હું મને પોતાને જ ભૂલી ગયો હતો. તે વખતે હું એક પચાસ પંચાવન વર્ષના વૃદ્ધના જેવો જણાતો હતો, એ જોઇ હું ઘણો જ આશ્ચર્ય પામ્યો. તો પણ, શાલની અંદરનાં મારાં કપડાં હજુ પણ થોડી ઘણી મારી ઓળખાણ આપતાં હતાં. આ અડચણ દૂર કરવા માટે હું ભરબજારમાં દાખલ થયો અને એક જુનાં કપડાં વેચનાર વેપારીની દુકાને ગયો. દુકાનદાર વૃદ્ધ હતો અને હુક્કો ગગડાવતો ગ્રાહકની વાટ જોતો બેઠો હતો. મને જોતાં જ તેણે મને સલામ કરી અને ગાદીપર બેસાડી હુક્કો પણ મારી સામે ધર્યો. તે હુક્કાનો સ્વીકાર કરી મેં તેને કહ્યું:—"એકાદ મુર્શિદાબાદી નવાબી અંગરખું હોય, તો, મને દેખાડો. જુનું હશે તો હરકત નથી, પરંતુ તે આખ્ખું હોવું જોઇએ. ફાટેલું અને ગંદુ-મેલુ ન હોવું જોઈએ."

દુકાનદારે હસતાં હસતાં કહ્યું, "ખુદા ખુદા કરો સાહેબ! ફાટેલાં અને એવાં ગંદાં કે મેલાં કપડાં, હું મારી દુકાને વેચવા માટે રાખતો જ નથી. જુનાં કપડાંની દુકાન કહેવાથી આપ એમ ન સમજશો, સાહેબ, કે મેં મારી દુકાને ચીંથરા વેચવા મુકયાં છે! સાહેબ, મારા મહેરબાન, જો અમે એમ કરીયે, તો પછી અમારી દુકાન ચાલે કેમ?"

"હા, હા. ખરી વાત. સારાં કપડાં રાખ્યા શિવાય દુકાન ચાલે નહિ. તેમાં વળી આજકાલ શહેરમાં કાળા તાવનો ઉછાળો થવાથી તો, તમને એવાં સારાં કપડાં થોડી કિમતમાં ઘણાં મળતાં હશે, નહિ વારૂ?"

"મહેરબાન, આવા વખતમાં કિમતી કપડાં અલ્પ મૂલ્યમાં મળે છે, એ ખરૂં છે; પરંતુ તે લાભ તો, જેઓની દુકાન શહેરમાં છે તેઓને મળે છે. કોઇ ગ્રાહક ન હોવાથી, હાલ તો જુનાં કપડાનું બજાર ઘણું જ મંદ છે."

"આપની દુકાનમાં પણ આ કાળ તાવના કોઇ એકાદ મરણ પામેલા રોગીનાં કપડાં હશે વારૂ?"

વૃદ્ધ દુકાનદાર મોટેથી હસતો હસતો બોલ્યો, "શું આપ આ તાવના રોગથી એટલા બધા બ્હીઓ છો? અરે સાહેબ, મૃત્યુથી બ્હીને નાસશો કયાં? અને હવે, જીવવાની આશા પણ કેટલા દિવસ રાખશો? આ તમારાએ કેશ પાકયા અને મારા પણ પાકયા; એટલે હવે તમારે મરણથી શામાટે એટલા બધા ડરવું જોઇએ?"

હં! ડોસો શું કહે છે! હું પણ તેના જેવોજ વૃદ્ધ? ભલે કહે બિચારો! તે ડોસાએ મારા જેવા પચીસ વર્ષના તરુણને સાઠ વર્ષનો ઘરડો ડોસો બનાવ્યો, એથી મને ખોટું ન લાગતાં, ઉલટો આનંદ જ થયો. દુનિયામાં જ્યાં ત્યાં જોતાં માલૂમ પડે છે કે, કોઇ વૃદ્ધ પોતાની વૃદ્ધાવસ્થા છુપાવવા માટે અનેક પ્રકારના પ્રયત્નો કર્યા કરે છે. કોઇ વાળ કાળા કરવા કલપ લગાવે છે, કોઇ દાંત બેસાડે છે, કોઇ ઔષધો ખાય છે, વિગેરે જૂદી જૂદી જાતની યુક્તિ–પ્રયુક્તિઓથી પોતાને તરૂણ દેખાડવામાટે વૃદ્ધ વ્યક્તિઓ અથાગ મહેનત કરે છે પરંતુ જ્યારે, તેથી ઉલ્ટું મારા જેવો તરૂણ, પોતાની તરૂણાવસ્થા છુપાવવામાટે–વૃદ્ધ થવાનો પ્રયત્ન કરે અને વળી તેમાં તે યશસ્વી પણ થાય–થયો છે, એ જોઇ મને આશ્ચર્ય અને આનંદ થયાં. મેં તે દુકાનદારને કહ્યું, "શેઠ, આ કાળા તાવની, હવે મને લગારે બીક નથી. કારણકે, મેં તેના પર વિજય મેળવ્યો છે. બે દિવસ પહેલાં જ તેણે મારાપર હુમલો કર્યો હતો અને મને મૃત્યુના દરબારમાં લઇ જવાનો પ્રયત્ન કર્યો હતો. પણ હું તેના માથાનો થયો! અત્યારે ફરી સારો થઇ આનંદથી હીંડતો ફરૂં છું. પરંતુ, મેં તમને છેલ્લું જે કહ્યું, તે એટલાજ માટે કે, લોકમાં એમ કહેવાય છે કે, આ રોગ સંસર્ગજન્ય છે. એટલે, આપણાથી બીજા કોઇને તેનો ઉપદ્રવ ન થાય, એટલા માટે તેવાં કપડાંની જરૂર નથી, એમ મેં કહ્યું. તમારી દુકાનમાં આ દરદીઓનાં કપડાં શિવાય બીજાં કપડાં હશે વારૂ?"

"હા, હા, સાહેબ. એવાં તો ઘણાં છે. તમે એમ ન ધારશો કે, આ રોગ ચાલ્યો એટલે હું આ નવી દુકાન ઉઘાડી બેઠો છું.

મારી દુકાન ઘણા વર્ષની છે. અને વળી કપડાંથી શો ઉપદ્રવ થાય ? અરે સાહેબ, આ આયુષ્યની દોરી તૂટયા શિવાય કોઈ પણ મરતું નથી, અને વળી આ તાવના રૂપે ઉત્પન્ન થયેલો રાક્ષસ, ઘરડાઓ ઉપર એમ ઉતાવળથી ઝડપ મારતો નથી. તેને તો તરૂણોનું તાજું ગરમ રક્ત જોઇએ છે! પરમ દિવસે જ જુઓને, અમારા દિલ્હી શહેરમાં કેવો ગજબ થયો તે! ખરોખર તરૂણ પચીસ વર્ષનો, જુવાન છોકરો બસ, અલ્પ સમયમાં જ આ તાવનો બલિ થઇ પડયો !"

મેં કહ્યું, "અંહ ! એમાં તે શું ? એવા તો કેટલાયે તરુણો આ વખતે મૃત્યુના મુખમાં જઇ પડયા હશે ?"

તે ડોસાએ ખેદકારક સ્વરે કહ્યું. "સાહેબ હું જે તરુણની વાત કહું છું, તે એવા તરુણોમાંનો ન હોતો. અરે, તે તો દિલ્હી શહેરનો હીરો હતો, હીરો ! અહાહા ! શી તેની વર્તણુક, શી તેની સાલસતા; અરે, કેટલો બધો પરોપકારી ગૃહસ્થ ! સાહેબ, સાદતઅલ્લી ખાનના મૃત્યુથી, તો આખું દિલ્હી શહેર દિલગીરીમાં ગરકાવ થઇ ગયું છે."

હું આશ્ચર્યથી બોલી ઉઠયો, "સાદતઅલ્લી ખાન ? એ કોણ હતા, વારૂ ?"

"તમે ક્યાંક બહુ દૂરથી આવેલા લાગો છો. કારણ કે, આ પ્રાંતમાં સાદતઅલ્લી ખાનના નામથી અજાણ્યું એક નાનું છોકરું પણ મળી આવશે નહિ. દિલ્હી શહેરમાં તે એક કોટયાધીશ હતો. બાદશાહ ઔરંગઝેબનો પણ તે શરાફ હતો. પરંતુ તેથી કાંઇ તે એટલો બધો પ્રસિદ્ધ ન હોતો થયો. પણ તે

અત્યંત દાનેશ્રી હોવાથી ઘણો લોકપ્રિય થઇ પડયો હતો. દીન દરિદ્રીઓ ઉપર તેને ઘણો પ્રેમ હતો. ગરીબ મનુષ્ય જોતાંજ તેની આંખો પાણીથી ભરાઈ આવતી હતી. આ ભયંકર તાવના વખતે તેણે કેટલાંયે અનાથ પ્રેતોનાં દફનવિધિ પોતાના ખર્ચથી કર્યા હતાં. એટલુંજ નહિ, પણ એવા પ્રસંગ આવી પડતાં પોતે ખાંધ પણ આપતો હતો."

મેં સહાનુંભૂતિથી કહ્યું, "અરેરે! ત્યારે તો હું ઘણો કમનસિબ! એવા સદ્‌ગૃહસ્થને મેં એકવાર જોયો પણ નહિ. એવા મનુષ્યપર પણ આ કાળા તાવે પોતાની સ્વારી કરી એમ! ખુદાની મરજી!"

"સાહેબ, ખરેજ; ખુદાની તેના પર મહેરબાનીજ હતી. માત્ર એટલુંજ, કે તેના મૃત્યુથી ગરીબ ગરબાંને ઘણુંજ નુકસાન થયું; પરંતુ, એક રીતે તો તે ઘણુંજ સારૂં થયું કે, તે બિચારો આ દુનિયાના તાપત્રયથી છૂટયો! સંસાર જેટલો સુખદાયક, તેટલોજ તે દુઃખદાયક પણ છે. તે બિચારો સાંસારિક સુખ સંબંધમાં ઘણોજ દુર્ભાગી હતો. આથીજ મારૂં કહેવું એમ છે કે, આ સમાજનો અને તેનો સંબંધ આમ જલદીથી તુટી ગયો એ તેનું સુભાગ્યજ!"

વૃદ્ધના આ શબ્દો સાંભળી હું તો આશ્ચર્યથી છક્કજ થઇ ગયો. તે વખતે સંશય રૂપી ભૂતે મને એટલો બધો ભ્રમિત કરી નાંખ્યો કે, મેં કરેલા વેષબદલા મુજબ હું આ ડોસા સાથે વર્તું છું કે કેમ, તેની પણ મને ચિંતા થવા માંડી. મેં ધીમે રહીને તે ડોસાને પૂછ્યું, "તમે એમ કેમ કહો છો, વારૂ?"

ડોસાયે તિરસ્કાર દર્શાવી કહ્યું; " શું કહેવું મિયા સાહેબ ! મોટું ઘર અને પોલો વાંસો એમ જે કહેવાય છે, તે કાંઇ ખોટું નથી. સાદતઅલ્લી ખાન તો લાખમાં એકજ હતો. પણ તેની સ્ત્રી પેલી દિલારા એક પશુ હતી પશુ ! ખરેજ, સાદતઅલ્લી ખાને તેની સાથે લગ્ન કરવામાંજ ભૂલ કરી. તે ઘણીજ સુંદર છે એ ખરી વાત, પણ સાદતઅલ્લી, તેના કરતાં પણ વિશેષ સુંદર બુદ્ધિમાન્ અને શરીરસંપત્તિમાં પણ ઉત્કૃષ્ટ હતો; પરંતુ તે નાપાક દિલારા પોતાના આવા ઉત્તમ પતિ સાથે દગલબાજીથી વર્તતી હતી. પોતાની સ્ત્રીની આ ગેરવર્તણુક સાદતઅલ્લીના જાણવામાં પણ કદાચિત્ આવી હશે, પરંતુ ઘણા લોકો એવા હોય છે કે, જેઓ એવા પ્રસંગે પોતાની ઢાંકેલી લાખની મૂઠી ઉઘાડવા માટે ડરે છે. "

મારી પરમ પ્રિય દિલારાની, મારીજ સામે થતી નિંદા સાંભળી મારો પિત્તો ઉછળી આવ્યો અને આ ડોકરાને તેનું યોગ્ય શાસન કરવું, આમ મને થઈ આવ્યું. પરંતુ, હું તેને શાસન કરવા માટે અસમર્થ હતો. કારણ કે, તે સમયે હું મૃતાવસ્થામાં હતો ! અર્થાત્, એક મૃત વ્યક્તિ જીવંત વ્યક્તિને શિક્ષા કરે એ અશક્ય છે, આ તો તમે સારી રીતે જાણતાજ હશો. મને એમજ લાગ્યું કે, આ ડોસાએ માત્ર લોકબમ–લોકવાયકા પર વિશ્વાસ રાખવાથીજ તે એમ સમજ્યો હશે. કારણ કે, એવી અત્યંત સુંદર સ્ત્રીયોના સંબંધમાં સ્વાભાવિક રીતે અસત્ય લોકાપવાદ પ્રસરે છે. તેમાં ખરેખર તથ્ય કાંઈજ હોતું નથી. એટલે, એક ત્રાહિત રીતે આ ડોસાને તેનો સખ્ત જવાબ આપવો, આમ મેં

ઠરાવ્યું અને કહ્યું, " સુંદર અને તરુણ સ્ત્રીયોના પતિ મરણ પામતાં, તેમના સંબધમાં ફાવે તેમ બોલવા માટે કોઇ જાતની હરકત રહેતી નથી. આજે જો સાદતઅલ્લી ખાન જીવતો હોત, તો તે બિચારીના સબંધમાં આવા શબ્દો ઉચ્ચારવાની હામ તમે ભીડી હોત? "

મારી માફક તે ડોસો પણ થોડા ઉત્તેજક સ્વરે બોલ્યો, " અરે, તે બિચારી શેની ? તે તો એક દુરાચારી છે દુરાચારી. બિચારો તો હતો સાદતઅલ્લી ખાન. સાહેબ, આ દુનિયામાં, સંપત્તિ અને પતિના ઢાંકણ નીચે તો સ્ત્રીયો ફાવે તેવા ઘોંટાળા કરી શકે છે. હા, તમારૂં યે કહેવું ખરૂં છે પરંતુ આ દુષ્ટ દિલારા તો એવી હલકા હૈય્યાની છે કે, તેણે પોતાના પતિનું સુતક પણ નહિ પાળ્યું હોય ! "

બસ, હવે તો મને આ ડોકરા પર સખ્ત ક્રોધ ચઢયો. સાથે તે બિચારો ફોકટની કલ્પનાસૃષ્ટિમાં રમતો હોવાથી મને દયા પણ આવી. આથી તેના પર ક્રોધ કરવામાં કાંઇ પણ ફાયદો નથી, આવો વિચાર કરી હું બોલ્યો: " જવાદો ને યાર, આપણે વળી એવી પારકી પંચાતમાં પડવાનું શું પ્રયોજન છે ? હું એક સારૂં અંગરખું વેચાતું લેવા માટે તમારી પાસે આવ્યો છું, એ તમારા ધ્યાનમાં છે કે ભૂલી ગયા ? "

" અરે હા સાહેબ, તે કેમ ભૂલું ? એ તો તમારા જેવા મારી ઉમ્મરના બરોબરીઆ વૃદ્ધ ગૃહસ્થ બોલવા મળ્યા એટલે સાહજિકજ બોલવાનું મન થયું. અને મને લગાર બોલવાની ટેવ વધારે છે. થોડો હું સ્પષ્ટવક્તા પણ છું. લોકો કહે છે કે હું

ગાડો છું; પણ ખાન સાહેબ, હું આપને ખરેખર કહું છું કે, એકંદર રીતે સ્ત્રી-વર્ગ સંબંધમાં મારા મનમાં તિરસ્કાર ઉત્પન્ન થયો છે. તે સ્વર્ગીય પ્રેમ અને સૌંદર્યના સંબંધથી મારા હૃદયમાં જે ઘાવ પડેલા છે, તે હું મરીશ ત્યારે રૂઝાશે. કારણકે મારી પાપિણી સ્ત્રી મારી પહેલાં મરણ પામી છે. એટલા માટે હું સાદતઅલ્લી ખાનને સૌભાગ્યવાન્ માનું છું. ખરેજ, દિલારા સંબંધનું બિચારાનું હૃદયશલ્ય છેવટે મૃત્યુએ દૂર કર્યું. ખાન સાહેબ, આપની સ્ત્રી સુંદર અને રસિક તો છે ને ?"

ડોસાના આ શબ્દો સાંભળી જેમ મને ક્રોધ ચઢયો, તેમ હસવું પણ આવ્યું. મેં સહેજ તિરસ્કારથી કહ્યું, " હું તો હવે વૃદ્ધ થયો છું, એટલે એવા પ્રેમ અને રસિકપણાના વિચારજ હું ક્યારેય પણ કરતો નથી. સાદતઅલ્લી ખાનના સંબંધમાં તમે જે સહાનુભૂતિ વ્યક્ત કરો છો, તે જો તેણે પોતે સાંભળી હોત, તો મારું તો એમ માનવું છે કે, તે બિચારાને આનંદ થવાને બદલે દુઃખજ થયું હોત."

અંગરખું બતાવતાં ડોસો વચમાં જ અટકયો અને બોલ્યો, "ના, ના, ના; તમે ભૂલ કરો છો. તેને આનંદે ન થયો હોત અને દુઃખ પણ ન થયું હોત. તેણે મારી આ સહાનુભૂતિ પરથી ઘણો બોધ લીધો હોત, અને તદ્દન જૂદાજ માર્ગે ગયો હોત. અરે સાહેબ, હમારા મારા જેવા ડોસાઓ તો એવા તરૂણો માટે, "તેઓએ કેવી રીતે સંભાળીને વર્તવું" એ શિખવનારા ઉપદેશ ગ્રંથો છે. હું એમ નથી કહેતો કે, સ્ત્રીઓ સુંદર ન હોવી જોઇએ; સુંદર સ્ત્રીઓ હોવી જોઇએ, પરંતુ તે સૌંદર્યમાં સાત્વિક

ભાવ હોવો જોઇએ; તેમાં ઝેર કે ઉન્માદ ન હોવો જોઇએ; આમ મારૂં કહેવું છે. આ પ્રેમનું શાસ્ત્ર મારી સ્ત્રીએ મને સારી રીતે શીખવ્યું છે. મારી સ્ત્રી હતી અત્યંત સુંદર. પરંતુ, તેનો ચહેરો અને દષ્ટિ ઘણાં જ ઝેરી હતાં. તમે એટલું તો લક્ષમાં રાખજો કે, અંતઃકરણમાં ઝેરનો સંચય હોયા શિવાય નેત્રોમાંથી ઝેરી બાણ છૂટતાં નથી. મૂર્ખ તરુણો આ બાણોને નેત્ર–કટાક્ષ, અને તે ઝેરને 'પ્રેમ–પ્રેમ' કહી બેહોશ થાય છે. બાકી, દિલારાનું નામ બદનામ કરવું, કાંઇ મારૂં એમાં વેર નથી. મેં તેને એકજ વખત જોઇ હતી; અને તેટલાપરથી જ હું તમને તેની આ વાત કરૂં છું. ચાંદની ચોકમાં મારા ભાઈની જરીનાં કપડાંની મોટી દુકાન છે. તે દુકાનમાં હું એક વખત બેઠો હતો તે વખતે બે મોટા મોટા ઘોડાવાળી, પડદો ઢાંકેલી ગાડી દોડતી આવી. રસ્તામાં એક નાનું બાળક રમતું હતું, તેને આ દોડતી આવતી ગાડીનો ધક્કો લાગ્યો અને તુરત તે બાળક નીચે પડયું અ રડવા લાગ્યું. બીજો કોઇ હોત, તો તે વખતે ગાડી ઉભી રાખી તે બાળકની તપાસ કરી હોતઃ પરંતુ ગાડી ઉભી ન રહેતાં, તેનો પડદો માત્ર થોડો ઉંચો થયો અને તેમાંથી દિલારાએ પોતાની ઉન્મત્ત નજર ચારે તરફ ફેંકી. તે વખતે જો ગાડીમાં સાદતઅલ્લીખાન હોત, તો તેણે ગાડીમાંથી કૂદકો માર્યો હોત, અને તે બાળકને ઉંચકી લીધું હોત. તે બાળક નીચે પડતાં તુરતજ હું દોડયો અને મેં તે નાના બાળકને ઉંચકી લીધું. તેજ વખતે દિલારાની અને મારી નજર એકમેકને મળી. તેણે મારા સામું જોતાંજ મને મારી મૃત પત્ની સાંભરી આવી. તેના ડોળા પણ

એવા વિષમય હતા, ચહેરો પણ એવો ઉન્મત્ત; છટ્ ! સાદતઅ-લ્લી અને દિલારામાં આસ્માન જમિનનો તફાવત. તે દેવ હતો અને આ દાનવી. તે મનુષ્ય અને આ પશુ. તે વિશ્વાસુ અને આ વિશ્વાસઘાતકી. જવાદો યાર, તે વાત જ જવાદો. એવી વાતોથી મારૂં મગજ ઉલટું વધારે સંતપ્ત થઇ જાય છે. ”

તે ડોસાની મને પણ દયા જ આવી. બિચારાને દુરાચારિણી સ્રી મળવાથી, તેની અવસ્થા ઘણીજ ચમત્કારિક થઇ હતી. તે ગઇ, પણ આને ગાંડો કરતી ગઇ. હશે, દિલારાની ગાડીનો ધક્કો એ નાના બાળકને લાગ્યો હશે; અને તેણે પોતાની ગાડી પણ ઉભી નહિ રાખી હોય ! કોઇક એવા વધારે ઉતાવળના કામ માટે તે બહાર નીકળી હશે, તો તેમ થવું સાહજિક છે. માત્ર તેટલાપરથી જ તેને નિર્દય ઠરાવવી એ યોગ્ય નહિ. વળી આ ડોસા પાસે બીજો પુરાવો શો, તો કહે તેનો ચહેરો અને તેની દૃષ્ટિ ! આ બે વાતપર આ ડોસાએ ભળતી જ ઇમારત રચેલી જોઈ, મને તેની મૂર્ખાઈની દયા આવી મેં સહેજ ક્રોધથી કહ્યું, “ શેઠ, તમારે એ ફોકટની પારકી પંચાતીમાં પડીને શું કામ છે ? તમે તમારો વેપાર–ઉદ્યોગ કરો, અને વખત મળે, તો તે ખુદાની બંદગીમાં ગાળો. આવી વાતોમાં આ વૃદ્ધાવસ્થામાં લગાર થોડું લક્ષ આપો તો સારૂં. ચાલો હવે, મને મુર્શિદાબાદી એકાદ અં-ગરખું દેખાડો જો ? ”

ડોસો ખિન્ન સ્વરે બોલ્યો, “ ખરેજ, હું ભૂલી જ ગયો. માફ કરો. મેં તમને પહેલેથી જ કહ્યું હતું કે, મને બોલવાની ઘણી ટેવ છે. તેમાં તમારા જેવા મારી જ ઉમ્મરના વૃદ્ધ મળ્યા;

અને સાથે તમારો સ્વભાવ પણ દિલદાર; એટલે લગાર સાહજિક જ જીભ વધારે હાલી. શું કરૂં? સ્વભાવનું કાંઇ ઔાષધ નથી." આમ કહી તે ડોસાયે એક કબાટમાંથી એક સુંદર જરીનું નવાબી અંગરખું કાઢયું અને તે મારા હાથમાં આપી કહ્યું, "તમારે જેવું જોઇએ તેવું જ આ અંગરખું છે. તમારે શરીરે પણ બેસતું જ આવી રહેશે. છે પણ તદ્દન નવું જ. બિચારાએ બે દિવસ પણ વાપર્યું હશે કે નહિ કોણજાણે?"

તરત જ હું બોલ્યો, "આ અંગરખાનો માલીક આ રોગથી મરી ગયો કે શું?"

ડોસો હસીને બોલ્યો, "હા. રોગથી જ મર્યો; પરંતુ આ કાળા તાવના રોગથી નથી મર્યો; પણ પ્રેમના રોગથી મરી ગયો. આ પ્રેમનો રોગ કેટલો ભયંકર હોય છે, એ તમે જાણતા હો, તેમ નથી જણાતું. ખરે યાર, તમે ઘણા જ અરસિક છો. તમે જો કવિ થાઓ, તો આ પ્રેમનો રોગ તમારાપર પણ ફૂદકો માર્યા શિવાય રહે નહિ. મુર્શિદાબાદના એક સરદારે આ અંગરખું પોતાના લગ્ન માટે ખાસ તૈયાર કરાવેલું હતું. દિલ્હીના એક સેનાપતિની છોકરી સાથે તેનાં લગ્ન થવાનું નક્કી ઠરેલું હતું. તે છોકરીએ, "જો તારી સાથે મારાં લગ્ન નહિ થાય તો હુ ગાંડી થઇ જઇશ અગર તો ઝેર ખાઇ જીવ આપીશ," આવું જબ્બર આશ્વાસન તે સરદારને આપ્યું હતું. ગરીબ બિચારો સરદાર, લઢાઇમાંથી છૂટો થતાંજ લગ્ન માટે દિલ્હી આવ્યો; પણ અહીં આવી જુવે છે તો તે—આ સરદાર માટે જીવ આપવાને નિકળેલી છોકરી લગ્ન કરી પરવારી બીજાની ગૃહિણી થએલી

છે ! થયું. બસ. તેના મનમાં વિષાદ ઉત્પન્ન થયો; હૃદયમાં પ્રતિભાનો ઉદય થયો અને એવી સ્ત્રીનું પ્રેમ સ્તોત્ર ગાતાં ગાતાં બિચારાએ ભાગિરથીમાં જલસમાધિ લીધી. પ્રેમી માણસને પ્રેમથી જ મૃત્યુ મળે, એ પણ તેનું ભાગ્ય—!"

તે વૃદ્ધને વધુ ન બોલવા દેતાં હું બોલ્યો, "શેઠ, આ અંગરખાની જે કિંમત હોય, તે પહેલાં કહો, પછીથી તમારો આ શુષ્ક વાદ ચાલવા દેજો."

જાણે કે ભાનમાં આવ્યો હોય તે પ્રમાણે તે ડોસો બોલ્યો, "મહેરબાન, ભૂલી ગયો; આ અંગરખું મેં ત્રીસ રૂપીયામાં વેચાતું લીધું છે. પચાસ રૂપીયા ખર્ચ...ાં પણ આવું અંગરખું તમને મળશે નહિ. ઓછામાં ઓછા ચાળીસ રૂપીયા તો મને આ અંગરખાના મળવા જોઈએ."

તે અંગરખું તદ્દન નવું જ હતું; એટલે તેની કિંમત પચાસ સાઠ રૂપીઆ હશે એ દેખીતું જ હતું. મેં કિંમતની રકઝક ન કરતાં તે ડોસાના હાથમાં ત્રણ મહોરો મૂકી. તે મહોરો પારખી ડોસો હસતાં હસતાં બોલ્યો, "પાંચ રૂપીઆ પાછા આપવા જાઈએ."

"ના. મારે તે નથી જોઇતા. મને આ અંગરખું બદલવા માટે એક ઇલાયદી જગા આપશો તો તે બસ થશે."

"અરે હા સાહેબ, ઘણા આનંદથી. જોકે કપડાં બદલવા માટે સ્વતંત્ર એકકે જગ્યા નથી; પરંતુ કેટલીક વખતે પડદેનશીન સ્ત્રીયો કપડાં જોવા માટે આવે છે, તેઓને માટે મેં એક

ઓરડી રાખી મૂકી છે. આપ તેમાં જ કપડાં બદલી નાંખો." આમ કહી તેણે મને તે ઓરડી બતાવી. ત્યાં મેં મારૂં બહારનું અંગરખું કાઢી; નાંખી વેચાતું લીધેલું મોટી કિંમતનું અંગરખું પહેરી લીધું. સામે એક મોટો અરીસો હતો. તેમાં મેં મારૂં પોતાનું બદલાયેલું રૂપ જોયું અને મને પરમાવધિનું આશ્ચર્ય લાગ્યું. જયાં, મને પોતાનેજ મારી ઓળખાણ પડવાની શકયતા નથી, ત્યાં હવે મને કોઇ ઓળખી કાઢે, તેવી બ્હીક રાખવાનું કાંઇ પણ પ્રયોજન રહ્યું નહિ. એક દિવસના તાવથી અને તે પછી માટીમાં પૂરાવાને લીધે મારા ચહેરામાંનું તેજ પણ ઘણુંજ ઓછું થઇ ગયું હતું. આંખો ઉંડી પેસી ગઇ હતી અને ગાલ પણ બેસી ગયા હતા. જે અરીસામાં હું મારૂં આ બદલાયેલું રૂપ જોતો હતો, તે આરસો મોટો અને અને બિલ્લોરી કાચનો હતો; તથા તેની આસપાસના ચોકઠાનું નકસીકામ અપ્રતીમ હતું. મેં તે ડોસાને કહ્યું, "આરસો ઘણોજ ઉત્તમ છે. આપે કયાંથી વારૂ તે આણ્યો?"

મારા પ્રશ્નનો ઉત્તર ન આપતાં તે ડોસાએ ફરી પોતાનો બડબડાટ ચાલૂ કર્યો: "આ આરસો, જે કાળે હું એક રસિક હતો, તેનો સાક્ષી છે. મેં જે કાળસર્પિણીપર વિશ્વાસ રાખ્યો હતો, તેને જ માટે મેં આ આરસો વેચાતો લીધો હતો. તેની સૌંદર્યમદિરાથી તે વખતે હું એટલો બધો બેહોશ થઇ ગયો હતો કે, તે કહે તે વસ્તુ તેની આજ્ઞા સાથે જ હું ઘરમાં આણી મૂકતો હતો. જે મારાપર આટલો બધો પ્રેમ કરે છે; મારાપર જેનો પૂર્ણ વિશ્વાસ, અને પરપુરુષનો દૃષ્ટિપાત પણ જેને ઝેરના જેવો લાગે,

તેના મનોરથ ન પૂરા કરવા એ મૂર્ખાઈ છે, આમ મારૂં ધારવું હતું. પરંતુ પ્રત્યક્ષ અનુભવમાં તેથી તદ્દન ઉલટું જ આવ્યું. તે સેતાની મતના સ્મારક તરીકે માત્ર આ આરસોજ હજુ રાખી મૂક્યો છે. બાકીની સર્વ વસ્તુની મેં એક રસિક છતાં, કયારનીયે હોળી કરી નાંખી છે. આ આરસો માત્ર રાખ્યો છે—"

તે ડોસાએ પોતાનો બડબડાટ વળી કેટલીકવાર સુધી ચલાવ્યો હોત; પરંતુ મેં તેને થોડી મિઠાઇ અને સરબત આણુવાની વિનંતી કરી એટલે તેને અટકવું પડયું અને હું ફરી પેલા આરસા સામે આવી ઉભો રહ્યો. મારા મનમાં આ વખતે ખરી વૃદ્ધાવસ્થાના અનેક વિચારો આવતા હતા. વૃદ્ધાવસ્થા એ શરીરની એક જાતની વિટંબણા જ છે. જે વૃદ્ધાવસ્થાનો આપણુને પોતાનેજ તિરસ્કાર આવે છે, તે વૃદ્ધાવસ્થાના સંબંધમાં તરુણ સ્ત્રીઓએ જો તિરસ્કાર દર્શાવ્યો હોય, તો તેને માટે તેમની મશ્કરી કરવાનું, ખરેખર કાંઇજ કારણુ નથી. હું મૃત્યુના મુખમાંથી જીવતો બહાર નીકળ્યો છું—આ વાત જયાર દિલારાના જાણુવામાં—પ્રત્યક્ષ જોવામાં આવશે, ત્યારે અહાહા, તેના આનંદની કાંઇ સીમાજ નહિ રહે. પણુ, જયારે હું વૃદ્ધ થએલો તેની નજરે પડીશ, ત્યારે શું તે મારો તિરસ્કાર કરશે? ઉંહ! તેમ કદી બનેજ નહિ. હા, કદાચિત્ તેની આંખો જોકે લગારેક ફસાશે; પરંતુ તે પોતાના અંતઃકરણને તો જરૂર નહિજ ફસાવા દે. પોતાનો પતિ જીવતો છે, બસ, આ એકજ વિચારથી તે ભાનભૂલી થઇ જશે; અને પછી તેને, પોતાનો પતિ પહેલાંનાા જેવો તરુણુ છે કે વૃદ્ધ છે એનો વિચાર કરવાનું પણુ પ્રયોજન નહિ રહે.

'દિલારા, સાધ્વી દિલારા, જેને તારી એકનિષ્ઠાનો અનુભવ મળ્યો છે, તે આ લોકોના ભ્રામક અપવાદો પર કદાપિ વિશ્વાસ નહિ રાખે."

જૂનાં કપડાં વેચનારો આ દુકાનદાર એક ભ્રમિત મનુષ્યની માફક ગમે તે કાંઈ લવારો કરી ગયો, પરંતુ તેથી દિલારાના સંબંધમાં મારા મનમાં સ્હેજપણ શંકા ઉપસ્થિત થઈ નહિ. મને તો એમ જ લાગ્યું કે, આ ડોસો બિચારો પોતાના સંબંધમાં ફસાયો હોવાથી બીજાંને પણ તેજ દૃષ્ટિથી જુવે છે. હવે મને, એક વખત ઘેર જઇ દિલારાની શોકસંતપ્ત મૂર્તિ જોવાનું મન થયું હતું. મારા મરણથી તેને કેટલું બધું દુઃખ થતું હશે; પરંતુ અત્યારે મારા મનની એવી કાંઇ ચમત્કારિક સ્થિતિ થઇ હતી કે, દિલારાના રૂદનથી, દીર્ઘનિઃશ્વાસથી અને અશ્રુપાતથી મને એક જાતનો આનંદ અનુભવવાનો મળશે આમ મને લાગતું હતું— અને પછી, છેવટે જયારે તે મને જીવતો જોશે ત્યારે તેને કેટલો બધો કલ્પનાતીત આનંદ થશે ! તે વખતે મારા હ્રદયમાં જે હર્ષ લહરીઓ ઉછળશે, તે હું ખાત્રીપૂર્વક કહું છું કે, એક વિલક્ષણ સુખદાયક થઇ પડશે. મારા આ શ્વેત થઇ ગએલા વાળ, ઉંડી પેસી ગએલી આંખો અને નિસ્તેજ થએલો ચહેરો; એ સર્વ તરફ તે લગાર પણ ધ્યાન નહિ આપે અને મને દૃઢ આલિંગન કરી ભેટી પડશે; તેજ વખતે અમને બન્નેને જે આનંદ થશે તે શબ્દાતીત થશે. તે વખતે મને લાગશે કે, બસ, મેં કરેલો વેષાંતર સાર્થક થયો. હું એમજ માનતો હતો કે, મારો પુનર્જન્મ થવાથી મને જેટલો આનંદ થયો છે, તે કરતાં પણ અધિક આનંદ મારી

દિલાશાને થશે. ફરી એક વાર મેં મારો વેષ આરસામાં જોયો અને પછી હું દુકાનમાં આવ્યો.

દુકાનદાર મારા જેવું 'ભોળું' ઘરાક મળવાથી કાંઇક ખુશીમાં આવ્યો હતો અને મેં આપેલા પૈસાની મિઠાઇ અને સરબત આણી મારો જ આદરસત્કાર કરતો હતો. અમે બન્ને જણ મિઠાઈપર હાથ મારતા હતા તે વખતે તે વૃદ્ધ દુકાનદાર મારા સામું જોઇ બોલ્યો, "આપ આવી વૃદ્ધાવસ્થામાં પણ જ્યારે આટલા બધા સુંદર દેખાઓ છો, ત્યારે આપ તરુણ હશો, ત્યારે તો મારા ધારવા મુજબ આપ મદનના પુતળા જેવા દેખાતા હશો. હજુ પણ તમારૂં શરીર કેવું મજબુત છે? યુવાવસ્થામાં જો શરીરને સારૂં કર્યું હોય અને તારુણ્યના ઉન્માદમાં તે શરીરને ગુમાવ્યું ન હોય, તો વૃદ્ધાવસ્થામાં એવું શરીર એક મિત્રની ગરજ સારે છે."

ડોસાના આ શબ્દો સાંભળી મને અમીરૂદ્દીન સાંભરી આવ્યો. મારી મૃત્યુ–વાર્તા જો તેને કાને પડી હશે–પહોંચી હશે, તો તે બિચારો રડીરડી બેહાલ થયો હશે; પણ હવે જ્યારે હું યમના દરબારમાં જઇ પાછો આવ્યો છું એ વાત તે જાણશે, ત્યારે તેના આનંદનો પણ પાર રહેશે નહિ અને જેવી સ્થિતિમાં બેઠો હશે તેવી જ સ્થિતિમાં મને મળવા દોડી આવશે. તેના મિત્રપ્રેમથી મારૂં હૃદય ભરાઇ આવ્યું અને તેજ વખતે વૃદ્ધે કહ્યું, "પાન સોપારી મંગાવું કે?"

તે ડોસાના હાથમાં એક મહોર આપી મેં કહ્યું, "હા હા, મંગાવો. અત્તર અને ફુલ પણ મંગાવો."

ડોસાએ તુરત જ માણસ મોકલી મેં કહેલી સર્વ વસ્તુઓ મંગાવી લીધી. પછી અત્તર લગવી અને હાથમાં ફુલ લઇ હું તે ડોસાની રજા લેતો હતો, ત્યાં તે ડોસો હસતો હસતો બોલ્યો, “ખાન સાહેબની સ્વારી કયાંક પણ પ્રેમની જાળમાં સપડાયલી જણાય છે!”

મેં પણ મશ્કરીમાં તેનો જવાબ હકારમાંજ આપ્યો. તે સાંભળી તેની આંખોમાં એકદમ તેજ ચમકવા લાગ્યું. થોડાક ઉત્તેજક સ્વરે તે બોલ્યોઃ—“સંભાળજો હાં! જાઓ, જોઇએ તો દોડતા જાઓ; પણ રસિક થઇ પ્રેમના કાવાદાવાથી ગાંડા ન થઇ જશો. બરાબર સાવધાન રહેજો અને તમારા કાળજાનું લોહી તેને પીવા ન દેશો. કારણ કે, જળોની માફક લોહી ચૂસી લેવાનું કામ તેઓ સારી રીતે જાણે છે. તે જો તમને વશ કરવા, આવે તો તેના હૃદયપર આઘાત કરવાનું તમે ભૂલશો નહિ.”

ડોસાના આ શબ્દો તે વખતે તો મને એક ગાંડાના લવારા જેવા લાગ્યા. મેં હસતાં હસતાં તેને એક લાંબી સલામ કરી અને પછી દુકાનમાંથી બહાર નિકળી હું શહેરને રસ્તે પડયો. હવે હું ભરબજારમાં આવ્યો હતો અને ઘણા ઓળખીતા લોકો બજારમાં મને સામા મળતા. પરંતુ તેઓમાંથી કોઇએ પણ મને ઓળખ્યો નહિ. મારા ખિસ્સામાં પૈસા પણ ખૂબ હતા, અને વેષાંતર પણ સારૂં કરેલું હોવાથી ભાડાની ગાડીમાં બેસી મેં શહેરમાં પ્રવેશ કર્યો હતો. સંધ્યાકાળ પડવાને થોડી વાર હતી. મેં એવો ઠરાવ કર્યો હતો કે, દીવામાં દિવેટ પડયા શિવાય ઘેર જવું નહિ. શહેરનું ઔદાસીન્ય હજુ પણ તેનું તેજ કાયમ હતું અને હજુ પણ તે ભયંકર તાવનો રોગ ઘણા જીવ લેતો હતો. એક

દિવસનો અવકાશ એ કાંઇ બહુ મોટો કહેવાય નહિ. છતાં પણ, તે એક દિવસમાં શહેરની સ્થિતિ ઘણી સુધરી ગઈ હશે, આવી ફોકટની આશા મને લાગતી હતી. શહેરના મોટા દરવાજામાંથી અંદર દાખલ થઈ દસ વીસ ઘર ઓળંગ્યાં નથી, ત્યાંજ દફન માટે એક પ્રેત ઘરની બહાર કાઢેલું મારા જોવામાં આવ્યું. પાસેજ એક વૃદ્ધ માણુસ બેઠો હતો, તેને પાસે બોલાવી મેં ધમેરજ્ઞ ને કહ્યું, જોજો, તે બિચારાનો પ્રાણ ગયો છે કે નાહ એની ખાત્રી કરજો અને પછી દફન માટે લઇ જજો. આ રોગની બીકથી કેટલાક લોક હવે જીવતાં માણુસોને પણ દફનાવવા મંડી પડયા છે. તે ગૃહસ્થે મને ગાંડો ઠરાવ્યો અને મને ત્યાંથી જવ નું કહ્યું. ખરૂં બોલવું એ પણ ગાંડાઈ છે, આ એક વિષય હું ત્યાં શિખ્યો અને આગળ ચાલવા લાગ્યો. શહેરમાં એક મોટા ચોકમાં આવ્યા પછી, ત્યાંથી મને મારૂં ઘર સહેજ અસ્પષ્ટ જણાવા લાગ્યું. એક વખત મનમાં વિચાર થઈ આવ્યો કે હમણાં જ ઘેર જવું, દિલારાને શામાટે નકામી શોકમાં રાખવી? પરંતુ, સંધ્યાકાળ પછી ગૃહપ્રવેશ કરી તેની શોકસ્થિતિ જોવામાં મને અધિક આનંદ મળનાર હોવાથી હું થોડો વખત શહેરમાંજ ભટકવા લાગ્યો. વળી મારા મનમાં વિચાર થઇ આવ્યો કે, વખત છે, તો ચાલ લગાર ફકીરની દરગામાં જઉં અને સાદતઅલ્લી ખાનની દફનક્રિયા વિગેરે કેવી રીતે થયું તેની તપાસ કરૂં. અને તે પ્રમાણે હું દરગા પાસે જઇ ઉભો રહ્યો. હું જે ઓરડીમાં સુતો હતો તે ઓરડી અને તે ઓરડીમાંનો પલંગ પણ રસ્તાપરથી સ્પષ્ટ રીતે બારા જોવામાં આવતાં હતાં. દરગાના બારણા સામે મને ઘણી વાર સુધી ઉભો રહેલો જોઇ એક ફકીર બહાર આવ્યો અને મને

સલામ કરી કહેવા લાગ્યો, "ખાન સાહેબ, મુર્શિદાબાદથી હમણાંજ આવ્યા જણાઓ છો? કદાચ આપની બીજે કોઇ ઠેકાણે સગવડ થાય તેમ ન હોય, તો ખુશીથી આ દરગામાં રહો. ગરીબનો મીઠું રોટલો હાજર છે."

હું તે ફકીરનો આભાર માનતો માનતો દરગામાં ગયો. આમ તેમ જોઈ મે તેને કહ્યું, "છેક જ કવેળાએ હું આ દીલ્હી શહેરમાં આવી પહોંચ્યો મને તો સ્વપ્ને પણ કલ્પના નહોતી કે, દીલ્હી શહેરમાં કાળા તાવે આમ ગજબ ઉડાવ્યો હશે. શહેરમાં આવી રીતે હાહાકાર વર્તી રહેલો હોવાથી મારી ઓળખાણનું કોઇ પણ હજુ સુધી મને મળ્યું નથી. આપ જો મને થોડી જગા આપી મીઠું રોટલો આપવાની પણ વ્યવસ્થા કરશો, તો મારાપર ઉપકાર થશે."

ફકીરે કહ્યું, "અંહ્! એમાં વળી ઉપકાર શેનો? અમારો તો તે ધર્મ છે. આવો આપ અહીં બેસો. હાથ-પગ ધોઈ થોડી વિશ્રાંતિ લ્યો, તેટલામાં જમવાની પણ તૈયારી થઇ જશે."

હાથ-પગ ધોઇ થોડી વિશ્રાંતિ લઉં છું, ત્યાં ફકીરે એક ટાટમાં બે ચાર વાનાં પીરસી તે ટાટ મારી સામે લાવી મૂક્યો. પેટમાં ખરેખરી ભૂખ જેવું કાંઇ ન હોવાથી હું ધીમે ધીમે જમતો હતો. જમતાં જમતાં મેં ફકીરને પૂછ્યું, "આપની આ દરગામાંનાં સર્વ માણસો કુશળ તો છે ને?"

"સાહેબ, તે પૂછશોજ નહિ! દીલ્હી શહેરમાં આ કાળા તાવે ગરીબની ઝુંપડીથી માંડીને તે રાજાના મહેલ સુધી સર્વના સમાચાર લીધા છે; તો પછી આ દરગામાં પ્રવેશ કરવાનું તે કેમ છોડે? મધના વાસણમાં જેમ માખીઓ કુદમ મારી [illegible] છે,

તેમ લોકો આ તાવના ભલિ થઇ પડે છે. અહાહા, કાલની જ વાત જુઆને? આ દીલ્હી શહેરમાં કાલે શો ગજબ થઈ ગયો!"

"શું શું? કાલ અહીં શું થયું?"

"સાહેબ, ઘણુંજ ખરાબ થયું. આખું દિલ્હી શહેર ગમગીન થઇ ગયું છે. આપ સાદતઅલ્લી ખાનને નહિ ઓળખતા હો. ઘણોજ દિલદાર ગૃહસ્થ. રાજાના જેવો શ્રીમંત. પણ આ સામી જે બાજ જણાય છે ને, તે પર બિચારાને કાલે પ્રાણ છોડવા પડ્યા. સ્વભાવનો ઘણો જ ઉદાર. ગરીબોને માટે, તો તેના પેટમાં ઘણીજ માયા. આવા ભયંકર તાવના વખતમાં પણ તે વીર નાસી નહોતો ગયો, પરંતુ ગરીબ ગુરબાંને યથાશક્તિ મદદ કરતો હતો. નિર્દય કાળથી તેનું આ ઉદારત્વ સહન થઈ શક્યું નહિ. તેણે ગઈ કાલે જ તેનો પ્રાણ લીધો. એક અનાથ છોકરાને દફનાવી આવ્યા પછી અહીંયાં જ તે માંદો પડયો અને રાત્રેજ તેનું દેહાવસાન થયું. રાજમહેલ જેવું તો તેનું ઘર હતું, અને અઢળક લક્ષ્મી હતી; પરંતુ છેવટે તે આ દરગામાં મરણ–શરણ થયો; અને એથી અમારે એક ફકીરના જેવી તેની છેવટની વ્યવસ્થા કરવી પડી. હજુ તો કાલજ અમે તેને પહોંચાડી આવ્યા છીએ; એટલામાં તો આજે હકીમ સાહેબને પણ માટીમાં પૂરી આવ્યા. તેમને માટે પણ આખી દિલ્હી આજ શોક કરે છે."

છેવટના શબ્દો સાંભળી હું એકદમ ખિન્નતાથી બોલી ઉઠયો, "હકીમ સાહેબ? જે ગુરીબ ગરબાં દરદીઓની રાત–દિવસ શુશ્રૂષા કરતા હતા તે?"

ફકીર આંસુ લૂછતાં બોલ્યો, "હા તેજ. સાદતઅલ્લીખાનનો

દેહાંત થયાથી તેમને ઘણોજ ખેદ થયો હતો. સાદતઅલ્લીખાનને કબરસ્થાનમાં મૂકી આવી તેઓ પાછા આવ્યા, અને તુરતજ તેમને તાવ ભરાયો. બપોરના સુમારે તો તેઓ મરણ પણ પામ્યા!"

હું એકદમ ચચકી જઇ બોલ્યો, "પ્રાણ બરોબર ગયા છે, એવી ખાત્રી કર્યા પછીથીજ તેમને પૂર્યા હતા ને? નહિં તો સા—" એટલામાં હું ભાનમાં આવ્યો. મને મારો વેષાંતર સાંભર્યો. મેં કહ્યું, "સાદતઅલ્લીખાન પર તેમનો ઘણો પ્રેમ હતો એમ જણાય છે."

"સાદતઅલ્લી પર કોને પ્રેમ નહોતો? નાના બાળકથી માંડી તે વૃદ્ધ પર્યંત સર્વને તે પ્રિય હતો. પહેલેથીજ તે બન્નેને સારી ઓળખાણ હતી; અને તેમાં વળી આ રોગચાળામાં તો બન્નેની ગાઢી મિત્રતા થઈ હતી. સાદતઅલ્લીનું પ્રેત તેનાજ વંશના કબરસ્થાનમાં પુરાય, એટલા માટે તેમણે જ પ્રયત્ન કર્યા. અમે બધા તે કબરસ્થાનમાંથી બહાર નિકળ્યા, ત્યારથીજ હકીમ સાહેબને તાવ ચઢવા માંડયો હતો. છતાં, તેવી સ્થિતિમાં પણ તેમણે સાદતઅલ્લીને ઘેર જઇ સાદતઅલ્લીના અલંકાર દિલ્લારાને સ્વાધીન કર્યા હતા.

"અરરર, દિલ્લારાના કાને જયારે આ પતિ-નિધનની વાતો પહોંચી હશે, ત્યારે તે બિચારીએ કેવું આક્રંદ કર્યું હશે?"

"કોણ જાણે, તેણે કેટલું આક્રંદ કર્યું હશે! મેં સાંભળ્યું તો હતું કે, પોતાના પતિના મરણ-સમાચાર જાણતાંજ તે થોડો વખત મૂર્છિત થઇ ગઇ હતી, પણ તેમાં કાંઇ પણ અર્થ નહોતો. શ્રીમંત લોકોની સ્ત્રીઓને શોક કરતી વખતે થોડો સમય

મૂર્છિત થવાની ટેવ પડી ગઇ હોય છે. કદાચિત્ ખરેખર પણ તે મૂર્છિત થઇ હશે; કોને માલુમ? હવે આપણે તે સાથે શું કર્તવ્ય છે? આ સળગેલી હોળીથી જ્યાં સેંકડો માણસો રડે છે, ત્યાં દિલારાનો નાજુક આર્ત નાદ કોને કાને પડે? હકીમ સાહેબ ગયા એ જાણે અમારાપર એક ડુંગર ઢળી પડયો હોય એવું થયું છે! જુવો, આ દરગામાં કેટલી બધી ઉદાસીનતા પથરાઈ ગઇ છે!"

ફકીરના તે શબ્દો સાંભળી ટાટપરનો મારો હાથ તેવોજ અટકયો. દિલારાના સંબંધમાં આ પણ એવું સંદિગ્ધ શું બોલ્યો? તેની મને ઘણી ચટપટી લાગી. તે મૂર્છિત થઇ ગઇ, છતાં તેનું આને કાંઇ લાગતું નથી, એ જોઇ મને થોડો ક્રોધ ચઢયો. બે કોળીયા ખાવા જેવું કર્યું અને ઉઠીને ઝટ હાથ ધોઇ નાંખ્યા. આખું ભાણું ભરેલુંજ રહેલું જોઇ ફકીર બોલ્યો. "આ શું? આપે તો કાંઇજ ખાધું નહિ?"

"આવી ભયંકર વાતો સાંભળતાં, અન્ન પણ પેટમાં જાય કેવી રીતે? અંહ! હું પણ આવી કવેળાએ નકામો મુર્શિદાબાદ છોડી દિલ્હીમાં આવ્યો."

"આપ કહો છો તે ખરૂં, પણ જન્મ-મરણ કોનું ટળ્યું છે? રોગ અથવા તો એવાં બીજાં કારણો મૃત્યુનાં નિમિત્ત થાય છે એટલુંજ. બાકી તો બધું તે ખુદાતાલાની મરજીથીજ ચાલે છે."

અમે બન્ને જણ આ પ્રમાણે વાતો કરતા હતા, તે વખતે મારો પરમપ્રિય મિત્ર અમિરદ્દીન તેજ રસ્તેથી સામો આવતો જણાયો. હૃદય એકદમ મિત્રપ્રેમથી ભરાઈ આવ્યું. દોડતો જઇ તેને ભેટી પડું એમ થયું. તેણે દિલ્હી શહેરમાં પ્રવેશ કર્યો છે,

એટલે એટલું તો ખરૂંજ કે મારા મરણ-સમાચાર તેના જાણ-વામાં આવ્યા છે. એટલે હવે તેના સામો ઉભો રહી, હું મરી ગયો નથી પરંતુ જીવતો છું એવી તેને ખાત્રી કરી આપવાનું મને મન થઇ આવ્યું. બિચારો! મિત્રના મૃત્યુથી શોકસાગરમાં ડૂબી ગયો હશે; પણ જયારે સાદતઅલ્લીખાન જીવતો હોવાના સમાચાર સાદતઅલ્લીના મુખથીજ તેના જાણવામાં આવશે, ત્યારે તેને કેટલો બધો આનંદ થશે? હું આવો વિચાર કરૂં છે એટ-લામાં તો અમિરૂદ્દીન ઘણોજ પાસે આવ્યો અને તેથી તેનો ચહેરો સ્પષ્ટ રીતે મારા જોવામાં આવ્યો. જોઉં છું તો, તેના ચહેરાપર શોક-ચિન્હનો લેશ પણ નહોતો, ઉલટો, હંમેશના કરતાં તે અધિક ઉત્સાહ-જનક જણાતો હતો. મેં મારી આંખો અમિરૂદ્દીન તરફ રાખી હતી, તે વખતે ફકીર પોતાના દાંત કચકચાવતો ક્રોધથી બોલ્યો, "જુઓ, નીચ કેવો બની-ઠનીને ફરે છે!"

મે આશ્ચર્યથી પૂછ્યું, "કોણ?"

"જુઓ પેલો, સામેથી આવે છે તે! નીચ! સેતાન! તેનું નામ અમિરૂદ્દીન-સાદતઅલ્લીખાનનો જીવજાન દોસ્ત. તેણે અમારા પર એવો આરોપ મૂકયો છે કે, સાદતઅલ્લીના સર્વ અલંકાર અને પૈસા ટકા ન આપતાં અમે થોડા રાખી મૂકયા છે. બેશરમ! મિત્રને ખાંધ આપતી વખતે મરી ગયો હતો અને અલંકાર માગતી વખતે જીવતો થયો! પણ યાદ રાખ, ખુદા છે. એક વખત તેનીજ પાસે તારો ન્યાય-ઇન્સાફ થશે."

ફકીરને આવી રીતે ક્રોધ થવાનો અર્થ મારા સમજવામાં બરાબર આવ્યો નહિ. કદાચિત્ દિલારાએ તેને પૂછવા મોકલ્યો હશે અને તે પ્રમાણે તેણે પૂછ્યું હશે. તેમજ દિલારાનો પણ તેમાં

કાંઇ દોષ કહેવાય નહિ. નસીબે પતિ-મરણનું દુઃખ ભોગવવાનું આવ્યું છે, તો તેમાં વળી સાંપત્તિક નુકશાનીનો ભરાવો થાય નહિ એટલા માટે તે જરા દક્ષતાથી વર્તી હોય, તો તે એક ખરી ગૃહિણીની માફકજ વર્તી છે એમ કહેવું જોઇએ. દિલારા, મારા પ્રાણના પ્રાણ! એમ શોકસંતપ્ત ન થા. તારૂં સૌભાગ્ય તો પાછું આવ્યુંજ છે. પરંતુ તે ખાલી હાથે ન આવતાં સાથે અનેક રત્નાલંકાર લઇને આવ્યું છે. મારી મૃત્યુવાર્તાથી તું મૂર્છિત થઇ, એજ મારાપરના પ્રેમનું ઇનામ હું સમજું છું. જો કે આ અરસિક અને પ્રેમને કદાપિ ન ઓળખનારા ફકીરને તો તારી મૂર્છિતાવસ્થા એક ફારસ-સમાન લાગે છે, પરંતુ મને તો તેથી ધન્યતા લાગે છે.

સંધ્યાકાળ પડી. દિવામાં દિવેટ પડી. બસ, પછી હું દરઆમાં બેઠો નહિ. ફકીરના હાથમાં એક સુવર્ણ-મુદ્રા આપી મેં તેની રજા લીધી અને મારા પોતાના ઘર તરફ ચાલ્યો.

પ્રકરણ ૪.

મેં જોયું મુજ મરણ મારી આંખે.

આખું શહેર મૃત્યુની વિષમ વેદનાથી ઉદ્વિગ્ન થયેલું છતાં પણ, તે સંધ્યાકાળ મને ઘણીજ રમણીય લાગી. અંતઃકરણમાં જે વિચિત્ર આકાંક્ષા ઉત્પન્ન થઇ હતી, તે પૂર્ણ થવાનો સમય જેમ જેમ પાસે આવતો જતો હતો, તેમ તેમ મારૂં હૃદય ભાવી આનંદની ઉત્સુકતાથી અધીરૂં થતું હતું. મારૂં ઘર જેમ જેમ

પાસે આવતું ગયું, તેમ તેમ મનની અસ્થિરતા વધવા લાગી. મારા ઘરની પાછલી બાજુએ સૂર્ય અસ્ત પામ્યાને ઘણો વખત થયો ન હોવાથી હજુ પણ આકાશની લાલાશ કાયમ હતી, અને તે પાછળના લાલ પડદાથી મારૂં ઘર અધિક ખૂલ્લું જણાતું હતું. એક બાજુ ચંદ્રોદય થઇ ચાંદની ઘરના ઉચ્ચ શિખરપરથી ધીમે ધીમે નીચે ઉતરતી હતી. થોડાજ સમય પછી તો ચારે બાજુ શુભ્ર ચાંદની ફેલાઇ ગઇ અને આકાશમાં મોટા મોટા તારાઓ પણ ચમકવા લાગ્યા. ધીમે ધીમે હવામાં પણ ઠંડી આવતી જતી હોવાથી દિવસે તપ્ત થએલા શરીરને ઘણોજ આરામ થવા લાગ્યો. હું જ્યારે મારા ઘરની ઘણીજ પાસે ગયો, ત્યારે મનમાં યોજેલી વિચિત્ર આકાંક્ષાથી મારૂં હૃદય અત્યંત ધડકવા લાગ્યું, શરીરે કંપારી છૂટી અને તે આકાંક્ષા જાણે પાછળથી મને આગળ ધકેલતી હોય, એમ લાગ્યું. ઘર વધારે પાસે આવતું હતું છતાં હજુ પણ તે ઘણું દૂર છે, એમ મને લાગતું હતું. ઘરની આગળપાછળના બાગની પાસે આવતાંજ સુવાસિક ફુલોનો વાસ મારી પાસે આવ્યો. જાણે કે, તે ફુલોએ પોતાના માલિકની ગેરહાજરીમાં આટલો વખત સુધી પોતાનો સુવાસ રાખી મૂકયો હતો, અને હવે માલિક આવતાંજ તે જાણે નજર કર્યો. બાગના મુખ્ય દરવાજા પાસે-પગથિયાંની બન્ને બાજુએ કોરેલા પથ્થરના સિંહ દૂરથી ઘણાજ ભયંકર જણાતા હતા, પરંતુ હું પાસે ગયો કે તે બન્નેના ચહેરામાં પણ હર્ષરેખાઓ જણાવા લાગી. તેઓ જાણે પોતાના શેઠનો સત્કારજ કરતા હતા. દરવાજાની અંદરની બાજુએ, હંમેશ મુજબ, હોજો ઉંચા ફુવારા ઉડાડતા હતા, પરંતુ હું દરવાજા પાસે આવતાંજ તેમણે કેટલાક

તુષાર મારા શરીરપર પણ ઉરાડયા. જાણે કે તેઓ મને મળવા માટે ઘણાજ ઉતાવળા થયા હતા. હું પણ અંદર પેસવા માટે ઘણોજ ઉતાવળો થયો હતો. હર્ષલહરીઓથી અંતઃકરણ ઘણુંજ ભરાઇ ગયું હતું. "દિલારા ! ઉભી રહે; નકામી અશ્રુપાત ન કર. તારા શોકસંતપ્ત હૃદયને, પોતાના આલિંગનથી શીતલ કરવા માટે તારો પતિ તારીજ પાસે આવે છે. તારા પ્રેમબળે તેને ઠેઠ કબરસ્થાનમાંથી અહીં ખેંચી આણ્યો છે. અહાહા, આવી સ્ત્રીઓ શું ન કરી શકે? પોતાના સતીત્વના પુણ્ય-પ્રભાવથી તેઓ જો મૃત્યુપર જય મેળવે, તો પણ તેમાં આશ્ચર્ય જેવું કાંઇ નથી. હું મારા બાહુપાશથી મારી લાડકીને જ્યારે હૃદય સાથે દાબી દઇશ, તે વખતે અહાહા, તેને કેવો આનંદ થશે. ખુદાની મહેરબાનીથી પોતાનું ખોવાયલું રત્ન જડયું, આમ માની તે પરમેશ્વરનો કેટલો બધો આભાર માનશે! દિલારા! ઉભી રહે, આપણે બન્ને થોડીજ વારમાં પરમાત્માના ચરણારવિંદમાં લીન થઇ જઈશું."

અને મારી મરીના! ઘણું કરીને તો તે ઉંઘીજ ગઇ હશે. ભલે ઉંઘી ગઇ હોય. નિદ્રાવસ્થામાંજ હું તેના મનોહર ગુલાબી ગાલપર આજ, મારી ઇચ્છા પૂર્ણ થશે ત્યાં સુધી ચુંબનો કરીશ, ધીમે રહીને તેને ઉંચકીશ, મારા હૃદય સાથે ચાંપીશ, અને પછી મારે પોતાને હાથે તેને થાબડીને ઉઘાડીશ.

અમિરૂદીન! જીવ સાટે જીવ આપનાર મિત્ર! તું ઘણું કરીને તો મારા ઘરમાંજ હોઇશ. દિલારાના સાંત્વન માટે તારૂં જિવ્હા યંત્ર એક સરખું ચાલુજ હશે. તું તેને અનેક ઉપદેશની વાતો

કહેતો હોઇશ. દિલારા મૂળમાં તો સદ્‌ગુણીજ; પરંતુ તેમાં પણ તેં તારા પોતાના બોધામૃતથી પતિનિધન પછી તેણે કેવી રીતે વર્તવું એ તેને ઘણી સારી રીતે સમજાવ્યું હશે.

મારા ઘર બહાર શોક–ચિન્હો નજરે પડતાં હતાં. પરંતુ અંદરના કેટલાક ભાગોમાં દિવાઓનો લખલખાટ મને જણાયો. તે તરફ લક્ષ્ય ન આપતાં અંદર કેવી રીતે જવું તેનો હું વિચાર કરવા લાગ્યો. જો મોટે દરવાજેથી અંદર જઉં તો નોકર–ચાકર 'કોણ છે' કરી, સ્વાભાવિક રીતેજ તપાસ કરશે અને પરિણામે આ વેષ–પલટાની પરિસમાપ્તિ ઘરમાં પગ મૂકતાં પહેલાંજ થઇ જશે, આવી મને બ્હીક લાગી. મારા પોતાનાજ ઘરમાં પેસતાં મન આમ વહેમીલું થાય, એ માટે મને હસવું આવ્યું. ઘરની અંદર દાખલ થવાની મારી ઉત્સુકતા જેટલી વૃદ્ધિંગત થઈ હતી તેટલીજ ઉત્સુકતા દિલારાનો આક્રોશ જોવાની થઈ હોવાથી ઉતાવળ ન કરતાં ધીમે રહીને હું ઘરની પાછલી બાજુએ ગયો અને આમ તેમ કોઇ નથી એમ તપાસી, બાગની ભીંત પરથીજ એક ચોરની માફક મેં બાગમાં પ્રવેશ કર્યો. મારા હંમેશના પરિચયનોજ આ તે બાગ હતો, છતાં અત્યારે તે મને ઘણોજ અપૂર્વ જણાવા લાગ્યો. પોતાનો શેઠ કબરસ્થાનમાંથી જીવતો થઇ પાછો આવેલો હોવાથી, બાગનાં વૃક્ષોને જેમ હું નવીન હતો તેમ તે બગીચો પણ મને નવીન જણાય તો તેમાં કાંઈ આશ્ચર્ય નથી. સ્વભાવથીજ હું બાગ–બગીચાનો ભોક્તા હતો, અને તેમાં વળી શુભ્ર ચાંદની પડવાથી તે બાગ ખરેખરજ ઘણો મનોહર જણાતો હતો. જાણે કે, ઘણાં વર્ષે મેં મારા બાગમાં પ્રવેશ કર્યો હોય, તેમ હું દરેક ઝાડનું કાળજી–પૂર્વક નિરીક્ષણ કરતો હતો. એટ-

લામાં બાગમાં કોઇની પગરવટ મારા સાંભળવામાં આવી, અને તુરતજ હું પાસેના એક અંધકારમય લતામંડપમાં જઇ બેઠો. થોડો સમય તો બાગ ઘણોજ શાંત હતો; પણ તેટલામાં કાંઇ હર્ષલહરીઓ વાયુમાં મળી અને તે મારા કાને આવી. અં! આ તો દિલારાનો અવાજ. જરૂર આ તેનાજ કંઠમાંથી હાસ્યનાં મોજાં બહાર પડયાં હતાં. આટલા બધા વર્ષના પરિચયથી શું હું તેનું હાસ્ય પણ ન ઓળખી શકું? પરંતુ અશ્રુ ગાળવાનું અને પોતાના આર્ત નાદથી દશે દિશાઓનાં ઝરણાં ફોડવાનું છોડી એ હસે છે કેમ? તે મને ઓળખી તો નહિ ગઈ હોય? અરેરે! છેવટે આટલી બધી મહેનત કરી લીધેલો વેષ ફોકટ ગયો ત્યારે તો! અથવા તો તે ગાંડી તો નહિ થઇ હોય? પેલો ફકીર કહેતો હતો કે, દિલારાના કાને જ્યારે પતિ–નિધનની વાર્તા ગઇ ત્યારે તે મૂર્છિત થઇ. મને લાગે છે કે ત્યારથી તે ગાંડી થઇ ગઇ હશે, અને તે ગાંડાઇમાંજ ફાવે તેમ કરતી હશે. અરેરે! ગરીબ બિચારી દિલારા! ઉભી રહે. હજુ થોડો સમય ઉભી રહે. તારૂં આ ગાંડપણ દૂર કરનાર વૈદરાજ હમણાંજ તારી સામે આવી ઉભો રહેશે અને પછી તું હર્ષવાયુથી ગાંડી ન થઇ જતી.

હું મંડપમાં જે આસનપર બેઠો હતો, ત્યાંનાં કેટલાંક પાંદડાં ધીમે રહી બાજુએ કરી, મેં ત્યાંથી દિલારાપર નજર નાંખી. તેની તે શુભ્ર સતેજ કાંતિ, ધોળું અને સ્વચ્છ પરિધાન કરેલું રેશમી વસ્ત્ર અને તેપર શુભ્ર ચાંદરણું; આથી દિલારાની મૂર્તિ મને સ્પષ્ટ જણાઇ. પણ, અત્યારે હું તેનું રૂપ જોવા નહોતો આવ્યો, પરંતુ તેની પ્રેમપરીક્ષા કરવા આવ્યો હતો. તેનાં પ્રેમ–કટાક્ષ સ્વીકારવા માટે નહીં, પરંતુ તેની આંખોનાં આંસુ લુછવા માટે

અને તેનું વક્ષઃ-સ્થળ જોવા કરતાં તેનું હૃદય જોવાનીજ મને અધિક ઉત્કંઠા લાગી હતી તે માટે.

દિલારાના નાજુક કંઠમાંથી નીકળેલી ગાનના આલાપ જેવી હર્ષલહરી ફરી એકવાર વાયુમાં મળી. ખરેખરજ, એને ઉન્માદ થયો હોવો જોઇએ. બસ, હવે તો દોડતો જઇ તેને બાઝી પડું આમ મને થયું. હજુ થોડો સમય જો આમ નિષ્કંટક ગયો હોત તો ખરેખરજ હું તે લતામંડપમાંથી બહાર નીકળ્યો હોત અને દિલારાને ભેટી પડયો હોત. પણ તેટલામાં એક ઝાડની આડમાંથી એક પુરુષાકૃતિ બહાર નિકળી અને તેણે દિલારાની પાછલી બાજુએથી આવી પોતાના બન્ને હાથ તેના ખભાપર મૂકયા. દિલારા ફરી એકવાર હસી. આમ એકાંત રાત્રિયે અમિરૂદ્દીનને દિલારાના ખભાપર હાથ મૂકતો જોઇ મારા અંતઃકરણમાં ક્રોધનો ઉછાળો થયો; પણ વળી મનમાં વિચાર થયો કે દિલારા ખરેખરજ ગાંડી થઈ હશે. આવા જીવજાન દોસ્તે શું આવા સમયે પણ મારી સ્રીના શોકસાંત્વન માટે પ્રયત્ન ન કરવો જોઇએ? તેણે દિલારાને હાથ પણ ન અડકાડયો હોત, પરંતુ તે ગાંડી થઈ આમતેમ ભટકતી હોય, તો તે પણ શું કરે? હું આવો વિચાર કરું છું ત્યાંજ વળી હર્ષ-લહરીનો વિશેષ અવાજ તીણી છૂરીની માફક મારા મસ્તકમાં પેઠો. દિલારા હસી! હા, હસી હશે! તે ગાંડી થઇ છે એટલે હસે પણ ખરી અને રડે પણ ખરી. પરંતુ, અમિરૂદ્દીન શા માટે હસ્યો? બન્નેના ચાર આંખો એકઠી થતાંજ બન્નેજણ એકજ વખતે શા સારૂ હસ્યાં! દિલારા હસી એટલે મારૂં હૃદય-અંતઃકરણ પ્રેમથી ભરાઇ આવતું હતું; પરંતુ અત્યારે

તેજ હાસ્ય મારા હૃદયમાં વીંછીની વેદના જેવું અસહ્ય થયું. કર્ણને મધુર લાગનારો હાસ્યનો તે અવાજ સીસાના રસના જેવો વેદના–દાયક લાગવા માંડયો; અને જે કંઠમાંથી તે અવાજ નિકળતો હતો, તેને અલિંગન આપતાં હું મને કેટલો બધો ધન્ય માનતો હતો; પરંતુ અત્યારે તેજ કંઠ ઝેરી ફુત્કાર છોડનારૂં એક યંત્ર છે આમ મને લાગવા માંડયું. મારી દિલારા દુઃખથી શોકાતુર થઇ હશે. તેની આંખો અશ્રુપાત કરી સુજી ગઈ હશે, બિચારીનું કોમળ અંતઃકરણ કરમાઇ ગયું હશે અને સર્વાંતર્યામી પરમાત્માનો આશ્રય લઇ તેણે તે ખુદાને પણ રડાવ્યો હશે, આમ મને લાગતું હતું. પરંતુ એ સર્વ મારો ભ્રમ! તે શેની ગાંડી? ગાંડો તો હું. હું સૌંદર્ય અને પ્રેમના ઉન્માદથી દિલારા સામું જોતો હોવાથી તેના સંબંધમાં અવિશ્વાસ રાખવા જેવા વિચારજ મારા અંતઃકરણમાં આવતા નહોતા. હું ઘણોજ બુદ્ધિમાન્; પરંતુ આજ અજ્ઞાન ઠર્યો. વ્યવહારમાં કોઇ મારી સાથે એક પૈની પણ ઠગાઇ કરે એ અશક્ય હતું; પણ આજ ઐહિક સુખની બાબતમાં હું પૂરેપૂરો ઠગાયો. પેલા જુનાં કપડાં વેચનારા વૃદ્ધ વેપારીને હું ગાંડો ઠરાવતો હતો, પરંતુ ખરો ઠર્યો તે અને ગાંડો–મોટો મૂર્ખ ઠર્યો હું. ખરેખરજ દિલારાને અંતઃકરણ નથી. તે હૃદયહીન–રાક્ષસણી છે!

હું જે લતા–મંડપમાં બેઠો હતો, તેજ બાજુ આ પ્રેમી જોડું હાથમાં હાથ ઘાલી આવતું હતું. બન્નેના ચહેરા અને ચહેરાપરના હાવ–ભાવ સ્પષ્ટ રીતે મારા જોવામાં આવતા હતા. ચંદ્ર તરફથી થતી સુધાની વૃષ્ટિનો આસ્વાદ લેતું લેતું તે જોડું બાગમાં ધીમે ધીમે ફરતું હતું. જે ઠેકાણે ઘણાં ઝાડ નહોતાં, ત્યાં ચિત્ર વિચિત્ર રંગના પત્થરની બેઠકો તૈયાર કરી હતી; તે બેઠક

પર તે બન્ને બેઠાં. બાહુપાશથી એકમેકના કંઠ પાસે પાસે આવ્યા. એકાદ રસિક મનુષ્યને આ એક પ્રેમનું સુંદર ચિત્ર લાગ્યું હોત; પણ મને તો એમજ લાગ્યું કે, તે બન્નેના કંઠપર તીણો તલવારના વાર કરવા માટે આ સંધિ ઘણી સારી છે. હું પડયો અરસિક. કવિતા દેવી મારાપર પ્રસન્ન નહોતી. પ્રતિભા મારે ભાગે આવી નહોતી. એટલે, આવા રક્તપિપાસુ વિચાર મારા મનમાં આવે એ સાહજિકજ હતું. એટલામાં ઓઠને ઓઠ અડકી ચુંબનનો અવાજ થયો. તે અવાજ કર્ણને ભયંકર વેદના કરતો કરતો જ્યારે મારા હૃદયપર જઇ અથડાયો, ત્યારે સંતાપને લીધે હું બેહોશ થઇ ગયો. અત્યારે મારા હાથમાં જોકે શસ્ત્ર નહોતું અને પ્રકૃતિ પણ જોઇએ તેવી સારી નહોતી, છતાં મારા એકજ હાથે તે બન્નેને કબરસ્થાનમાં ફેંકવાની શક્તિ મારા હાથમાં હતી. મેં મનમાં ધાર્યું હોત, તો એકેક મુક્કીથીજ મેં તેમને સ્વર્ગ દેખાડયું હોત; પણ એ ઘણોજ અવિવેક. જો કે પાપનું પ્રતિફળ આપવાનું હતું, પરંતુ, તે સુદ્ધાં વિવેકથીજ આપવું જોઇએ. ક્રોધાંધ થઈ ભળતુંજ કાંઇ કરી બેસવું, એ કામનું નહિ આવો મેં વિચાર કર્યો અને મારો સંતાપ શાંત કરતો તે વિલાસી જોડાના વિલાસ ઘણા ધૈર્યથી જોવા લાગ્યો. સદ્ગૃહસ્થો ! તમે તે ધૈર્યની કલ્પના કરી શકશો નહિ. પોતાના શરીરપર સિંહ ધસી આવતાં છતાં પણ જે નાસી જતો નથી, તેને તમે ધૈર્યવાન કહેશો; પરંતુ ખાસ પોતાની સ્ત્રીનાં દુરાચરણ, પોતાનીજ આંખે શાંત રીતે જોવાં, એ તે કરતાં પણ અધિક ધૈર્યનું કામ છે, એ તમે લક્ષમાં રાખો. દિલારા, તારૂં આ કૃત્ય તારો પતિ જુએ છે આવી તને જો કલ્પના આવે, તો તે કલ્પનાથી પણ તું આશ્ચર્ય

થઇ જાય; તો પછી આજ વખતે તારી સામે પ્રત્યક્ષ જોયા પછી તારી શી દશા થશે? પણ દિલારા, હવે હું તારી સામે આવતોજ નથી. તમારા બન્નેના પ્રેમમાં હું પ્રત્યવાય આણતો નથી. તેમ આણીને પણ ફાયદો શો? દરેક કર્મનું પ્રાયશ્ચિત્ત છે; પણ વ્યભિચારનું પ્રાયશ્ચિત્ત નથી. મને જોઇને, તું બહુ તો મારી ક્ષમા માગશ; પણ આ અપરાધનું પરિમાર્જન ક્ષમાથી થતું નથી. આવા અપરાધનું પરિમાર્જન શાથી થાય છે, એજ બાબત હવે હું મારા વિવેકને પૂછવાનો છું અને તે કહેશે તે મુજબ હું વર્તવાનો છું. ક્રોધ-વિવશ થઇ અત્યારેજ શા માટે તમને દંડ કરૂં?

દિલારાના ગળામાં એક રત્નહાર હતો અને તે તેના વક્ષ-સ્થળપર લટકતો હતો. ચંદ્રકિરણનાં અનેક પ્રતિબિંબો તે હારમાંના હીરાઓમાં પ્રતિબિંબિત થવાથી તેનું વક્ષસ્થળ તેના રેશમી વસ્ત્રમાંથી વધારે ખુલેલું જણાતું હતું. તે સેતાનીથત પાસે તે સેતાન પણ તેને અડોઅડજ બેઠો હતો. આ વખતે મારૂં બોલવું પક્ષાભિમાની હોવાથી, મારી વાત બાજુએ મૂકો; પરંતુ કોઈક ત્રાહિતે પણ તે જોડા પર નજર નાંખી હોત, તો શેઠાણી સાહેબ પાસે કોઇ પણ શાગીર્દજ બેઠો છે, આવુંજ અનુમાન તેણે અમિરૂદ્દીનના ચહેરાપરથી કર્યું હોત. પ્રેમ, તું અંધ છે એમ કવિઓ કહે છે; પરંતુ હું કોઇ કવિ નથી. એટલે તને અંધ કહેવા કરતાં, તું પશુના જેવો ઉન્મત્ત છે એમજ કહીશ. તેમ કહેવું મને વધારે સયુક્તિક લાગે છે. અર્થાત્ આ બે ગધેડાંનો વ્યવહાર મેં શાંત ચિત્તે જોયો, એમાં કાંઇ આશ્ચર્ય નથી. દિલારાનો ચહેરો કૃત્રિમ ગંભીરતાથી હજુ પણ એટલો સૌમ્ય જણાતો હતો કે, તેને જોઇને તે એક શ્રી જાતિના કલંકથી ભૂષિત થએલી રમણી છે એમ કોઇને પણ

માન્યું નહોત. પરંતુ, મારી આંખોએ મારો તે ભ્રમ દૂર કર્યો. તેના ચહેરાપરનું તે કૃત્રિમ પાતિવ્રત્યનું આવરણ જરા ઉંચું કરી જોયું હોય, તો તેને જોઇ પ્રત્યક્ષ રાક્ષસ પણ ભયભીત થઈ જાય, તો પછી તમે નાસો જાઓ એમાં તો શું આશ્ચર્ય ! આ દુનિયાના અજબ બજારમાં પારખવાનું છે તે આજ. આ બજારમાં કેટલીક એવી વસ્તુઓ હોય છે કે, તે અનુભવની ભારે કિંમત આપીને પણ વેચાતી લેવી પડે છે. સ્ત્રીઓનું માનભાંગાપણું એજ મારા અનુભવનો મોબદલો છે. મારા અનુયાયીઓને આ મોબદલો હું મફત આપું છું; અને મારા અનુભવથી તેઓ જો ડાહ્યા થશે, તો મારા આ માનભંગ માટે પણ હું મને ધન્ય માનીશ.

દિલારાના વક્ષસ્થળપર જે રત્નહાર લટકતો હતો, તે હલાવતાં હલાવતાં અમિરૂદ્દીન બોલ્યો, " પ્યારી દિલારા, " આટલુંજ. અમિરૂદ્દીન આટલુંજ બોલ્યો. પણ, તેનો સઘળો અર્થ તુરતજ દિલારાના સમજવામાં આવ્યો. તે હસતાં હસતાં બોલી, " હાં પ્યારા અમિરૂદ્દીન ! આજ જો તે-સાદતઅલ્લીખાન જીવતા હોત, તો શું થયું હોત ? આપણા બન્નેનું પ્રેમ-રહસ્ય તે આમ જલદીથી નિષ્કંટક કરશે, એવી મને તો આશા પણ નહોતી. "

પોતાનીજ સ્ત્રીનું પરપુરુષ સાથે થતું આવું સંભાષણ સાંભળી કયા પતિને પોતાનું મરણ શ્રેયસ્કર નહિ લાગે ? એક રીતે તો તે વખતે હું મરેલોજ હતો. નહિ તો, મારા મગજમાં પણ આત્મહત્યાના વિચાર જરૂર આવ્યા હોત. સાદતઅલ્લી મરણ પામ્યો, આ શોકજનક અત્યારે મારા કાનને પણ મીઠા લાગવા માંડ્યો.

તેમ, પોતાની સ્ત્રીની આવી મૂર્ખતાભરી ચેષ્ટા જોનારાં પતિની યોગ્યતા એક શબ કરતાં અધિક પણ નથી. વચમાંજ મારા હ્રદયમા ક્યારેક ક્યારેક ક્રોધની લહેર ઉછળી આવતી હતી; પરંતુ તે મહા પ્રયાસે દાબી રાખી તે વિલાસી જોડાનું ભાષણ સાંભળવા માટે કાન દઈ, હું તેવોજ બેસી રહ્યો. આ વાત અત્યારે તમને કહેતી વખતે તો સહેલી લાગે છે, પણ તે વખતે તે મુજબ વર્તતાં મને ઘણો પ્રયાસ પડયો હતો. દિલારાપર મેં કેટલો બધો વિશ્વાસ રાખ્યો હતો; પરંતુ તે તો મારા મરણની વાટ જોતી બેઠી હતી. અત્યારે, મારા મરણથી તેનો પ્રેમમાર્ગ નિષ્કંટક થયો હોવાથી તે સંતોષમાં હતી. મેં ધાર્યું હતું કે તે આંસુ પાડતી હશે! મૂર્ખજ હું ને!!

મારા મરણ માટે દિલારાએ આનંદ વ્યક્ત કરતાંજ અમિરૂદીનના ઓઠ પણ ઉઘડયા. હર્ષની લહેરો પાછળ લહેરો હવાપર વહેવા લાગી. જાણે કે, તે લહેરો સાદતઅલ્લીના કબરસ્થાન પર્યંત વહેતી જાય, એવાજ હેતુથી તે એટલું બધું લાંબુ હસતો હતો. પોતાનું હસવું રોકી રાખી તે બોલ્યો, "પણ, તે જીવતો હતો તો પણ તેણે શું કર્યું? તેના કરતાં તો તું સો દરજ્જે ચતુર. તેના મનમાં વહેમનો લેશ પણ અંશ ન ઉત્પન્ન થવા માટે તેં જે પ્રયત્ન કર્યો, તે સફળ થયો. બિચારો આબેહૂબ ફસ્યો! કહીએ, એને ભોળો કહીએ; પરંતુ આખા દિલ્હી શહેરમાં તેના જેવો વ્યવહારદક્ષ કોઇ નહોતો. તેને એવો પાકો વિશ્વાસ હતો કે, મારી સ્ત્રી મારા સિવાય કોઈના સામું આંખ ઉઘાડીને પણ જોતી નથી!"

જેને હું નિષ્કલંક બાલિકા સમજતો હતો, તેના સંબંધમાં અમિરૂદ્દીને આવા ઉદ્દગાર કાઢયા પછી તે કાંઇક ખિન્ન જણાવા લાગી. તે ગંભીર ખિન્ન સ્વરે બોલી, "અમિરૂદ્દીન, આખરની દષ્ટિથી જોતાં, તે મરી ગયા છતાં બચ્યાજ કહેવા જોઇએ. મારી ઢાંકેલી સવા લાખની મૂઠી તેમની આંખો સામે ઉઘાડી પડી નહિ, એટલે મારૂં મરણ પણ ટળ્યુંજ કહેવું જોઇએ. પરંતુ, હજુ પણ આપણી પાછળ લોકલાજની બ્હીક છે એ ભૂલી જવું જોઇએ નહિ. તેમને માટે–સાદતઅલ્લીખાન માટે તો નહિ, પરંતુ લોકો માટે તો મારે છ મહિના વૈધવ્યમા ગાળવાજ જોઇએ. આ શિવાય પણ લૌકિક દષ્ટિથી વિચાર કરવા જેવી વળી બીજી કેટલીક બાબતો છેજ."

દિલારાના ગળામાં હાથ નાંખી અમિરૂદ્દીન મીઠા સ્વરે બોલ્યો, "પ્યારી દિલારા, શું હું તે નથી સમજતો? જો હું સાવધતાથી ન વર્ત્યો હોત, તો સાદતઅલ્લીને કયારનોયે તારાપર અને મારા પર વહેમ આવ્યો હોત. સાદતઅલ્લી મરણ પામ્યો છે, એટલેથીજ કાંઇ આપણો માર્ગ નિષ્કંટક થયો છે એમ નથી, પરંતુ જ્યારે આપણાં બન્નેનાં લગ્ન થશે, ત્યારેજ આપણે ખરાં સુખી થઇશું!"

બાળપણના સ્નેહી, અને જીવ–જાન મિત્ર તરીકે જેનાપર મેં વિશ્વાસ મૂકયો હતો, જેની સાથે હું નિષ્કપટતાથી વર્તતો હતો, જેને હું દરેક બાબતમાં મારાથી બનતી મદદ કરતો હતો તે નરાધમ મિત્રદ્રોહીના તે શબ્દ સાંભળી મારા હૃદયમાં ક્રોધે ભયંકર ઉછાળો માર્યો. મારો સંતાપ મને અસહ્ય થઇ પડયો. શરીર ક્રોધથી થરથર કંપવા લાગ્યું અને વેરને લીધે [illegible]

મંડપમાં હું ભુસાઇ બેઠો હતો, તે હાલવા લાગ્યો. તે સાથેજ પાંદડાંનો એક ચમત્કારિક અવાજ પણ થવા લાગ્યો. તે બન્ને દુઃસાહસિક હતાં, એ મેં અત્યારે પ્રત્યક્ષજ જોયું હતું; તથાપિ પ્રમાણમાં તે બન્નેમાં ધૈર્યનો અભાવજ હતો. ઝાડનાં પાંદડાંના અવાજથી બ્હીવા જેવું છે, એમ કોઇ પણ માનતું નથી; પરંતુ તે વખતે પાંદડાંનો ખરખર અવાજ થતાંજ તે બન્નેના ચહેરા ભયાકુલ થયા. દિલારા ગભરાઇ જઇ બોલી, "અમિરૂદ્દીન, ચાલ ઘરમાં ચાલ, મને અહીંયાં બ્હીક લાગે છે. તેમને મરણ પામ્યે બહુ દિવસ થયા છે, એમ નથી. કાલજ તેમને મૃત્યુ થયું છે. એટલે કદાચ તેમનો પ્રેતાત્મા અહીં ફરતો પણ કેમ ન હોય? નાનપણથીજ મને ભૂતની બ્હીક લાગે છે. જેમની અનેક આશાઓ અધુરી રહી હોય છે, તેઓ ભૂત થાય છે, એમ મેં સાંભળ્યું છે. તેમનું—સાદતઅલ્લીખાન—નું તો ભર યુવાવસ્થામાં મરણ થયું છે. કેટલીયે આશાઓ તેમની લટકી રહી હશે. આ બગીચો તો તેમને ઘણો ગમતો હતો. મરીનાપર તો તેમનો જીવ જેવો પ્રેમ હતો. વળી મારાપર તો—"

દિલારાને આગળ બોલતાં અટકાવી, અમિરૂદ્દીન કર્કશ સ્વરે બોલ્યો, "દિલારા, હું સઘળું કબૂલ કરીશ; પરંતુ તમો બન્નેના પહેલાંના પ્રેમની વાતો હવે મારા કાનને કડવી લાગે છે તે તારા ગાલપર જ્યારે જ્યારે ચુંબન કરતો હતો, ત્યારે ત્યારે મને કેવો ક્રોધ ચઢતો હતો તેની તને ખબર છે? જાણે કે, મેં તારી પાસે મૂકેલી મારી થાપણની કોઇ ચોરી કરતું હોય, એમ મને લાગતું હતું. માત્ર લગ્ન કર્યાંથીજ સ્ત્રીપર પતિપણાનો હક

સાબીત થાય છે, એમ કાંઇ નથી. સ્ત્રીનો જે પુરુષ ઉપર ખરો પ્રેમ હોય, તેજ તેનો પતિ! ખરૂંને દિલારા?"

લગ્ન-સંબંધથી સ્ત્રી સાથે આબદ્ધ થનારો તે ચોર અને અમિરૂદ્દીન જેવો જારકર્મી, તે સાધુ! શું પ્રેમનું અદ્ભુત રહસ્ય! હવેજ તે મારા સમજવામાં આવ્યું. પ્રેમ, પ્રેમ, એ કાંઇ સ્વર્ગીય અમૃત છે, આમ અત્યાર સુધી મને લાગતું હતું. પરંતુ પ્રત્યક્ષ પ્રેમપર ભાષ્ય લખનારા અમિરૂદ્દીને જયારે પ્રેમની આ વ્યાખ્યા કરી, ત્યારે મારા જાણવામાં આવ્યું કે, પ્રેમ એ પદાર્થ સ્વર્ગમાંનો નથી, પરંતુ તે નરકની ગટરમાંનો કિચ્ચડ છે. તે કિચ્ચડમાંના આ બે કીડાને તેમાંજ આનંદ પડે, તો તેમાં તેમનો શો દોષ? હું આવો વિચાર કરૂં છું, ત્યાં અમિરૂદ્દીન હસતો હસતો બોલ્યો, "ખરેજ દિલારા, તું એવા તે કયા ગુણપર લુબ્ધ થઇ સાદતઅલ્લીના ગળામાં માળ નાંખી હતી? મને તો લાગે છે કે, તું માત્ર તેના વૈભવથીજ ભૂલી પડી?"

ફરી દિલારાનો ચહેરો ખિન્ન થયો. તેણે અમિરૂદ્દીનના આ પ્રશ્નનો કાંઇ ઉત્તરજ આપ્યો નહિ. પરંતુ અમિરૂદ્દીન ઓછોજ તેને છોડે એવો હતો? તેણે ફરી ફરી તેજ પ્રશ્ન પૂછયો. એટલે નિરૂપાયે દિલારા બોલી, "અમિરૂદ્દીન! શું વૈભવ શિવાય તેમની પાસે બીજું કાંઇજ નહોતું? તેમની શરીરસંપત્તિ, તેમનું સૌંદર્ય તેમની ઉદારતા એ બધું આખા દિલ્હી શહેરમાં પણ જોવા મળશે કે? સુંદર અને તરૂણ સ્ત્રી, આ કરતાં બીજુ શું વધારે જુવે? જો આવો પતિ મળે, તો ઉલટું તેણે પોતાને ભાગ્યશાળી માનવી જોઇએ. પણ—"

અમિરૂદીન ઉત્સુકતાથી બોલ્યો, "પણ શું ?"

દિલારા ઉદ્વિગ્ન થઇ બોલી, "અમિરૂદ્દીન, હું તારા પર લુબ્ધ થઇ, તે તેમના દોષથી થઇ નથી પરંતુ મારા દોષથી થઇ છું. કેટલીક ગાયો એવી ખરાબ હોય છે, કે તેમને આપણે ઘેર ગમે તેટલું સારૂં ખાવાનું આપીયે, તો પણ તેમના ગળામાંની ડામણ છુટતાંજ તે વિષ્ટા ખાવા માટે ઉકરડા તરફ દોડે છે. મારો સ્વભાવ એવોજ. તે માટે તેમનો શો દોષ? હા, એક માત્ર તેમનો દોષ હતો. તે એ કે તેમની સભ્યતા. ગૃહસ્થ તરીકે જોતાં તે તેમનો ગુણજ હતો; પરંતુ મારા જેવી બદફેલી ભરેલી સ્ત્રીઓને આ સભ્યપણા કરતાં અસભ્યપણુંજ અધિક પસંદ હોય છે, આ વાત તેમના ધ્યાનમાં આવી નહિ."

દિલારાની ક્રુદ્ધ આંખો જોતાંજ, પેલા જુનાં કપડાં વેચનાર વૃદ્ધ દુકાનદારે તેને ખરાબ વર્તનની શા માટે કહી, એ હવે મારા લક્ષમાં આવ્યું. હું ગમે તેટલો વ્યવહારદક્ષ હોઇશ, તો પણ મનુષ્યનો ચહેરો જોતાંજ, તે સુશીલ છે કે દુઃશીલ એ પારખવાની કળા મને આવડી નહોતી. દિલારાના તે શબ્દ સાંભળી અમિરૂદ્દીનનો ચહેરો ઘણો ઉતરી ગયો. દિલારાએ પોતાપર છાકટાપણાનો જે આરોપ મૂકયો, એ તેનાથી સહન થઈ શકયો નહિ. પરંતુ કામુકવૃત્તિનો અમિરૂદ્દીન એ માટે તેને શિક્ષા પણ શી કરે ? ગમે તેમ કરી પોતાના મનનું સમાધાન કરી લેવા માટે તે બોલ્યો, "દિલારા, મારી આ અસભ્યતા તારાપર વિજય મેળવવામાં કારણભૂત થઇ, એ ખરેજ અત્યાર સુધી મારા જાણવામાં પણ નહોતું."

દિલારા હસતી હસતી બોલી, "ઘેલા રે ઘેલા ! તેં મારા

પર વિજય મેળવ્યો એમ કહેવા કરતાં, મેં જ તારા ઉપર વિજય મેળવ્યો એમ કહેવું જોઇએ. મારા મોઢામાંથી શબ્દ નિકળ્યો કે, તે ઝીલી લેવા માટે તારી ગરદન આગળ થાય છે, એ જ ને તારા વિજયનું દિગ્દર્શન ? તેમનો—સાદતઅલ્લીનો સ્વભાવ તેવો નહોતો. પગમાંનાં જૂતાં પગમાં જ હોવાં જોઇએ, એવી વૃત્તિના ને હતા; અને તેમનો એજ સ્વભાવ મને ગમતો નહોતો."

"અરેરે, ઘણોજ અરસિક. હું તો એવાં જૂતાં માથાપર લઇ નાચું !" આમ કહી અમીરૂદ્દીને દિલ્લારાને પોતાની છેક પાસે ખેંચી.

ક્રોધનો ડોળ કરી દિલ્લારાએ પોતાનું શરીર અમિરૂદ્દીનના હાથમાંથી છોડાવી લીધું અને તે વ્યંગ્ય સ્વરે બોલી, "અમિરૂદ્દીન, તું તો છેક જ ગાંડો છે. અરે ! હજુ તો તે કાલેજ મરણ પામ્યા, તો મને થોડા દિવસ સુતક પણ પાળવા દઇશ કે નહિ ?"

અમિરૂદ્દીન મોટેથી હસી બોલ્યો, "ખરે જ, તું સાદતઅલ્લીખાનની સ્ત્રી છે, એ તો હું ભૂલી જ ગયો હતો. મારો મ્હોટો ગુન્હો થયો. મને માફ કર."

હાં, રંગ જામતો ચાલ્યો ! અહીંયાં મારો સંતાપ પણ વધતો જતો હતો. તથાપિ હું વિવેકભ્રષ્ટ થયો નહિ. આંખો અને મનને મેં જેટલાં જાગૃત રાખ્યાં હતાં, તેટલીજ બુદ્ધિ પણ જાગૃત રાખી હતી. દિલ્લારા અમિરૂદ્દીનને ધક્કો મારી બોલી, "હરામખોર, તને અને વળી ક્ષમા ! નહિ, તને તો શિક્ષા જ કરવી જોઇએ."

ગભરાયલા જેવો થઇ લાડપણથી અમિરૂદ્દીન બોલ્યો, "હાં,

હવે લગાર પ્રસંગ કઠિણ ખરો. પણ, આ પ્રસંગથી તો બ્હીક ન લાગતાં આનંદ જ થાય છે. બોલો, આ દાસને શી શિક્ષા ફરમાવશો ?"

"મને ફાવશે તે," આમ કહી દિલારામે પોતાના બન્ને હાથથી તેને આલિંગન કરી ઉઠાડયો અને બન્ને જણ ઘર તરફ જવા લાગ્યાં. ઘરમાં જતાં જતાં અમિરૂદ્દીન હસીને બોલ્યો, "આ આવા સુગોલ ગૌર ભુજદંડથી આબદ્ધ થયેલો આ દેહ આવીજ રીતે નિરંતર શિક્ષા ભોગવતો રહો."

બન્ને જણ મોટેથી હસ્યાં, અને એવી રીતે આ બે નરકમાંના કીડા ઘરમાં ગયા. હવે હું બાગમાં એકલો પડયો હોવાથી લતામંડપની બહાર નિકળ્યો અને બાગમાં આમ તેમ ફરવા લાગ્યો. મન અત્યંત ઉદ્વિગ્ન થયું હતું. અંતઃકરણમાં ઘણા ઘણા વિચાર આવતા હતા. છેવટના બન્નેના મિશ્ર હાસ્ય-ધ્વનિથી વજ્રાઘાતના જેવી મસ્તકમાં વેદના થતી હતી. જો મારે બદલે બીજો કોઇ હોત તો સંતાપથી તેણે તે બન્નેને મૃત્યુના જડબામાં ધકેલ્યાં હોત, અથવા તો સંતાપાતિશયથી તે પોતે ગાંડો જ થઇ ગયો હોત. જોકે હું ગાંડો થયો નહોતો, પરંતુ મારી સ્થિતિ તો લગભગ ગાંડાના જેવીજ થઇ હતી. હૃદયમાં જે અનંત વિચાર-તરંગો ઉત્પન્ન થતા હતા અને અસ્ત પામતા હતા તેની કલ્પના પણ કરાતી નહિ. બાગમાં ફરૂં કે બાગની બહાર જઉં; કે પછી ઘરમાં પ્રવેશ કરૂં તેની મને કાંઇ જ સુઝ પડી નહિ. છેવટે અંધારામાં એક ઝાડ નીચે બેઠો અને આગળ શું કરવું તે ઠરાવવા લાગ્યો.

હવે પછી દુનિયામાં મારૂં અસ્તિત્વ એક પ્રેતના જેટલીજ

કિંમતનું છે, અને એમાટે મને ખોટું ન લાગતાં આનંદ જ થાય છે. હું મરી ગયો ખરો, પણ તે ભયંકર તાવના રોગથી મર્યો નથી, પરંતુ સમાજમાંના આ પ્રેમરહસ્ય જાણનારા રસિક માણસના રોગથી મરી ગયો છું. મારી સ્ત્રીનું દુરાચરણ અને અમિરૂદીનનો મિત્રદ્રોહ, એજ મારા મૃત્યુનાં કારણરૂપ થયાં. દુનિયાની નજરે મરણ પામેલો સાદતઅહ્લી અત્યારે, તેની પોતાની નજરે પણ મરણ પામ્યો. પોતાનું ઘર, પોતાની સ્ત્રી અને પોતાનો મિત્ર આ આશારૂપી અમૃત-સિંચનથી, જે કબરસ્થાનમાંથી જીવતો થઇ બહાર આવ્યો હતો, તે હવે આ નિરાશાના ઝેરી દાહથી ફરી બળીને ખાક થયો. મારૂં ઘર ! ખરેજ, મારૂં જ તે ઘર. મારા બાપનું, તે મારૂંજ. પરંતુ તે ઘરમાં જવાને અત્યારે મારૂં મોઢું રહ્યું નથી. જો હું જીવું છું એમ જાહેર કરી ઘરમાં જઈશ, તો તે નરકમાંના કીડા મારા અંતઃકરણને વારંવાર દંશ કરી મને ત્રાહિ ભગવાન કરી છોડશે ! નહિ, હવે તો આ ઘરમાં જો પેસવું તો ભૂત થઇને જ પેસવું જોઇએ; અને પછી તે બે નરાધમોને એવી કઠોર શિક્ષા કરવી જોઇએ કે, નિષ્ઠુ-રતાના ઇતિહાસમાં લોકો પણ તે શિક્ષાને એક અપૂર્વ ઉદાહરણ તરીકે પોતાની આંખો સામે રાખે. દિલારા, તારો આક્રોશ, તારો શોક-સંતાપ, તારો અશ્રુપાત વિગેરે જોવા માટે આ બાગમાં મેં આ વેષે પ્રવેશ કર્યો, પરંતુ તારા હૃદયમાં સાચા પ્રેમનો શૂન્યાકાર હોવાથી, તારી ઇન્દ્રિયલોલુપતા મારા જાણવામાં આવી. તારે પોતાને માટે તો નહિ, પરંતુ લોકલાજથી પણ તેં જો પતિનિધનના દુઃખનો ખોટો ડોળ કર્યો હોત, તો આ સાદતઅહ્લી ફસાયોજ હોત. પણ ખુદાની મહેરબાની કે તેણે આ પરીક્ષાના સમયે મને તારા અંતઃકરણનો ખરો ચિત્રપટ દેખાડયો, ખુદા ! તારો આ ઉપકાર હું કયારેય પણ

ભૂલીશ નહિ. જરૂર, મને કબરસ્થાનમાં પુરવામાં પણ ઈશ્વરનો આજ હેતુ હોવો જોઇએ; નહિ તો પહેલાંની માફક મારી સામે સાકર વેરી, મારી આંખોની આડે તે બન્નેના તે નારકીય વિલાસ તેવાને તેવાજ વધુ દિવસ ચાલ્યા હોત. હ્રુદયનું રક્ત ચૂસનારી રાક્ષસણીથી હું છૂટયો, એ એક રીતે ઘણું સારૂં થયું. દિલારા, સાદતઅલ્લીખાન મરણ પામ્યો આવી તારી માન્યતામાં હું કદાપિ તને નિરાશ કરીશ નહિ. પરંતુ, એટલું ધ્યાનમાં રાખજે કે, સાદત-અલ્લીનો ભૂત તો જરૂર તારા માથાપર આઠે પહોર બેસી પોતાનુ વેર વાળશે!

આખી જીંદગીમાં જે ખોવાવું ન જોઇએ એમ કોઈ મનુષ્યને લાગે છે, તે હું ગુમાવી બેઠો. જે સહન ન થઇ શકે, તે પણ મેં સહન કર્યું, અને આંખોથી જોઇ પણ ન શકાય તે મેં જોયું! દુનિયાના અનંતકોટિ હ્રુદયમાં જે બે હ્રુદયો મને અત્યંત વિશ્વાસુ લાગતાં હતાં, તેજ બે હ્રુદય તરફથી મને દગલબાજીનો બદલો મળ્યો હોવાથી, હું તે ન સમજી શકયો કે આ દુનિયા માટે કેટલી સાવધતા રાખવી ? અરે ! પ્રત્યક્ષ વિશ્વાસ પર પણ વિશ્વાસ રાખવો કે નહિ, તેની પણ મને શંકા લાગવા માંડી. કયારેક કયારેક મને તો એમ પણ લાગતું કે, જોયેલો દેખાવ ખરો નહિ પણ સ્વપ્ના-માંનો ભાસ છે. મારી દિલારા મારી સાથે આવો વિશ્વાસઘાત કદાપિ કરે નહિ. અમિરૂદ્દીન પણ એવો દગલબાજ નથી ! ઉંહ ! પણ પ્રત્યક્ષમાં એવી સ્વપ્નાની કલ્પના કેટલી વાર ટકે ? કાનોએ સાંભળેલા તે શબ્દ અને આંખોએ જોએલો તે દેખાવ, એ ખોટાં છે, આમ સિદ્ધ કરનારો એક પણ પુરાવો દુનિયામાં કયાંય પણ

અસ્તિત્વ ન ધરાવતો હોવાથી, છેવટે, મેં જોયેલું અને સાંભળેલું બધુંયે ખરૂં આમ મારે માનવુંજ પડયું. અપમાનની પરમાવધ, વિંડબનાનો અતિરેક અને આબરૂની દુર્દશા, આ કરતાં વળી વધારે શું જોઇતું હતું ?

હું ચિંતામાં ચકચૂર થઇ ગયો હતો, એટલામાં મલ્લિકાના મંડપમાંથી સુવાસની બારીક લહેર નાકે અથડાઇ. તેવોજ હું ઉઠયો અને મંડપ પાસે ગયો. આખો મંડપ શુભ્ર પુષ્પોથી ભરાઇ ગયો હતો અને સુવાસની લહેરો પર લહેરો વહેતી હતી. મારોજ તે મંડપ. પણ અત્યારે ફુલો તોડતાં મને લાગવા માંડયું કે, જાણે તે મંડપ પર મારો કાંઇ હક્ક નથી. તે ફુલો જોતાં ખરો-ખરજ મારૂં અંતઃકરણ ભક્તિથી ભરાઇ આવ્યું. મેં બન્ને હાથે ફુલ તોડયાં, અને ભગવંતની મનોમય પ્રાર્થના કરી, તેના ચરણે તે અર્પણ કર્યાં. કેટલાંક વિપથગામી પ્રેમીક, તેમની વિલાસ-સામગ્રીનો મેં દુરુપયોગ કર્યો આમ માની મારાપર ક્રુદ્ધ થશે; પણ મારી અરસિકતા ધ્યાનમાં રાખી તેઓ મને ક્ષમા કરશે એવો મને ભરોંસો છે.

વિલાસલોલુપ વિપથગામી દિલારા, સાદતઅલ્લીખાન જીવતો હો કે મરેલો હો, પરંતુ તેના આત્માને તેં અત્યંત દુઃખી કર્યો છે એ તું કયારે પણ ભૂલીશ નહિ. તું ધારતી હોઇશ કે, મૃત મનુષ્યનો આત્મા તે શું કરવાનો છે ? પરંતુ ધ્યાનમાં રાખજે કે તેજ આત્મા પ્રતિશિક્ષા કરવાને સમર્થ હોય છે. કબરસ્થાનમાં જતાં પહેલાંજ જો તારૂં દુરાચરણ મારી નજરે આવ્યું હોત તો, જરૂર કહું છું કે દુનિયામાં મુખ દેખાડવું પણ મને ભારે થઇ

પડયું હોત. પરંતુ, હવે તો હું ગમે તે વેષથી અને ગમે તે નામથી દુનિયામાં ખુશીથી જીવતો રહી શકીશ. અને પછી, જેમ તું ધીમે ધીમે મને ખબર ન પડવા દેતાં દુરાચરણમાં પ્રવૃત્ત થઇ, તેમજ તારા અપરાધની પ્રતિશિક્ષા પણ હું ધીમે ધીમે તને ખબર ન પડવા દેતાં આપીશ. વેર–બુદ્ધિ એ કાંઈ મારો સ્વભાવ નથી, પણ શું કરૂં ! દિલારા, મારીજ અજાણમાં આ વેરની કલ્પના મારા મનમાં ઉદય પામી છે અને ધીમે ધીમે તે વધુ દૃઢ થતી જાય છે.

સહજ જ ખિસ્સામાં હાથ ઘાલ્યો, તો પેલું હીરાનું ફુલ મારા હાથમાં આવ્યું. તે રત્નાલંકાર બહાર કાઢતાંજ ચંદ્રની ચાંદનીમાં ઘણો તેજસ્વી દેખાવા લાગ્યો. "દિલારા, આ દાગીનો મેં તારેજ માટે મૃત્યુના દરબારમાંથી પાછા આવતી વખતે આણ્યો હતો; અને અત્યારે પણ તે તારેજ માટે હું તેને સાચવી રાખું છું. જયારે, તને પોતાને હું મૃત્યુના દરબારમાં લઇ જઇશ, ત્યારે ત્યાંજ તને તે આપીશ." હવે પેલી કબરસ્થાનમાં મૂકેલી સંપત્તિ મારી આંખો સામે તરવા લાગી. સાદતઅલીખાનનું પોતાનું અસ્તિત્વ ખલાસ થઇ, કોઈ પણ જૂદા નામથી અને વેષથી દુનિયામાં જાહેર થવા માટે તે સંપત્તિનો મને ઘણો સારો ઉપયોગ થઇ પડે તેમ હોવાથી, હું તે સંપત્તિ અને મારી વેરની કલ્પનાની સાંકળ બેસાડવા લાગ્યો. બુદ્ધિ દેવતા તો પહેલેથીજ મારાપર પ્રસન્ન હતી અને અત્યારે તો તે અધિક ઓજસ્વી થઇ હતી. તેણે ભવિષ્યના કાર્યક્રમની રૂપરેખા ક્ષણાર્ધમાં મારા સામે ખડી કરી. મેં પણ મારો નિશ્ચય કાયમ કર્યો. દિલારા અને

અમિરહીન એ બન્નેને યોગ્ય શિક્ષા કરવીજ, આવી મેં ઇશ્વર સ્મરી પ્રતિજ્ઞા કરી. દિલારા, સ્ત્રી કુલાંગાર નિકળતાં તેના પતિના હૃદયને શું થાય છે, તે તારાં અંતર્ચક્ષુઓને દેખાડવા માટે, આજથી સાદતઅલ્લીએ તારૂં હૃદય સૂચિકાગ્રથી ચારવાનો આરંભ કર્યો છે, એમ તું સમજજે.

પ્રકરણ ૫.

દેશત્યાગ.

હું તે બગીચામાંથી ઉદાસીનતાથી બહાર નીકળ્યો. તે બગીચો મારો કે અન્ય કોઇનો આ ભાવના મનમાં આવી નહિ. ધીમે ધીમે શહેરમાંથી હું ચાલ્યો જતો હતો; પરંતુ, અત્યારે હું આખા શહેર તરફ શૂન્ય દૃષ્ટિથી જોતો હતો. અત્યારે આ, રસ્તે જતો માણુસ, તે દિલ્હી શહેરનો પ્રસિદ્ધ શેઠીયો સાદતઅલ્લીખાન નથી; પરંતુ એક ભિખારી પોતાનો તડફડતો જીવ મૂઠીમાં દાબી ચાલ્યો જતો હતો. આ ભિખારીને ભૂખ લાગી હતી, પરંતુ તે અન્ન નહિ પણ દિલારાના રક્તની હતી. તે રક્ત પીધા શિવાય મારો આત્મા હવે શાંત રહેવાનો ન હોતો. પેલા જૂનાં કપડાં વેચનાર વૃદ્ધ દુકાનદારે પણ મને તેજ કહ્યું હતું, કે “ તમે તમારૂં રક્ત તેને ન આપતા, પરંતુ તેનું રક્ત પીને આવજો ” અરેરે, તેણે મારૂં રક્તજ શું, પણ મારા આખા દેહનું સર્વસ્વ ચૂસી લીધું છે. તેણે તો મારૂં અસ્તિત્વજ આ દુનિયામાંથી નષ્ટ કરી નાંખ્યું છે. એટલે, હવે તો તેનું રક્ત

પીવાનો પ્રયત્ન કરવોજ જોઇએ. તેનું હૃદય ચીરી એકદમ બધુંયે રક્ત પીવું ન જોઇએ, પરંતુ દરરોજ થોડું થોડું પી, તેનો દેહ રક્તહીન કરવો જોઇએ. દિલારા, સાદતઅલ્લી કદાપિ તે કરવાનું ચૂકશે નહિ. સ્ત્રીનું દુરાચરણુ જોઈ પતિને શું થાય છે, એ તારી નજરે આણ્યા શિવાય આ સાદતઅલ્લી કદાપિ સ્વસ્થ બેસશે નહિ.

આવા આવા વિચાર કરતાં કરતાં હું શહેરના બહાર ઘણેજ દૂર ચાલ્યો ગયો. તે તરફની એક ધર્મશાળામાં ગયો. બે ચાર પ્રવાસી પડયા હતા, તેમની સાથે મારો પણુ દેહ તે ખરી માતાના ખોળામાં નાંખી સ્વસ્થતાથી હું વિશ્રાંતિ લેવા લાગ્યો. હૃદય અનેક જાતના વિચારોથી બળતું હતું, છતાં ઉંઘ ઘણી સારી આવી અને જયાં હું નિદ્રામાંથી જાગૃત થયો ત્યારે તો સૂર્યનો ઝગઝગિત પ્રકાશ મારી નજરે પડયો. આખા ગત પુ- ષ્કળ આરામ મળવાથી જીવ ઘણોજ શીતલ થયો હતો. ચહેરા પરની ઉદાસીનતા જતી રહી, ઉત્સુકતા પણુ વધી હતી. પ્રાતર્વિધિ સમાપ્ત કરી હું એક મીઠાઇવાળાની દુકાનમાં ગયો અને થોડોક ઉપહાર કરી થોડું લેખન–સાહિત્ય પણુ મેળવ્યું. સાદતઅલ્લી જો કે મરી ગયો હતો, તો પણુ તેના હસ્તાક્ષરનું વલણુ હજુ જેવું ને તેવુંજ મારા હાથમાં કાયમ હતું. “ સરકાર પાસેની બાકીની રકમ મારી સ્ત્રીને કે બીજા કોઇને પણુ ન આપતાં, તેનો ઉપ- યોગ કુવા અને ધર્મશાળાઓ બંધાવવામાં કરવો, ” આવા અર્થનો એક પત્ર મેં તૈયાર કર્યો, અને સાદતઅલ્લીએ મરતાં પહેલાં તે મને આપ્યો છે, આમ કહી સરકારી ખજાનચીને સ્વા- ધીન કર્યો. હવે તો હું પોતેજ મારા મરણુના સમાચાર ફેલાવવા લાગ્યો.

તે દિવસ તો આખો મેં શહેરમાં આમતેમ ભટકવામાંજ ગાળ્યો. રાત્રે ફરી હું પેલી ધર્મશાળામાં ગયો અને આખી રાત વિશ્રાંતિ લીધી. પરોઢિયામાં હું ચાર વાગતામાંજ ઉઠયો અને કબરસ્થાનમાં જઇ હાજર થયો. મારો એક કાકો મુર્શિદાબાદ રહેતો હતો. એટલે થોડાક દિવસ તે બાજુએ જ જઇ રહેવું એમ મેં ઠરાવ્યું હતું. જતી વખતે થોડીક સંપત્તિ સાથે લઇ જવી જોઇએ એટલા સારૂ મેં ફરી તે કબરસ્થાનમાં પ્રવેશ કર્યો હતો. સોનાનાં અને રૂપાંનાં ઘણાં નાણાં એક થેલીમાં લઈ લીધાં અને બીજી સંપત્તિ ત્યાં વ્યવસ્થાસર રાખી. તે બાજુ કોઇની નજર જાય નહિ એટલા માટે તે ભીંતને પાડેલું બાકોરૂં મજબૂત રીતે બંધ કરી નાંખ્યું. મારૂં પોતાનું કબરસ્થાન ઘણી ખરાબ સ્થિતિમાં હોવાથી ગામમાંથી કડીયા અને મજુરોને બોલાવી આણી, સુંદર આરસના પથ્થરથી મેં તે ચણાવી લીધું. પાસેજ એક નાનો દીપસ્થંભ તૈયાર કરાવી “ સાદતઅલ્લીખાન ” આવા અક્ષરો તે પર કોતરાવ્યા. શહેરમાં બીજા સાત આઠ દિવસ રહી ‘ સાદતઅલ્લીનો એક સગો મુર્શિદાબાદથી આવ્યો હતો અને તેણે આ કબરસ્થાન બાંધ્યું ’ આવી વાતનો પણ મેં જ પ્રસાર કર્યો. આ વાત દિલારાના જાણવામાં આવે, આવો પણ મેં પ્રયત્ન કર્યો અને તે સફલ પણ થયો. દિલ્હી શહેરમાં આટલી પ્રાસ્તાવિક તૈયારી કરી રાખ્યા પછી હું મુર્શિદાબાદ જવાના ઉદ્યોગે લાગ્યો.

શહેરનું બજાર યમુના કાંઠે હોવાથી ફરી હું ત્યાં ગયો. પેલા જૂનાં કપડાં વેચનાર દુકાનદારને તો હું ખાસ મળ્યો અને તેની પાસેથી બીજા પણ બે ચાર પોશાખ વેચાતા લીધા. ડોસાએ જે કિંમત માગી, તે તેને આપવાથી તે ઘણો ખુશી થયો અને

મારી સાથે ગપ્પાં મારવા લાગ્યો. ફરી ફરી તે પોતાના પહેલાંના મુદ્દાપર આવતો અને એકંદર સ્ત્રી-જાતિના સંબંધમાં તિરસ્કાર દર્શાવતો હતો. તેણે ઘણો આગ્રહ કર્યાથી હું એક દિવસ તેને ત્યાં રહ્યો અને બીજે દિવસે મુર્શીદાબાદ તરફ જવા નીકળ્યો. મુર્શિદાબાદ એ ભાગીરથી નદીના કિનારાપર મોટું શહેર છે. તેને બંગાળ પ્રાંતનું એક શહેર ગણવામાં આવે છે. તે વૃદ્ધ દુકાનદારે મારે માટે એક નાવ પહેલેથી ભાડું ઠરાવી તૈયાર રાખી હતી. રાત્રે દસ વાગતાંને સુમારે તે નાવ નીકળવાની હોવાથી હું તેજ વખતે નાવપર જઇ પહોંચ્યો. નૌકાનો ટંડેલ વૃદ્ધ હતો અને મને જોતાંજ તેણે મારો સત્કાર કર્યો. તે બોલ્યો, " તમે બરોબર વખતસર આવ્યા. નહિ તો દિલ્હીમાંથી તમારો પગ નિકળવો ભારે થઈ પડયો હોત "

નાવવાળાના તે કથનનો અર્થજ મારા કાંઇ લક્ષમાં આવ્યો નહિ. મેં કહ્યું, " મને થોડીવાર થઇ હોત તો તેં નાવ હંકારી હોત, નહિ વારૂ ? "

" ના ! ના ! શેઠ સાહેબ, તમારી પાસેથી એક વખત ભાડું લીધા પછી તમને લીધા શિવાય કેમ જઉં ? " આમ કહી તેણે નાવમાંના સામાન-સુમાનની વ્યવસ્થા કરી અને પછી માણસોને હલેસાં મારવા કહ્યું. સ્વચ્છ ચાંદરણું પડયું હતું અને તે પ્રચંડ નાવ જ્યારે યમુનાના કાળા પાણીપરથી દોડવા લાગી, ત્યારે મને ઘણો આનંદ લાગવા માંડયો. થોડો સમય ગયા પછી પેલો ટંડેલ મારી પાસે આવ્યો અને મને કહ્યું, " શેઠ સાહેબ, સુઇ રહેવું હોય તો બિછાનું તૈયાર કરૂં. "

તેની તે વિનંતી કરવાની રીત જોઇ મને થોડું આશ્ચર્ય લાગ્યું. મેં કહ્યું, "ડોસા, હું એક મુસાફર છું છતાં, તું મને શેઠ સાહેબ કેમ કહે છે ?"

ડોસો હસીને બોલ્યો, "સાહેબ, બ્હીશો નહિ. મારા તરફથી દગલબાજી થશે નહિ. સેતાનજંગની ટોળીમાંના લોકોને હું કાંઇ ઓળખતો નથી, એમ તમે સમજશો નહિ. સેતાનજંગના તો મારાપર અનંત ઉપકાર થયેલા છે. વારૂ, તેની ટોળીમાંના માણસોને પકડવાનો ફરીથી હુકમ થયો છે, આ વાત ખરી કે ?"

હું સેતાનજંગની ટોળીમાંનો એક છું, એ હવે મારા જાણવામાં આવ્યું. ટંડેલની આવી વિચિત્ર ભૂલભરેલી માન્યતા થવાથી મને થોડું ખોટું લાગ્યું. મેં કહ્યું, "હું સેતાનજંગની ટોળીમાંનો એક છું એ તેં શાપરથી જાણ્યું ?"

ડોસાએ મને એક સલામ કરી, અને પછી મટમટાવી ડોળા બોલ્યો. "શેઠ સાહેબ એટલામાં ગભરાઈ ગયા દેખાય છે. પણ સાહેબ, હું તમારૂં લેશ માત્ર પણ નુકશાન કરવાનો નથી. સાહેબની ઉમ્મર મારા કરતાં બહુ તો ચાર પાંચ વર્ષે નાની હશે. પરંતુ આપણે બન્ને હવે તો પાકેલાં પાન, એટલે એકમેકે એકમેકની ઓળખાણ આપવાને કાંઇ હરકત નથી." આમ કહી તેણે પોતાનું મોઢું છેક મારા કાન પાસે આણ્યું અને ધીમેથી મને કહ્યું, "અરે, હું પણ તરૂણાવસ્થામાં સેતાનજંગની ટોળીમાં જ હતો. ઘણાયે દિવસ દેશાંતર ભટક્યો, અને પછી આ ટંડેલનો ધંધો શરૂ કર્યો. આપ હાલમાં શું કરો છો ?"

ડોસાએ મને પણ પોતાની પંક્તિમાં બેસાડ્યો હોવાથી મારૂં મન

સાહજિક જ ખિન્ન થયું. મારી પાસેનાં નાણાં પરથીજ જો આ ડોસો મને સેતાનજંગની ટોળીમાંનો માનતો હોય, તો તો તે નાણાં હજુ તેની નજરે પણ પડયાં નથી. તો પછી તેણે મને ચોર લોકોની ટોળીમાંનો શા ઉપરથી કહ્યો? એટલું તો ખરૂં કે, મારો પોષાક થોડો વિચિત્ર હતો ખરો. પરંતુ, તે તો મેં હમણાંજ પેલા જૂનાં કપડાં વેચનારને ત્યાંથી વેચાતો લીધો હતો. આ રહસ્ય જાણી લેવા માટે મેં તે ટંડેલને મારી પાસે બોલાવી બેસાડયો અને ઘણા વર્ષના મિત્રની માફક તેને પૂછયું, " ત્યારે દોસ્ત, તારી માફક બીજો કોઇ મને ઓળખી ન જાય એટલા માટે મારે શું કરવું?"

તે સહાનુભૂતિથી બોલ્યો, " બ્હીઓ છો કેમ, શેઠ? હવે તો આ નાવપર મારૂં જ રાજય છે. પરંતુ, મુર્શિદાબાદ પહોંચતા પહેલાં તમે આ અંગરખું બદલી નાંખજો એટલે બસ છે."

મારી કલ્પના ખરી ઠરી. મુર્શિદાબાદ હજુ ઘણું દૂર હતું. તો પણ મેં તેજ વખતે તે અંગરખું શરીરેથી કાઢી નાંખ્યું અને ચરચર ફાડી નદીમાં ફેંકી દીધું. ફરી પેલું મુર્શિદાબાદી સરદારી અંગરખું પહેરી લીધું અને ડોસા સાથે વાત કરવી શરૂ કરી. મેં તેને પૂછયું, " સેતાનજંગની તમને ઘણી સારી માહિતી હોય એમ જણાય છે. તેમના સંબંધી વિશેષ કાંઇ હકીકત હું જાણતો નથી."

ટંડેલ ગંભીર સ્વરે બોલ્યોઃ "તેમ હોવાનો સંભવ છે. અરે, હું પોતે પણ જયારે તેની ટોળીમાં હતો, ત્યારે અમે એક બીજાને મોઢું દીઠે પણ ઓળખતા નહોતા. એનું કારણ એ કે

તેની અનેક ટોળીઓ હતી. તે તો માત્ર ગમે તે કોઈ એક ટોળી સાથે રહેતો. આગળ જતાં મારો અને તેનો સ્નેહ વધતાં વધતાં અમો બન્નેમાં જૂદાઈ જેવું કાંઇ રહ્યું નહિ. તે ધાડપાડુ હતો, એ વાત ખરી, ગણ તેના જેવો ગરીબોનો બેલી મેં આજ પર્યંત ક્યાંય પણ જોયો નથી. કોઇ એક ગૃહસ્થ પૈસાની આપત્તિમાં છે, આમ તેના જાણવામાં આવ્યું, કે તુરત બીજે દિવસે તે ગૃહસ્થના ઘરમાં ક્યાંયથી પણ પાંચ પચાસ રૂપીયા નિકળ્યા શિવાય રહેતા નહિ. તેમજ કોઇ ગરીબ ગૃહસ્થપર કોઇ જુલમ ગુજારે છે, અથવા નિષ્કારણ તેને દુઃખ દે છે, એવું તેના જાણવામાં આવ્યું કે, ચાર પાંચ દિવસમાંજ તે જુલમી મનુષ્યનું મસ્તક ધડથી જૂદું થયું સમજવું જ. સ્ત્રીઓના સબંધમાં તો તે ઘણોજ ઉદાર આદરવાળો હતો. તેણે ઘણીયે ધાડો પાડી અને સરકારી ખજાના પણ લુંટયા; પરંતુ ક્યાંય પણ તેણે સ્ત્રીઓના કેશને પણ સ્પર્શ કર્યો નથી. હા, કેટલીક સ્ત્રીઓને તે કંઠસ્થાન કરાવતો હતો. કોઇ સ્ત્રી દુરાચારી નિકળી અને તેણે પોતાના પતિના સંસારની ધૂળધાણી કર્યાની વાત જો તેના જાણવામાં આવી તો તે સ્ત્રીની વિટંબના કરવામાં તે લગાર પણ કસૂર કરતો નહોતો. તેજ મુજબ કોઇ એક પુરૂષે કોઇ સ્ત્રીનું સતીત્વ નષ્ટ કરવાના કરેલા પ્રયત્નની વાત પણ જો તે જાણે, તો ખાત્રીથી માનવું કે, તે પુરૂષના શરીરના ટુકડા જ થયા. એક દિવસ તો તેણે ઔરંગઝેબના એક સારા સરદારને એક ક્ષણાર્ધમાં દુનિયામાંથી દૂર કર્યો હતો. કારણકે, તેણે એક હિંદુ સ્ત્રી પર જુલમ કર્યો હતો."

સેતાનજંગનું આ ચરિત્ર મને ઘણું આશ્ચર્યકારક જણાયું. મેં તે ઢંઢેલ ડોસાને કહ્યું, "તે મક્કા ગયો છે, એ હું જાણું છું; પણ"

મને આગળ ન બોલવા દેતાં તે ડોસો વચમાંજ આશ્ચયથી બોલી ઉઠયો, " હેં ! તે મક્કા ગયો, એ તમે જાણો છો ! હું સમજતો હતો કે, તે વાત ફક્ત મારા એકલાના જ જાણવામાં છે ! તે મક્કા જતાં પહેલાં મારી પાસે આવ્યો હતો, અને તે વખતે તેણે મને એમ કહ્યું હતું કે, મારી મક્કા જવાની વાત માત્ર હું તને એકલાને જ કહું છું; છતાં એ વાત તમે જાણી, તો તમારો અને સેતાનજંગનો ઘણો સારો પરિચય હોવો જોઇએ. અરર ! આટલો મોટો માણસ, પણ છેવટે બિચારાને ઘણીજ ઉતાવળથી નાસવું પડયું. સુરત લઇ જઇને મેંજ તેને મક્કા જતા એક તારવામાં બેસાડયો હતો. જયારે રાજદૂતો ચારે બાજુથી તેની પાછળ પડયા, ત્યારે તે પોતાની સ્ત્રી સાથે નાસતો નાસતો મારી પાસે આવ્યો. સેતાનજંગ શરીરે મજબૂત અને સુંદર હતો; પણ તેની સ્ત્રી ઘણી નાજૂક હતી. તેના સૌંદર્યનું તો વર્ણન કરવુંજ અશકય છે. મેં આજ સુધી ઘણી સુંદર સ્ત્રીઓ જોઇ છે, પણ તેના જેટલી સુંદર સ્ત્રી જોયાનું મને સાંભરતું નથી. સેતાન-જંગનો તેના પર ઘણોજ પ્રેમ હતો. એટલો મોટો કર્દન કાળ સમાન પુરૂષ, પણ તેના એક અર્ધા વચનમાં ! તે કહે તેમ તે વર્તતો હતો. "

ટ્રેઉલ જયારે સ્ત્રીઓના સૌંદર્યનું વર્ણન કરવા મંડયો, ત્યારે મારૂં મન સાહજિક જ ઉદ્વિગ્ન થયું. હું મારી મેળેજ લગાર મોટેથી બોલ્યો, " અરેરે ! તે સૌંદર્યના પડદા પાછળ કેવા ભયંકર બનાવો બને છે, એ તે જાણતો ન હોવાથી બિચારો ફક્ત તેના સુંદર ચ્હેરાથીજ ભોળાયો જણાય છે ! દુનિયામાં

એવાં કેટલાં પ્રાણી ફસાતાં હશે અને કેટલાં નહિ, એની માત્ર એક ઇશ્વરને જ ખબર!"

હું આ પ્રમાણે સહજ જ અજાણતાં [illegible] [illegible]; પણ મારા તે બોલવાથી તે ટંડેલને થોડો ક્રોધ ચઢયો. તે જરાક ઉત્તેજક સ્વરથી બોલ્યો, "તમે એ શું બેહુદું જે આવ્યું તે બોલો છો! તે સાધ્વીના સંબંધમાં એવા વિચાર મનમાં લાવવા, તે પણ મોટું પાપ છે. તેનું નામ રોશનઆરા હતું. તે ઘણી કોમળાંગી હતી એ ખરૂં, પણ તેના પાતિવ્રત્યનું તેજ વજ્રના જેવું વિલક્ષણ હતું. તે એક ધાડપાડુની સ્ત્રી હતી! અનેક પ્રસંગોએ જંગલમાં એકલીજ રહેવાનો તેના પર પ્રસંગ આવતો. એક વખત એક શ્રીમંત, સુંદર અને રસિક ગૃહસ્થે રોશનઆરાની મુલાકાત લીધી અને તેની પાસે તેણે પ્રેમભિક્ષા માગી. તુરતજ તે સાધ્વી એક સિંહણ માફક ઉછળી અને જે હૃદયમાં આ પ્રેમનું મોજું ઉછળ્યું હતું, તે પાપી હૃદય પોતાની પાસેના ખંજરથી ચિરી તે પ્રેમરસ તેના રક્તના રૂપમાં વહેવાવી દીધો. ખરેજ, તે સાધ્વીના દર્શનથી બિચારાની મુક્તિજ થઇ."

રોશનઆરાની આ હકીકત સાંભળી, મને શું થયું અને શું નહિ, તે માત્ર હું જ જાણું મને એમ લાગવા માંડયું કે, એવી સાધ્વીના ચરણમાં મસ્તક મૂકવું અને પુનિત થવું. એક [illegible] ધાડપાડુને સાધ્વી-સમાગમ મળે અને મારા જેવા [illegible] ગૃહસ્થનું ઘર વિશ્વ-યોષિતાનો મહેલ બને એ પણ એક વિચિત્ર યોગાયોગજ કહેવો જોઇએ. પ્રતિભાસંપન્ન કવિઓને રોશનઆરાનું આ ચરિત્ર ઘણુંજ નિરસ લાગશે. સ્ત્રી કહી કે, તે આપાદ-મસ્તક

કાવ્યમય હોવાં જોઇએ, આમ તે કવિઓને લાગે છે. એવી સ્ત્રીઓ પરપુરૂષ સામું આકર્ષક દ્દષ્ટિથી જુએ, તો તેઓ તેને સ્વભાવ ધર્મ કહે છે, અને તેથી કાવ્ય કરવાની તેમને સ્ફુર્ત્તિ આવે છે. દિલારા, આ રોશનઆરાનું ચરિત્ર જો કદાચ તું જાણે, તો તું પણ તેને અરસિક જ કહીશ. એટલુંજ નહિ. પણ એક કામુકનો વધ કર્યાથી તું તો તેને રાક્ષસણી પણ કહીશ. પરંતુ, તું ગમે તે કહે, તોપણ તે તારા જેવા હેય–નીચ પશુ કરતાં તો નિઃસંશય ઉચ્ચ હતી. તે સેતાનજંગ, તેની પાછળ અનેક રાજ–દૂતો પડયા છતાં, સુખી હતો. સ્ત્રીની પતિનિષ્ઠા, એજ ખરેખરૂં પતિનું સુખ છે. સાદતઅલ્લી, તું તો હવે એવા સુખથી કાયમને માટે અંતરાયો. દિલારા, તેં મારા એવા કયા દોષથી મારા સુખપર પાણી રેડયું ? અથાગ અશ્વર્ય, અમિરૂદ્દીન કરતાં પણ અધિક સરસ સૌંદર્ય, એ અમિરૂદ્દીનને સહજ ચિંત કરવા જેટલી શકિત, તેના જેટલુંજ તારૂણ્ય અને વિદ્વત્તા, વ્યવહારદક્ષતામાં તો તે મારી જોડે બેસવા પણ લાયક નહિ, અને સૌ કરતાં પણ મુખ્ય બાબત તો એ છે કે, તું મારી સાથે વિવાહ બંધનથી બદ્ધ થએલી, આમ છતાં પણ તેં તારા અંતઃકરણમાં પર પુરૂષને આશ્રય આપ્યો; એ પરથી, તું પશુ કરતાં પણ નીચ છે એ ઉઘાડું છે. અહાહા, કયાં તે સતી સાધ્વી રોશનઆરા અને કયાં તે પશુ કરતાં પણ નરકલોલુપ દિલારા!

સાધ્વી સ્ત્રીની સંગતિથી ઝુંપડીમાં પણ જે સુખ મળશે, તે દુરાચરણી સ્ત્રીના સહવાસથી મોટા ઐશ્વર્યસંપન્ન રાજમહેલમાં પણ મળશે નહિ! સદાચરણી સ્ત્રી કુરૂપ હોય, છતાં

પણ તેનાથી આનંદજ મળશે. પણ આ નક્ષત્રમાલિકામાં શોભનાર કુમાર્ગગામી તારકા, અરે એ તો પતિના હૃદયનું રક્ત પીનારી જળો છે!

મેં તે ટંડેલને કહ્યું, "સેતાનજંગ પોતાની સાથે પોતાની પત્નીને પણ લઈ ગયો છે, ખરું ને ?"

ટંડેલ ખિન્ન સ્વરે બોલ્યો, "નહિ રે. તેમ થયું હોત, તો તો ઘણીજ મઝા આવત. રોશનઆરાના જંખિયાનો એક મોટો સરદાર બળી થઇ પડયો હોવાથી સેતાનજંગ અને રોશનઆરા એ બન્નેને પકડવા માટે બાદશાહે મહેનત કરવા માંડી. બન્ને જણ નાસતાં નાસતાં, બે જૂદી જૂદી દિશાએ ગયાં. રોશનઆરા પકડાઇ જવાની સ્થિતિમાં આવતાંજ તેણે આત્મહત્યા કરી. "જીવિત અવસ્થામાં જે દેહને પતિ શિવાય કોઇએ સ્પર્શ પણ કર્યો નથી, તે દેહ બીજાના હાથમાં પડતાં પહેલાંજ બળી જાઓ" આમ કહી તેણે એક સળગતી ઘાસની ગંજીમાં કુદકો માર્યો. એક જ ક્ષણમાં તેની રાખ થઇ. આ વાત જ્યારે સેતાનજંગના જાણવામાં આવી, ત્યારે તે ઘણો નિરાશ થયો અને મક્કા ચાલ્યો ગયો. જતી વખતે તેણે, પોતાની પાસે બાકી રહેલી સંપત્તિ ઘણીજ અજબ યુક્તિઓથી કોઇને પણ ખબર ન પડવા દેતાં જેની તેને પહોંચતી કરી. તેની ટોળીમાં જે લોક બાકી રહ્યા હતા, તે દરેકને સો સો મહોરો આપી અને પોતે લગભગ નિષ્કાંચન ફકીર થઇ, મક્કા ગયો!"

સેતાનજંગ ગમે તેવો હો. તે ચોર હો, લુંટારૂ હો અથવા તો ગમે તેટલો દુષ્ટ પણ હો; પરંતુ તેણે મારાપર અનંત ઉપકાર કર્યો છે,

એ હું કદાપિ ભૂલીશ નહિ. જો તેણે પેલી અથાગ સંપત્તિ અમારાં વંશના કબરસ્થાનમાં લઇ જઇ મૂકી નહોત, તો દિલારાનું રક્ત પોતાના મારી ઇચ્છા જેવાને તેવાજ રહી હોત. જે મહાત્માના મારાપર આટલા બધા ઉપકાર થયા હતા, તેનું ચરિત્ર આમ આકસ્મિક રીતે આ ટંડેલ મારફતે જાણવામાં આવ્યું એથી મારા ઋણાનુબંધ માટે મને ઘણું આશ્ચર્ય લાગ્યું. રાત ઘણીજ વીતી ગઇ હોવાથી ટંડેલે મારે માટે બિછાવેલા બિછાનાપર હું ઉંઘી ગયો. એક બે દિવસમાં જ તે ટંડેલનો અને મારો ગાઢ પરિચય થઇ ગયો. ડોસો ઘણો દિલદાર હતો. તેણે પણ મને ડોસોજ કહ્યો અને એની કલ્પના પ્રમાણે ઉંમરમાં સરખાપણું હોવાથી તે મારી સાથે ખુલ્લે મને ગમે તે બોલતો હતો. આવી રીતે અનુકૂળ સ્થિતિનો ફાયદો લઈને પ્રતિકૂલ સ્થિતિ સાથે ઝગડી, અમારી નાવ દસ દિવસે મુર્શિદાબાદ પહોંચી. ભાગીરથીના પાણીનો પ્રવાહ તે તરફનો હોવાથી અમારો આ પ્રવાસ જલદીથી પૂરો થયો. રસ્તામાં એક દિવસ તોફાની પવન છૂટયો અને નદીના તરંગોપર અમારી નાવ નાચવા લાગી; પણ, સુદૈવે પવન તુરતજ બંધ થઇ ગયો. મુર્શિદાબાદના ઘાટપર જયારે મેં વૃદ્ધ ટંડેલની રજા લીધી, ત્યારે મેં તેના કબૂલ કર્યા કરતાં બમણું ભાડું આપી તેને સંતુષ્ટ કર્યો! મારી આવી ઉદારતા જોઇ તેણે ઘણી કૃતજ્ઞતા દર્શાવી. તે બોલ્યો, "ખાન સાહેબનો ફરી કયારે મેળાપ થશે?"

"થોડાજ સમયમાં, દિલ્હી ખાતે. મારું સ્મરણ રાખજો હો?"

"સ્મરણ તો અવશ્ય રહેવાનું જ; પણ કયા નામનું સ્મરણ રાખું?"

અરેરે! મેં વેષાંતર કર્યું હતું; પણ હજુ સુધી નવું નામ ધારણ કર્યું નહોતું. મેં મોટી ભૂલ કરી. માથું ખંજવાળી તુરત હું બોલ્યો, "દોસ્ત, મારૂં નામ નવાબ પીરબક્ષ. આ નામ તારા લક્ષમાં રહેવાને કાંઇ હરકત તો નથી ને?"

'નારે ના! મહારાજનું નામ લક્ષમાં રહેવું જેટલું સહેલું છે, તેટલુંજ તે વિસરવું પણ કઠિણ છે. નવાબ પીરબક્ષ! વાહ! કેવું સુંદર નામ! આ નામ કોણ ભૂલે? વારૂ ત્યારે સલામ–આલેકુમ!!"

મેં ઉત્તર દીધો "માલેકુમ સલામ!"

ઘાટ ચઢી તુરતજ મેં મુર્શિદાબાદમાં પ્રવેશ કર્યો. મારે મન મુર્શિદાબાદ શહેર નવુંજ હોવાથી પૂછતો પૂછતો હું એક મોટી હિંદુ પેઢીપર ગયો. આ પેઢી સાથે અમારી પેઢીનો ઘણા દિવસોનો સંબંધ હતો અને મારા પોણો લાખ રૂપીયા તે પેઢી પાસે લેણા હતા; પરંતુ અત્યારે હું પોતે મૃત હોવાથી મેં નવાબ પીરબક્ષના નામની તે પેઢીપર હુંડી તૈયાર કરી, અને તે પેઢીપર જઇ આપી. મારો તે સરદારી પોષાક, રૂવાબ અને વૃદ્ધ અવસ્થા જોઇ પેઢીના માલીકપર ઘણી અસર થઇ. તેણે મારો યથોચિત આદરસત્કાર કરી બે ચાર કુશલ પ્રશ્ન પણ કર્યા. મેં શેઠને કહ્યું, "જો કે, આ હુંડી મેં આપનાપર આણી છે ખરી; પરંતુ આપને જણાવતાં મને ઘણી દિલગીરી થાય છે કે, સાદતઅલ્લાખાન આ હુંડી મારા હાથમાં આપ્યા પછી ચારજ દિવસે પેલા ભયંકર કાળા તાવથી મૃત્યુ પામ્યા છે એટલે આ બ.બતમાં આપને વિશેષ કાંઇ તપાસ કરવાની હોય, તો તે કરીને પછીથી મને રકમ આપજો."

તે શેઠ વૃદ્ધ હતો અને ઘણો ભલો ગૃહસ્થ હતો. મારી મૃત્યુવાર્તા સાંભળતાં જ તેનો ચહેરો એકદમ ખિન્ન થયો. તે સહાનુભૂતિપૂર્વક બોલ્યો. "અરેરે! ઘણું ખોટું થયું! ભર યુવાવસ્થામાં બિચારો મરણ પામ્યો! તેના બાપને અને મારે ઘણો સારો સ્નેહ હતો. આ કાળા તાવે તો દિલ્હી શહેરમાં ઘણો ત્રાસ વર્તાવ્યો. ઘણો સારો માણસ ગયો. ઘણો જ વ્યવહારદક્ષ. અનેક વર્ષોથી અમારો વ્યવહાર ચાલતો હતો. પણ કદી પણ હિસાબમાં ફરક પડયો નથી. એક વખત હું દિલ્હી ગયો હતો, ત્યારે મેં તેને જોયો હતો. છોકરો ઘણો સજ્જન જણાયો હતો." આમ કહી તે થોડીવાર શાંત રહ્યો. પછી બોલ્યો; "તમારી હુંડીના પૈસા આપવાને મને કોઇપણ જાતની હરકત નથી; કારણ કે, ગઇ કાલે જ મને આ હુંડીની નકલ અને પત્ર મળેલાં છે."

હવે તમારા લક્ષમાં આવ્યું જ હશે કે, હું પોતે જ મારી બાબતમાં કેવી લુચ્ચાઇ કરતો હતો. સર્વ વ્યવહાર મારા જ હાથનો હોવાથી તે બાબતમાં પણ તેને સંશય આવ્યો નહિ. બે હુંડીઓ અને ત્રીજો કાગળ. એ ત્રણે કાગળમાંના અક્ષર સરખાવતાં તેણે મને પૂછ્યું, "આપ શો ઉદ્યોગ કરો છો?"

હું નમ્રતાપૂર્વક બોલ્યો, "હું ઝવેરી છું. ઝવેરાત વેચી વ્યવહાર ચલાવું છું. દિલ્હી પાસે મારી થોડીક જાગીર હોવાથી અમારા કુટુંબને નવાબની પદ્દી મળી છે; પણ એમાં કાંઈ વિશેષ નથી; કારણ કે. તે નવાબી કરતાં આ ઝવેરાતના ધંધામાં જ મને બે પૈસા વધૂ મળે છે. હાલમાં તો, આ તાવનો રોગ ચાલે છે, એટલે ચાર મહીનાથી કાંઇ વેચાણ થયું નથી. એથી જ હું અહીં

આવ્યો છું. અહીંના બંગાલના સુબેદાર અને કેટલાક મોટા ગૃહસ્થો ઘણા શોખીન હોય છે, એમ મેં સાંભળ્યું છે. જોઉં છું ક્યાંક જામે છે તો. ધંધો કાંઇ સારો ખરો, પણ સોદા જલદીથી થતા નથી. એકાદ દાગીનાનો સોદો ચાર ચાર મહિના પણ ગબડાવી દે છે. હું અહીંયાં તદ્દન નવોસવો છું, તો આપે મને બનતી સહાયતા કરવી જોઇએ. હું મારો સંબંધ પણ આપની જ પેઢી સાથે રાખવાનો છું. આ અત્યારના પોણો લાખ રૂપીયા અને મારી પાસે જે કાંઇ છે, તે હું આપને ત્યાંજ મૂકું છું.”

આમ કહી મેં મારી ગાંસડી છોડી અને તેમાંથી મહોરો અને રૂપીયા ગણી, શેઠને આપ્યા અને હીરાના દાગીના કાઢવા માંડયા. તે અપ્રતીમ અને કદાપિ ન જોયેલા દાગીના જોઇ તે લક્ષાધીશ પણ છક્ક થયો. તેણે તે દાગીના બરોબર તપાસી જોઇ, પેટીમાં મૂકયા અને મને તેની પહોંચ લખી આપી. પછી ત્યાંથી ઉઠી હું આખા શહેરમાં ફર્યો અને ફરતાં ફરતાં ભાવી કાર્યયોજના માટે શું શું કરવું જોઇએ, તે ઠરાવવા લાગ્યો. દૈવ અનુકૂલ હતું કે પ્રતિકૂલ તે તો કોણ જાણે. પણ એટલું તો ખરૂં કે, હું મુર્શિદાબાદ આવ્યો ત્યારથી એકે એક વાત બધી મારી ઇચ્છાનુસાર જ થતી હતી. સરદાર અને જાગીરદાર વગેરે લોકો શહેરના જે ભાગમાં રહેતા હતા, તે ભાગમાંજ એક સુંદર ઘર મેં ભાડે લીધું અને પેલા હિંદુ શેઠ મારફતે સારા વિશ્વાસુ નોકરો મેળવી હું ત્યાં સરદારી ઠાઠથી રહેવા લાગ્યો. ધીમે ધીમે નવાબ પીરબક્ષનું નામ મુર્શિદાબાદમાં જાહેર થયું અને મને મોટાઇ મળવા લાગી. શરૂઆતમાં તો હું ત્યાંના લોકો માટે ચર્ચાનો એક વિષય

જ થઈ પડયો હતો. ગરીબ ગુરબાંને દાનધર્મ, અતિથિ–અભ્યાગતોનો સત્કાર, દીન–દુઃખીઓની શુશ્રૂષા વિગેરે બાબતમાં મુર્શિદાબાદમાં મેં જે વર્તનક્રમ રાખ્યો હતો; તેથી જ હું થોડા દિવસોમાં સર્વ આબાલવૃદ્ધને જાણીતો થયો. તેમજ મોટા મોટા લોકો માટેની મીજબાનીઓ, નાચરંગ વિગેરે બાબતમાં પણ હું એવી રીતે વર્ત્યો કે, મને વિધુરાવસ્થામાં જોઇ, તેમને દયા આવી અને મોટમોટા સરદારોએ પોતાની છોકરીઓ સાથે મારાં લગ્ન કરવા માટે પ્રયત્નો કર્યા; પરંતુ તેવા પ્રસંગોમાંથી મુક્ત રહેવા માટે મને મારા શ્વેત વાળ ઘણા ઉપયોગી થઇ પડયા.

આ દુનિયામાં કેટલાયે વૃદ્ધ પુરુષો પોતે યુવાન્ દેખાવાના પ્રયત્નો કરતા હશે. પોતાના ધોળા વાળોને હરહંમેશ કાળો કલપ લગાડતા હશે, કત્રિંમ દાંતોનાં ચોકઠાં ઘાલતા હશે, પોતાના ચહેરા સામે આઠે પહોર બિલોરી આરસો રાખતા હશે, હજામોની હાટીઓમાં હાથ ઘાલતા હશે, શક્તિવર્ધક ખાધાં ખાતા હશે, યુવાનોના જેવો થોડો છાકટો પોષાક પહેરતા હશે, બોલવા ચાલવાનો રોફ પણ તેવો જ દેખાડતા હશે; આવા આવા કેટલાક હાસ્યાસ્પદ ઉદ્યોગો તે વૃદ્ધ પુરુષોને કરતા આપણે જોઇશું. લગભગ દરેક વૃદ્ધ માણસનો અત્યારે તો એવો સ્વાભાવિક ધર્મ જ થઇ ગયો છે, એમ કહીશું તો હરકત નથી. પણ એમાં કાંઇ આશ્ચર્ય નથી. આશ્ચર્ય એટલું જ કે, ભર યુવાવસ્થાનો, યુવાવસ્થામાંની સર્વ સંપત્તિથી અલંકૃત એવો એક તરુણ તે વખતે મુર્શિદાબાદમાં વૃદ્ધ થવાનો પ્રયત્ન કરતો હતો. ચાર પાંચ દિવસથી દવા લગાવી લગાવી, હું મારા વાળ ધોળા રાખતો હતો. પહેલાં મેં દાઢી રાખી નહોતી; પણ પછી દાઢી રાખી અને તે પણ ધોળી

ફરી. માથાપરના વાળ પણ તેવાજ ધોળા. એકાદ વખત મનમાં એમ પણ આવ્યું કે, દાંત દુખવાનું બહાનું કાઢી દંતવૈદ્ય પાસે જવું અને બેચાર દાંત કાઢી નંખાવવા. પણ તેમ કરવાની કાંઇ જરૂર લાગી નહિ. દાંત પડવા સુધીની વૃદ્ધાવસ્થા મારે જોઇતી નહોતી. એ પછી મુખપરનો ભાવ અને અવાજ બદલવાનો મેં આરંભ કર્યો. હું જાણુતો હતો કે, જો દરરોજ અલ્પ પ્રમાણમાં સીંધુર ખાવામાં આવે તો આઠ પંદર દિવસમાં જ અવાજમાં ફેર પડે છે. પણ ચહેરાનો ભાવ બદલવો ઘણો કઠણ હતો! કઠિણ ખરો જ, પણ પ્રયત્નને અશક્ય એવું શું છે? આરસો સામે રાખી માનસિક પ્રવૃત્તિનો દાબ ચહેરાપર રોજ રાખી રાખી મારો ચહેરો મેં કેટલેક દિવસે ગંભીર કર્યો અને તેમાં થોડીક ક્રોધની છટા જણાવા લાગી. આશરે એક મહિનો ગયા પછી મારા નોકર ચાકરો પણ મારા ચહેરાપરના ભાવ સંબંધમાં માંહોમાંહે વાતચિત કરવા લાગ્યા. 'શેઠ સાહેબ, કેવા વાઘ જેવા જણાય છે.' આમ એક દિવસ તેઓ બોલેલા તે મારે કાને આવ્યું હતું. તેને માટે ક્રોધ ન કરતાં ઉલટો હું સંતોષજ પામ્યો. અત્યારે, વાઘનો અને મારો વ્યવસાય એક જ થયો હતો. વાઘ જેમ પોતાના ભક્ષ્યપર તૂટી પડવા માટે ટાંપીને બેસે છે, તેમ મેં પણ મારૂં ભક્ષ્ય મેળવવા માટે પ્રયત્ન ચલાવ્યો હતો. જો કે હું હિંસ્ર શ્વાપદના જેવો ક્રૂર થયો હતો ખરો; પણ મારી આ તૈયારી કાંઇ બકરી કે ગાયનું રક્ત પીવા માટે નહોતી, પરંતુ એક વ્યાઘ્રમુખી શૈતાનીયતના હૃદયમાંનું રકત પીવા માટે હતી. જેણે મારૂં વક્ષસ્થળ ચીરી, મારા કાળજાપર જ દાંત બેસાડયા હતા, તેને યોગ્ય શાસન કરવા માટે મારે હિંસ્ર પશુ કરતાં પણ અધિક ક્રૂરતા

મેળવવાની હતી !

વૃદ્ધાવસ્થાનો મારો વેષ પૂરો થયો ખરો, પણ મુર્શિદાબાદમાંના હોંસીલા યુવાનોને પણ પાછળ નાંખી ખ્યાલી ખુશાલીમાં હું તે બધાનાં કરતાં ચઢીયાતો થયો હતો. 'ડોસો ઘણો રંગીલો જણાય છે !' આવા શબ્દ જ્યારે જ્યારે મારે કાને આવતા, ત્યારે ત્યારે મને સાહજિક જ આનંદ થતો. મારા જેવા બહુરૂપીના વેષનો અને દુનિયાની બૂમ-નો મેળ બેસાડતાં, પ્રત્યક્ષ સત્ય પણ જો ગૂંચવાઇ જાય, તો પછી તમે અમે ફસાઇએ તેમાં આશ્ચર્ય શું ? આ આખી દુનિયા બહુરૂપીઓથી જ ભરેલી છે. વિશ્વાસના ઢાંક પીછોડા નીચે એકમેકે એકમેકને ફસાવવા આવો જાણે દુનિયાનો વ્યવહાર જ થયો છે. કેટલાક રાત્રે ઠગે છે, તો કેટલાક દિવસે ઠગે છે. કોઈ પરોક્ષ ફસવે છે તો કોઇ અપરોક્ષ ફસવે છે. જ્યાં જુઓ તો ઠગ લોકોનોજ બજાર છે. આ દુનિયામાં કોણ ઠગતું નથી, કોણ ઠગાતું નથી, એનો વિચાર કરવાનું કારણજ નથી.

મારો વૃદ્ધનો વેષ બરોબર તૈયાર થયા પછી, હું ભાવી યોજના કરવા લાગ્યો. સાદતઅલ્લીખાનના આ દેહને નવાબ પીરબક્ષનો વેષ એટલો મળતો થયો હતો કે, બહુ તો હુંજ મને ઓળખી શકયો હોત અને તે પણ માત્ર સ્મરણ શક્તિની મદદથી જો હું આરસા સામે ઉભો રહું, તો હું પોતે જ મને ઓળખું નહિ. આટલો બધો વિલક્ષણ ફરક મારામાં પડયો હતો. નવાબ પીરબક્ષ સાદતઅલ્લીખાનનો પાસેનો જ સગો છે આમ મારે મુર્શિદાબાદથી જ દિલ્લારાના કાને નાખવાનું હોવાથી, મેં તેવો પ્રયત્ન કર્યો અને તે સિદ્ધ પણ થયો. એક મોટા શ્રીમંત ગૃહસ્થ સાથે

સગાઇની દૃષ્ટિથી સંબંધ બતલાવવા માટે ઘણા લોકો ફાવે તેમ જૂઠું બોલે છે. દુનિયામાં એમ હમેશાં ચાલ્યા જ કરે છે. નવાબ પીરબક્ષ જેવો મુર્શિદાબાદી સરદાર આપણો સગો છે, એમ જાણ-વાથી દિલારાને ઘણો આનંદ થવાનો હતો, એમ નથી; પરંતુ, તેની મનોભૂમિ ઉપર ભાવી કાર્યનું બીજારોપણ, આજ માર્ગે કરવાનું હોવાથી આ સગપણનો સંદેશો મેં જૂદે નામે પહેલેથી જ જલ્દી પહોંચતો કર્યો. મારો કાકો મુર્શિદાબાદનો રહેવાસી હોવાથી તેનાં સગાં સંબંધીઓની હકીકત મેં એકઠી કરી અને તે પરથી, દિલ્હી ગયા પછી મારા ભાવી કાર્યની ઇમારત કેમ તૈયાર કરવી તે મેં ઠરાવ્યું. નવાબ પીરબક્ષ સાદતઅલ્લીખાનનો સગો છે, તે ઘણો શ્રીમંત છે, વૃદ્ધ છે પણ ઘણો હોંશીલો છે. આવા સમાચાર દિલ્હી શહેરમાં, અને ખાસ કરીને દિલારા તથા અમિરૂદ્દીનને પહેલેથી જ જણાવરાવી, જન્મભૂમિ છોડયા પછી, આશરે ચાર મહિને મેં ફરી દીલ્હી શહેરમાં પ્રવેશ કર્યો.

પ્રકરણ ૬.

આમિષ.

દિલ્હી શહેરમાં ફરી આવ્યો ખરો, પરંતુ જન્મભૂમિને જોતાં જ જે એક આકર્ષણ મનમાં ઉત્પન્ન થવું જોઇતું હતું, તે માત્ર ઉત્પન્ન થયું નહિ. જાણે કે, પૂર્વજન્મ સાથે જન્મભૂમિના પ્રેમથી પણ રહિત થયો હતો. એક વખત બાલ્યાવસ્થામાં હું દિલ્હીથી બહાર ગામ ગયો હતો ત્યારે, ત્યાં ઘણા દિવસ રહ્યા પછી, ક્યારે

પાછો એક વખત મારે ગામ જઉં એવું મને થયું હતું; અને ખરેખર જ જયારે હું દિલ્હીમાં પાછો આવ્યો, ત્યારે તે આસપાસનો ઓળખીતો વનપ્રદેશ, જાણીતા ડુંગરા, નદી નાળાં, રસ્તા, ઘરો, એટલુંજ નહિ પણ જમીન પરની માટી જોઇને પણ હૃદયમાં મનસ્વી આનંદ ઉત્પન્ન થયો હતો. આ વખતે પણ મને તેવોજ આનંદ થશે, આમ હું ધારતો હતો, પરંતુ જેમ જેમ દિલ્હી શહેર પાસે આવતું ગયું તેમ તેમ મારી ઉદાસીનતા વધવા લાગી, મન ઉદ્વિગ્ન થયું અને નક્કામો દિલ્હી આવ્યો એવું પણ થવા માંડયું. મારા અંતઃકરણમાં ઉત્પન્ન થયેલી તે વેરની કલ્પના જો કેટલાંક આગંતુક કારણોથી નષ્ટ થઇ હોત, તો દિલ્હી ન જતાં હું મુર્શિદાબાદમાંજ રહ્યો હોત. પરંતુ દિવસે દિવસે મારી વેરની કલ્પના અધિકાધિક ઉપયુક્ત થતી ચાલી હોવાથી, હવે તો મને વેરનો નિદિધ્યાસજ લાગ્યો હતો. એવી એક કહેવત છે કે, "સઘળું જજો પણ નામ ન જશો;" અને તે યથાર્થ છે. વ્યાવહારિક દૃષ્ટિથી સંપત્તિ મનુષ્યને અધિક પ્રિય હોય છે; પણ પ્રસંગે નામ રાખવા માટે મનુષ્ય પ્રાણી સંપત્તિપર પણ પાણી મૂકવા તૈયાર થાય છે, આવો હંમેશનો અનુભવ છે. સાદતઅલ્લી ખાન, આ નામ એક વખતે મને ઘણુંજ ગમતું હતું અને લોકોમાં પણ મેં તે નામનો આદર ઉત્પન્ન કર્યો હતો. પરંતુ મારા દુર્દૈવથી તેજ નામ અત્યારે મારા કાનને ત્રાસ આપતું હતું અને લોકોમાં પણ તે નામનો થોડોક તિરસ્કાર ઉત્પન્ન થયો હતો. મારી સઘળી સંપત્તિ નષ્ટ થઇ હોત અને હું રસ્તે રઝળતો ભિખારી બન્યો હોત, તો પણ મને એટલું ખરાબ ન લાગ્યું હોત. મારૂં હૃદય—સર્વસ્વ એવું જે મારૂં નામ, તે લક્ષ

હું ક્યાંય પણ આનંદે રહ્યો હોત. સંપત્તિ–માનમરતબાની વાત છોડી દઉં, પણ જેઓ સાધારણ સ્થિતિમાં અથવા તો ગરીબાઇમાં દિવસો કાઢતા હોય છે, તેમને પોતાનું નામ એજ પોતાની મિલકત છે એમ લાગે છે અને તે ખરૂં પણ છે. જેને પોતાની આબરૂની દરકાર હોય છે, તે પોતાના નામને બટ્ટો લાગે નહિ એટલા માટે હરહંમેશ સાવધાનતાથી રહે છે. નામ એજ તેની ખરી મિલકત છે, તેમ તેના મનનું સમાધાન પણ તેજ છે. આ મારૂં સમાધાન જો કાયમ રહ્યું હોત તો મેં નવાબ પીરબક્ષના નામથી દુનિયાને મારી ઓળખાણ આપીજ ન હોત. સર્વ સંપત્તિથી રહિત થયો હોત, તો પણ સાથે દિલારાને લઇ મેં ભિક્ષાવૃત્તિપર આનંદથી દિવસો ગાળ્યા હોત; પરંતુ દિલારાએ પોતાનું શીલ ગુમાવ્યાથી આજ મારે મારી જન્મભૂમિમાં નવાબ પીરબક્ષના નામથી પ્રવેશ કરવો પડયો !

અત્યારે હું દિલ્હી શહેરમાં સાદતઅલ્લીખાન નહોતો, પણ નવાબ પીરબક્ષ હતો. યુવાન્ નહોતો પરંતુ વૃદ્ધ હતો. મનુષ્ય નહોતો, પણ વૈરબુદ્ધિથી પ્રેરિત થયેલ પિશાચ હતો. આખા દિલ્હી શહેરમાં મારી ઓળખાણનો એક પણ મનુષ્ય બાકી રહ્યો નહોતો. અરે દિલ્હી શહેરમાંજ શું પણ આખી દુનિયામાં મારૂં અસ્તિત્વજ નહોતું, તો મને ઓળખનાર પણ કોણ હોય? મારૂં શરીર, એ તો સાદતઅલ્લીનું પ્રેત! નવાબ પીરબક્ષ નામના માંત્રિકે પૈશાચિક વિદ્યાથી આ પ્રેતને નચાવવા માંડયું હતું. જોઉં છું હવે કે, આ માંત્રિક પોતાના મંત્રબળનો કેવો ચમત્કાર કરી દેખાડે છે. અર્થાત્ મારા જેવા પિશાચને અત્યારે દિલ્હી જેવું રાજધાનીનું શહેર સ્મશાનના જેવું લાગતું હતું, અને

કેટલાંક મનુષ્યદેહધારી પિશાચોને શોધવા માટે મેં દિલ્હી શહેરમાં નવાબ પીરબક્ષના નામથી અવતાર લીધો હતો. દિલ્હી શહેરમાં નવાબી ઠાઠમાઠથી રહેવાનું હોવાથી મેં મારા નોકરચાકરોને મુર્શિદાબાદથી નીકળતા પહેલાંજ દિલ્હી મોકલી બધી વ્યવસ્થા કરાવી મૂકી હતી. રાજમહેલના જેવું મોટું ઘર સુંદર ઘોડા, અને ગાડીઓ વિગેરેની વ્યવસ્થા પહેલેથીજ થઇ હોવાથી મારા આવતા પહેલાંજ દિલ્હી શહેરમાં મારૂં નામ પ્રસિદ્ધ થયું હતું. વિશેષતઃ હોંશીલા ગૃહસ્થોને તો આ એક ચર્ચાનો વિષય મળ્યો હતો. હું પોતે દિલ્હી શહેરમાં આવ્યા પછી, છ સાત દિવસમાં મારો ઠાઠ જોઇ ત્યાંના, પાણીની પેઠે પૈસો ઉડાવનારાઓ પણ આશ્ચર્યથી છક થઇ ગયા.

પેલો ભયંકર કાળા તાવનો રોગ ખલાસ થયે ત્રણ સાડાત્રણ મહિના થઇ ગયા હોવાથી દિલ્હી શહેરે પોતાની ઉદાસીનતા દૂર કરી, અત્યારે ફરીથી પૂર્વ વૈભવનો રંગ ધારણ કર્યો હતો. વેપારી લોકોના ઉદ્યોગ ધંધા પહેલાંની માફક ચાલૂ થયા હતા. બજારો પહેલાંની માફક દમામથી ભરાવા માંડયાં હતાં અને નાચ-તમાસાઓનાં સ્થળો પણ પૂર્વવત રંગીલા-મોજીલા લોકોથી ફૂલી ગયાં હતાં. આવી રીતે શહેરે તો પોતાનો પૂર્વવૈભવ ધારણ કર્યો હતો ખરો, પણ મારાં નેત્ર વિષમય થયાં હોવાથી દિલ્હી શહેર મને રમ્ય ન જણાતાં ઉલટ અધિક ભયંકર જણાયું. જાણે કે શહેરનો દિલ્હી દરવાજો મને જોઇ મારો તિરસ્કાર કરે છે એમ મને લાગ્યું. ખરૂં જોતાં મેં પોતે કાંઇ અપરાધ કર્યો નહોતો, પરંતુ કુટુંબમાંનું એકાદું માણસ દુરાચરણી નીકળવાથી જેમ આખા

કુટુંબને કલંક લાગે છે, તેમ હું પણ કલંકિત થયો હોવાથી શહેરના મુખ્ય દરવાજાએ મારૂં સ્વાગત ન કરતાં મારો તિરસ્કાર કર્યો. મારૂં પોતાનું ઘર તો જાણે હસીને મારો ઉપહાસ કરે છે એમજ મને લાગ્યું. ભલે, કોઇ મારો તિરસ્કાર કરે કે ઉપહાસ કરે એ બાજુ લક્ષ આપવાનું મારે કારણ રહ્યું નહોતું, અને એવી બાબતોનો વિચાર કરવા માટે હૃદયમાં જગ્યા પણ નહોતી. આખું હૃદય પ્રતિહિંસાના વિચારોથી ભરાઇ ગયું હતું.

શહેરમાં આવી, ત્રણ ચાર દિવસ પછી, અમિરૂદ્દીનની એકંદર દિનચર્યા મેં મેળવી, અને તે દિશાએ મેં મારા પ્રયત્નોની હોડીનાં હલેસાં મારવાનો આરંભ કર્યો. તમારા સાંભળવામાં તો આવ્યુંજ હશે કે, દિલ્હી શહેરમાં મિજલસો અનેક છે. આ મિજલસોમાં રાત્રિના વખતે ચેન ઉડાવવા માટે અનેક શ્રીમંત લોક જાય છે. કેટલીક મિજલસો અમુક માણસો માટેજ રાખેલી હોય છે. ત્યાં એકાદ સુંદર નર્તકીનું નૃત્ય અને ગાયન થોડો વખત થતું હતું. ઉંચી જાતની અને સફેદ કેફી તમાકુના હુક્કા આ મિજલસોમાં રાખેલા હોય છે. ઉંચી જાતનું સરબત પીવા માટે રાખેલું હોય છે. પાન સોપારી વિગેરે પણ ત્યાં હોય છે. વળી, બુદ્ધિબળના જેવી રમતો રમવાની પણ વ્યવસ્થા હોય છે. દિલ્હી શહેરમાં 'દિલખૂશ' નામની મિજલસ ઘણી પ્રસિદ્ધ છે અને હોંશીલા શ્રીમંતો ઘણે ભાગે તેજ મિજલસમાં જાય છે. મારો નાનપણનો દોસ્ત–મિત્રદ્રોહી–અમિરૂદ્દીન–આજ મિજલસમાં જતો હતો. મેં પણ નવાબ પીરબક્ષના નામે આજ મિજલસમાં પ્રવેશ કર્યો. મારૂં નામ પહેલેથી જ સર્વતોમુખી થયું હોવાથી તે મિજલસમાં જતાં જ સર્વેએ મારો મોટો સત્કાર કર્યો. અમિ-

દ્દીન તે વખતે ત્યાં હાજર હતો. તેણે એકાદ સરદારના જેવો ઠાઠ કર્યો હતો, તે પરથી તુરત જ મારા લક્ષમાં આવ્યું કે, મારી સંપત્તિ દિલારાના હાથે તેના ખિસ્સામાં જઇ પડી હતી. તેના હાથની આંગળીએ એક હીરાની વીંટી ચળકતા હતી, કે જે હું દરરોજ પહેરતો હતો. મને કબરસ્થાનમાં પૂરતી વખતે હકીમે તે વીંટી વગેરે સર્વ કાઢી લઇ તે વસ્તુઓ દિલારાને સ્વાધીન કરી હતી. તે વસ્તુઓમાંની વીંટી દિલારાએ પોતાના પ્રિયકરને આપી હતી, અને તે પ્રેમની બક્ષિસ હું મારી આંખોએ અમિરૂદ્દીનના હાથમાં જોતો હતો. હા ! નસીબ ! બીજું શું ! જે કોચપર અમિરૂદ્દીન બેઠો હતો, તેની પાસેના જ એક સુંદર કોચપર હું જઇ બેઠો. અમિરૂદ્દીન મારા સામું ધારી ધારીને જોતો હતો; પણ મેં તેના તરફ ન જોયા સરખું જ કરી હુક્કો પીવાની શરૂઆત કરી. જેમને પરસ્પર ઓળખાણ હતી, તેઓ ઘણા આનંદથી ગપ્પાં મારતા બેઠા હતા. પરંતુ અમિરૂદ્દીનને કોઇ સ્નેહી સોબતી હોય એમ મને જણાયું નહિ. તે એકલોજ બેઠો હતો અને વચમાં વચમાં ખિસ્સામાંથી તપખીરની સોનાની ડાબલી કાઢી પોતે આનંદ માની લેતો હતો. હંમેશ આવનારા સઘળા ચાલી ગયા ગયા પછી થોડો સમય એક સુંદર નર્તકીનું નૃત્ય અને ગાયન થયું. પછી મિજલસ ધીમે ધીમે શાંત થતી ગઇ અને થોડાક ગૃહસ્થો ચાલ્યા પણ ગયા. લગભગ એક ઘડીમાં મેં ત્યાંના નોકર ચાકરોનું જોઇતું નિરીક્ષણ કરી લીધું અને તેમાંના કાસીમ નામના નોકરને એક પ્યાલો સરબત આણવા કહ્યું. હુકમ થતાંજ કાસીમે એક ચાંદીની તબકમાં સરબતથી ભરેલો ચાંદીનો પ્યાલો મુકી તે તબક મારી સામે હાજર કરી. સહેજ સ્મિત કરી

મેં કાસીમ સામુ જોતાં જોતાં અને સરબતનો ઘુંટડો લેતાં લેતાં તેને પૂછ્યું, " મને લાગે છે કે, તું ઘણાં વર્ષથી દિલ્હીનો રહેવાશી થયો હઇશ. "

કાસીમ નમ્રતાથી બોલ્યો, " હા, હજુર. ઘણાં વર્ષનો શેનો, મારો જન્મજ અહીં થયેલો છે."

" વાહ ! ત્યારે તો તું દિલ્હી શહેરની રજેરજ વાત જાણતો હઇશ ? "

" હા હજુર. દિલ્હી શહેરની મને સારી માહિતી છે. "

" હું ઘણાં વર્ષ ઉપર દિલ્હીમાં આવ્યો હતો. ત્યારની સ્થિતિમાં અને અત્યારની સ્થિતિમાં ઘણો ફરક પડયો છે. શહેરનો સઘળો રંગજ બદલાઇ ગયો છે. વજીરઅલ્લીખાનનું ઘર તો તું જાણતો હોઈશ. તેમનો હું પાસેનો જ સગો હોવાથી અમો બન્ને વચ્ચે ગાઢ સ્નેહ હતો. કયા રસ્તા પર તેમનું ઘર છે વારૂ ? "

" હજુર, આપતો ઘણી જૂની વાત કહો છો. વજીરઅલ્લીને મરી ગયે તો ઘણાંયે વર્ષ થઇ ગયાં ! "

હું આશ્ચર્યથી અને દુઃખથી બોલ્યો, " અરેરે ! એ તો હું જાણતોજ નથી. કયાંથી જાણું ? હું રહ્યો મુર્શીદાબાદમાં. તેમાં વળી વેપારરોજગાર માટે દેશે દેશ ફરવું પડે, એથી જાણવામાં ન પણ આવે; પરંતુ તેના છોકરાને તો જરૂર મળવું જોઇએ. તેનો છોકરો સાદતઅલ્લીખાન અત્યારે પચીસ છવીસ વર્ષનો થયો હશે નહિ વારૂ ? ઘણો હુશિયાર છોકરો છે. તે નાનો હતો ત્યારે તે મને ઘણો ગમતો હતો." તે નોકર સાથે વાત કરતાં કરતાં ધીમે રહીને હું અમિરૂદ્દીન સામું પણ જોતો હતો.

અમારો આ સંવાદ તે કાન દઇ સાંભળે છે, એ તુરતજ મારા લક્ષમાં આવ્યું.

નોકર હતાશ સ્વરે બોલ્યો "હજુર! તે પણ આ લોકનો ત્યાગ કરી ચાલ્યો ગયો. તે જીવતો હોત તો તમારો અને તેમનો આ મિજલસમાંજ મેળાપ થાત. અમારા જેવા ગરીબ લોકોને તો તેમનો ઘણો સારો આશ્રય હતો."

હું ફરી વિસ્મયતાથી બોલ્યો "હેં! સાદતઅલ્લી પણ મરી ગયો? એટલી અલ્પ વયમાં?"

"અલ્પ વય! હજુર, મૃત્યુ પાસે કયાં તેનો વિચાર છે? તેનું હથીયાર તો સર્વ પર સરખુંજ ચાલે છે. વૃદ્ધ–યુવાન, શ્રીમંત ગરીબ એનો તેની પાસે સવાલજ નથી. થોડા દિવસો પર અહીંયાં કાળા તાવનો જે કેર વર્તાઈ ગયો, તેમાં તેઓ પણ બલિ થઇ પડયા. શહેરનું એક રત્ન ગયું. ગરીબોનો બેલી ગયો. ઘણુંજ–ઘણુંજ ખોટું થયું હજુર!"

કાસીમના આ શબ્દો સાંભળી અમિરૂદીનની આંખોમાં ક્રોધની અને દ્વેષની થોડી ચમક ચમકી. હું બોલ્યો "અરેરે! ઘણુંજ ખોટું થયું. સાદતઅલ્લી પર તો મારો ઘણોજ પ્રેમ હતો. જો મેં તેને આજ મારી આંખોએ જોયો હોત, તો મને ઘણો આનંદ થાત. ખુદાની મરજી! માત્ર તેને મળવાનું જ નહોતું, પરંતુ તેની સાથે મારે થોડું કામ પણ હતું. તને કાંઇ બાલબચ્ચાં છે કે? તેની સ્ત્રી હશે?"

"હા સાહેબ, તેને સ્ત્રી પણ છે અને મરીના નામની એક નાની છોકરી પણ છે. સંભળાય છે કે બાપનાં મરી ગયા પછી તે

છોકરી પણ સુકાતી જાય છે. સ્ત્રીની તબીયત કેવી છે, તે કાંઇ જાણવામાં નથી. મોટા ઘરની વાતો અમારા જેવા કયાંથી જાણે? અલ્લા! અલ્લા!"

નિર્બોધ બિચારી બાલિકા મરીના! તેનો કાંઈ પણ અપરાધ નહોતો. તેને માટે મારો પ્રાણ ક્ષણે ક્ષણે અધિક અધિક વ્યાકુળ થતો જતો હતો. દિલ્હી શહેરમાં આવ્યા પછી તેના સમાચાર સાંભળવા માટે મારા કાન કેટલા બધા આતુર થયા હતા! તેની તબીયત સારી નથી અને તે સુકાતી જાય છે, એ સાંભળી પ્રાણ પર મોટો પથ્થર પડયો હોય તેમ લાગ્યું. હજુ બીજા ઘણા પ્રશ્નો કાસીમને પૂછી દિલારાનું રહસ્ય જાણી લેવાના પ્રયત્નો કરવાનો મારો વિચાર હતો. પરંતુ મરીના સુકાતી જાય છે એ સાંભળી મન ઘણુંજ ઉદ્વિગ્ન થયું અને મને કાંઇ સુઝયું નહિ. દોડતો ઘેર જઇ, મરીનાને હૃદય સાથે ચાંપી ઉંચકી લઉં એમ મને થઇ આવ્યું. પણ મારા ઘરમાં પ્રવેશ કરવા માટે હું સ્વતંત્ર નહોતો. દિલારા પરવાનગી આપે તોજ મારા ઘરમાં મારો પ્રવેશ થવાનો હતો. આજે મારા ઘરની માલીકણ દિલારા હતી અને હું ચોર હતો. મરીનાને આંખો ભરી જોવાનો મને અધિકાર નહોતો. કારણ હું ત્રટસ્થ હતો. હું તેનો બાપ હતો. પણ અત્યારે તેનો મેળાપ કરવા અસમર્થ છું એ વિચાર થતાંજ મન વિલક્ષણ રીતે ગુંચાવા લાગ્યું. "મરીના, મારો કાંઇજ ઉપાય નથી. હવે તો તારે માત્ર તે ખુદાના કૃપા છત્ર નીચેજ જે દિવસો જાય છે તે ગાળવા જોઇએ. પિતાનું છત્ર તો તારા પર નથીજ; પરંતુ તારી માતાની પણ તારા પર કૃપા નથી, એ ઉઘાડુંજ જણાય છે." આવા વિચારોથી મન ઘણુંજ ઉદ્વિગ્ન થઇ ગયું હતું. તે ઉદ્વિ-

ગનતા ચહેરાપર પણ દીસી આવવા સ્વાભાવિક હોવાથી, તે અમિરૂદ્દીનના જોવામાં ન આવે તેટલા માટે હું જોરથી હુક્કો પીવા લાગ્યો અને અમારી બેની વચ્ચે મેં ધુમાડાનો એક પડદો ઉભો કર્યો. હું હુક્કો પીતો હતો ત્યાં વચમાંજ અમિરૂદ્દીન નમ્રતાથી અને મધુર સ્વરે બોલ્યો, “નવાબ સાહેબ, હું વચમાં બોલું છું, તે માટે ક્ષમા કરજો. પરંતુ આપને જો હરકત ન હોય, તો આ કાસીમના કરતાં હું સાદતઅલ્લીખાનની આપને વધુ માહિતી આપી શકીશ. કારણ કે, છેક બાલ્યવસ્થાથીજ મારે તેમનો પરિચય હતો. એટલે, સાદતઅલ્લીખાનના સંબંધે મારી અજાણી એવી એક પણ બાબત નથી.”

અમિરૂદ્દીન તરફ વળી અને મારૂં મસ્તક સ્હેજ નમાવી મેં તેને સલામ કરી. પછી હસતાં હસતાં બોલ્યો, “વાહ! આપ ઘણા ભલા ગૃહસ્થ જણાઓ છો. હું આપનો આભારી છું. અકસ્માત આપનો મેળાપ થયો, એ પણ ખુદાની મહેરબાની. સાદતઅલ્લીખાનના બાપ વજીરઅલ્લીને અને મારે ઘણી સારી ઓળખાણ હતી. સાદતનો કાકો ઉસ્માનઅલ્લી મુર્શિદાબાદમાં રહેતો હતો, એ તો તમને ખબર જ હશે. તેનો અને મારો ઘણો સારો પરિચય હતો. તેમ મારે તેમની સાથે પાસેની સગાઇ પણ હતી. ઉસ્માનઅલ્લીનો છોકરો દક્ષિણની લડાઇમાં માર્યો ગયો, ત્યાર પછી તે અને હું આ દીલ્હીમાં વજીરઅલ્લી પાસે આવ્યા હતા. તેમને જ ઘેર હું પણ ઘણા દીવસ રહ્યો હતો. તે વખતે મેં સાદતને જોયો હતો. છોકરો ઘણોજ સુંદર અને હશોયાર હતો. આગળ જતાં ઉસ્માનઅલ્લી પણ મરણ પામ્યો. ત્યારથી સાદતઅલ્લીને મળવા મારૂં મન ઘણું જ ઉતાવળું થયું હતું. તેને મળવાનાં બીજાં પણ

કેટલાંક આવશ્યક કારણુ હતાં. પણ મારૂં દુર્દૈવ કે, અહીં આવતાંજ સાદતઅલ્લીના મરણુની વાત મારે કાને આવી!"

અમિરૂદ્દીન સહાનુભૂતિપૂર્વક બોલ્યો "આ દુનિયાનું નામ જ મૃત્યુલોક છે. એટલે અહીં તો એમજ ચાલવાનું."

મનમાંને મનમાં દંતઘર્ષણુ કરી હું બોલ્યો "આપ કહો છો તે ખરૂં છે. મૃત્યુલોકમાં કોઇનો પણુ ભરોસો નથી. આજ સાદત મરણુ પામ્યો, તો કાલે તમારે–મારે પણુ જવું જ પડશે. આપને કાંઇ હરકત ન હોય, તો હું આપને મારો પરિચય આપું. હું મુર્શિદાબાદમાં રહું છું અને મારૂં નામ પીરબક્ષ—" હું આગળ બોલવા જઉં છું ત્યાંજ વિલક્ષણુ આનંદ પ્રદર્શિત કરી અમિરૂદ્દીને પોતાનો હાથ આગળ કરી મારી સાથે હસ્તાંદોલન કર્યું અને હસતો હસતો બોલ્યો "ઓહોહો! હું મને મોટો ભાગ્યશાળી માનું છું કે, આજે મારે મુર્શિદાબાદના કુબેર નવાબ પીરબક્ષ સાથે ઓળખાણુ થાય છે. હું ઘણો ગરીબ છું. પણ મને આપનો વિશ્વાસુ મિત્ર માનજો. મારૂં નામ અમિરૂદ્દીન છે. હું ચિત્રશિલ્પી છું. આપ જે હુકમ ફરમાવશો તે તુરત જ તામીલ થશે."

અમિરૂદ્દીનનો હાથ પકડી હસ્તાંદોલન કર્યું ખરૂં, પણુ તે મિત્રદ્રોહીનો હાથ પકડતી વખતે અંતઃકરણમાં તો વૈરબુદ્ધિ એકદમ ઉછાળા મારવા લાગી, અને તેની ગળચી દાબવા માટે દાંત કચકચવા લાગ્યા. મહા પરાણે મેં તે વિકાર દાબી દીધા અને ચહેરાપર કૃત્રિમ હાસ્ય ઉત્પન્ન કરી કહ્યું "શરૂઆતમાંજ આપણી ઓળખાણુ થઇ એ ઘણું સારૂં થયું. આપ ચિત્રશિલ્પી છો, એમ? વાહ! ઘણું સારૂં! જો કે મને ચિત્રકલાનું કાંઈ જ્ઞાન

નથી, પણ ચિત્રો જોવાનો ઘણો શોખ છે. હું ધારૂં છું કે, થોડો શરાબ લેવાને આપને કાંઈ વાંધો નહિ હોય ?"

આમરૂદ્દીન ગાલમાં ને ગાલમાં હસી બોલ્યો, "જો કે હું કદી લેતો નથી, તો પણ આજ વળી લઇશ થોડો આપની સાથે."

હું કાસીમને શરાબ લાવવાનો હુકમ ફરમાવતો હતો ત્યાંજ કાસીમ મુજરો કરી બોલ્યો, "સાહેબ, અંદરની ઓરડીમાં સઘળી વ્યવસ્થા છે. નવાબ સાહેબે અંદર પધારવું."

કાસીમે દેખાડેલી ઓરડીમાં મખમલના એક સુંદર કોચપર અમે બન્ને જઇ બેસતાંજ, કાસીમે એક મોટી તબકમાં સુરાઇ વગેરે શરાબ પીવાનાં સાહિત્ય આણી મૂકયાં અને પછી તે તે ઓરડીમાંથી ચાલ્યો ગયો. બે ચાર ઘુંટડા અમિરૂદ્દીનના ગળા નીચે ઉતરી ગયા પછી તે મારી સાથે અષ્ટંપષ્ટં ગપ્પાં મારવા લાગ્યો. ખિસ્સામાંથી તપખીરની ભરેલી સોનાની ડબ્બી કાઢી તે તેણે મારા સામે ધરી અને બોલ્યો, "લ્યો સાહેબ, આ ઘણી સુંદર છે."

તે ડબ્બી ખુદ મારીજ હતી. જે હું રોજ વાપરતો હતો, તેજ ડબ્બી આજ અમિરૂદ્દીનના હાથમાં જોઈ અંતઃકરણ શલ્યવિદ્ધ થયું. જે તપખીર હું વાપરતો હતો તેજ તેમાં હતી. તપખીરની એક ચપટી ભરી તે સુંઘતાં સુંઘતાં મેં અમિરૂદ્દીનને કહ્યું, "તપખીર ઘણી સુંદર છે, અને આ ડબ્બીપર નકસી કામ પણ ઘણુંજ ઉત્કૃષ્ટ કર્યું છે. વારૂ, આ ડબ્બીપર આપના કુટુંબનું વંશવૃક્ષ કોતર્યું છે કે ?"

અમિરૂદ્દીનનો ચહેરો કાંઇક મલીન થયો. તે બોલ્યો, "ના.

આ વંશવૃક્ષ સાદતઅલ્લીખાનનું છે. આ ડબ્બી તે દરરોજ વાપરતો હતો. આ તાવના રોગમાં તે મરણ પામ્યા પછી તેની કેટલીક કિંમતી વસ્તુઓ તેની સ્ત્રીના હાથમાં આવી. હું સાદતઅલ્લીનો જીવજાન મિત્ર હોવાથી તેણે આ ડબ્બી અને આ વીંટી મને આપ્યાં. મિત્રના સ્મારક તરીકે આ બન્ને વસ્તુઓ હું હમેશ પાસેજ રાખું છું."

"વાહ! ત્યારે તો તેની સ્ત્રી ઘણી ગુણગ્રાહક હોય તેમ જણાય છે. યોગ્ય મનુષ્યને યોગ્યજ ભેટ તેણે આપી. તેનો સાદતઅલ્લીખાનપર ઘણો પ્રેમ હતો, ખરું ને?" બીજા બે ચાર ઘુંટડા ઉદરસ્થ થયા પછી અમિરૂદ્દીનની જીભની લગામ સહજ ઢીલી થઇ હતી. તે બોલ્યો, "સાદતઅલ્લી મારો સ્નેહી હતો એ ખરી વાત. પણ, તેનામાં કેટલાક દોષ હતા એ કબુલ કર્યા સિવાય મારાથી રહેવાતું નથી. આપ તો જાણે ઘણાજ વૃદ્ધ થયા છો, એટલે આ બાબતમાં આપની સાથે વાતચીત કરવાને કાંઇ હરકત નથી. ખરૂં પૂછો, તો એ બન્નેમાં લૌકિક પ્રેમ હતો, ખરો પ્રેમ બિલકુલજ નહોતો. દિલારા ખરેખર એ એક અપ્રતીમ સુંદર સ્ત્રી છે. તેના પ્રમાણમાં સાદતની તુલના કરતાં તો તે તેની પાસે ભૂતના જેવો દેખાતો હતો. એવા વિરુદ્ધ યુગ્મમાં પ્રેમનો પ્રવાહ કેવી રીતે વહે? સાદતઅલ્લી હંમેશાં પોતાના વહેવારમાંજ ગૂંથાયલો રહેતો હતો. તેને તેના સૌંદર્યની કિંમત નહોતી. ઘણોજ અરસિક હતો. સુંદર સ્ત્રીને આ હાથમાંથી આ હાથમાં ફૂલની માફક કેમ રમાડવી, એ તે જાણતોજ નહોતો. દિલારાનો સ્વભાવ તેથી તદ્દન ઉલટો. તે જેટલી સુંદર છે તેટલીજ રસિક છે. તેના એક શબ્દથી મુગ્ધ થાય નહિ, એવો

મનુષ્ય દુનિયામાં પણ મળશે નહિ. પણ બિચારો સાદતઅલ્લી રૂપીયાનાં વ્યાજ અને વ્યાજના રૂપીયા કરતાં કરતાં મરણ પામ્યો. ફક્ત પૈસાના ઢગલાપરજ કઈ તરૂણ અને સુંદર સ્ત્રી પ્રેમ કરે વારૂ ?"

અમિરૂદ્દીનના આ શબ્દો સાંભળતાં મારો ચહેરો તદ્દન શાંત હતો. પરંતુ અંતઃકરણમાં જે લાહ્ય સળગતી હતી, તે મનેજ માલુમ. જાણે મારૂં હૃદય કોઇ તીક્ષ્ણ છૂરીથી છિન્નવિચ્છિન્ન કરી નાખતું હોય, તેમ મને લાગ્યું. મારે સ્થળે બીજો કોઇ હોત તો તેણે આ વેષાંતર ફેંકી દઇ, અમિરૂદ્દીનની છાતીમાં છુરી ભોંકી પોતાનું ખરૂં સ્વરૂપ પ્રકટ કર્યું હોત. પરંતુ મારા વેરની કલ્પના ધ્રુવના જેવી લાંબી અને સ્થિર હોવાથી મેં એ સઘળું સહન કર્યું. મેં કહ્યું, "આપ કહો છો, એ કદાચિત ખરૂં પણ હશે. પરંતુ મેં તેને છેક ન્હા'નો હતો ત્યારે જોયો હતો; તે વખતે તો તે ઘણોજ મોહક, સુંદર અને હુંશીયાર જણાતો હતો. તેનો બાપ વચમાં વચમાં મારા પર પત્ર લખતો હતો, તેમાં પણ સાદતઅલ્લી ઘણો સદ્દવર્તની હોવાનો ઉલ્લેખ છે. તે વ્યવહારદક્ષ હતો ખરો, પણ ગરીબોપર પરોપકાર કરતાં કદાપિ પાછો નહોતો પડતો, એમ પણ મારા જાણવામાં હતું. પણ, આપના કહેવાપરથી જણાય છે કે યુવાવસ્થામાં તે બગડી ગયો, ખરૂં ને ? હશે હશે. યુવાવસ્થામાં મનુષ્યોમાં અનેક દુર્ગુણ દાખલ થાય છે. બિચારા સાદતઅલ્લીના ભાગ્યમાં તરૂણપણે અરસિકતા અને કદરૂપતા આવી લાગે છે ! મતલબ એજ કે, ક્યારે શું થશે, એનો કાંઈ નિયમ નથી એ માત્ર ખરૂં. આપ તેના મિત્ર છો; ત્યારે તો તમો તેની બધી હકીકત જાણતાજ હશો ?"

હું તો આ બધું સહજ બોલી ગયો; પણ તેમાં કાંઇ શ્લેષાર્થ છે એમ સમજવાથી આમરૂદ્દીનનો ચહેરો ઉતરી ગયો. પોતાના કથનના સમર્થન માટે તે બોલ્યો "હા, તે પરોપકારી હશે, વ્યવહારદક્ષ હશે, એક વખત તે સુસ્વરૂપ હતો એમ પણ આપણે કહી શકીએ. પણ એટલાપરથીજ હું કાંઇ એમ ન કહી શકું કે, તે એક અપ્સરા જેવી સુંદર અને રસિક સ્ત્રીને સન્માનથી કેમ રાખવી તે જાણતો હતો."

મેં અમિરૂદ્દીનને જે મદદ કરી હતી, તેનો ઉપયોગ આમ સાપને દૂધ પાવાના જેવો થયો છે, એ જોઇ મને ઘણું ખોટું લાગ્યું. મેં જેને અનેક પ્રસંગે અનેક જાતની કિંમતી મદદો કરી હતી, તેજ આજ તે સવ વિસરી જઇ કૃતઘ્નતાથી મારી નિંદા કરે છે, એ જોઈ મારૂં મન ઉદ્વિગ્ન થયું. મરવામાં અને જીવવામાં ફેર તે આ. કોઇના મરણ પાછળ, તેના નિંદકોની જીભ કેવી લાંબી થાય છે, અને તે સત્યાન્વેષણ પણ કેવું કરે છે, એ જોઇ આ સર્વની જીભ કાપી નાંખવાના વિચાર મનમાં આવવા લાગ્યા. મહા કષ્ટથી મેં તે વિચાર દાબી દીધા, અને કહ્યું. "ખરૂં ખરૂં! મનુષ્યમાં વ્યવહારદક્ષતા કરતાં રસિકતા અવશ્ય જોઇએ. આપ ઘણા રસિક જણાઓ છો. હું તો હવે વૃદ્ધ થયો છું; તો પણ તમારૂં આ કહેવું સાંભળી મને પણ રસિક થવાનું મન થયું છે. પણ હેં, સાદતઅલ્લી અકસ્માતજ મરી ગયો વારૂ?"

અમિરૂદ્દીન હવે ઘણા રંગમાં આવ્યો હતો. હું પણ જાણે ઘણા રંગમાં આવ્યો હોઉં તેમ દેખાડતો હતો. ક્ષુલ્લક કારણપર પણ અમે બન્ને જણ મોટેથી હસતા હતા. મારો ઉપરનો પ્રશ્ન

સાંભળી અમિરૂદ્દીને મારી મૃત્યુવાતો મીઠું મરચું ભભરાવી કહી. વાત કહેતાં કહેતાં તે વચમાં વચમાં મને મૂર્ખ, અધેડો, બેઅક્કલી ઠરાવવાનો પણ પ્રયત્ન કરતો હતો. તે બોલ્યો, "લોકો કહે છે કે, તે મોટો પરોપકારી હતો, પણ હું તો કહું છું કે તે મૂર્ખ હતો. એવા ભયંકર રોગના દિવસોમાં એના જેવા શ્રીમંત મનુષ્યે ફાવે તેના પ્રેતને ખાંધ આપવા માટે દોડવું, એને ડહાપણ કોણ કહે? આટલોબધો વૈભવ છતાં અંતે તે ફકીરના મઠમાં મરણ પામ્યો!"

મેં કહ્યું, "મૃત્યુ ક્યારે, ક્યાં અને કેવી રીતે આવશે, એનો કાંઈ નિયમ નથી. વારૂ, તેની સ્ત્રી તો તેની પાસે હતી ને?"

અમિરૂદ્દીન મોટેથી બોલ્યો, "ઉંહ! તે દીવાનાએ પોતાની માંદગીની કાંઈ ખબરજ તેને આપી નહિ. એ ખરૂં કે, પોતાની સ્ત્રીને તે રોગ થાય નહિ એટલા માટે તેણે એવી તજવીજ કરી; પરંતુ ખરૂં પૂછો તો, તે સ્ત્રીના સંબંધમાં ઉદાસીનજ હતો. અને જણાવ્યું હોત, તો પણ તેની સ્ત્રી દિલારા—"

"ગઇ ન હોત. નહિ?"

"કોને માલૂમ? કદાચિત ન પણ ગઈ હોત. એમાં તેનો શો દોષ? સ્ત્રી માત્ર પ્રેમની ભૂખી હોય છે. તે પ્રેમજ જયાં નહોતો ત્યાં માત્ર પત્ની તરીકે કઈ સ્ત્રી જાય?"

"વાહ! તમે જેવા રસિક છો, તેવા તત્વદર્શી પણ છો. હું ધારતો હતો કે, સાદતઅલ્લીખાન એટલો બધો અજ્ઞાન હશે નહિ. પણ હવે, તમારા કહેવાપરથી જાણ્યું કે તે દરજ્જેજ મૂર્ખ

હતો. સારૂ થયું કે તે મરી ગયો. બિચારી દિલારાનો માર્ગ પણ ખુલ્લો થયો."

મારા આ શબ્દો સાંભળી અમિરૂદ્દીન મોટેથી હસવા લાગ્યો. તે બોલ્યો, "હા, હવે આપ ખરૂ બોલ્યા. માત્ર તેની અરસિકતાને લીધેજ બિચારી તે રંગીલી સ્રીની ધૂળધાણી થઇ હતી. હવે તેના ગુણોનો વિકાસ થવા માંડશે."

અમિરૂદ્દીનનું કહેવું હું શાંતપણે સાંભળતો હતો. અંતઃકરણમાં વચ્ચેજ એકાદ વખત ક્રોધનો ઉછાળો ઉછળ્યો હતો, પણ પાછો તેને દાબી દઇ ચહેરાપરની શાંતતામાં ફેર પડવા દીધો નહોતો. હું બોલ્યો, "વારૂ, સાદતઅલ્લીને મરીના નામની છોકરી છે, તે કેવી છે? બાપના વલણપર છે કે, માના વલણપર છે? દિલારાનો તો તેનાપર ઘણો પ્રેમ હશે? કારણ કે, હવે તે છોકરી શિવાય તેને બીજું કોણ છે?"

કપાળપર આંટીયો ચઢાવી અને નાક ફુલાવી અમિરૂદ્દીન તિરસ્કારથી બોલ્યો, "અરે તે મૂઇ તો બાપની પ્રતિકૃતિ છે. માત્ર સ્વરૂપમાં જ નહિ, પણ સ્વભાવમાં પણ નાનાં છોકરાં કેવાં મોહક હોય છે? પણ, આ છોકરીમાં એવી થોડી પણ મોહકતા નથી. તેને ઉંચકી, કેડ કે ખભાપર રમાડવાનું તેની માને પણ મન થતું નથી, તો પછી બીજાની તો વાત જ દૂર રહી."

હવે તો માત્ર મન જ ઉદ્વિગ્ન થયું એમ નહિ, પણ ચહેરો પણ ઉદ્વિગ્ન થયો. મરીનાનો હમેશાં તિરસ્કાર થાય છે, એ વાત સહજ જ મારા ધ્યાનમાં આવી. તેની ગર્ભધારિણી માતા, તેના સામું મીઠી નજરે જુવે તે પણ અમિરૂદ્દીનથી સહન થતું નથીઃ દિલારાનો અને સાદતનો પતિપત્નીસંબંધ તેનાથી સહન થતો

નથી, અને તેને લીધે જ તે આ બાલિકાનો આટલો બધો દ્વેષ કરે છે, એ મેં તુરતજ જાણી લીધું. તે સુંદર નથી, તેમ તે મોહક પણ નથી! કારણ શું? તો કહે તેનો ચહેરો તેના બાપના જેવો છે! નાનાં બાળકોનો તિરસ્કાર કરવા માટે આટલું જ જો કારણ હોય તો તો, હે બાળકો! જન્મ લેતાં સાવધ રહેજો. બાપના વલણપર જશો નહિ; નહિ તો આ સમાજમાંના અમિરૂદ્દીન જેવા લોક તમારો તિરસ્કાર કર્યા શિવાય રહેશે નહિ. દૂનિયા જો એમ ઇચ્છતી હોય કે, સ્ત્રીઓને થતાં છોકરાં તેમના પતિના ચહેરાનાં ન થતાં, રસ્તે જતા ગમે તે લુચ્ચા લફંગાઓના ચહેરાનાં થાય; તો તો હે ખુદા! આ દૂનિયાનો દરિયો કરી નાંખ. કારણ કે, અમે જલચર પ્રાણીઓ થયા પછી જો એમ અવિચારે વર્તીયે, તો તે એક વખત ક્ષમ્ય પણ ગણાશે!

બે ચાર દિવસમાં જ મારો અને અમિરૂદ્દીનનો ઘાડો પરિચય થયો. તે અને હું હંમેશાં તે મિજલસમાં રાત્રે મળવા લાગ્યા. દિલ્હીમાં હું નવાબ પીરબક્ષના નામથી અત્યારે ઘણોજ પ્રસિદ્ધિમાં આવ્યો હતો. અને હું પણ તે નામને યોગ્ય એવા ઠાઠમાઠથી જ ત્યાં રહેતો હતો. પણ એકાદ દિવસે જો કોઇએ આ નવાબપીરબક્ષ રાત્રે એક બેની વચમાં શું કરે છે, તેપર નજર રાખી હોત તો આ નવાબ પીરબક્ષના પૈસાનો વહેતો ઝરો તુરતજ પૂરો થઇ ગયો હોત. રાત્રે એક વાગતાં સંધિ સાધી, હું ઘરમાંથી બહાર નિકળતો અને કબરસ્થાનમાં જઇ ત્યાંના ધનાગારમાંથી જેટલી આણી શકાય તેટલી સંપત્તિ હું મારે ઘેર આણતો હતો. મારા આ ક્રમથી આશરે સો ફેરાએ મેં ત્યાંની સઘળી સંપત્તિ મારા નવીન ઘરમાં આણી મૂકી. પ્રથમ તો મેં આ ઘર ભાડે લીધું હતું. પરંતુ

પછીથી તે વેચાતું લઇ, મેં મારી ઇચ્છા મુજબ તેમાં સુધારા કર્યા હતા. અત્યંત વિશ્વાસુ એવા બે નોકર મેં મુર્શિદાબાદથી સાથે આણ્યા હતા. વળી બીજા પણ કેટલાક નોકર દિલ્હી આવ્યા પછી રાખ્યા હતા.

અમિરૂદ્દીનનો અને મારો સ્નેહ સંબંધ જો કે ઘણો વધતો જતો હતો, તો પણ મારો તો એવો દૃઢ નિશ્ચય હતો કે સાદતઅલ્લીના સંબંધમાં મારે મારી મેળે તેને કાંઈ પણ પૂછવું નહિ. પરંતુ, મારી આ મુગ્ધતા દૂર કરવા માટે સાદતઅલ્લીનો વિષય જ સારો ઉપયોગી થઇ પડે છે, એ વાત અમિરૂદ્દીનના ધ્યાનમાં આવ્યા પછી તે જ્યારે પણ મળતો, ત્યારે સાદતઅલ્લીની જ વાતો નિકળતી હતી. એક વખત મિજલસમાં રોજની પેઠે જઇ બેઠા પછી થોડીવારે મેં બોલાવેલો નહિ છતાં પણ અમિરૂદ્દીન મારી પાસે આવી બેઠો અને તેણે સાદતઅલ્લી સંબંધમાં ગપ્પાં મારવાનો આરંભ કર્યો. અમિરૂદ્દીનનો રોજનો આવોજ ક્રમ હતો. પોતાની પાસે બેઠેલ બહુરૂપી સાદતઅલ્લીખાન પોતે જ છે, એ જો તેના જાણવામાં આવ્યું હોત તો ?—પરંતુ તેમ ન થાય તે માટે હું ઘણી જ વિલક્ષણ કાળજી રાખતો હતો. અત્યારે તેણે વાતની શરૂઆત કરતાં જ સાદતઅલ્લીના કેટલાક દોષોનો વિષય ઉપાડયો. મેં હસતાં હસતાં કહ્યું, “ ખાન સાદતઅલ્લીમાં ગમે તેટલા દોષ હતા, તો પણ તે તમને ઘણો ગમતો હતો એમ જણાય છે. ગમે તેમ પણ બન્ને સ્નેહીજ હતા. ”

અમિરૂદ્દીન મોટેથી હસીને બોલ્યો, “ નવાબ સાહેબ, હું આપની પાસે શામાટે વારૂ ચોરી રાખું ? ખરૂં કહું તો તેની

સાથેનો મારો સઘળો સ્નેહ સ્વાર્થી દષ્ટિનો હતો. હું ગરીબ, તે શ્રીમંત, એટલે તેની સાથે મીઠું મીઠું બોલી દિવસો ગાળવાની મારે જરૂર હતી. હું તેની પાસે મારી થોડી અડચણ દેખાડતો કે, તે મારી ચિત્રશાળામાં આવતો, અને તેને પસંદગીનાં ચિત્રો દેખાડતાં તે મોંમાગી કિંમતે ખુશીથી વેચાતાં લેતો. વારૂ, એવા ભોળા ઘરાક સાથે તે કોણ સંબંધ ન રાખે ? ”

“ તમારૂં કહેવું ખરૂં છે. જેને સંસાર ચલાવવો છે, તેણે એવી રીતે જ વર્તવું જોઇએ. પણ મારૂં ધારવું એમ છે કે, નાનપણમાં તમારા મનમાં આ સ્વાર્થબુદ્ધિ નહિ હોય. તે વખતનો જે સ્નેહ હશે તે ખરોજ સ્નેહ હશે.”

“ નાનપણમાં જ શું ? પણ તેનાં લગ્ન થતાં સુધી મારો અને તેનો ખરો સ્નેહ હતો. લગ્ન થયા પછી તે સ્નેહમાં કૃત્રિમતા આવતી ગઇ.”

“ત્યારે તો, તમો બન્નેનો સ્નેહ દિલારાએ જ તોડયો, એમ કહોને ! કેમ ખરૂં ને ? ”

અમિરૂદ્દીનનો ચહેરો લજ્જાથી કાંઇક મ્લાન થયો. તે બોલ્યો, “ લગ્ન થયા પછી તેના સ્વભાવમાં ધીમે ધીમે ફરક પડતો ગયો હતો. ”

“ વહેમનો હશે ? વારૂ ભલે. ચાલો આજ લગાર બહાર ફરવા જઇએ. બહાર સુંદર ચાંદની ખીલી રહી છે. રાત્રે જો કોઇ મારી સાથે હોતું નથી, તો હું બહાર નીકળતો નથી. આવી વૃદ્ધાવસ્થામાં પણ તમારા જેવા સ્નેહી સોબતી વાતો કરવા મળે એ પણ ભાગ્ય જ છે. ”

અમિરૂદ્દીને સહેજ હસી, ડોકું હલાવ્યું અને થોડોક શરાબ વગેરે લીધા પછી અમે બન્ને મિજલસની બહાર નીકળ્યા. વાતો કરતા કરતા અમે રસ્તે ચાલ્યા જતા હતા. મેં અમિરૂદ્દીનને કહ્યું, " હવે મને આ શહેરમાં કાંઇ ગમતું નથી. મારી યુવાવસ્થામાં હું બે ચાર વખત આવ્યો હતો, ત્યારે કેવી મઝા આવી હતી. તે વખતના સ્નેહી સોબતી કોઇ પણ બાકી રહ્યા ન હોવાથી મને કાંઇ જ ગમતું નથી. તમે મળી ગયા એ ઠીક થયું. નહિ તો હું કયારનોયે આ શહેરમાંથી ચાલ્યો ગયો હોત. તમારો સ્વભાવ પણ દિલદાર છે. તેમાં પણ વળી ચિત્રકાર છો એટલે વધૂ માનનીય. એથી આપણી દોસ્તી કાંઇ જલદીથી તૂટવાની નથી. એકાદ દિવસ હું જરૂર તમારી ચિત્રશાળા જોવા આવીશ અને મને પસંદ આવશે તે તસબીર હું વેચાતી પણ લઇશ. વળી એ પણ એક સમાધાનની વાત છે કે, તમારી સાદતઅલ્લીખાનના ઘરમાં સારી ઓળખાણ છે."

અમિરૂદ્દીન કૃત્રિમ ભાવે બોલ્યો, "આપ નક્કામાં મારાં વખાણ કરો છો. મારી ચિત્રશાળા એ કાંઇ બહુ જોવા જેવી નથી. છતાં જો જોવાની આપ તસ્દી લેશો તો હું મને ધન્ય માનીશ. ખરૂં પૂછો તો, આ ચિત્રશાળા મેં એક નામ ખાતરજ રાખી છે. ધંધા તરીકે એમાં કાંઇ મોટી પ્રાપ્તિ નથી. થોડાક મહિનામાં હું તે બંધ જ કરવાનો છું."

અમિરૂદ્દીન હવે ઘણા રંગમાં આવ્યો હતો. મેં તેને કહ્યું, "બીજો કાંઇ વધૂ ફાયદાકારક ધંધો તમે ખોળી કાઢયો હોય તેમ જણાય છે ?"

"નહિ રે નહિ ! ધંધો વગેરે કાંઇજ નહિ. પરંતુ એક

શ્રીમંત સ્ત્રી સાથે મારાં લગ્ન થવાનાં છે. મારાં તેની સાથે લગ્ન થયાં એટલે હું શ્રીમંત થવાનો."

મેં હસતાં હસતાં તેના ખભાપર હાથ મૂકી કહ્યું, "વાહ! ત્યારે તો તમે જલદીથી નગરશેઠ થવાના હો કે? ભલે. ખુદાની કૃપાથી એમ જલદીથી બનો." મેં આ શબ્દો ઉચાર્યા ખરા; પરંતુ તેમાં ઘૃણાવ્યંજક સ્વરનું મિશ્રણ મારી અજાણમાં પણ થયા શિવાય રહ્યું નહિ. અમિરૂદ્દીન રંગમાં આવેલો હોવાથી તેના ધ્યાનમાં પણ તે આવ્યું નહિ. દિલ્હી આવ્યા પછી હું જે નવા ઘરમાં રહેતો હતો, તેજ ઘર તરફ અમે બન્ને ચાલ્યા જતા હતા. મારૂં ઘર પાસે આવ્યું એટલે મેં અમિરૂદ્દીનને કહ્યું, "ચાલો, આપણે ઘરમાંજ બેસીને વાતો કરીએ. થોડો મારે ત્યાંનો 'મીઠું રોટલો' પણ ચાખી લો. આજ તમે ઘેર જમવા ન જાઓ, તો તેને માટે તમારે ઘેર ખબર કહાવવી જોઇશે કે?"

અમિરૂદ્દીન હસીને બોલ્યો, "મારે ઘેર કોઇ જ નથી. એટલે ખબર કહાવવાનું કાંઇ કારણ નથી."

ઘરમાં જઇ એક કરતાં એક સુંદર એવાં દિવાનખાનાંમાંથી જ્યારે હું તેને લઇ જવા લાગ્યો, ત્યારે તે આશ્ચર્યથી છક્ક થઇ ગયેલો મારી નજરે પડયો. સાદતઅલ્લીખાન કરતાં પણ આ સ્વારી શ્રીમંત, વૈભવશાલી અને હોંશીલી છે એ તેના લક્ષમાં આવ્યા શિવાય રહ્યું નહિ. અમે બન્ને ઉપાહારના દિવાનખાનામાં જઇ બેઠા પછી નોકરોએ ઉંચા શરાબની ચાંદીની સુરઇ અને સોનાના પ્યાલા અમારી પાસે લાવી મૂકયા. એક જણે ઉત્કૃષ્ટ હુક્કો પણ આણી મૂકયો. માથાપર લટકાવેલા વાળાના પંખા પણ ચાલુ

થયા અને સુવાસિક પવનની લહેરો અમારાં શરીર પરથી વહન થતાં અમે બન્નેએ મદ્ય પીવાનો આરંભ કર્યો. આવો ઉંચો મદ્ય અમિરૂદ્દીનના ઓઠને તે દિવસે પ્રથમ જ અડકેલો હોવાથી તેનો ચહેરો એકદમ પ્રફુલ્લિત થઇ ગયો. જે અમિરૂદ્દીને મારૂં કાળજું ચીરી નાંખ્યું હતું, જે માત્ર મિત્રદ્રોહ કરીને જ અટકયો નહોતો, પરંતુ મારા હૃદયસર્વસ્વપર હલ્લો કરી જેણે મને દુનિયાની બહાર કાઢી મૂકયો હતો, તે અમિરૂદ્દીન અત્યારે મારી સામે જ બેઠો હતો. એક નિમિષાર્ધમાં મેં તેની છાતીમાં તીક્ષ્ણ ધારવાળી છરી ભોંકી દીધી હોત. મારા એક શત્રુને સહેજ પણ બૂમાટા વિના મેં આ દુનિયામાંથી દૂર કર્યો હોત: પણ, પ્રતિહિંસાની આ કલ્પના મને પસંદ નહોતી. વેર વાળવું ખરૂં, પણ તે બરોબર યોગ્ય એવા માર્ગે જ વાળવું જોઇએ, એવો મારો દૃઢ નિશ્ચય હતો. મારી વેરની કલ્પના એવી હતી કે, પ્રત્યેક ક્ષણે કૃતકર્મના પશ્ચાત્તાપથી જીવ બળી જઇ શરીરની હોળી થવી જોઇએ; અને તેથી જ હું અત્યારે તેની સાથે તદ્દન શાંતવૃત્તિથી વર્તતો હતો. અમિરૂદ્દીન ઘણા રંગમાં આવ્યો. તે પછી મેં તેને કહ્યું, " તે શ્રીમંત સ્ત્રી સાથે તમારાં લગ્ન થાય અને તમો ગૃહસ્થાશ્રમી થાઓ, ત્યાર પછી તે સુંદર સ્ત્રીના હાથનું ભાવતું ભોજન આપવાને મને ભૂલશો નહિ હો કે ? "

હસતાં હસતાં અમિરૂદ્દીન બોલ્યો, " અરે તે વખતે આપને તો હું કદાપિ ભૂલીશ નહિ. હા, માત્ર આપ તે વખતે અહીં હોવા જોઇએ. "

" હવે કાંઇ હું આ દિલ્હી જલદી છોડું તેમ જણાતું નથી.

અહિં આવ્યા પછી પાંચ પચાસ લાખનું ઝવેરાત તો ખપાવવું જોઇએ. પણ, વારૂ, તમે તમારાં લગ્ન કેમ એટલાં બધાં મોડાં રાખ્યાં છે ?"

"માત્ર લોકનિંદા માટે. તે સ્ત્રીને હજુ બીજા બે મહિના પણ સુતક પાળવું જરૂરનું હોવાથી વહેલાં લગ્ન કરી શકાય તેમ નથી."

મેં હસતાં હસતાં કહ્યું, "હાં, સમજયો. આ લગ્ન સાદત-અલ્લીની સ્ત્રી સાથે થવાનાં જણાય છે, ખરૂં ને ? વાહ, તમે ઘણા નસીબદાર જણાઓ છો."

"હા. નસીબદાર તો ખરો જ. પણ માત્ર સંપત્તિની નજ-રેથી જ આપ મારા નસીબનાં વજનમાપ કરશો નહિ. મુખ્ય બાબત એ લક્ષમાં રાખવાની છે કે, એક સુંદર અને રસિક સ્ત્રી સાથે હું લગ્ન કરવાનો છું. વારૂ, આપે ઘણા દેશ જોયાનું કહો છો તો, આપ એ કહી શકશો કે, કયા દેશની સ્ત્રીઓ વિશેષ સુંદર હોય છે?"

હું મોટેથી હસી પછી બોલ્યો, "દોસ્ત, ખરૂં પૂછો, તો આ પ્રશ્નનો ઉત્તર આપવાની મારી યોગ્યતા જ નથી. આ વેપાર ધંધાને લીધે મને સ્ત્રીઓના ચહેરા સામું જોવાની ફુરસદ જ મળતી નથી. મને સાંભરે છે, ત્યારથી તો હું પૈસા પાછળ જ દોડતો સાંભરૂં છું. વળી સાંસારિક સુખના મૂળમાં પૈસા જ મુખ્ય છે. એટલા સારૂ એક વખત તે હસ્તગત કર્યા પછી અત્યંત સુંદર સ્ત્રી વેચાતી લાવવાને કેટલી વાર ? આ હેતુથી જ હું આ મૂળ આધાર—પૈસા—ની પાછળ પડયો. એ પૈસાની પાછળ દોડતાં દોડતાં મારી યુવાવસ્થા કયારે ચાલી ગઇ એનો પત્તો

પણ મને લાગ્યો નહિ. જે ઇચ્છા યુવાવસ્થામાં થઇ નહિ, તે હવે આ વૃદ્ધાવસ્થામાં કયાંથી થાય ? ખુદાના ચિંતનમાં ગાળવાની આ ઉમ્મર છે, એટલે હવે તો તેવીજ રીતે દિવસો જાય એટલે થયું."

મારૂં આ કથન સાંભળી અમીરૂદ્દીનને હસવું આવ્યું. તે બોલ્યો, "આપનું કહેવું સાંભળી મને સાદતઅલ્લીખાન સાંભરી આવે છે. લગ્ન થતાં પહેલાં તે પણ આવાં જ વેદાંતનાં ગપ્પાં મારતો હતો. પરંતુ, તેના ઘરમાં દિલારાનું આગમન થતાં જ તેનો સ્વભાવ એકાએક બદલાઇ ગયો."

હું આશ્ચર્યથી બોલ્યો, "શું દિલારા એટલી બધી સુંદર છે ? સાદતની શી એવી ગાંડા જેવી સ્થિતિ થઇ ?"

"અરે, માત્ર સુંદર જ શું, પણ તેના ચહેરામાં એવું એક જાદુ છે કે તે પોતાનાં તીક્ષ્ણ નેત્રો જેનાપર નાંખે, તે તેનો દાસાનુદાસ થયો જ જાણી લેવો. સાદતઅલ્લી સમજતો હતો કે, પૈસાથી સર્વ કાંઇ થઇ શકે છે. પણ દિલારાનો મેળાપ થયા પછી તેનો એ ભ્રમ દૂર થયો. દિલારાએ જ ઉલટો પોતાના દૃષ્ટિપાતથી તેને સર્વાંશે વેચાતો લીધો હતો. સ્ત્રીઓ પૈસાની લોભીયણ નથી હોતી એમ કાંઇ નથી. પરંતુ કેટલીક સ્ત્રીઓ એટલી બધી સુંદર હોય છે કે, તે પૈસાસહિત પુરુષોને વેચાતા લે છે."

"વાહ ! વાહ ! સૌંદર્યનો મહિમા એટલો બધો વિલક્ષણ છે ? પણ, વારૂ સૌંદર્ય અને પ્રેમ એ બન્ને વસ્તુઓ જૂદી હશે ને ? સૌંદર્ય એટલે પ્રેમ નહિ, એટલું તો જાણે ખરૂં. પૈસો એટલે પણ પ્રેમ નહિ. ઇશ્વર જાણે સૌંદર્ય અને પ્રેમ એકજ કે

જૂઠાં જૂઠાં ! મેં તો એનો કદાપિ વિચાર જ કર્યો નથી, અને અત્યારે વિચાર કરવાની ઉમ્મર પણ નથી. અરેરે ! મેં મારૂં તારુણ્ય વૃથા ગુમાવ્યું. ઘણોજ અરસિક રહ્યો."

"પણ, હું નથી ધારતો કે એટલા બધા નિરાશ થવા જેવી આપની ઉમ્મર થઇ છે." આમ કહી અમીરુદ્દીન મોટેથી હસવા લાગ્યો. હું પણ હસવા લાગ્યો. અમીરુદ્દીન આગળ બોલ્યો, "આપ કદાચિત્ સૌંદર્યના ઉપાસક નહિ હો, પણ સુંદર સ્ત્રીનું દર્શન કરવાની આપને કાંઇ હરકત નથી. સાદતઅલ્લીના કુટુંબ સાથે આપનો સંબંધ તો છેજ. એટલે એક વખત આવી આપ દિલારામનો મેળાપ કરો. એક વખત પણ તેને મળ્યા વિના આપનાથી કાંઇ મુર્શિદાબાદ પાછા જવાશે નહિ."

હું આગ્રહહીન સ્વરે બોલ્યો, "શોકસાંત્વન માટે તેનો મેળાપ કરવો એ મારૂં કર્તવ્ય છે ખરૂં, પણ પરસ્ત્રી સાથે મેળાપ કરવો એ મને પ્રાણસંકટ જેવું લાગે છે. વળી મેં એમ પણ સાંભળ્યું છે કે, તે પોતાના પતિનું સુતક બરોબર શાસ્ત્ર મુજબ પાળે છે; આથી તેનાં પરિચિત માણસોને પણ તેનો મેળાપ થતો નથી. અને હું તો રહ્યો અપરિચિત."

"એવું કાંઈ પણ નથી. વળી આપ તો તેના જ કુટુંબમાંના એક છો. તેને અને આપને ઓળખાણ નથી તેથી શું થયું ? આપની મુલાકાતથી તેને ખરેખર, ઘણું સમાધાન થશે. અને આપના જેવા ગૃહસ્થની ઉપેક્ષા કરે, એટલી બધી તે કાંઇ દુઃખમાં બૂડી ગઇ નથી."

"એટલી બધી દુઃખમાં બૂડી નથી વારૂ ?"

"નવાબ સાહેબ, તેના જેવી સુંદર સ્ત્રી—તેમાં પણ તરુણ—સમાજમાંની એવી રૂઢિની બલિ થઇ પડે નહિ અદ્વિતીય સુંદર સ્ત્રીઓનો જન્મ મૂળમાં જ બીજાઓને આનંદ આપવા માટે હોય છે. એવી સ્ત્રીઓ પોતાના મૃત માણસો માટે દુઃખ કરવાનો વિચાર કરે, તો પણ તેમ કરવાને તેમને અવકાશ નથી હોતો. દિલારા જેવી સુંદર સ્ત્રી તે મૂર્ખ સાદ 'અલ્લા માટે અશ્રુપાન કરી પોતાના સૌંદર્યમાં સહેજ પણ ઉણપ આવવા દેવાની નહિ."

મૂર્ખ કહે, ગાળો દે, ગમે તે કર. કારણ કે, મરણ પામેલાની નિંદા કરવા માટે કોઇની પણ જીભમાં હાડકું રહેતું નથી. તો પછી અમીરૂદ્દીન જેવા લુચ્ચા મરી નિંદા કરે એમાં શું બહુ મોટું આશ્ચર્ય? મેં કહ્યું, "તમે કહો છો તે ખરું, પણ મુલાકાતનો એ મોબદલો દિલારા તરફથી તરુણોને મળે. હું તો વૃદ્ધ અને વળી કુરૂપ. એટલે, મને જોઇને ઉલટ તેને સાહજિક જ સાદત સાંભરી આવશે અને તેથી હું નિષ્કારણ તેના ક્રોધને પાત્ર થઇ પડીશ."

"ઉંહ! આપ નકામી એવી શંકા રાખો છો. આપ કુરૂપ શેના? ઉલટા આપ તો હજારો પુરુષોમાંથી જુદા પડી આવો એવા સુંદર છો. આપના વાળ પાકી જઇ ધોળા થયા છે ખરા; પણ ચ્હેરાપરનું તેજ તો યુવાનોને પણ શરમાવે તેવું છે. અહ, આપ ભર યુવાવસ્થામાં ઘણા જ સુંદર દેખાતા હશો. મને આશ્ચર્ય એ થાય છે કે, આપ જે દેશમાં રહો છો, તે દેશની સ્ત્રીયોને આંખો નથી કે શું?'

મેં હસતાં હસતાં કહ્યું, "વાહ! ત્યાંની સ્ત્રીયોને આંખો

નથી એમ કેમ કહી શકાય? પણ તેમની આંખો સામે મેં જોયું હોય તો ને? અને હું પૈસાની પાછળ દોડું કે તેમના સૌંદર્ય પાછળ દોડું? અર્થાત્ એ સરતમાં હું ગયો આગળ અને તેઓ પડી પાછળ. તેમનો અને મારો જો કદી મેળાપ જ થયો નથી, તો પછી તેમની આંખો મને દેખાય કેવી રીતે અને મારો ચહેરો તેમને દેખાય કેવી રીતે? હવે તો આ વૃદ્ધાવસ્થામાં હું જ તે સરતમાં તેમની પાછળ પડી ગયો છું. ક્ષીણ દષ્ટિ, વૃદ્ધ, હવે તેઓ આ બિચારા ડોસા સામું શા સારૂ પાછું વળી જુએ?"

મારૂં આ ભાષણ સાંભળી અમિરૂદ્દીન ખોંખોં કરી હસવા લાગ્યો. પોતાનું હસવું ખાળી તે બોલ્યો, "સાદતઅલ્લીના વિચાર અને આપના વિચાર બરાબર એકસરખા મળતા આવે છે. એ પરથી અનુમાન થાય છે કે, પૈસા પાછળ દોડનારાં માણસો સરખાજ સ્વભાવનાં હોય છે. તે પણ શરીરમાં તમારા જેવોજ હૃષ્ટપુષ્ટ હતો. ઉંચો પણ તમારાજ જેવડો, ગોરો પણ તમારાજ સરખો—"

હું વચમાંજ બોલ્યો, "પણ તે મારા જેટલો કદ્રૂપો નહોતો, નહિ?"

"નવાબ સાહેબને કદ્રૂપ કોણ કહે? સૌંદર્યની બાબતમાં સાદતઅલ્લી તમારી જોડમાં પણ બેસવા લાયક નહોતો. આપ ખરેખર કામદેવના પુતળા જેવા જણાઓ છો. સ્હેજ વૃદ્ધાવસ્થાની છટા છે, એટલું જ"

"હા; પણ એ છટા જ ખરાબ. તરૂણ સ્ત્રી એક વખત કદ્રૂપા યુવાનને પસંદ કરશે, પણ સુંદર વૃદ્ધને તો તે ઘરમાં પણ પેસવા દેશે નહિ."

બન્ને જણ હસવા લાગ્યા. એટલામાં રસોઇયાએ બે ટાટ જુદા જુદા ખાદ્ય–પેય પદાર્થો પીરસી અમો બન્ને સામે મુકયા. તે સુંદર પદાર્થોપર હાથ મારતી વખતે અમિરૂદ્દીન વિશેષ કાંઇ બોલ્યો નહિ. જમી રહ્યા પછી પાન બીડી ખાતાં તે બોલ્યો "ત્યારે શું આપ દિલારાની મુલાકાત નહિ લ્યો ? આપનો એવો નિશ્ચય—"

હું વચમાંજ બોલ્યો, "અંહં ! એવું કાંઇ નથી. આપનો પરિચય થયો ન હોત, તો કદાચિત્ મેં તેનો મેળાપ લીધો હોત. પણ તેને અને તમારે ઓળખાણુ હોવાથી હવે હું મારૂં કામ તમારી જ મારફતે સાધી લઇશ."

મારા આ શબ્દો સાંભળી અમિરૂદ્દીનનો ચહેરો જિજ્ઞાસાથી ઘણો વિલક્ષણ આતુર થયો. તે ઝીણા સ્વરે બોલ્યો, "નવાબ સાહેબને મારો કાંઇ ઉપયોગ થયો છે, એ સાંભળી મને આનંદ થાય છે. હું આપનો આજ્ઞાધારક છું. મને ગમે તે આજ્ઞા કરવી."

કૃત્રિમ સ્નેહથી મેં તેનો હાથ પકડી કહ્યું, "દોસ્ત, એમ ન કહો તમને તો હું મારા ખરા મિત્ર સમજું છું. અને એજ સંબંધથી હું તમને મારૂં કાંઇક કામ સોંપવાનો છું. વારૂ તમારો અને દિલારાનો કાલ સવારે મેળાપ થશે ને ?"

મારા આ પ્રશ્નનો જવાબ જોઇએ તેટલો જલદીથી મળ્યો નહિ. અમિરૂદ્દીનનો ચહેરો લજ્જાથી મ્લાન થયો, છતાં, નિર્લજ્જ તે બોલ્યો, "હા. કાલે સવારે તો થશેજ; પણ આજ રાત્રે પણ કાંઇક કારણ માટે હું તેના મુલાકાતે જવાનો છું. તો આપને તેને કાંઇ સંદેશો જણાવવાનો હશે તો જરૂર હું જણાવીશ."

"વાહ ! હું આપનો ઘણોજ આભારી છું. સાદતના બાપનો અને મારો ઘણો પરિચય હતો એ મેં આપને કહ્યું છેજ. અમો બન્નેનો ધંધો પણ એકજ હતો. તેમની પેઢીપર મારી હુંડીઓ વટાવાતી હતી અને મારી પેઢીપર તેમની વટાવાતી હતી. એક વખત વેપારી લોકોએ મારી પરીક્ષા જોવા માટે લાખો રૂપીયાની હુંડીઓ એક જ વખતે મારા પર લાગુ પાડી. તે વખતે મારી આબરૂ સાદતના બાપે રાખી. તેના આ ઉપકારનો બદલો વાળી છુટા થવા માટે ઘણાં ઉંચાં અને જવલ્લેજ હાથમાં આવે તેવાં ઉત્કૃષ્ટ મોતીનો એક કંઠો મેં તૈયાર કરી રાખ્યો. દિલ્હી જઇશ ત્યારે તેને આપીશ આવો મારો વિચાર હતો. પરંતુ આગળ જતાં તે મરણ પામ્યો; પછી સાદતઅલ્લાને આપવાનો વિચાર ઠરાવ્યો પણ દુર્દૈવ મારૂં કે, અહીં આવ્યા પછી તે પણ મરણ પામેલો મારા જાણવામાં આવ્યું. એટલે હવે, તે કંઠો દિલારાને આપવો આવી મારી ઇચ્છા છે. મુજ ગરીબની એ ભેટ તે સ્વીકારે એવી આપ ખટપટ કરો, તો ઘણો જ ઉપકાર થશે."

અમિરૂદ્દીનનો મ્લાન ચહેરો હર્ષભરિત થતો ચાલ્યો હતો. તે બોલ્યો, "સાહેબનું એ કાર્ય હું ઘણા આનંદથી કરીશ. હું ધારૂં છું કે દિલારા આપનો એ અલંકાર અવશ્ય સ્વીકારશે. સુંદર અને રસિક સ્ત્રીઓને સ્વાભાવિક જ અલંકારનો શોખ હોય છે. ઠીક, ત્યારે સલામ."

આમ કહી અમિરૂદ્દીન નમીને સલામ કરી અને તે ઘરની બહાર નીકળ્યો. તે કઇ દિશાએ જાય છે એ મેં ખાસ કરીને મારા મેડાની બારીમાંથી જોયું. નિર્લજ્જ, મારાજ ઘરની દિશામાં

જતો મને સ્પષ્ટ જણાયો. જા, અમિરૂદ્દીન, નિશંક મને જા! પણ સંભાળજે! સાદતઅલ્લીનું ભૂત હવે તારી પાછળ છાયા માફક લાગ્યું છે. હજુ થોડા દિવસ તે સ્વપ્ન રાજ્યમાં મોજ માણ. પણ ધ્યાનમાં રાખજે કે જેની દયાની ભિક્ષાથી ઉન્મત્ત થઇ તું તે સ્વપ્ન રાજ્યમાં વિહરે છે, તેના પેટમાં હવે દયા નથી. હૃદયમાંની દયાની બધી જગા હવે પ્રતિહિંસાએ સ્વાધીન કરી લીધી છે. જે અંતઃકરણમાં દયા—દાક્ષિણ્યના વિચાર ઘોળાતા હતા, ત્યાં અત્યારે વેરના ઝેરી રોપા ઉગ્યા છે. અમિરૂદ્દીન, મને ખરેખર ક્ષમા કરી હોત, તારાપર રહેમ કરી હોત; પણ નહિ! તું ક્ષમાને પાત્ર જ નથી. તે કાળસર્પિણીના ભુજંગના જેવા ઝેરી બાહુપાશમાં સપડાઇ જઇ તું મનુષ્યત્વથી રહિત થયો છું, આટલુંજ મારી નજરે આવ્યું હોત, તો જરૂર મેં તારી ઉપર દયા કરી હોત. પણ તું તો મારૂંજ અન્ન ખાઇ મારાપર ઉલટયો છું. સાદતઅલ્લીખાનને અક્કલ નહોતી, તે ભૂતના જેવો કદ્રૂપો હતો, તે દિલારાને સારી રીતે રાખતો નહતો, વગેરે વગેરે જે આરોપ તેં મારા પર મૂક્યા અને મને તારા ખરા સ્વભાવની ઓળખ કરાવી, તે પરથી તો, નરક કરતાં પણ ભયંકર જગાએ તારી રવાનગી કરવી જોઇએ. પરમેશ્વરનો પવિત્ર હાથ તે કાર્યને અડકવો ન જોઇએ, અને એટલા માટે ખુદાએ તે કાર્ય મને સોંપેલું છે અને તેની જ પ્રેરણાથી તે પુરૂં થશે.

પ્રકરણ ૭.

જાળ પથરાઇ.

બીજે દિવસે સવારે સાત આઠ વાગતાના સુમારે રોજની પેઠે હું નાસ્તો કરતો હતો, તે વખતે બહાર અમિરૂદ્દીન આવ્યાનું મારા નોકરે મને જણાવ્યું. અમિરૂદ્દીનને ઉપાહાર ગૃહમાં લાવવાનું નોકરને કહી હું તેની વાટ જોવા લાગ્યો. આટલી સવારે તે આવશે, આવી મને કલ્પના પણ નહોતી. પણ તે આવ્યો એપરથી એટલું તો મારા સમજવામાં આવી ગયું કે, લગાડેલી લાલચનું બન્નેપર પરિણામ સારૂં થયું છે. તુરત જ અમિરૂદ્દીન અંદર આવી દાખલ થયો. તેનો ચહેરો પ્રફુલ્લિત હતો, અને તેણે સલામ પણ તેજ ભાવથી કરી. મ્હેં પણ સહેજ ડોકું નમાવી તેની સલામનો સ્વીકાર કર્યો અને તેને બેસવા માટે આસન આપ્યું. હું હસતાં હસતાં બોલ્યો, "ઘણા આનંદની વાત છે કે, આજ સવારમાં જ આપનું દર્શન થયું. થોડોક ઉપાહાર કરશો ?"

મેં જો કે વૃદ્ધનો વેષ લીધો હતો ખરો, પણ યુવાવસ્થામાંની કેટલીક ટેવો તેવી જ કાયમ હતી. સવારમાં ઉપાહાર કરવાની મને નાનપણમાંથી જ ટેવ હતી. અને તે વખતે જે પદાર્થ હું ખાતો હતો, તેમાં કાંઇ ફેર બદલ કરી ન હોવાથી અત્યારે પણ તેજ પદાર્થ મારા ટાટમાં હતા; અમિરૂદ્દીનના મગજમાં જો થોડી પણ અક્કલ હોત, તો માત્ર તે પદાર્થપરથીજ તેણે સાદત[illegible]આના પિશાચની શોધ કરી નાંખી હોત. તે બોલ્યો, "હું આપના ઉપાહાર-સમયે જ આવ્યો એ માટે મને માફ કરજો. અત્યારે હું

કાંઈ આવવાનો નહોતો. પણ શું કરૂં ? દિલારાનો શબ્દ પાછો ન વાળી શકાયો. સુંદર સ્ત્રીનો કોણ બંદો ન થાય ?"

મેં હસતાં હસતાં કહ્યું, "મારા જેવો અરસિક હશે તે. પણ તમે થોડોક ઉપાહાર કરશો ?"

"ના. મને અત્યારે ખાવાની ટેવ નથી. હું તો સવારે માત્ર કાવોજ લઉં છું અને તે પણ અત્યારે લઇને આવ્યો છું."

"નહિ તો આજનો ઉપાહાર પણ કાંઇ સારો થયો નથી. મને કવાબ અને કચોરી ઘણી ભાવે છે. પણ રસોઇઆએ આજ વળી કાંઇ બીજુંજ કર્યું છે. એકાદ સારો રસોઇઓ મને મેળવી આપશો?"

"હા, ઘણા આનંદથી. એક છે રસોઇયો, ઘણો સારો છે. પણ તે તેટલોજ અવિશ્વાસી છે. પહેલાં તે સાદતઅલ્લીખાન પાસે હતો, અને તેનો તે ઘણો વિશ્વાસુ હતો. સાદતઅલ્લી કેવો મૂર્ખ હતો, એ હવે તમે જ જુઓ. સાદતઅલ્લી મરી ગયા પછી તે રસોઇઆયે એક દિવસે સમય જોઇ ઘરમાંનું ઝવેરાત ચોર્યું. પછી તેને પકડી કચેરીમાં લઇ જવામાં આવ્યો. અમે સર્વે ધારતા હતા કે, તેને સારી શિક્ષા થશે. પણ તેણે સાદતઅલ્લીના હાથનો એક કાગળ ન્યાયાધીશના હાથમાં આપતાં જ ન્યાયાધીશે તેને છોડી દીધો અને તે ઝવેરાત પણ તેને આપી દીધું. વારૂ, તે રસોઇયો પણ એવો મૂર્ખ કે, તે બધી સંપત્તિ ખર્ચી નાંખી, તેણે સાદતઅલ્લીના સ્મરણ માટે દિલ્હી શહેરની બહાર ઉત્તર દિશાએ મોટો બાગ તૈયાર કરી તેમાં એક મુસાફરખાનું, એક મસીદ અને બે કુવા તૈયાર કરાવ્યા. સાદતઅલ્લીનો દિલારાપર કેટલો પ્રેમ હતો, એનો આ એક દાખલો મેં તમને કહ્યો. ઘણા લોકો પાસે તેનું લેણું

હતું. પણ જેની પાસે પૈસા માગીયે, તે પોતાની પાસેથી સાદતના નામની પાવતી દેખાડે. મરણ પહેલાં તેણે પોતાના ઘણાખરા દેણદારોને ઋણમુક્ત કરી નાંખ્યા."

આ વખતે મને હસવું આવતું હતું પણ બલાત્કારે તે દાબી રાખી હું ગંભીર સ્વરે બોલ્યો, "અરર! એ તેણે સારૂં કર્યું નહી. સ્ત્રીની અવ્યવસ્થા કરી લોકોની સગવડ કરવી, એ કાંઇ ડાહાપણ ન કહેવાય. તમારી અને દિલારાની કાલ રાત્રેજ મુલાકાત થઇ હોય તેમ જણાય છે યાર. હું નહોતો ધારતો કે મોટા ઘરના સ્ત્રી એટલી બધી મોડી રાત્રિ સુધી જાગતી હશે. હા, કદાચિત સુંદર અને રસિક સ્ત્રીઓ મધ્યરાત્રિપર્યંત જાગતી પણ હશે; કેમ ખરૂં ને!"

લજ્જાથી નીચું મુખ કરી અમિરૂદ્દીન બોલ્યો, "અત્યારે તેનો સર્વ વ્યવહાર તેના પોતાનાપરજ છે, તેમ તેની સાંપત્તિક સ્થિતિ પણ સારી નથી. આવી આવી અડચણોને લીધે તેણે કાલ રાત્રે મને સલાહ—મસલત સારૂ બોલાવ્યો હતો. મેં પણ તેજ વખતે આપનો સંદેશો તેને જણાવ્યો. પોતાના કુટુંબનું કોઇ સગું સંબંધી આવ્યું છે, એ સાંભળી તેને ઘણો આનંદ થયો. તે આપના અલંકારનો સ્વીકાર કરવા માટે કબૂલ છે, પણ તેની એવી ઇચ્છા છે કે, આપે પોતે આવી તે અલંકાર તેને આપવો. આપના અલંકાર કરતાં તે આપની પોતાની મુલાકાતની કિંમત વધુ સમજે છે. તેમજ, આવા વખતે આપ જો તેને મળશો, તો તેનું દુઃખ પણ ઘણુંજ હલકું થશે. તેણે મને આપને આમંત્રણ આપવાનું કહ્યું છે, અને મારી પણ એવી ઇચ્છા છે કે, આપના પગનો તેના ઘરને સ્પર્શ થાય."

હું ઉતાવળો ઉતાવળો જમી લઇ અમિરૂદ્દીન સાથે મુખ્ય દીવાનખાનામાં આવ્યો. હુકકાની નળી મોઢામાં લઇ ધુમાડાના ગોટા છોડતો હું તેને કહેવા લાગ્યો, "તમે તેને મારો સંદેશો જણાવ્યો, એ માટે હું તમારો ઘણો આભારી છું. પરંતુ, મારાથી તેના લોભજનક આમંત્રણનો સ્વીકાર કરી શકાતો નથી. હું જાણું છું કે, તે મને અરસિક ઠરાવશે, પણ શું કરૂં ? નાઇલાજ છું. મારા પોતાના ઉદ્યોગ ધંધાને લીધે મને પાણી પીવાના પણ ફુરસદ નથી; તો પછી તેની પાસે આવું ક્યારે ? તમેજ તેને મારે માટે કાંઇ પણ યુક્તિ પ્રયુક્તિ કરી તે ક્રુદ્ધ થાય નહિ એમ કહેજો એટલે થયું."

અમિરૂદ્દીન ચહેરાપર સહેજ આશ્ચર્ય દેખાડી વિરક્ત સ્વરે બોલ્યો, "વાહ, ખરેખર આપ તેને ત્યાં નહિ જ આવો ? આપ તેના નિમંત્રણનો તિરસ્કાર કરશો ?"

હું હસી બોલ્યો, "દોસ્ત આપણી બે વચ્ચે ફરક છે તે અહીંયાંજ. તમે તરૂણ છો અને હું વૃદ્ધ છું, એ બાજુ તમારૂં લક્ષ નથી એમ જણાય છે. તમે એમ ન સમજશો કે, તેનું અપમાન કરવા માટે હું તેના આમંત્રણનો સ્વીકાર કરતો નથી. પરંતુ એટલાજ સારૂ, કે અમારા જેવા વૃદ્ધને સ્ત્રીયોના નિમંત્રણનું મહત્વ લાગતું નથી. વળી બીજું પણ એમ છે કે અમારા ધંધા ઉદ્યોગને લીધે અમને વખત પણ મળતો નથી. મુર્શિદાબાદથી આવ્યો ત્યારથી અત્યાર સુધીમાં એક પણ સારો સોદો થયો નથી, અને ખર્ચ તો તમે જુઓજ છો. અમારા જેવા પૈસાની પાછળ પડેલા ડોસાઓને આ વખતે તમે ખરેખર ઘણાજ

સરસ વકીલ મળ્યા. તમો તરૂણ છો અને વળી રસિક પણ છો. એટલે દિલારાને શું કહી તેને સમજાવવી જોઇએ, એ કાંઈ તમને શિખવવું પડે તેમ નથી. હું તેનું નિમંત્રણ સ્વીકારી શકતો નથી તેટલા સારૂ હું માફ માગું છું. આ કે એ કરતાં પણ લગાર વધારે મીઠું મીઠું તેને કાંઇ કહી દેજો એટલે પત્યું. કેમ કરશોને?

"હા હા; એમાં શું ? આમની પણ વકીલાત કરવા માટે હું કાંઇ અનુત્સુક નથી, વારૂ, પણ આપના મનમાં સ્ત્રીઓના સંબંધમાં આટલો બધો તિરસ્કાર કેમ છે ?"

"તિરસ્કાર ? અંહ ! તમે કાંઇ ઉંધું જ કહો છો. મારા મનમાં સ્ત્રીઓ સંબંધી વિચાર જ આવતા નથી, તો પછી તિરસ્કાર ક્યાંથી ઉત્પન્ન થાય ? અને બીજું એમ કે, જ્યાં પ્રેમ હોય છે, ત્યાંજ તિરસ્કાર ઉત્પન્ન થાય છે. જ્યાં મે મારા જન્મારામાં પણ કોઇ સ્ત્રી પર પ્રેમ કર્યો નથી, તો પછી અત્યારે સ્ત્રીઓના સંબંધમાં તિરસ્કાર કેમ થાય વારૂ ? અત્યારે મારા મનમાં તેને મળવાની ઉત્સુકતા થતી નથી, એ કાંઇ મારો દોષ નથી. એ તો મારી વૃદ્ધાવસ્થાનો દોષ છે. યુવાનીમાં સ્ત્રીઓના ભાર ગુલાબના ફૂલના જેવા લાગે છે, પણ તેજ ભાર વૃદ્ધાવસ્થામાં વહન કરતાં જીવ કંટાળી જાય છે. એ પણ એક ખુદાની મહેરબાની છે કે, હું એ તાપત્રયમાંથી છૂટયો."

"પણ, વ્યવહારમાં તો એ ભાર વહન કરવા માટે વૃદ્ધો પણ ઉત્સુક જણાય છે."

"અરે, તે કાંઇ તેમની પોતાની ઇચ્છા નથી હોતી; તે બધા તેમની ક્ષુદ્ર મનોવૃત્તિના ખેલ સમજવા. મનુષ્ય પ્રાણી

નિગ્રહથી એવા મનોવિકારપર પણ વિજય મેળવે છે. એવી ક્ષુદ્ર લાલસાને પ્રેમ કહી આલિંગન કરવું એ જાણી જોઇ ઝેર ખાવા જેવું છે. એક વખત માછલી ગળ ગળી, કે પછી તેમાંથી બચવાની તેને આશા જ રહેતી નથી. જો કદાચ બચી તો, અણીયાળી ગળની સ્મૃતિ તેને આખો જન્મારો રહે છે. દોસ્ત, મારૂં વૃદ્ધનું કહેવું તમને કાંઈ પસંદ પડવાનું નથી."

"જો કે, આપ એ ખરૂં કહો છો. તો પણ એટલા પુરતો આપણો મતભેદ રહેવાનો જ. એટલે એ માટે વાદ કરવાનું પણ કાંઇ કારણ નથી. પરંતુ હું નવાબ સાહેબને નમ્રતાથી એટલું તો માત્ર જણાવું છું કે, નવાબ સાહેબની સ્ત્રીઓના સંબંધની આ ઉદાસીનતા તેમના એકંદર વર્તન સાથે વિસંગત જણાય છે. યુવાનોના પ્રત્યેક શ્વાસ સાથે રમણીના સહવાસના સુખની કલ્પના તેમના હૃદયોમાં એકઠી થતી હોય છે. જે તરુણનું હૃદય રમણીના હાસ્ય, તેનાં તે નેનકટાક્ષ અને તેના એકંદર અંગવિક્ષેપને લીધે પ્રેમથી ભરાઈ જતું નથી, તે તરુણે પોતાના તારુણ્યનો દુરુપયોગ કર્યો, એમ કોઇપણ કહેશે. પ્રેમ એ એક સ્વર્ગીય ભેટ છે. જે હૃદય પત્થર કરતાં પણ કઠિણ હોય છે, તેમાંજ માત્ર તે ઉત્પન્ન થતો નથી. આપના અંતઃકરણમાં પ્રેમ નથી, એમ મારૂં કહેવું નથી. પણ આપે તે પ્રેમ આજ સુધી કોઇને અર્પણ કરેલો નહિ હોવાથી તે પ્રેમને કાટ ચઢયો છે."

મેં હસતાં હસતાં કહ્યું, "આ તમે મને એક નવી ખબર આપી. પ્રેમ એ એવી ચમત્કારિક વસ્તુ છે ! તો પછી હું સ્ત્રી-ઓના સામું જોતો નથી, એ એક રીતે સારૂં જ કરૂં છું. નહિ તો

એકાદ રમણીના દષ્ટિપાતથી મારા પ્રેમનો કાટ દૂર થઇ ગયો હોત અને પછી સુવર્ણની મુદ્રા કરતાં પણ તે અધિક ચકચકતો હોત. જો દુર્દૈવે એમ થયું, તો અરર ! આ વૃદ્ધાવસ્થામાં આ સ્વારી પૈસાનો પીછો છોડી પ્રેમનો પીછો પકડશે."

અમિરૂદ્દીન વિદ્રૂપ સ્વરે બોલ્યો, "પ્રેમ વસ્તુ એ કાંઇ પૈસાની માફક હાથમાં લઇ શકાતી નથી. એક વખત આપણે પ્રયત્ન કરી પૈસા મેળવીશું, પણ પ્રેમ મળતો નથી. તેને માટે તો નસીબની જરૂરીયાત હોય છે. રમણીના સહવાસમાં જે સુખ છે, તેની કલ્પના આપ કરી શકશો નહિ."

"એટલાજ સારૂ હું એ કાલ્પનિક સુખ માટે પ્રયત્ન ન કરતાં પ્રત્યક્ષ સુખ માટે જે કરવાનું છે તે કરૂં છું. શું સ્ત્રીઓ કરતાં અન્ય આનંદકારક વસ્તુજ આ દુનિયામાં નથી ? તમારી ચિત્રશાળા જ લ્યો ને ! એકાદ ચિત્રફલક ઉપર એક વખત તમારૂં રંગીકરણ શરૂ થયું, કે તમે આખી દુનિયા ભૂલી જવાના. ઠીક સાંભરી આવ્યું; વારૂ તમારી ચિત્રશાળા એક વખત મને દેખાડશો ?"

"હા હા ! જરૂર દેખાડીશ. પણ આપ એ લક્ષમાં રાખજો કે, વિધાતાએ નિર્માણ કરેલ અપ્રતીમ સુંદર સ્ત્રીઓ કરતાં મારાં ચિત્રો આનંદદાયક નથી. તેમાં પણ, દિલારા જેવી સુંદર સ્ત્રીની પ્રતિકૃતિ જો હું કાગળપર ઉઠાવવાનો વિચાર કરૂં, તો તો તે શક્ય જ નથી."

"પ્રેમબાહુલ્યને લીધેજ, નહી વારૂ ? અથવા તો તમારી આ એક પ્રકારની સભ્યતા જ હશે. કદાચિત તમે વિધાતા કરતાં

પણ સુંદર ચિત્રો કાઢતા હશો. તમારી એકંદર વાતપરથી તમારી ચિત્રશાળા જોવાની મારી ઉત્સુકતા અધિક વૃદ્ધિગત થઇ છે. હું કાંઇ ચિત્રશિલ્પી નથી. મને તો ચિત્રો જોવાની હોંશ છે, એટલુંજ."

"હું કાંઇ ધંધાદારી ચિત્રશીલ્પી નથી. મારા પોતાના આનંદને માટે હું તે વ્યવસાય કરૂં છું. જોવા લાયક એવું કાંઇ પણ મારાં ચિત્રોમાં નથી."

અમિરૂદ્દીને આ પણ મને કહેવું જરૂરનું નહોતું. હું તેની ચિત્રકલા પહેલેથીજ જાણતો હતો. તે કાંઇ ઉત્તમ ચિતારો નહોતો. પરંતુ, તે બિચારાનો ધંધો સારો ચાલે એટલા માટે હું જ તેની ઘણા પાસે શિફારસ કરતો હતો. પરંતુ, સાદતઅલ્લીખાન મરી ગયો હોવાથી તેને હવે રંગની પીછીઓ ફેરવવાનું કારણ રહ્યું ન હોતું. તેનો બધો ખર્ચ દિલારા તરફથી ચાલતો હોવાથી તેની ચિત્રશાળા અત્યારે ધૂળ ખાતી પડી હશે આ અનુમાન હું સહજ કરી શક્યો. મેં તેને હસતાં હસતા કહ્યું, "તમે ચિત્રશિલ્પી છો, એટલે, જો કે તમે એકાદ અલંકારની કિંમત કરી શકશો નહિ, પરંતુ તે અલંકાર ઘાટીલો છે કે, બેડોળ છે, એ સહજ ઓળખી શકશો. તમારી મારફત જે અલંકાર હું દિલારાને આપવાનો છું, તે આપ જોશો? ઉભા રહો થોડી વાર; હું તે હમણાંજ દેખાડું."

મારા આ શબ્દો સાંભળતી વખતે અમિરૂદ્દીનનો ચહેરો સાહજિકજ હર્ષથી પ્રફુલિત થયો. હું તરતજ અંદરની બાજુ જઇ ચંદનના લાકડાની સુંદર નાની પેટી લઇ આવ્યો. આ પેટીનું નકસી કામ ઘણું નાજુક અને જોવા લાયક હતું. તેમજ તે પેટીની સુગંધ પણ ચંદનના અત્તરના જેવીજ આવતી હતી. પેટી

અંદરથી મખમલથી મઢેલી હતી અને તેમાં એક રત્નહાર, બે હીરાની બંગડીઓ, વાળમાં ઘાલવાનું એક પાનાનું ફુલ અને એક હીરાની વીંટી, આટલા અલંકાર હતા. તે પેટી મેં અમિરૂદ્દીન સામી ઉઘાડી મુકી કહ્યું, "જુઓ આ અલંકાર, દિલારાને તે પસંદ પડશે કે નહિ, એની મને શંકાજ છે. કારણ કે, તેના જેવી શ્રીમંત સ્રીને ઘેર શેની ઉણપ? તથાપિ પોતાના સસરાના પરમપ્રિય દોસ્ત તરફથી આ અલંકાર પોતાને બક્ષિસ મળે છે, એ તરફ લક્ષ આપી મુજ ગરીબની આ ભેટ તે સ્વીકારશે, એમ મને લાગે છે. જુઓ: જુઓ સારી રીતે જુઓ. દિલારાને તે પસંદ પડશે કે નહિ, એ તમે સારી રીતે સમજશો."

તે બહુ મૂલ્ય સ્વપ્નાતીત અલંકાર જોઇ અમિરૂદ્દીનની સ્થિતિ ગાંડાના જેવી થઇ હતી. તેમાં વળી તે અલંકાર દિલારાને મળવાનો હતો, અર્થાત્ એક રીતે તે અમિરૂદ્દીનનાજ ખિસ્સામાં જવાનો હોવાથી તે ભાવી લાભથી તે ઘણો ખુશી ખુશી થઇ ગયો હતો. તે બોલ્યો, "આવા અલંકાર અદ્યાપિ પર્યંત મેં કયાંય પણ જોયા નથી. જરૂર, આ અલંકારથી દિલારાને નિઃસંશય આનંદ થશે."

"મને એ માટે શંકા છે. કારણ કે, આવા અલંકાર દિલારાને નવીન નથી. હા, અત્યારે એટલું તો ખરૂં છે કે, પોતાના એક આપ્ત તરફથી તે પોતાને બક્ષિસ મળે છે, આથી માત્ર તેને આનંદ થશે."

"અને તેમાં પણ આ અલંકાર આપ પોતે આપશો, તો તેને ઘણોજ આનંદ થશે. આવો મૂલ્યવાન અલંકાર આપવા માટે હાથ પણ તેવોજ કિંમતી જોઇએ."

"એટલાજ માટે મેં આપની યોજના કરી છે. જે હાથની ધમનીમાં તરૂણપણાનું રક્ત વહે છે, તેજ હાથ સુંદર સ્ત્રીઓને અધિક પસંદ આવે છે. હાં હાં, મારૂં વૃદ્ધનું આ કથન તમને પણ પસંદ પડયા જેવું જણાય છે."

શરમાઇને હસતાં હસતાં અમિરૂદ્દીન બોલ્યો. "આપનો સ્વભાવ ઘણો વિનોદી જણાય છે. હશે, ગમે તેમ. પણ આ અલંકાર તેને આપના હાથેજ મળે એવી મારી ઇચ્છા છે. આપને અને તેને સંબંધ છે, તો પછી તેની મુલાકાત લેવાને શી અડચણ છે?"

અમિરૂદ્દીનનો આ આગ્રહ અધિકાધિક કેમ વધે એજ યોજનામાં હું હતો; અને મારી તે યોજના ફળીભૂત પણ થઇ. એકાદ તરુણીપર જે પુરુષનું મન ચોંટયું હોય છે, તે પુરુષ તે સ્ત્રી પાસે બીજા કોઈપણ પુરુષને લઈ જવાનો નહી. કારણ કે, તે પુરુષ ગમે તે હો, પણ પેલા તરુણના મનમાં તેના સંબંધમાં વૈષમ્ય હોવું સાહજિક જ હોય છે. પરંતુ, મેં તરૂણ અને રસિક સ્ત્રીઓ સંબંધમાં અરસિકતા પ્રકટ કરી હોવાથી અને ખરી ગરજની વખતે મારા જેવા 'ભોળા' વૃદ્ધ ગૃહસ્થનો સ્નેહ મેળવવામાં ખાત્રીપૂર્વકનો ફાયદો હોવાનું તેને જણાઇ આવ્યું હોવાથી તે મને દિલારા પાસે લઇ જવાનો આગ્રહ કરતો હતો. સગાઈની દૃષ્ટિથી તેની અને મારી ઓળખાણ વધારવી અને પછી આ મુર્શિદાબાદના નવાબી ઠાઠવાળા ગૃહસ્થને લુંટવો આવો તેનો વિચાર હતો. અમિરૂદ્દીન, અત્યારે સાદતઅલ્લીખાન પાસે ગુમાવવા જેવું શું બાકી રહ્યું છે? કીર્તિ, સંપત્તિ અને જીવિત તે બધું તો એ ગુમાવી બેઠા છેઃ અત્યારે તો ફક્ત તેની પાછળ તેની છાયા પ્રમાણે ભયંકર વૈરની

કલ્પનાજ ફરે છે અને તેનો એ વિચાર બદલવાને કોઇપણ સમર્થ નથી. મેં આ સર્વ વિચાર મનમાં ને મનમાં રાખ્યા અને અમિરૂદ્દીનને કહ્યું, "દોસ્ત, હું કેટલા બધા મોટા ઉદ્યોગમાં છું, એની તમને કલ્પના નહિ હોય. અહીં આવતાં બરોબર મારા ધંધામાં હું યશસ્વી થયો, તો પછી મને જોઇએ તેટલી ફુરસદ મળશે. હા, અત્યારે જો કે રાત્રે નવરાશ મળે છે, પણ એમ રાત્રે બેરાત્રે દિલારા પાસે જવું મને પસંદ નથી. તેમ તેને પણ તે ગમવાનું નહિ. એટલા માટે હું કહું છું કે મને ત્યાં બોલાવવાનો આગ્રહ માત્ર કરશો નહિ. આપ મારે માટે આ અલંકાર દિલારાને આપવાની તસ્દી લ્યો, એટલે થયું. આગળ ઉપર નવરાશ મળ્યા પછી હું જરૂર તેની મુલાકાત લઇશ. મારી ગરીબની આ ભેટ તેને કેટલી પસંદ પડે છે, એ મને જણાવવાનું ભૂલશો નહિ હો."

આમ કહી મેં તે પેટી બંધ કરી અમિરૂદ્દીનના હાથમાં આપી. તે વખતે તેને જે આનંદ થયો, તે તેણે અંદરને અંદર દબાવવાનો જો કે ઘણો પ્રયત્ન કર્યો, તોપણ તેના ચહેરાપર તે આનંદ સ્પષ્ટ જણાઇ આવ્યો. તે બોલ્યો, "આ અલંકાર દિલારાને આપના હાથે મળ્યો હોત, તો તેને ઘણો આનંદ થાત. તેના આભાર પ્રદર્શક ચાર શબ્દ આપના કાને પડયા હોત, તો તેને ઘણું સમાધાન થાત."

"તે ખરૂં; પણ તે બિચારી પતિ-મરણના દુઃખથી દુઃખી થયેલી હોય તે વખતે મને તેની પાસે જવું પ્રશસ્ત નથી લાગતું. અત્યારે તમારી મારફને મારો થોડો પરિચય તેને થાય છે જ. આગળપર પ્રત્યક્ષ મુલાકાત પણ થશે. ખરૂં પૂછો, તો હવે તે

ઘરમાં પગ મૂકવાનું પણ મન નથી થતું. મારો પરમ પ્રિય બંધુ મરણ પામ્યો, તે પછી સાદતઅલ્લી પણ માટીમાં જઈ મળ્યો. એટલે હવે તે ઘરમાં જવું મને સંકટ તુલ્ય લાગે છે. અત્યારે માત્ર દિલારાને માટેજ જવાનું. તેનું સાંત્વન કેમ કરવું, એની પણ મને સમજણ પડતી નથી. તેને આ અલંકાર તમે આપજો અને મારી સહાનુભૂતિ જણાવજો. વારૂ પણ, આ અલંકાર દિલારાને પસંદ પડશે ને ?

" આપ એ શું પૂછો છો. ખરૂં પૂછો, તો અત્યારે અનાયાસેજ એવું બની આવ્યું છે કે, જાણે પ્રથમ દિલારાની પસંદગી જોઇ પછીજ આ અલંકાર તૈયાર કરાવ્યા હોય. વાહ, સુંદર સ્ત્રીને કયો અલંકાર શોભશે એ ખરેખર તમે સારૂં સમજો છો. "

" દોસ્ત, તમારૂં એ સૌંદર્ય ત્રાજવામાં મૂકી કેમ તોળવું, એ વિદ્યા મને કયારે પણ સાધ્ય થઇ નથી, ભવિષ્યમાં કદાપિ થવાની પણ નથી, હશે; મારે હવે બહાર જવું જોઇએ. એક સરદારને થોડું ઝવેરાત દેખાડવાનું છે. "

" ઠીક ત્યારે સલામ. હું જરૂર આવતી કાલે આવી આપને દિલારાનો ધન્યવાદ જરૂર જણાવીશ. " આમ કહી અમિરૂદ્દીને મારી રજા લીધી અને ઘણા આનંદથી ત્યાંથી દાગિના લઇ ચાલ્યો ગયો. અમિરૂદ્દીન, તે અલંકાર ગમે તેટલા કિંમતી હશે, પરંતુ તારે સમજવું જોઇતું હતું કે તેમાં કાંઇ રહસ્ય છે. આજ તું અક્કલ વગરનો સાદતઅલ્લાની આ લાલચથી ફસ્યો. આજ કે તારી અક્કલ ? સંભાળજે હવે, તે ઝેરી ગળ તેં ગળેલ છે. સ્વાર્થ, લોલુભ કામાંધ, તારા જેવાને પ્રતિદંડ કરતાં તે શી વાર લાગ-

વાની ? તને અને તે દિલારાને કઇ જાળ પસારી તેમાં ગોંધવાં જોઇએ, એ હવે સારી રીતે મારા લક્ષમાં આવ્યું છે. વાહ ! નવાબ પીરબક્ષ ! વાહ ! ”

આ પછી ત્રણ ચાર દિવસ સુધી મેં જાણી જોઇને અમિરૂદ્દીનની મુલાકાત કરી નહિ. તે અલંકાર દિલારાને મળ્યા પછી તેને જે કાંઇ લાગે, તે મને કહેવાની તેની આતુરતા વધે એ સાહજિક હતું. આવે વખતે થોડી મ્હોંની ભૂલ ભૂલામણી કરી, મ્હારે બે બાબતો સાંધવાની હતી. એક તો તે બન્નેની આતુરતા અને લોભનીય વૃત્તિ વધારવાની હતી અને આવે વખતે પણ હું કેટલા બધા ઉદાસીનતાથી વર્તું છું એ તેમના ધ્યાનમાં આણવાનું હતું. ચાર દિવસ હું જાણી જોઇને આગ્રે ગયો અને ત્યાંના એક શ્રીમંત ગૃહસ્થને થોડુંક ઝવેરાત વેચી દિલ્હી પાછો આવ્યો. ઘેર આવતાંજ મારા જાણવામાં આવ્યું કે અમિરૂદ્દીન પાંચ દસ વખત આવી ગયો હતો. મેં પણ તેજ દિવસે તેને મળવાનું ઠરાવ્યું. સાંજને વખતે અમિરૂદ્દીન દિલારાને ત્યાં નથી હોતો, આ વાત હું જાણતોજ હતો. છતાં મેં જાણી જોઇને “ આજ આપની ચિત્રશાળા જોવા માટે સંધ્યાકાળે આવીશ. વધુ વાતચિત ત્યાંજ કરીશું. ” આવા આશયની એક ચીઠી અમિરૂદ્દીનના નામે દિલારાને ત્યાં મોકલી અને બીજી એક તેજ અર્થની ચીઠી અમિરૂદ્દીનના ઘેર મોકલી. મેં દિલારાની મુલાકાત લીધી ન હોવાથી, તેનું અભિમાન વધે એ સાહજિકજ હતું. હું કાંઇ તેનો સ્વભાવ નહોતો જાણતો એમ નહોતું. તેના સરખી લાવણ્યવતી સ્ત્રીની મુલાકાત ન લીધી હોવાથી તે મારા જેવાને અર્થાત નવાબ પીરબક્ષને શાસન કરે એ સાહજિક હતું. અને એ શિક્ષા કરવા માટેજ મેં

તેને આ સંધિ આપી હતી. " આજ પીરબક્ષ આમરૂદ્દીનને ત્યાં જવાનો છે ને ? ઠીક છે ? ત્યાંજ તેની મુલાકાત લઇ તેની અરસિકતા તેને સોંપી દેવી જોઇએ ! " આવા વિચાર તેના મનમાં ઉત્પન્ન થાય, એટલોજ મારો ઉદ્દેશ હતો.

ખરેખર સાંઝે ચાર વાગતાના સુમારે નવાબ પીરબક્ષની સ્વારી શુભ્રવર્ણી બે ઘોડાની ગાડીમાં બેસી અમિરૂદ્દીનના બારણા પાસે જઇ હાજર થઇ. અમિરૂદ્દીન સત્કાર માટે બારણામાંજ ઉભો હતો. અમિરૂદ્દીનનું ઘર મારે મન કાંઈ નવું નહોતું. તેના ઘરનો ખુણે ખુણો મારો જાણીતો હતો. તથાપિ નવા સવા મનુષ્યની માફક ખચકાતો ખચકાતો લાકડીપર ભાર મૂકી અને તેના ઘરની સ્વચ્છતાની પ્રશંસા કરતો તેની પાછળ પાછળ ચાલતો હતો. અત્યારે વાસ્તવિક જોતાં તેની નજર દિલારાના ઘર તરફ હોવાથી તેણે પોતાના ઘરને ખરાબખસ્ત કરી નાંખ્યું હતું. ચિત્રશાળા વાળી ઝુડી સાફ કરી હતી અને ચિત્રોપરની ધૂળ પણ લુછી નાંખી હતી. છતાં, તેટલાપરથી પણ, અત્યાર સુધી તેણે ચિત્રશાળા તરફ દુર્લક્ષ્ય કર્યાનાં ઘણાં ચિન્હો જણાઈ આવતાં હતાં. તેની ચિત્રશાળામાં પૂર્ણ થયેલાં ચિત્રો કરતાં અધીં રંગેલાં અધૂરાંજ ચિત્રો ઘણાં હતાં. ચિત્રો અધીં હો કે પૂર્ણ હો, પરંતુ મેં તો તેના ચિત્રોની મનમુરાદ તારીફ કરી. વળી કેટલાંક ચિત્રો વેચાતાં પણ લીધાં. તેણે કહ્યા કરતાં પણ ઘણી વધારે કિંમત મેં તેને આપી. અને તે આપતાં મેં તેને કહ્યું, " આ કાંઈ હું આપને આપની તસ્બીરોની કિંમત તરીકે આપતો નથી. પરંતુ, આપની ચિત્રકલા પર લુબ્ધ થઈ આપને બક્ષિસ તરીકે આપું છું. "

હા ના કરતાં કરતાં, અમિરૂદ્દીને મેં આપેલી રકમ ઉપરથી દિલગીરી દર્શાવી, પણ અંતરમાં સંતોષથી તે લઈ પોતાના ખિસામાં નાંખી. "જરા બેસો, મેં થોડી ઉપાહારની વ્યવસ્થા કરી છે. ધારૂં છું કે આપ મુજ ગરીબની ભાખરી સ્વીકારશોજ."

મેં એક કોચ પર બેસી હસતાં હસતાં કહ્યું. "ચિત્રશિલ્પી ઘણા ખરા સભ્ય હોય એમ જણાય છે. આપનો ઉપાહાર આપની ચિત્રકલાના જેવોજ પ્રસન્નકારક હશે. નહીં તો મીઠું રોટલામાંજ વધૂ સ્વાદ હોય છે."

અમિરૂદ્દીને માત્ર હસીને ઉપાહારનું સાહિત્ય લાવી મારી સામે મૂકયું, હું અને તે બન્ને જમવા લાગ્યા. આ જમણમાં પીવા માટે ઉંચી જાતનો મદ્ય હતો, એ જૂદું કહેવાની જરૂર નથી. આજે તે વિશેષ ઉત્સાહિત હોવાથી પ્યાલા પર પ્યાલા ઉડાવતો હતો. હું તેનાં કેટલાંક ચિત્રો પર નજર નાંખી બોલ્યો, "આ ચિત્રોમાંના ઘણા ચહેરા તમારા પોતાના ચહેરાના વલણ પર છે અને આપનો ચહેરો પણ તેવોજ સુંદર છે. સૌંદર્ય અને ચિત્રકલાનો કાંઇક સંબંધ હોય તેમ જણાય છે. જે માણસો સુંદર હોય છે, તેમનેજ ચિત્રકલા સાધ્ય હોય છે; એમ હું ધારૂં છું."

અમિરૂદ્દીન બોલ્યો, "આમ નિષ્કારણ મારાં વખાણ કરો છો. આ દુનિયામાં મારા કરતાં તો કેટલાય સુંદર લોક છે. તમારૂં જ ઉદાહરણ લ્યોને. નવાબ સાહેબનો ચહેરો ખરેખર ચિત્તાકર્ષક છે એનું નામ તે ખરૂં સૌંદર્ય. હાં, ઠીક સાંભરી આવ્યું. આપના

હુકમ મુજબ આપે આપેલા અલંકાર મેં દિલારાને પહોંચાડયો."

"મારો હુકમ! અંહ! અરે હું તો તમારો ઉપકાર માનું છું. દિલારાના સસરાના ઉપકાર–ઋણમાંથી ફક્ત તમારે લીધેજ હું અંશતઃ મુક્ત થયો છું. તેમજ સાદતઅલ્લીખાન પર પણ મારો પ્રેમ હતો. એટલે તેની સ્ત્રીને બે ચાર અલંકાર આપ્યા, તો એમાં કાંઇ બહુ મોટી વાત નથી."

"તેણે જ્યારે આપે આપેલા અલંકારની પેટી ઉઘાડી જોઇ ત્યારે તેને જેટલો આનંદ થયો, તેટલુંજ આશ્ચર્ય પણ લાગ્યું. આવા ઉત્કૃષ્ટ અલંકાર આજ સુધીમાં તેણે જોયાજ નહોતા. ત એમ કહેતી હતી કે, જેણે આ અલંકાર આપ્યા, તેની સમક્ષ મુલાકાત કરી આભાર માનવો જોઇએ."

"એ તેની સુજનતા કહેવાય. પણ તેમ કરવાની કાંઈ આવશ્યકતા નથી, આમ તમે તેને જણાવજો. કારણકે, એમાં આભાર માનવા જેવું કાંઇ નથી. ઉલટું મારે તો આ કરતાં પણ વધુ બક્ષિસ તેને આપવી જોઇએ."

મારા આ શબ્દો સાંભળી અમિરૂદ્દીનને સાહજિક આનંદ થયો. પણ તેટલામાં તો તેનો ચેહેરો લાલચોળ થયો અને બારીમાંથી લાંબી નજર કરી દૂર રસ્તા તરફ તે જોવા લાગ્યો. સામેથી એક બુરખો નાંખેલી બે ઘોડાની ગાડી આવતી હતી અને તે ગાડીનો ઓળખીતો અવાજ અમિરૂદ્દીનના કાને આવ્યો હોવાથી, તેનો ચહેરો ચમત્કારિક થયો હતો. આ ગાડીનો અવાજ મારો પણ જાણીતો હતો અને તેમાં કોણ આવે છે, એ પણ મારી જા-

ણુમાં આવ્યું. મેં કહ્યું, “ તમે બીજા કોઇની વાટ જોતા હો તેમ જણાય છે. કોઈ ચિત્રશાળા જોવા આવવાનું છે કે શું ?”

“હા, એક બાઇ સાહેબ આજ આવનાર છે ખરાં. પણ, અહીં આવ્યા શિવાય કાંઇ કહી ન શકાય કે, તેજ છે કે બીજું કોઇ. માફ કરજો. આપ આપનો ઉપાહાર ચાલવા દ્યો. મારે તેમના સત્કાર માટે નીચે જવું જોઇએ.”

એ બાઇસાહેબ કોણ છે, તે હું તરતજ ઓળખી ગયો. મેં કહ્યું, “ મને હવે ભૂખ નથી. હવે મને ઘેર જવાની રજા આપો તો સારૂં.”

અમિરૂદ્દીન મને કાંઈ જવાબ આપી નીચે જવા જાય છે, ત્યાંજ દાદરમાં પગલાં વાગ્યાં અને પોતે દિલારાજ ચિત્રશાળામાં આવી દાખલ થઈ. આ વખતે મારી અને અમિરૂદ્દીનની સ્થિતિ ઘણી ચમત્કારિક થઈ હતી. કોઈ પણ પ્રબળ થએલા મનોવિકારની છાયા ચહેરાપર પ્રત્યક્ષ થવા ન દેવાની કલા અભ્યાસથી મેં સાધ્ય કરી હતી. પરંતુ, અમિરૂદ્દીનને તે કલાની જરૂર ન હોવાથી તેનો ચહેરો અત્યારે આરક્ત થઇ ગયો. મારા અંતઃકરણમાં માત્ર ઘણો ખળભળાટ મચી રહ્યો હતો. સંતાપથી લોહી તપી ઉઠયું અને શરીરે સ્હેજ ધ્રુજારી પણ છુટી હતી. કપાળે થોડાં પરસેવાનાં બિંદુઓ પણ ચમકવા લાગ્યાં. પરંતુ મેં તે રૂમાલથી લુછી નાંખ્યાં અને વળી તેજ રૂમાલની સહાયતાથી ચહેરાપરનો થોડો ભાવ પણ સંતાડવા લાગ્યો. હું મારી ધોળી સફેદ દાઢીપર વારંવાર હાથ ફેરવી ગમે તે કોઇ એક ચિત્ર સામુ જોતો હતો. દિલારા પોતાની ચિત્રશાળામાં આવી કે અમિરૂદ્દી-

મને લગારે પસંદ ન આવ્યું. પરંતુ અત્યારે તેવા ભાવથી તેના સામું જોવાની પણ તેને સવડ ન હોવાથી તે પોતાની પસંદગી નાપસંદગીને બાજુ રાખી તેના સામો ગયો અને નમી નમીને 'આદાબે સાહેબાં' આમ બે ત્રણ વખત બોલ્યો. મૂળમાંજ દિલારાનો ચહેરો રમણીય, તેમાં વળી અત્યારે તેણે સુતક પાળવાના નિમિત્તથી પહેરેલો સફેદ રંગનો પોષાક તેના સૌંદર્યને વધૂ ખીલાવતો હતો. તેણે પોતાના મોઢાપર જાળીદાર બુરખો નામનોજ નાંખ્યો હતો. તેને મારા સામે જોઈ હું મારો ક્રોધ ક્ષણવાર વિસરી જઈ મોહિત પણ થયો હતો. પણ તેટલામાં ભાનમાં આવી મેં મારો નિગ્રહ મજબૂત કર્યો અને શાંતવૃત્તિથી આમ તેમ ફરતો ફરતો ચિત્રો જોવા લાગ્યો. હું સુંદર સ્ત્રીઓના સંબંધમાં કેટલો બધો ઉદાસીન છું, એ અમિરૂદ્દીને પહેલેથી જ દિલારાને કહ્યું હતું. તેમજ, અત્યારે પણ તેને તેવોજ અનુભવ મળ્યો હોવાથી તેનું અભિમાન સાહજિકજ વધ્યું. ઠમકાતી, મરડાતી તે મારી સામે આવી ઉભી અને તેણે પોતાની સર્વ વિજયી હાસ્યમય દૃષ્ટિ મારાપર ફેંકી. તે સહેજ વિનય દર્શાવી હસતાં હસતાં વીણાવિનિંદિત સ્વરે બોલી, "સ્વારી મુર્શિદાબાદના નવાબ સાહેબ પીરબક્ષની કે? વાહ! નવાબ સાહેબની આમ અકસ્માત મુલાકાત થઇ એ મારૂં મોટું નસીબ!"

દિલારાને કાંઇ પણ ઉત્તર આપવો આવશ્યક હતો. પણ હું મારૂં દેહભાન ગુમાવી બેઠો હોવાથી મારા મુખમાંથી શબ્દજ નિકળ્યો નહિ. સિંહ, કે વાઘના જેવા નખ અને દાંત મને નહોતા, એટલા માટે મને કેટલું બધું ખરાબ લાગ્યું. જો તેમ હોત તો, તેના હૃદયપર એક ઝાપટ મારી મેં તેના હૃદયમાંથી સઘળું

ઝેર બહાર કાઢયું હોત. ધીમે ધીમે સંતાપ દાબી દીધો. તોપણ વાક્યસ્ફુરણ નજ થયું. મને સ્તબ્ધ જોઇ દિલારા ફરી બોલી, "હું આપનાજ કુટુંબમાંની આપની કુલવધૂ દિલારા છું. મને પરકીય સમજવાનું કાંઇ કારણ નથી. આપનું સૌજન્ય અમિરૂદ્દીન તરફથી પ્રથમથીજ મારા જાણવામાં છે. ખરેખર આપે મોકલેલા અલંકાર ઘણા ઉત્કૃષ્ટ છે. એવાં પાણીદાર મોતી અને એવા તેજસ્વી હીરા મેં આજસુધી જોયા નહોતા. દાગિનાનો ઘાટ પણ ઘણોજ મનોહર છે. માત્ર મારાપરજ નહિ, પણ મારા કુટુંબ પર આપે જે પ્રેમ વ્યક્ત કર્યો, તે માટે હું આપની ઘણી આભારી છું."

મીઠું, સાકરના જેવું મીઠું ભાષણ કરી દિલારાએ પોતાનો કોમલ, ગોરો અને મીઠો હાથ મેં આપેલાં રત્નકંકણો પહેરી આગળ ધર્યો. તે હાથને ખરેખર સ્પર્શજ ન કરવો જોઇએ, એટલો તે અપવિત્ર હતો. પરંતુ તેમ કરવાથી, લીધેલો બહુરૂપીનો વેષ પાર પડે નહિ, આ વિચાર કરી મેં તેણે ધરેલો હાથ મારા હાથમાં લીધો. તે નાજુક હાથ મારા હાથમાં આવતાંજ તેમાંની ઉષ્ણતા મારા શરીરમાં દાખલ થઇ અને પૂર્વ સ્મૃતિથી જીવ ફળવિફળ થઇ આવ્યો. મેં જેને મારા હૃદયમાંના ઉંડા ભાગમાં અત્યંત વિશ્વાસથી સ્થાન આપ્યું હતું, તેજ દિલારાને કૃતઘ્નતાના સ્વરૂપમાં મારી સામે ઉભેલી જોઇ મારાં નેત્ર આંસુથી ભીંજાયાં; અને જેના સૌંદર્યથી હું એક વખત મુગ્ધ થયો હતો, તેના તેજ સૌંદર્યથી આજ તે એક ઝેરી લતાના જેવી જણાયાથી મારૂં મન વિલક્ષણ ઉદ્વિગ્ન થયું. સહનશીલતાની પરમાવધિ થઇ સઘળું સહન કર્યું અને ધીમેથી હસી બોલ્યો, "ના ના! દિલારા, આભારી તું નહિ પણ હું છું. આવી શોકસંતપ્ત સ્થિતિમાં તેં મારા

ક્ષુદ્ર અલંકારનો સ્વીકાર કર્યો, એ હું મારૂં બહુમાન સમજું છું. નહિ તો પણ તારા જેવી, કુલીન કુટંબની એક મર્યાદાશીલ સ્ત્રી પોતાના સગાસંબંધીનો શબ્દ કેમ ઉથાપે ? જો આજ તારો પતિ સાદતઅલ્લીખાન જીવતો હોત, તો આજ અલંકાર તને તેના હાથે મળ્યો હોત અને એથી તને અધિક આનંદ થયો હોત. ખુદાની મરજી ! તેની ઇચ્છા આગળ કોનું શું ચાલે ?"

પરલોકવાસી થયેલા પતિનું નામ નિકળતાંજ દિલારાએ મોઢું નીચું કર્યું. તેના ચહેરાપરનો ઉત્સાહ પણ થોડો કમી થયો. તેણે વિષણ્ણ દૃષ્ટિથી પોતાનો હાથ મારા હાથમાંથી છોડવી લીધો અને તે ખિન્ન મને પાસેનાજ કોચ પર બેસી ગઇ. હું તેની સામે તેવોજ ઉભો હતો. અમિરૂદ્દીન ત્યાં નહોતો. અમો બન્નેના સત્કાર માટે તે ફરીથી કાંઇક ઉપાહારની વસ્તુઓ લાવવા માટે ગયો હતો. તે લાવી તેણે જ્યારે ચિત્રશાળામાં પગલું મુકયું ત્યારે દિલારાને ખિન્ન મને બેઠેલી અને મને તેનીજ પાસે ઉભેલો જોઇ, તે બનાવ તેનાથી સહન થયો નહિ. તે કૃત્રિમ હાસ્યકારક સ્વરે બોલ્યો, "કેમ નવાબ સાહેબ, દિલારાએ કેવી યુક્તિથી આપની મુલાકાત કરી ? આપ તેને મળવાના નહોતા ખરૂંને ? પણ તેણે પોતેજ કેવી યુક્તિથી આપની મુલાકાત લીધી અને આપનો આભાર માન્યો ? સાહેબ, આવી કુલવધૂઓ ઉભયકુલનો ઉદ્ધાર કરતી હોય છે. તેના આ સભ્ય અને શાલીન આચરણથી નવાબ સાહેબ ઘણા ખુશ થયા હોય તેમ જણાય છે !"

મેં ગંભીર સ્વરે કહ્યું, "અમિરૂદ્દીન ! આજ સારૂં થયું કે, હું તમારી ચિત્રશાળા જોવા આવ્યો. કારણ કે, એથી દિલારાનું

દર્શન તો થયું. ખરેજ, એનું સૌંદર્ય, આચરણ અને સભ્યતા જોઇ હું ઘણો ખુશી થયો છું. મારા મિત્રને આવી સદ્‌ગુણી પુત્ર-વધૂ મળી હશે એવી મને તો કલ્પના પણ નહોતી. ખરેજ, સાદતઅલ્લીખાન ઘણો નસીબવાન; પણ બિચારો ઘણા દિવસ જીવ્યો નહિ. દિલારા, હું તારો ઘણોજ પાસેનો સગો છું. મને પરકીય માનવાનું કાંઇ કારણ નથી. તારાપર પડેલી આપત્તિમાં હું પણ ભાગીદાર છું.”

દિલારા કોઈની સાથે કાંઈ પણ બોલી નહી. શૂન્ય નજરે આકાશ તરફ જોઇ તેણે નિઃશ્વાસ નાંખ્યો અને સ્વગતજ બડબડી; “પ્યારે સાદત! તમે અત્યારે ક્યાં હશો? સ્વર્ગમાં હશો, નહીં? ગમે ત્યાં હો, પણ આ દીન દાસી પર કૃપાદૃષ્ટિ રાખજો.” આ શબ્દો ઉચ્ચારતાં ઉચ્ચારતાં દિલારાનો કંઠ ભરાઇ આવ્યો અને ચહેરાપર પૂર્ણ ઉદાસીનતા જણાવા લાગી. ચહેરાપરના ભાવ બદલવાની તેની આ અજબ વિદ્યા જોઈ હું પણ આશ્ચર્યથી છક્ક થઇ ગયો. તે આંખો લૂછી બોલી, “અહાહા, જો તેઓ પોતે આજ આપનું આદરાતિથ્ય કરવા હાજર હોત તો આપને ઘણો આનંદ થયો હોત. કેવું મારૂં ભાગ્ય! પણ માત્ર એક ક્ષણમાં વિલય પામ્યું. એક સ્વપ્નાની માફક તેણે મને વૈધવ્યમાં ગબડાવી! હાય! કેવો તેનો તે પ્રેમાળ સહવાસ!”

શાબાસ, દિલારા! શાબાસ. પતિપરના પોલા પ્રેમની નાટ્ય છટા તો તેં એક કુશલ નટની માફક ઘણીજ ઉત્તમ કરી દેખાડી. પણ ધ્યાનમાં રાખજે કે, આ પ્રેક્ષક કાંઈ તેથી ફસાવાનો નથી. જે કંઠમાંથી રૂદનનો આર્તનાદ નીકળતાં, તેની પાછળ માત્ર નિમિષાર્ધમાં હર્ષની લહેરો વહેવા માંડે છે, જે નેત્રોમાંથી

દુઃખાશ્રુ નિકળી તે સુકાયાં નથી, ત્યાં તો તેમાંથી નેત્રબાણ નિકળી કામુકોનાં હૃદયો વિદ્ધ કરી નાખે છે; અને જે અંતઃકરણ દુઃખથી નાંખેલા નિઃશ્વાસ પૂરો થયા પૂર્વેજ પર પુરૂષના આલિંગન માટે આતુર હોય છે; એવી સ્ત્રીને ન ઓળખે એવો આ પીરબક્ષ ભોળો નથી. તેનું ભોળપણ ક્યારનુંયે દૂર થઇ ગયું છે અને તે હવે અનુભવની જાલીમ માત્રાથી પૂર્ણ સાવધ થયો છે. પીરબક્ષ જાળમાં સપડાવા માટે ફરી જીવતો થયો નથી, પરંતુ બીજાને પોતાની જાળમાં ગોંધવા માટે જીવતો થયો છે.

દિલારાનો તે અશ્રુપાત અને નાટયભૂમિકા જોઇ અમિરૂદ્દીનનો ચહેરો માત્ર ઘણો જોવા જેવો થયો હતો. દિલારા સાદતઅલ્લીખાન માટે આંખોમાંથી પાણીનું એક ટીપું પણ પાડે, તો તેને તે પોતાનું અપમાન સમજતો હતો. પરંતુ મને તો, દિલારાને ન ઓળખવા જેટલો તેને મૂર્ખ જોઇ તેની દયા આવી. અરે, જેણે પ્રત્યક્ષ લગ્ન સંબંધથી બદ્ધ થએલા સાદતઅલ્લીને પણ ફસાવવાનું કમી કર્યું નહી, તે હવે અમિરૂદ્દીન સાથે કેવા વિશ્વાસથી વર્તવાની હતી ? અમિરૂદ્દીને તેનો વિચાર કરવો જોઇતો હતો; પરંતુ તે પડયો રસિક, તેના વિચાર સઘળા કાવ્યમય અને પ્રેમમદિરાથી બેહોષ થયેલા; એટલે પછી ખોટા પ્રેમથી થયેલી દિલારાની આ સ્થિતિ તેને દુઃસહ થાય એમાં કાંઈજ આશ્ચર્ય નથી. અત્યાર સુધી હું અને અમિરૂદ્દીન ઉભાજ રહ્યા હતા. દિલારા જે કોચપર બેઠી હતી, તે જ કોચપર તેણે મને બેસવા સૂચવ્યું અને બેસવા માટે જગા પણ કરી આપી. આ વખતે તે કોચના ખુણાપર એવી સભ્યતાથી બેઠી હતી કે, જાણે વિનયની મૂર્તિ ! આથી

અમિરૂદ્દીનનો સંતાપ વૃદ્ધિંગત થયો. તેણે અમારી સામે એક ચોપઇ આણી મૂકી અને તેપર ઉપાહારની વસ્તુઓ મૂકી તે પણ પાસેની એક ખુરસી લઇ બેઠો. હું દિલારાપર પ્રેમપૂર્ણ દૃષ્ટિ નાંખી સહાનુભૂતિથી બોલ્યો, " ખરેજ દિલારા, તારાપર પડેલી આપત્તિની કાંઇ સીમાજ નથી. તારાપર આકાશ તુટી પડયું કહેવું જોઇએ. પરંતુ, બની ગએલા બાબનો ઉપાય શો ? માટે, મારી તને એવી સલાહ છે કે, તું વારંવાર શોક કરીશ નહિ. પૂર્ણ તરૂણ ઉમ્મર, રૂડું ઐશ્વર્ય અને મુખ્ય તારૂં અપ્સરા જેવું સૌંદર્ય; આ સર્વ તરફ રડી રડી દુર્લક્ષ્ય કરવું એ કાંઇ સારૂં નહિ. જે ગયું, તે કાંઈ હવે પાછું આવવાનું નથી; તો પછી તું હવે નિષ્કારણ તારા આ અપ્રતીમ સૌંદર્યની શામાટે હાનિ કરે છે ? "

હું જાણતો હતો કે, દિલારાને પોતાના સૌંદર્યનું ઘણું જ અભિમાન હતું. તેના સૌંદર્યની પ્રશંસા કરતાં તે ઘણી જ ખુશી થઇ જતી હતી. અત્યારે પણ તેમજ થયું. તેની આંખોમાંનાં અશ્રુ જતાં રહ્યાં, અને તે કટાક્ષપાત કરવા ઉત્સુક થયાં. ચહેરાપરની કરૂણુતા દૂર થઈ તે પર હાસ્ય વિલસવા લાગ્યું. તે શરમાતી બોલી, " ખરેજ, આપનું અંતઃકરણ ઘણું ઉદાર જણાય છે. આપે આપેલી સલાહ હું અમાન્ય નહિ કરૂં. અત્યારે એ વાત સ્પષ્ટ જણાઇ આવે છે, કે મારા એકંદર કુટુંબની માફક મારા સંબંધમાં પણ આપના મનમાં સારા આદરનો વાસ છે. છતાં, એક બાબતમાં આપની મારા પર મોટી અકૃપા હોય તેમ જણાય છે. કહે છે કે, આપે મારે ઘેર ન આવવાનો નિશ્ચય કર્યો છે. "

અમિરૂદ્દીન ત્રાહિતની માફક જૂદો પડી ગયો હતો અને તેને

માટે તેને વૈષમ્ય લાગતું હતું. આ વખતે તેણે વચમાંજ મોઢું ખોલી કર્કશ સ્વરે કહ્યું, "ના ના, તેમ નથી. તેમને તો સ્ત્રીયો સાથે બેસવું કે બોલવું પસંદ નથી. અથવા તો એમ કહીયે તો ચાલે કે, તેઓ સ્ત્રીયોથી શરમાય છે.—"

અમિરૂદ્દીન આગળ કાંઈ બોલવાનો હતો પણ તેને ન બોલવા દેતાં હું વચમાંજ થોડાક ઉત્તેજક સ્વરે બોલ્યો, "હા, અમિરૂદ્દીન સાહેબ ! તમે કહ્યું તેજ ખરૂં. ઉઠતાં બેસતાં સ્ત્રીયોમાં જઇ બેસવું–બોલવું એ મનેજ શું, પણ કોઇ પણ પુરુષને પસંદ નહી પડવાનું. પરંતુ આ નિયમ કાંઇ સઘળે સ્થળે લાગૂ પાડી શકાતો નથી. દિલારા કાંઈ મારે મન પરકીય નથી. એટલે તેને ઘેર જવાને મારે કાંઇજ હરકત નથી. વળી, તેનો સ્વભાવ કેટલો બધો સાલસ છે, એ પણ અત્યારે મારા અનુભવમાં આવ્યું છે. દિલારાનું આમંત્રણ સ્વીકારતાં મને સંતોષજ થશે. આવી સૌજન્યયુક્ત સૌંદર્યખનીનો જે ઘરમાં વાસ છે, તે ઘરનો પરોણાચાર લેવો એને હું મારૂં ભાગ્ય સમજું છું.

મારા આ શબ્દો સાંભળી અમિરૂદ્દીનનો ચહેરો જેટલો ઉતર્યો તેટલોજ દિલારાનો પ્રફુલ્લ થયો. તે હસતાં હસતાં બોલી, "અંહ ! અમિરૂદ્દીને ઘણીજ ભૂલ ભરેલી રીતે મને સમજાવી હતી. આપને કોણ અરસિક કહે ? સ્ત્રીયોનો માન મરતબો કેમ રાખવો, એ આપ ઘણી સારી રીતે સમજો છો. મારૂં ઘર શેનું? તે ઘર આપનુંજ છે. આપ કાલે મારે ઘેર ઉપાહાર માટે અવશ્ય આવો. અમિરૂદ્દીન તું પ–અંહ ! અમિરૂદ્દીન ! તમે પણ એમની સાથે આવજો. તેમની સર્વ વ્યવસ્થા તમારેજ રાખવી જોઇએ."

અમિરૂદ્દીન નિરુત્સુક અને વ્યંગ્ય સ્વરે બોલ્યો, " હા હા ! તેમના આદરાતિથ્ય માટે કોણ પાછું પડે ? મેં પણ તેમને એજ વિનંતિ કરી હતી, પણ તે તેમણે માન્ય કરી નહિ. હવે, અત્યારે આ સુંદર ચહેરાના મધુર કંઠમાંથી સાકરના જેવા મીઠા શબ્દો નિકળતાંજ આપનું આમંત્રણ આનાકાની ન કરતાં તેમણે સ્વીકાર્યું. "

દિલારા કિંચિત્ રોષથી અમિરૂદ્દીન સામુ જોઇ બોલી, "એમાં તમે શું બહુ મોટું કહ્યું ! દુનિયાના આરંભથી જ સ્ત્રીયો પુરૂષ પર વિજય મેળવની આવી છે. સ્ત્રીયોના સૌંદર્યમાં એટલું પણ સામર્થ્ય ન હોય, તો તે સૌંદર્ય નામનું શું ? નવાબ સાહેબ, મારા આ કથનમાં કાંઇ અતિશયોક્તિ તો નથી ને ?" આમ કહી કાંઇક વિલક્ષણ ભાવથી દિલારાએ મારા તરફ નજર કરી. પછી ઉપહાસસૂચક દૃષ્ટિથી અમિરૂદ્દીન સામું જોઈ ફરી તે મારા સામુ હસતી હસતી જોવા લાગી. મેં કહ્યું, " દિલારા, તારૂં જ કથન યથાર્થ જણાય છે; પરંતુ એ બાબતમાં મારા મતની કાંઇ કિંમત નથી. કારણ, સ્ત્રીયોના સંબંધમાં હું ઘણો જ અનભિજ્ઞ છું. સુંદર સ્ત્રીયો પોતાના પતિને અર્ધા વચનમાં કેવા અદ્ધર રાખે છે, એનો મને અનુભવ નથી. તથાપિ, અત્યારે મારી એટલી ખાત્રી થઈ છે કે, સ્ત્રીયો પુરૂષોપર સહજ વિજય મેળવી શકે છે. "

દિલારાએ થોડો ઉપહાર કર્યો અને તે જવાના ઉદ્દેશથી ઉઠી ઉભી રહી હું અને અમિરૂદ્દીન પણ ઉભા રહ્યા. હું હસતાં હસતાં બોલ્યો, ' આ ઘેર જવાની પ્રસ્તાવના જણાય છે. ઘણો જ થોડો સમય મુલાકાત થઇ. "

દિલારા શરમાતી–મરડાતી બોલી, "ઘણો સમય પણ થશે. પણ તે બધું તમારા પર આધાર રાખે છે." આમ કહી દિલારાયે પોતાનો કોમળ હાથ આગળ ધર્યો. મેં તે ઘણા સત્કારથી મારા હાથમાં લીધો અને ઓઠ પાસે લઇ તેનું ચુંબન લીધું. તેનો હાથ છોડતી વખતે મેં કહ્યું, "દિલારા, તારૂં સતત કલ્યાણ થાઓ, આ જ મારી વૃદ્ધની ઇચ્છા છે." આ સાંભળી દિલારા કિંચિત્ આશ્ચર્યથી બોલી, "તમે વૃદ્ધ છો?"

"એ શું પૂછે છે? વાળે વાળ પાકી ધોળો થયો, તો પછી હવે મારી વૃદ્ધાવસ્થાની બીજી કઇ નિશાની જોઇએ? ઉમ્મર થતાં એમજ થવાનું."

દિલારા આંખો મટમટાવી બોલી, "આપના વાળ પાકી ગયા છે અથવા આપની ઉમ્મર થઇ છે: પરંતુ આપના ચહેરાપર કાંઈ વૃદ્ધાવસ્થાની છાયા જણાતી નથી. આટલી ઉમ્મરમાં પણ જો આવો મોહક ચહેરો છે, તો યુવાનીમાં આપ કેવા દેખાતાં હશો? હજુ પણ આપના ચહેરાપર એક પ્રકારની મોહકતા છે અને શરીરનો બાંધો, તો હજુ પણ યુવાનોને લજાવે તેવો છે." આમ કહી દિલારા હસતી હસતી અને મરોડ કરી પાછળ વળી મારા સામું જોતી જોતી આગળ એકેક પગલું મૂકતી હતી હું અને અમિરૂદ્દીન પણ તેની પાછળ તેને વળાવવા માટે જતા હતા. તેની ગાડી દરવાજા પાસેજ ઉભી હતી. અમે બધા ત્યાં જતાં જ ગાડીવાને ગાડીનો બુરખો વ્યવસ્થિત કરી બાજુનો પડદો ઉપર ઉંચકી લીધો. દિલારાએ પણ પોતાના મુખપરનો જાળીદાર બુરખો નીચો ખેંચ્યો. તે બુરખામાંથી તેણે હસતાં હસતાં મારા સામું

જોયું અને હાથ આગળ ધર્યો મેં તેનો ભાવ ઓળખી, હાથ ઝાલી તેને ગાડીમાં બેસાડી. ગાડી ચાલૂ થઈ, છતાં તે મારા સામું અને હું તેના સામું જોતાં જ હતાં. થોડીવારે ગાડી ઘણે જ દૂર ગઇ, ત્યારે મેં મારી નજર અમિરૂદ્દીન સામી વાળી.

પ્રકરણ ૮.

હૃદય–પરીક્ષા.

હું ધારતો હતો કે, મારાજ જેટલી ઉત્સુકતાથી અમિરૂદ્દીન પણ દિલારાની ગાડી સામું જોતો હશે. પણ ના; તે તો મારા સામું જોતો હતો અને વળી તે પણ મત્સર દૃષ્ટિથી. દિલારાએ પોતાને ગાડીમાં બેસાડવાની દાસ્યવૃત્તિ અમિરૂદ્દીનને ન કહેતાં, તે માન મને આપ્યું, આટલાથીજ જો અમિરૂદ્દીનની આવી સ્થિતિ થઈ, તો પછી મારા જેવોજ પ્રસંગ તેનાપર આવ્યો હોત તો તેની કેવી દુર્દશા થઇ હોત ? અમિરૂદ્દીનની આ દુર્બલ માનસિક અવસ્થા જોઈ મને હસવું આવ્યું; પણ મેં તે તેવુંજ દાબી રાખ્યું. મને લાગતું હતું કે, અમિરૂદ્દીનને શાસન કરવું લગાર કઠિણ થઇ પડશે પણ તેની આવી દુર્બલ અને ક્ષુદ્ર મનોવૃત્તિ જોઈ તેને શાસન કરવું કેટલું બધું સહજ છે એ મારા ધ્યાનમાં આવ્યું. કાંઇ પણ ન કરતાં માત્ર દિલારાની મુલાકાતોજ લેતો રહું તો તેટલાથી પણ તેનો જીવ મત્સરાગ્નિથી બળી જશે, એ મને સ્પષ્ટ જણાઇ આવ્યું. તે હજુ પણ શૂન્ય દૃષ્ટિથી ગાડી તરફની દિશા સામું જોતો હતો. ચહેરો લાલ થયેલો હતો અને

તે પર ક્રોધનાં ચિન્હો પણ જણાતાં હતાં. તેની એ ઉદ્વિગ્નતા દૂર કરવાના ઉદ્દેશથી મેં તેના ખભાપર હાથ મૂકી કહ્યું, "વાહ દોસ્ત! તમે તો જાણે રંગભૂમિ પર ઉભા રહી નાયકની ભૂમિકા જ ભજવતા જણાઓ છો. એ તે તમારૂં હૃદય લઇ ગઇ કે તેણે તમારાપર મોહિની નાંખી, કર્યું શું તેણે? તમારી આવી દશા તેણે કરી ખરૂં ને? ખરેજ, તે તેવીજ સુંદર છે. તેણે તમને ગાંડા કર્યા કે શું? એમ ત્યારે, પ્રેમનો સંબંધ આટલો બધો વિલક્ષણ હોય છે? વાહ, ખરો તે ખરો પ્રેમ!"

અમિરૂદ્દીનનો રોષયુક્ત ચહેરો કાંઇક હસતો થયો. તે બોલ્યો, "તેણે મને ગાંડો બનાવ્યો અને તમને તો જાણે કાંઇજ નથી કર્યું કેમ?"

મેં આશ્ચર્યથી કહ્યું, "કોને? મને? અરે, ગાંડુ લાગવા જેટલી અત્યારે મારી ઉમ્મર છે કે? અને સાહેબ મારા સામું તો જુઓ: હું તે કાંઇ તેના હાથમાં સપડાવા જેટલો ભોળો છું? મારા જેવો મનુષ્ય ફસાય તો કદાચ ઝવેરાતના સોદામાં ફસાય. પણ આવી બાબતમાં? અંહ! નામજ જવાદો! ખુદા ખુદા! વારૂ સમજો, કે હું તેનાપર ક્ષણવાર આશક પણ થયો, તો પણ તેમાં થયું શું બહુ મોટું?'

મારા આ ભાષણથી અમિરૂદ્દીનનો જીવ ઘણોજ હલકો થયો. તે ગંભીર સ્વરે બોલ્યો "સંભાળ જો; ઘણીજ સાવધા-નીથી વર્તજો."

મેં આશ્ચર્યથી કહ્યું, "કોના સંબંધમાં? દિલારાના સં-બંધમાં? તેના સંબંધમાં એટલી બધી સાવધનતા રાખવાની જે

જરૂરીઆત છે તો પછી તેની મુલાકાત લેવાને માટે તમે શા માટે મને આગ્રહ કરતા હતા? અને અત્યારે પણ, અહીંયાં તેની જે મુલાકાત થઇ, તે તમારી પોતાનીજ યુક્તિ જણાય છે. કારણ કે, તેમ ન હોય તો હું અહીં અત્યારે આવવાનો છું એ વાત તે ક્યાંથી જાણે? પણ ખેર. એક રીતે તેની મુલાકાત થઈ તે ઘણું સારૂં થયું. તેનું સૌજન્ય જોઇ હું ઘણો ખુશી થયો છું. મારા મિત્રને આવી પુત્રવધૂ મળી હતી, એથી ખરેખર મને ઘણો આનંદ થાય છે. તેને હજુ વધારે પુરસ્કાર આપવો જોઇએ. પરંતુ, તમે તો કહો છો કે તેના સંબંધમાં સાવધાનતા રાખવી જોઇએ. તે મોટી ચરિત્રી બાઇડી છે. નહિ? શું તમારૂં કહેવું એવું છે કે, તે મને મોટા ઘોટાળામાં નાંખશે? જે હોય તે યાર સ્પષ્ટ કહી દો."

મારા ભાષણથી અમિરૂદ્દીનનો ક્રોધ ઘણોજ જતો રહ્યો અને તે ખોંખોં હસવા લાગ્યો. ડોસાના મનમાં દિલારા સંબંધી સહેજ પણ અનુરાગ ઉત્પન્ન થયો નથી, એ જોઇ તેની છાતીપરનો ભાર જતો રહ્યો. તે બોલ્યો. "નવાબ સાહેબ દિલારાના સંબંધમાં એવું ભળભળતું બોલશો નહિ. સાવધાનતા રાખવાનું કહેવામાં મારો ઉદ્દેશ એટલોજ કે, તેના સંબંધમાં આપના મનમાં અનુરાગ ઉત્પન્ન થવા દેશો નહિ. કારણ કે, તેનું આચરણજ એવું છે કે, તેપરથી કોઇ નવા મનુષ્યને તો એમજ લાગે કે, તે આપણાપર આશક થઇ છે; પણ તે ભ્રમ!"

હું પણ મોટેથી હસીને બોલ્યો, "દોસ્ત, સલાહ તો સોનાની છે. પણ તે મારા જેવા વૃદ્ધને ન આપતાં તમારા જેવા

એકાદ યુવાનને આપી હોત, તો ઘણું સારું થાત. તમે એવી કલ્પના તો કરો કે, દિલારા કદાચ મારાપર આશક થાય, તો પણ હું શું તેના સાથે લગ્ન કરવા તૈયાર થઇશ કે? અરે, મારી તે લગ્ન કરવાની અત્યારે ઉમ્મર છે? હું તો આ બાબતમાં તેને મારો ચોખ્ખો નકાર જણાવું, અને મને તો એ થાય છે કે, તમારા જેવા તરુણ તેની નજર સામે ખડા છતાં, તે મારા પર આશક થાય, આવી કલ્પના પણ તમને કેવી રીતે આવી?"

થયું. અમો બન્નેને દિલ પાછાં સાફ થઇ ગયાં. ડોસો પક્કો અરસિક છે આવી અમિરૂદ્દીનની ખાત્રી થઇ, અને હવે તેને ખુશીમાં આવેલો જોઇ મેં પણ તેની રજા લીધી.

અમિરૂદ્દીનના સ્વભાવનું હવે મેં સંપૂર્ણ નિરીક્ષણ કરી લીધું હતું. કોઇપણ પરપુરુષ સાથે દિલારાની મુલાકાત થવી એ વાત તેને ઘણી ભયાવહ લાગતી. કારણ કે, દિલારએ ખાસ પોતાને પતિને ફસાવ્યો હતો એ વાત તે જાણતો હતો અને તેથી દિલારાપર તેની નજર સંશયગ્રસ્ત હતી. તે બિચારાને લાગતું હતું કે પોતાના આ પ્રેમસામ્રાજ્યમાં કોઇ પ્રતિદ્વંદ્વી જણાવો ન જોઇએ. અને તેથી તેના વહેમીલા મનને જ્યાં ત્યાં ભય જણાતો હતો. પોતાનો શત્રુ આવો કાચા દિલનો છે એ જોઇ મને તેની સાથે શત્રુત્વ કરવામાં પણ લાજ લાગવા માંડી.

દિલારાના સંબંધમાં મારા મનમાં તો પહેલેથીજ દ્વેષ ઉત્પન્ન થયો હતો. આજે વળી તેની વિકારવિવશતા જોઇ તેના સંબંધે વધુ તિરસ્કાર ઉત્પન્ન થયો. આટલા દિવસ સુધી મારી સમજમાં એમ હતું કે, અમિરૂદ્દીનેજ દિલારાપર વિજય મેળવ્યો

હોવો જોઇએ. પણ આજે મારો તે ભ્રમ દૂર થયો. દિલારાને પોતાનું સૌંદર્ય સર્વવિજયી લાગતું હતું અને તે અભિમાનના અતિરેકથી તે હિત-અનહિત તરફ પણ દુર્લક્ષ્ય કરતી હતી. તેના પતિના મૃત્યુને લીધે અત્યારે તેને મન દશે દિશાઓ ખુલ્લી થઇ હતી. તે અમિરૂદ્દીનને આંગળીના ટેરવાપર ઝુલાવતી હતી અને તે મૂર્ખ પણ તેવો નાચતો હતો. ખરેખર, તે મૂર્ખજ હતો. તે દિલારાનું અંતઃકરણ ઓળખી શકયો નહિ. નવાબ પીરબક્ષની સહજ મુલાકાત થતાંજ દિલારાએ પોતાનો દૃષ્ટિઓઘ અમિરૂદ્દીન તરફથી પાછો વાળી તે નવાબ સાહેબ પર વાળ્યો. ઘણાજ અલ્પ પરિચયથી જે સ્ત્રીના મનમાં આટલો બધો ફેરફાર થઇ જાય છે, તે સ્ત્રી પશુ કરતાં પણ અધોગામી છે. પશુઓના સર્વ અપરાધ ક્ષમ્ય કરી શકાય છે; કારણ કે, તેમને બુદ્ધિ નથી. પરંતુ, મનુષ્યોને માટે તેમ નથી. કારણ કે, તેમને જ્ઞાન છે. પોતાને જ્ઞાની કહેવરાવવામાં તેને ઘણું અભિમાન હોય છે. પશુઓના સર્વ પ્રયત્ન માત્ર પેટને માટેજ ચાલેલા હોય છે, પણ મનુષ્ય ઇન્દ્રિયલોલુપતા અને સ્વાર્થને માટે એક પણ દુષ્કર્મ કરવાનું બાકી રાખતો નથી. અથવા તો કદાચ એમ પણ હશે કે, એ બધો વ્યવહાર ન્યાય્ય માનીનેજ થતો હશે. મનુષ્ય જો પશુ કરતાં મોટો છે, તો પછી તેનાં દુષ્કર્મ કેમ મોટાં ન હોય? એટલા માટે મનુષ્ય જો હિંસક પશુઓ કરતાં વધુ ભયંકર હોય તો તેમાં કાંઇ બહુ આશ્ચર્ય નથી. આશ્ચર્ય એટલુંજ કે, અમે મનુષ્યોને પશુ કહ્યા કે પછી તેમના ક્રોધનો પાર રહેતો નથી. ભલે, ક્રોધ ચઢો. પણ, જો કોઈ એમ પ્રશ્ન કરે કે, પશુ કરતાં અધમ કોણ? તો 'મનુષ્ય.' આજ ઉત્તર આપવો આવશ્યક છે; એટલું માત્ર ખરૂં.

ઘેર આવી પહોંચ્યો ત્યાંજ નોકરે એક ચોપાઇપર મૂકેલા ટાટ તરફ આંગળી કરી કહ્યું કે, "આ કોઇ નજરાણું મૂકી ગયું છે." પાસેજ ઉર્દુમાં લખેલી એક ચીઠી હતી. તે ચીઠી દિલારાની હતી અને તેણે થોડી મીઠાઇ મોકલી હતી. ચીઠીમાં એજ લખેલું હતું કે, "કાલે આવવાનું ભૂલશો નહિ." દિલારાની આ ચીઠી, તે તેની ક્ષુદ્રતાનો સ્વ-અક્ષરનો પુરાવોજ. હું પણ તેટલાજ માટે આ સંસારરૂપી રંગભૂમિપર વેષાંતર કરી આવ્યો હતો. બીજો દિવસ ક્યારે ઉગે, આ ઉત્સુકતા દિલારા કરતાં મને અધિક હતી. તેને તો માત્ર નવાબ પીરબક્ષની મૈત્રીજ સંપાદન કરવાની હતી; પણ મારે તો તેના અંતઃકરણમાં પ્રવેશ કરવાનો હતો.

બીજો દિવસ ઉગ્યો—ઠરાવેલો સમય પણ થયો. મેં મારા પોતાના તે ભવ્ય ગૃહમાં એક પરોણા તરીકે પ્રવેશ કર્યો. આવી રીતે દરવાજાના અંદર પગલું મુકતી વખતે અંતઃકરણમાં અનેક પ્રકારના વિચારો અને વિકારોનો જે ઘુંચવાડો થઇ આવ્યો, તેની મારા શિવાય અન્ય કોઈ કલ્પના પણ કરી શકે નહિ. હું ધારતો હતો કે, મારો સત્કાર કરવા માટે દિલારાનો વકીલ અમિરૂદ્દીન આગળ આવશે. પરંતુ તેમ થયું નહિ. ઉત્કૃષ્ટ મોતી રંગનાં રેશમી વસ્ત્રોથી પોતાનો સુંદર દેહ અલંકૃત કરી દિલારા પોતે આગળ આવી કુર્નિસ કરી હસતી—મરડાતી બોલી, "આપની પાદ-રજથી આ ગૃહ અને હું બન્ને ધન્ય થયાં." તે મીઠા સ્વર, તે મધુર સ્મિત અને તે જાદૂની દૃષ્ટિ; એથી નવાબ સાહેબનો દેહ ખુશ થયો હોય તેમ જણાયો, પણ સાદતઅલ્લીખાનના હૃદયને તો ડામ દીધા ખરેખર વેદના થઇ. ભાઇ સાદતઅલ્લી, ચાલ

આગળ. તારા પોતાના ઘરમાં પગ મૂકતી વખતે તને ગમે તેટલું મનઃકષ્ટ થાય, તો પણ તું અતિથિ છું એ ભૂલતો નહિ. દુર્દૈવ! આજ માલીક ચોર થયો! પ્રત્યક્ષ લક્ષ્મીના નસીબે દરિદ્રતા આવી! સૂર્યને અંધારામાં બેસવાનો પ્રસંગ આવ્યો!! બેજ દિવસ પહેલાં હું જે ગૃહનો માલીક હતો, તેજ ગૃહમાં અત્યારે પ્રવેશ કરવો એ દિલારાની કૃપા–ભિક્ષાપર અવલંબી રહ્યું. પ્રવાસી ધર્મશાળામાં વારંવાર પ્રવેશ કરી શકે છે, પણ અત્યારે તો મારા પોતાના ઘરમાં મારો પ્રવેશ થવો એ વાત મારી ઇચ્છાપર અવલંબેલી નહોતી. વળી તેટલા માટે યાચના કરવાની પણ મને સવડ રહી નહોતી. આવા ગૃહમાં પ્રવેશ કરી મારે માત્ર અતિથિસત્કારજ લેવાનો નહોતો, પરંતુ દિલારાના હૃદયમાં પ્રવેશ કરી તેના રક્ત–લોહીથી તૃષા શાંત કરવાની હતી. દિલારા, લક્ષમાં રાખ, આ અતિથી અત્યંત ક્રૂર છે, એ સભ્યતાને ઓળખતો નથી. તે સ્ત્રીઓનો આદર કેમ કરવો તે સમજતો નથી, અને તેને સ્ત્રીયોના સૌંદર્યની પણ કિંમત નથી! તે એક અરસિક અને પ્રતિભાશૂન્ય મનુષ્ય છે. હું આવી કાવ્યમય સૌંદર્ય–ખનીની હોળી કરવા પ્રવૃત્ત થયો હોવાથી, હે કવિઓ! તમારી કલમ બુઠ્ઠી થતાં સુધી ભલે તમે ગાળો દો, અથવા શાહી પૂરી થતાં સુધી શાપો દો. પરંતુ એટલું માત્ર ધ્યાનમાં રાખજો કે સાદતઅલ્લીનો નિગ્રહ–નિશ્ચય ફરવાનો નથી.

ઘરમાં પગ મૂકયો ત્યારથી હું દરેક ભાગ તરફ ઘણી જિજ્ઞાસાથી જોતો હતો. મારા જન્મથી માંડી લગભગ પચીસ વર્ષો મેં જે ઘરમાં ગાળ્યાં હતાં, તેજ ઘર અત્યારે મને ઉદાસ, ભયા-

નક અને માત્ર તેથીજ નવીન જણાવા લાગ્યું. પહેલાં, ઘરમાંની સર્વ વસ્તુઓ ગૃહસ્થ–ધર્મની સાક્ષીભૂત હતી; પણ અત્યારે તો, આ ગૃહ કોઈ રંગીલા, નાદાન અને છાકટા મનુષ્યનું વિલાસભુવન છે એ સ્પષ્ટ જણાતું હતું. દરવાજા પાસે બે સિંહ હતા, તે કાઢી નાંખી ત્યાં આકાશમાંની બે પરીઓ લાવી બેસાડી હતી. પહેલાજ ઓરડામાં મારો વાઘો કુત્રો બેસતો હતો; પણ અત્યારે તે બિચારાને ત્યાંથી હાંકી કાઢી ત્યાં રાઘુ–મેનાનાં પિંજરાં ટાંગ્યાં હતાં. અંદરના ઓરડામાં અકબર, પ્રતાપસિંહ, પૃથ્વીરાજ, તૈમુરલિંગ, ટોડરમલ્લ વગેરે મહાન્ વિભૂતિઓની છબીઓ લટકાવી હતી; પણ અત્યારે તે ત્યાંથી કાઢી નાંખી વિલાસી જોડાંનાં ચિત્રો સર્વત્ર જણાતાં હતાં. તુરતજ હું મુખ્ય દીવાનખાનામાં ગયો અને દિલારાએ બતલાવેલા કોચપર જઇ બેઠો. અમિરૂદ્દીને મારી પહેલાંજ આવી એક ખુરશી પટકાવી હતી. આ ખંડમાં મારી પોતાની, પિતાજીની, માતુઃશ્રીની અને બીજી કેટલીક અમારા પૂર્વજોની છબીઓ હતી; પણ તે બધી ત્યાંથી કાઢી નાખી જ્યાં ત્યાં દિલારા અને અમિરૂદ્દીન એ બન્નેની છબીઓ જણાતી હતી. એ બધું જોઇ મન અત્યંત ઉદ્વિગ્ન થયું અને તે ઉદ્વિગ્નતા દિલારાના પણ લક્ષમાં આવી. તે હસતી હસતી બોલી, “નવાબ સાહેબને, અહીં આવી જેવો આનંદ થવો જોઇએ તેવો થયો નથી, એમ લાગે છે.”

દિલારાના તે શબ્દથી જાણે કે હું શુદ્ધિમાં આવ્યો. તરતજ મને મારા વેષાંતરનું સ્મરણ થઇ આવ્યું. કિંચિત્ હાસ્ય કરી બોલ્યો, “અત્યારે મને જે આનંદ થયો છે, તેની કોઇને કલ્પના પણ થશે નહીં. આ ગૃહ મને સારી રીતે સાંભરે છે. નાનપણમાં

મેં અહીંયાં કેટલાક મહિના ગાળ્યા હતા. મનુષ્ય પોતાની જીંદગી-માંની અનેક વાતો ભૂલી જાય છે પણ બાળપણની કેટલીક વાતો તે કદાપિ ભૂલતો નથી. અત્યારે તે વખતની સઘળી વાતો સ્પષ્ટ રીતે મારી નજર સામે તરી આવે છે. આથી મન જો કે કાંઈક ખિન્ન થયું છે, પણ આપના નિમંત્રણથી અહીંયાં મારો પ્રવેશ થયો, એને માટે ખરેખર મને ધન્યતા લાગે છે."

દિલારા કૃત્રિમ ગંભીરતાથી બોલી, "આપે મારા પતિને જોયા હશે?"

"હા. હું જ્યારે બીજી વખતે દિલ્હી આવ્યો હતો, તે વખતે મેં તેને જોયો હતો. સાદત તે વખતે નાનો હતો. ઘણોજ સુંદર અને સદ્ગુણી છોકરો હતો. જો આજ તે હોત, તો ઘણી સારી મઝા પડી હોત. તેના બાપને તે ઘણોજ ગમતો હતો. તેની માતાનો તો તે પ્રાણ હતો. તેની માતા જેવી સાલસ, સદાચરણી અને સુંદર સ્ત્રી મેં હજુ સુધી કયાંય પણ જોઇ નથી. બિચારા સાદતને તેણે ઘણીજ જલદીથી છોડી દીધો."

સાદતની અને સાદતનાં માબાપની અર્થાત્ મારી અને મારાં મા-બાપની પ્રશંસા અમિરૂદ્દીનથી સહન થઇ નહિ. તે મને ખિ-જવવાના ઉદ્દેશથી બોલ્યો, "આપ તો ઘણુંજ જાણતા હો તેમ જણાય છે! દાંપત્યમાંનો પ્રેમરસ દીર્ઘ-આયુષ્યથી શુષ્ક થઇ જતાં સુધી, તેમના મનમાંથી બચ્યો હતો એમ તમે ધારો છો?"

મને લગાર ક્રોધ ચઢયો અને થોડા તીખા સ્વરે કહ્યું, "દોસ્ત એ પ્રેમરસનો અજબ મેવો ખુદાએ માત્ર તમારે માટેજ રાખી મુકયો છે. તે સાધ્વીની તો એવી માન્યતા હતી કે, લગ્ન એ

એ પવિત્ર આત્માનું મિલન છે. માત્ર પાશ્વિક સુખને માટે વિવાહની આવશ્યકતા છે આ શોધ તો આપનો જણાય છે. હું જાણું છું કે, અમો વૃદ્ધોનું કહેવું તમો તરૂણોને પસંદજ નહિ પડવાનું."

હજુ પણ અમિરૂદ્દીનનું થોડુંક વધારે પાણી ઉતારવાનો વિચાર હતો, પણ તેટલામાં દિલારા વચમાં પડી બોલી "જવાદો. તમે તેના કહેવા તરફ એટલું બધું લક્ષ ન આપશો. વિચાર કર્યા શિવાય કાંઇ પણ બોલવું એ તેમનો સ્વભાવજ છે. તેમને અને મારા પતિને ઘણો સ્નેહ હતો ત્યારથી તેમની સાથે અમારે કાંઇ જુદાઇ રહી નથી. હું તેમનાપર એક બંધુના જેવો સ્નેહ રાખું છું. આપને અમારા કુટુંબની બધી વાતની ખબર છે એ જોઇ મને ઘણો આનંદ થાય છે. મરીનાને—મારી છોકરીને—લાવું કે ?"

મરીનાનું નામ નીકળતાંજ ગળું ભરાઈ આવ્યુ. ઘરની અંદર પગલું મૂકયું ત્યારથીજ મને તેને જોવાની ચટપટી થઇ હતી. પણ હું પરકીય મનુષ્ય એકદમ એમ કેમ કહી શકું કે મરીનાને બતલાવો ? પેટના ગોળાને જોવાની આતુરતા વધતી જતી હતી ત્યાંજ પોતે દિલારાએ જયારે તે વાત કાઢી ત્યારે તેને જોવાની મેં ઘણી ઉત્સુકતા દર્શાવી. તુરતજ એક દાસીએ મરીનાને આણી મારા હાથમાં આપી. તે બે વર્ષની છોકરીને જોતાંજ અંતઃકરણ ગળગળું થયું અને મેં તેને છાતી સરસી ચાંપી. તેની બાલ—મોહકતા જતી રહી હતી અને તે ગુરાવા માંડેલી જણાતી હતી. ગમે તેવી પણ તે દિલારાના પેટની હતી એટલે દિલારા તેના તરફ દુર્લક્ષ્ય કરે એ અશકય હતું. પરંતુ માત્ર અમિરૂદ્દીનના નિર્ઘૃણ આચરણથી જ આ છોકરીની આવી દુર્દશા થઇ છે એ મારા લક્ષમાં આ

ચ્યું અને તેથી જાણે મારી વૈર બુદ્ધિ બમણી જાગૃત થઇ. મેં મરીનાને પંપાળીને કહ્યું. “ વાહ? છોકરી ગુલાબની કળી જેવી નાજુક અને સુંદર છે.”

છોકરીએ મને ઓળખ્યો નહી એ ખરૂં, પણ ઘણા દિવસે પોતાના પિતાની માફકજ પોતાને કોઈ પંપાળે છે એ તેના ધ્યાનમાં આવ્યું અને તેને ઘણો આનંદ થયો. તે પોતાના મીઠા બોબડા શબ્દોથી બોલી, “મારા બાપા પણ મને એમજ કહેતા હતા.”

તે છોકરીને જોતાંજ અમિરૂદ્દીનને ચીડ ઉત્પન્ન થઈ. કારણ કે તેના શરીરમાં સાદતઅલ્લીનું લોહી રમતું હતું. તે વિકૃત સ્વરે બોલ્યો, “ સાદતઅલ્લીની છોકરી ગુલાબની કળી ખરી, પણ એ કળીની નીચલી બાજુએ કાંટા છે હો!”

મૂર્ખ અત્યારે સારો સપાટામાં સપડાયો. મેં દિલારાને ઉદ્દેશી થોડાક ઉચ્ચ સ્વરે કહ્યું, “આ અપમાન આ છોકરીનું નહિ પણ આપનું છે. અમિરૂદ્દીનનું કહેવું એમ છે કે, ગુલાબ ઉત્પન્ન કરનારાં ઝાડોને કાંટા હોય છે. તેઓ આપના બંધુ છે, એટલે તેઓ ગમે તે કાંઇ કહે તે શોભે તેમ છે.” આમ કહી તુરતજ મેં મારી નજર અમિરૂદ્દીન તરફ વાળી અને કહ્યું, “ દોસ્ત, એ કાંટાની બીક તમને; મને વૃદ્ધને તેનાથી કાંઇજ ત્રાસ થવાનો નથી.”

અમિરૂદ્દીન કાંઇંજ બોલ્યો નહિ. કારણ, મારા આ કોટિક્રમથી દિલારાને તેના ઉપર ક્રોધ ચઢયો અને તેના પર તેણે ડોળા પણ કાઢયા. તે વખતે તેનો ખુનસી સ્વભાવ તેની આંખોમાં ઉતર્યો હતો; પણ કરે શું? એટલામાં મરીના મને વળગી પડી

બોલી, " મારા બાબા ક્યાં છે, તે તમે જાણો છો ? તે ક્યારે આવશે ? "

મરીનાનો નિષ્કપટ વૃત્તિનો પ્રશ્ન સાંભળી મારી આંખો પાણીથી ભરાઇ આવી. પરંતુ, તે કપટી કસાઈ પોતાનો ક્રોધ ઓકવાના ઉદ્દેશથી બોલ્યો, " મરીનાને ગાંડુ વળગ્યું છે. ગમે તેને ગમે તે પૂછે છે. એમ કાંઇ તારા બાબા તારાં આવાં ગાંડ-પણ જોવા માટે પાછા આવશે ખરૂં ને ? "

જેને હૃદય ન હોય, એવાજ નિર્દય મુખમાંથી આવા શબ્દો બહાર નિકળે ! નીચ, પશુ કરતાં પણ અધમ ! સાદતના સંબંધમાં જો તેના મનમાં એટલો બધો દ્વેષ હતો, તો તે જીવતો હતો તે વખતે તેણે તેણે પોતાનું પુરુષાર્થ દેખાડવું જોઇતું હતું. પરંતુ, અત્યારે તે દુનિયામાં નથી, એમ જાણી આ નામર્દને સ્ફુરણ ચઢયું હતું અને હૃદયમાં એકઠું કરી રાખેલું વેર તે બે વર્ષની નાની બાળકી પર ઓકતો હતો. આવા અધમ પશુને શિક્ષા પણ શી કરવી ? મને તે બાળકીની અત્યંત દયા આવી. તેને જ્ઞાન ન હોતું છતાં, આ વખતે તેણે પણ તિરસ્કાર દર્શાવ્યો. આટલા પરથી હું સમજી ગયો કે, મરીના અમિરૂદ્દીનની અવહેલનાની વસ્તુ થઇ પડી હતી. તેના ચહેરાપર તે બ્હીક સ્પષ્ટ જણાતી હતી. ગાલે ચૂંટલા ભરવા, કાન આંબળવા વગેરે શિક્ષાઓ પણ તે બાળકને આ અમિરૂદ્દીન કનેથી ભોગવવી પડતી હશે, એમ મેં ધાર્યું. બિચારીને મોઢામાંથી શબ્દ કાઢવાની અવડ રહી ન હોતી. બાલિકાના મોઠા શબ્દ અમિરૂદ્દીનના કાનને કટુ લાગતા હોવાથી તેણે તેની જીભ ખેંચવાનો પ્રઘાત રાખ્યો હોય તેમ

લાગતું. ઘણે દિવસે બિચારીયે મોઢે વાસેલું તાળું આજે ઉઘડયું. તેણે મને ઘણા પ્રશ્નો પૂછ્યા. મેં પણ તેને ઉત્તર આપ્યા. આથી તે પણ ખુશ થઇ અને મને પણ આનંદ થયો. તે બન્નેથી કદાચ ને આ હિતગુંજ સહન નહિ થઈ હોય, પણ મેં તેમની પર્વા રાખી નહિ. અમિરૂદ્દીનને તો મેં મુંગોજ કરી નાંખ્યાં હતો.

જમવાનો સમય થવાથી અમે સર્વ ભોજનગૃહમાં દાખલ થયાં. હું હંમેશાં જે જગાપર બેસી જમતો હતો, તેજ જગાએ મને જમવા માટે બેસાડયો. આવી રીતે એક મહેમાન તરીકે પણ, મારી હંમેશની પરિચિત જગાએ જમવા બેસવાનું મળ્યાથી મનમાંને મનમાં ઘણો આનંદ થયો. દિલારા 'શું જોઇશે, શું નહિ જોઇયે' વિગેરે પૂછવા માટે ઉભી હતી. પાસેજ અમિરૂદ્દીન જમવા માટે બેઠા હતો. તેનો ચહેરો ધીમે ધીમે ઉદાસ અને ખિન્ન થતો હતો. આ વૃદ્ધ અતિથી સાથે દિલારા જે હાવભાવ–યુક્ત આચરણ રાખતી હતી, તે તેનાથી સહન થતું નહિ; પણ તે માટે તે દિલારાને શિક્ષા કરવા માટે પણ અસમર્થ હતો. તેણે વિજય મેળવ્યો નહતો, પરંતુ દિલારાએ પોતાના એકજ દૃષ્ટિપાતથી તેને વેચાતો લીધો હતો. મારા ભાણાની સામેજ મારા પિતાની છબી હતી. સાહજિકજ હું તે તરફ લક્ષ્યપૂર્વક જોતો હતો. મેં ધીમે ધીમે દિલારા પર વિલક્ષણ છાપ પાડી હતી. અત્યારે અમિરૂદ્દીન હાજર છે, એ વાત પણ તે વિસરી ગઇ હતી. હું તે છબી સામું જોતો હતો તે વખતે દિલારા હસતી હસતી બોલી, "આ ચિત્રે આપનું મન ઘણુંજ આકર્ષિત કર્યું હોય તેમ જણાય છે કેમ વારૂ ?" દિલારાએ આ પ્રશ્ન મને એવા કાંઇ હાવભાવથી પૂછયો કે, તેથી અમિરૂદ્દીનના મનમાં મારે માટે

વિલક્ષણ વૈષમ્ય ઉત્પન્ન થયું. મેં કહ્યું, "એમાં તે શું બહુ મોટું આશ્ચર્ય ? જેના સહવાસમાં મારાં અનેક વર્ષો ગયાં, તે મારા મિત્રને અને બંધુને જોઇ મારૂં મન કેમ વારૂ ન ખેંચાય ? આ ચિત્ર જોયાથી મને ઘણી ઘણી વાતો સાંભરી આવી છે. ખરેજ, ચિત્ર ઘણું સુંદર થયું છે. જાણે કે, પ્રત્યક્ષ તેમનેજ મારી સામે ઉભેલા જોઉં છું એમ મને લાગે છે." આ ચિત્ર કોણે કાઢયું હતું એ હું જાણતો હતો, છતાં મેં અમિરૂદ્દીનને કહ્યું, "દોસ્ત, વાહ ! તમે ઘણા કુશળ ચિત્રકાર જણાઓ છો. આ ચિત્રમાં માત્ર ચૈતન્ય નથી એટલું જ. બાકી, એમાં બીજી કાંઇ પણ પ્રકારની ઉણપ નથી."

મારા આ શબ્દો સાંભળી અમિરૂદ્દીનનો ચહેરો ખોટા અભિમાનથી થોડોક ખુલવા માંડયો હતો. પણ તેટલામાં દિલારા બોલ્યા, "છટ ! એ ચિત્ર કાંઇ તેમણે કાઢયું નથી. તે તો એક બીજાજ ચિતારાના હાથનું ચિત્ર છે."

અરેરે ! ફરી બિચારાનો ચહેરો ખિન્ન થયો. એટલામાં જાફર નામનો વૃદ્ધ ખાનસામો કાંઇક પદાર્થ પીરસવા આવ્યો. તે સંધિ સાધી અમિરૂદ્દીન બોલ્યો, "આ ઘણો જુનો રસોઇયો છે. એણે તમારા બંધુની અને સાદતઅલ્લીખાનની બન્નેની નોકરી કરી છે. સાદતઅલ્લીના સંબંધમાં એનો મત પણ સારો નથી."

જાફરની આંખો લાલચોળ થઈ. તે બોલ્યો, "મહેરબાન, મારા સંબંધમાં નકામું ફાવે તેમ બોલશો વહિ. મેં તેમનું નિમક ખાધું છે. દુનિયામાં કાંઇ બધાયે નિમકહરામ નથી હોતા." આમ કહી જાફરે ડોકું વાળી મને સલામ કરી અને બોલ્યો, "નવાબ સા-

હેય, ફાવે તે આપ એમના બોલવાપર વિશ્વાસ રાખજો. પણ હું આપને ખરેજ કહું છું કે, અમારા શેઠ સાહેબ જ્યારે કાળા તાવથી બિછાને પડયા, તે વખતે જો કોઇ હકીમે તેમને સાજા કરવા માટે મને મારૂં કાળજું કાઢી આપવાનું કહ્યું હોત, તો મેં તેમને માટે મારૂં હૃદય અર્પ્યું હોત." આમ કહેતી વખતે જાફ-રની આંખો પણ ભરાઇ આવી. તે તેવોજ અંદર ચાલ્યો ગયો. થોડો સમય ભોજનગૃહમાં આવી રીતે સર્વે સ્તબ્ધજ હતા. અમિરૂદ્દીન તો ઘણોજ ખશીયાણો પડી ગયો હતો. આજનો દિવસ તેને માટે ઘણો અશુભ ઉગ્યો હતો. કારણ કે, આજ તેની વારંવાર માન–ખંડનાજ થતી હતી. એક બાજુ મારા સામી ચોરટી નજર નાંખવી, મરડાટથી જોવું અને ધીમેજ રહીને ગાલમાં ને ગાલમાં હસવું આવી રીતીભાત દિલારાની ચાલી હતી. મિજલસમાં નવાબ સાહેબની ઓળખાણ કરી, પોતે તેમનો દિલારાના ઘરમાં પ્રવેશ કરી આપ્યો, એટલા માટે અત્યારે અમિરૂદ્દીનને વિલક્ષણ પશ્ચાત્તાપ થયો હોવો જોઇએ. પણ હવે પશ્ચાત્તાપ થયો, તો પણ તેનો ઉપયોગ શો ?

અમે જમી રહ્યા. મરીના, હું અને અમિરૂદ્દીન ફરી મુખ્ય દિવાનખાનામાં આવ્યાં. ભોજનગૃહમાંથી બહાર નિકળતી વખતે દિલારાએ પોતે મને દરવાજો ઉઘાડી આપ્યો અને 'હું હમણાંજ જમીને આવું છું' આમ તેણે હસતાં હસતાં કહ્યું. હું કોચપર મરીનાને પાસે લઇ વિચાર કરતો બેઠો હતો, તે વખતે જ અમિરૂદ્દીન ઉદ્વિગ્ન થઇ બોલ્યો," બાઇ સાહેબના અતિથિસત્કારથી નવાબ સાહેબ ઘણાજ ખુશ થયા હોય તેમ જણાય છે, પણ—"

તેને આગળ ન બોલવા દેતાં હું બોલ્યો, "અલબત કુલીન કુટુંબની સ્ત્રીએ અતિથિનો જેવો સત્કાર કરવો જોઇએ, તેમાં તેણે લગાર પણ ઉણપ દેખાડી નથી. ગમે તેમ પણ તે, તે કુલીન સ્ત્રી છે ને."

"પણ–"

"પણ શું ?"

"તેના સંબંધમાં સાવધનતા રાખવાનું, મેં પહેલેથીજ આપને સુચવ્યું છે."

"અને તેજ વખતે મેં તમને તેનો યોગ્ય ઉત્તર આપ્યો છે."

અમિરૂદ્દીન નિરૂત્તર થયો. થોડોક સમય તે ખિન્ન થઇ બેસી રહ્યો, અને પછી બોલ્યો, "દિલારાનું વર્તન થોડુંક ચમત્કારિક છે. નવાસવા મનુષ્યને, અર્થાત જેને તેનો સ્વભાવ સારી રીતે જાણીતો નથી, એવા કોઇને પણ તેનું વતન જોઇ એમજ લાગે કે, તે આપણાપર પ્રેમ કરે છે. તમે એમ ફસાઓ નહિ, એટલાજ માટે ખાસ મેં આપને સૂચના કરી."

હું મોટેથી હસી પડયો. તેના ખભાપર હાથ મૂકી વિનોદથી કહ્યું, "હવે મારા સમજવામાં આવ્યું કે, આપની સ્વારી આમ ખિન્ન કેમ જણાય છે. દોસ્ત અમિરૂદ્દીન, તમે એટલું ખાત્રીપૂર્વક લક્ષમાં રાખજો કે, મને વૃદ્ધને એવા ચાળા લગાર પણ ગમતા નથી. હું સોગનપૂર્વક કહું છું કે, મને એવા સાંસારિક સુખનો, ખરેખર ઘણોજ કંટાળો છે. તેમ હોત તો, હું યુવાનીમાંજ લગ્ન કરી ગૃહસ્થાશ્રમી થયો હોત. લગ્ન કરવું ખરૂં. પણ તે બાબતમાં મેં ઘણીજ સામાન્ય યુક્તિ યોજી છે. જે સ્ત્રી 'મારી સાથે લગ્ન

કરો ' આવી વિનંતિ પોતે મને કરતી આવે, તેનીજ સાથે લગ્ન કરવું, આવી મેં પ્રતિજ્ઞા કરી છે. હવે તમેજ વિચાર કરો કે, જેને યુવાનીમાં કોઇએ એવી વિનંતી કરી નથી, તેને અત્યારે વૃદ્ધાવસ્થામાં કઇ ગાંડી તરૂણી એવી વિનંતી કરનારી મળશે ?"

મારા આ શબ્દો સાંભળી અમિરૂદ્દીનનો ચહેરો એકદમ પ્રફુલ્લિત થયો. તે પણ મોટેથી હસીને બોલ્યો, "વાહ ! આપે પ્રતિજ્ઞા તો ઘણી સરસ કરી છે. અર્થાત એમજ કહોને કે, એવી રીતે કોઇ આપને વિનંતી કરવાનું નથી અને લગ્ન કાંઇ થવાનાં નથી. છટ ! મેં અત્યાર સુધી ભૂલ કરી. મેં મનમાં આપને માટે એવો ખોટો સંશય આણ્યો, તે માટે મને માફ કરજો."

એટલામાં જમી પરવારી દિલારા બહાર આવી. તેણે ઉત્કૃષ્ટ તાંબુલ પહેલથીજ તૈયાર રાખ્યાં હતાં. તેમાંનું એક તેણે શરમાતાં મરડાતાં અને હસતાં હસતાં મારા હાથમાં આપ્યું અને બીજું તેણે અમિરૂદ્દીન પાસે મૂક્યું તેના હાથમાં ન આપ્યું. અમિરૂદ્દીન બસીયાણો પડી દિલારા સામું જોવા લાગ્યો પણ દિલારાએ તેના સામું ન જોયા જેવું કર્યું. તે મારી ઘણીજ પાસે આવી બેઠી અને તેણે પોતાના પતિના સંબંધની અને સસરાના સંબંધની ઘણી વાતો પુછી. જો કે તે બધી વાતો હું જાણતો હતો ! છતાં મેં તેમાં-ની થોડીક કહી દિલારા તેટલાપરથી સમજી ગઇ કે મને તેના કુટું-બની સારી માહીતી છે, એટલુંજ નહી પણ તેની એવી ખાત્રી થઈ કે આ કુટુંબના સબંધમાં મારા મનમાં વિલક્ષણ ભાવ છે. અત્યાર સુધીમાં મેં બે ત્રણ વખત ઘેર જવાની પરવાનગી દિલારા પાસે માગી પણ 'થોડો વખત બેસો' કહી તેણે મને રાત પડતાં સુધી

જવા દીધો નહી. દિવા થયા, બહાર સ્વચ્છ ચાંદની પડી. તે વખતે મેં તેને વિનંતી કરી રજા લીધી. મને પહોંચાડવા માટે દિલારા મારી ગાડી સુધી આવી હતી. તેના ચહેરાપર થોડી ખિન્નતા પણ જણાતી હતી. હવે અમિરૂદ્દીનનો ચહેરો ખુલતો જતો હતો. ફરીથી મળવાનું વચન લઇ દિલારાએ મને રજા આપી. ગાડી ચાલુ થઇ. ગાડીની બારીમાંથી મેં સહજ પાછું વળી જેયું તો, દિલારા અને અમિરૂદ્દીન બન્ને બાગમાં ગયેલાં જણાયાં. તુરતજ હું ગાડીમાંથી ઉતરી પડયો અને પાછલી બાજુના ચોર રસ્તે બાગમાં પ્રવેશ કરી તે બન્નેની વાત સાંભળવા લાગ્યો. એક ફુવારામાંથી જુદા જુદા રંગનાં પાણી ઉડતાં હતાં તેની બેઠકપર દિલારાની પાસે બેસી અમિરૂદ્દીન બોલ્યો, "દિલારા, તારૂં આજનું વર્તન મને ઘણુંજ ચમત્કારિક લાગ્યું. પરકીય મનુષ્ય સાથે આવી રીતે વર્તવું તે એ વૃદ્ધને પણ પસંદ નહિ પડયું હોય. તેમાં વળી તે તો તારા સગો-કાકો સસરો-તેની સાથે શું એવી રીતે વર્તાય ?"

દિલારાનું હસવું ખાળ્યું ન રહ્યું, " અમીર, અત્યારે મને બધાયે પારકા અને બધાયે પાસેનાજ છે, જેણે પેલા અતિ કિમતી રત્નાલંકાર મને બક્ષિસ તરીકે મોકલ્યા, તેનો બની શકે તેટલી સારી રીતે આદરસત્કાર કરવો એ મારૂં કર્તવ્યજ હતું. "

" વાહ ! ઠીક ઠીક ! એવા अंगं गलितं मुंडं पलितं વૃદ્ધના તે અલંકારોથી લલચાઇ લાગે છે ? પણ ધ્યાનમાં રાખજે કે, તે ડોસાએ ઘણી વિચિત્ર પ્રતિજ્ઞા કરી છે. જે સ્ત્રી પોતે આવી તેને લગ્ન કરવાની વિનંતી કરે, તેનીજ સાથે લગ્ન કરવું, આવી તેની પ્રતિજ્ઞા છે. "

"અંહ ! એમાં શું બહુ મોટું ? તેનું એ કથન માન્ય કરે એવી કોઇ પણ સ્ત્રી દુનિયામાં નહિ મળી આવે, એમ નથી. જેણે આવા અલંકાર સહજમાં બક્ષિસ તરીકે આપ્યા, તેના ઘરમાં કેટલી બધી અનર્ગળ લક્ષ્મી હશે, તેની કલ્પના પણ કરી શકાતી નથી. વારૂ, તે 'વૃદ્ધ છું' એમ કહે છે ખરો, પણ તેટલો બધો તે કાંઈ વૃદ્ધ જણાતો નથી ! તારા જેવા તરૂણને શરમાવે, એવી અંગકાંતિ હજુ પણ તેનામાં જણાય છે."

અમિરૂદ્દીને દિલારાનું હૃદ્‌—ગત ઓળખ્યું. તે વિષણ્ણ થયો. તે દિલારાપર ચડભડયો. પણ કરે શું ? છેવટે તેણે મારી નિંદા કરવાની શરૂઆત કરી. તેને અને મારે કોઇ પણ જાતની ઓળખાણ ન છતાં, મુર્શિદાબાદમાં હું કેટલો બધો કુમાર્ગે વર્તતો હતો તે કહેવાનો તેણે આરંભ કર્યો. તે વખતે તેણે નિમકહરામપણાની અવધિ કરી. ધીમે ધીમે મારો ક્રોધ વધતો ગયો. આવા મિત્રદ્રોહીને ક્ષણવાર પણ જીવતો રાખવો એ અન્યાય છે, આમ મને લાગ્યું. સાથે આણેલું કાળું વસ્ત્ર મેં આખા શરીરપર ઓઢયું. કંમરે સંતાડેલો જમૈયો બહાર કાઢયો. એક વખત તે જમૈયો ચાંદનીમાં ચમકયો પણ ખરો. મારો વિવેક જતો રહ્યો. હું ક્રોધથી વિવશ બની ગયો. એક વખત થઈ આવ્યું કે ત્યાં જઇ તેની છાતીમાં ખોસી દઉં, પણ તેમ ન કરતાં મેં ત્યાંથીજ સીધો તેના કંઠનાળપર જોરથી ફેંકયો. પ્રાણાંતિક વેદનાવ્યંજક સ્વરથી 'બાપરે બાપરે" આવા શબ્દ બે ત્રણ વખત તે બાગમાં થયા. તત્ક્ષણેજ હું બાગની બહાર નિકળી અદશ્ય થયો.

પ્રકરણ ૯.

કૃતજ્ઞ પશુ.

અહીંયાં મારા નાટકનો પહેલો અંક સમાપ્ત થયો અને બીજા અંકનો આરંભ થયો એમ કહેવાને હરકત નથી. હું આટલો બધો પ્રયત્ન કરતો હતો, પણ દિલારાના ઘરમાં હું કેવી રીતે પ્રવેશ કરી શકીશ, તેની સાથે મારો પરિચય કેવી રીતે વધારી શકીશ, તેમજ મારી પાથરેલી જાળમાં તે બન્નેને કેવી રીતે પકડી શકીશ વગેરે કેટલીયે અડચણો રસ્તામાં નડતી હતી. પરંતુ, ખુદાની મોટી મહેરબાની કે, મેં યોજેલી દરેક બાબત મારી ઇચ્છા મુજબજ થતી ગઇ. બીજે દિવસે હું થોડાં ફૂલ અને મેવા મિઠાઇ વિગેરે લઈ ખાસ કરી દિલારાને ત્યાં ગયો. મારી ઓળખાણની, પણ મેં વેષાંતર કર્યું હોવાથી મને ન ઓળખનારી એક વૃદ્ધ પરિચારિકા બારણામાંજ મરીનાને રમાડતી બેઠી હતી. મને જોતાંજ મરીના દડુક દડુક દોડતી આવી અને મારા શરીર પર ચઢવા લાગી. મેં પણ તેને ઘણા પ્રેમથી ઉંચકી લીધી. તેના કોમળ ગાલે એક ચુંબન લીધા પછી તે તાળી વગાડી બોલી, “ અરે બહુ મઝા થઇ છે. અમિરદ્દીન કાકાનો હાથ કપાયો છે. ” મેં એકદમ સાશંક થઈ પરિચારિકાને પૂછયું, “ આ શું કહે છે ? ” પરિચારિકા બોલી, “ અમારે અહીં જાફર નામનો ખાનસામો છે. તેણે કાલે રાત્રે અમિરદ્દીનના હાથ પર જનૈયો ફેંકી માર્યો. ”

" અરેરે! ઘણું ખોટું થયું. બહુ વાગ્યું છે કે? અમિરૂદ્દીન ક્યાં છે ?"

" બહુ કંઇ વાગ્યું નથી. મેંજ તેને પાટો બાંધ્યા પછી તે ઘેર ગયો. "

" અને જાફર ક્યાં છે ? "

" તેને કામપરથી કાઢી મૂકયો. અમિરૂદ્દીન તેનાપર ફરીયાદ કરવાનો હતો. પરંતુ જાફરે ન્યાય કચેરીમાં તેની અનેક છાની વાતો કહી દેવાની ધાક દેખાડી, એટલે તેનાપર ફરીયાદ ન કરતાં તેને રજા આપી દીધી. "

મેં મરીનાને થોડુંક ખાવાનું આપી પરિચારિકાને પૂછ્યું, " આ છોકરી આમ ગળતી કેમ જાય છે ? "

તે બોલી, " શું કહીયે નવાબ સાહેબ. બાપ મર્યા પછી તે ઘણીજ ઝુરાતી જાય છે. તેને કાંઇ ખાવાનું કમી નથી; પણ મીઠો શબ્દ ક્યાં છે ? પેલો અમિરૂદ્દીન તો તેને પાણીમાં જુએ છે. " આમ કહી તે ઘણેજ ધીમેથી બોલી, " અને મા—નું પણ ક્યાં તેના તરફ લક્ષ છે ?

" દિલારા અંદર છે કે ? "

" હા, છે. "

મરીનાને પરિચારિકાને સોંપી હું તુરતજ અંદર ગયો. દિલારા એક કોચ પર બેસી સ્વસ્થ આરામ કરતી હતી. મને જોતાંજ તેને ઘણો આનંદ થયા જેવો જણાયો. હસતાં હસતાં તે મારી સામે આવી અને " આવીયે નવાબ સાહેબ " કહી તેણે મને કોચપર લઇ જઇ બેસાડયો. પાન સોપારીની સુંદર ચાંદીની

તબક મારી સામે મૂકી અને હુક્કાની નળી પણ મારા હાથમાં આપી. મેં કહ્યું, " કાલના આપના સત્કારથી હું આપનો ઘણો આભારી થયો છું. હું તો આપને આજે મારે ઘેર ભોજનનું આમંત્રણ આપવા માટે આવ્યો હતો; પણ અહીં આવ્યા પછી એક ભળતીજ વાત મેં સાંભળી. કહે છે કે, અમિરૂદ્દીનનો હાથ જમૈય્યાથી કપાયો છે. જખમ કાંઇ વિશેષ ઘભરાવા જેવો તો નથી ને ? "

દિલારા હસી બોલી, " ઉંહ ! અરે ઘણોજ સામાન્ય જખમ ! પણ, તે તો તેથી કાલ રાત્રે એટલો બધો ઘભરાઇ ગયો હતો કે, તેના બ્હીકણપણાનું હજુ પણ મને હસવું આવે છે. અરે એટલો બધો બ્હીકણ પુરૂષ મેં આજ સુધી જોયો પણ નથી. પેલા ઘરડા જાફરને અને તેને, ગયા ચાર પાંચ મહિનાથી ઠીક બનતું નથી. જાફરથી મારા પતિની નિંદા સહન થઇ શકતી નથી અને અમિરૂદ્દીનને તો નિંદા કર્યા શિવાય ચેનજ પડતું નથી. કાલે રાત્રે તે બાગમાં એવીજ રીતે નિંદા કરતો હતો, તે વખતે જાફરે તેના હાથ પર જમૈયો માર્યો. સારૂં થયું કે, અમિરૂદ્દીન તુરત ઉઠયો, એટલે તેના હાથ પર જમૈયો વાગ્યો. નહિ તો કાલે તો તેનું ગળુંજ કપાઇ જવાનું હતું. "

" તો પછી જાફરને કાંઇ શિક્ષા કરાવી કે નહિ ? તેને ફોજદારી કોર્ટમાં દાખલ કર્યોજ હશે ? "

" ના. તેને કામપરથી કાઢી મૂકયો, બસ. "

મેં સાથે આણેલી મેવા મિઠાઇ વિગેરે દિલારા પાસે મૂકી કહ્યું, " જ્યારે તો આવે પ્રસંગે આપને આમંત્રણ કરવું સારૂં

નહિ. અમિરૂદ્દીન સારો થયા પછી આગળ જોઇ લઇશું. ચાલો, હવે તે બિચારાની ખબર લેવા માટે જવું જોઇએ." આમ કહી દિલારાની રજા લીધી અને અમિરૂદ્દીન પાસે ગયો. જખમ સામાન્યજ હતો. પણ તે બહાદુરે તો પથારી પાથરી કણસવાનો સપાટો ચલાવ્યો હતો. જાણે કે, લડાઈમાં ચાર પાંચ ગોળીઓથી ઘવાયેલો સિપાઇ. મેં તેને ચાર પાંચ શબ્દો ધીરજના કહી શાંત કર્યો. મેં તેને કહ્યું, " અમિરૂદ્દીન ! તમે આમ ગભરાઈ જાઓ તે ઠીક નહિ. આજે તમે જે આ લઢાઇનો આરંભ કર્યો છે, તેમાં વિજયશ્રી તમારા ગળામાં માળ અર્પણ કરે ત્યાં સુધી આવા કેટલાયે પ્રસંગ તમારાપર આવશેજ, માટે આમ બ્હીશો નહિ. બિલકુલ ડગમગશો નહિ. હું હમણાંજ એક સારા હકીમને બોલાવી મંગાવું છું અને ચાર આઠ દિવસમાંજ તમારો હાથ સારો કરી દઇશ." આટલું કહી મેં અમિરૂદ્દીનની રજા લીધી અને તુરતજ એક સારા હકીમને લઇ આવ્યો. આ પછી આઠ દસ દિવસ સુધી હું દરરોજ અમિરૂદ્દીનને ત્યાં જતો અને તેનો જખમ ધોવાનું અને બાંધવાનું કામ હું પોતે કરતો હતો. મારો આ મિત્રધર્મ જોઇ તેની મારાપર સાહજિકજ શ્રદ્ધા બેઠી અને તેની ખાત્રી થઇ કે, આ ગૃહસ્થ તરફથી દિલારા સાથેના પોતાના પ્રેમ સંબંધમાં અડચણ નડશે નહિ. બીજી બાજુ એ આઠ દસ દિવસમાં દરરોજ દિલારાને ત્યાં જવું આવવું રાખી તેને પણ મેં વિલક્ષણ ચટકો લગાડયો હતો. અમિરૂદ્દીન સારો થઇ દિલારાને ત્યાં જવા લાગ્યા પછી માત્ર હું સાત આઠ દિવસ સુધી તેને ત્યાં બિલકુલ ગયો નહિ. આમ કરવામાં મારો ઉદ્દેશ એજ હતો

કે, દિલારાનો લોભ મેં કેટલો વધાર્યો છે તે જોવો. મારૂં અનુમાન તદ્દન ખરૂં ઠર્યું. તે સાત આઠ દિવસમાં દિલારાને ત્યાંથી પચ્ચીસ વખત બોલાવવા આવ્યું. આ અરસામાં જાફર ક્યાંક ગુમ થયો હતો, તેને મેં ઘણી ખટપટ કરીને શોધી કઢાવ્યો અને મારા ઘરમાં બોલાવી મંગાવ્યો. પ્રથમ તો તેને મારી ઘણી બીક લાગી, અને હું તેને દુઃખમાં નાંખીશ આમ તે સમજ્યો. પરંતુ, તુરતજ મેં તેને મારા વિશ્વાસમાં લીધો, અને પછી તે મારી સાથે ખુલ્લા મનથી વર્તવા લાગ્યો. મેં તેને કહ્યું, "જાફર! મારા ઘરમાં તારે બીક રાખવાનું કાંઇ પણ કારણ નથી. તારા વાળને પણ અહીં આંચ આવશે નહિ. તે અમિરૂદ્દીનપર મને પણ ઘણી ચીડ ચડી છે. અમારૂં કુટુંબ ઘણુંજ ઉંચું ખાનદાન છે. એવા કુટુંબની એક સ્ત્રી આમિરૂદ્દીન જેવા હલકટ મનુષ્ય સાથે નિકા કરવાનું ઠરાવે એની મને ઘણી ચીડ છે. આથી, તેં અમિરૂદ્દીનને જે શિક્ષા કરી છે, તેને માટે મને ખરાબ નથી લાગતું પણ ઉલટો સંતોષજ થાય છે. પણ તારી આ વૃદ્ધાવસ્થા તરફ જોતાં મને તે માટે થોડી શંકા થાય છે. આ કૃત્ય બીજા કોઇએ કર્યું હશે અને તારાપર ખોટો આરોપ આવ્યો હોવો જોઇએ. ખરૂં ને જાફર?"

જાફર નમ્રતાથી પણ નિશ્ચિત સ્વરે બોલ્યો, "નહિ મહેરબાન, જાફર દરિદ્રી છે, પરંતુ તે હજી સુધી કદાપિ ખોટું બોલ્યો નથી. તે કૃત્ય મેંજ કર્યું; પણ મને તેમાં જોઇતો યશ મળ્યો નથી. મારા માલીકની નિંદા કરતાં તેણે પોતાની જીભે લગાર પણ આંકો રાખ્યો નથી. તે દિવસે, હું તેમની પાછળજ ઉભો હોવાથી હું તે

નિંદા સ્પષ્ટ સાંભળી શક્યો. એથી મારો પિત્તો ઉછળી આવ્યો અને એક મોટી છરી લઇ ફેંકી. પણ તેટલામાંજ બગડી ગયું. સામેથી કોઇએ જમૈયો ફેંક્યો હોવાથી, ચાંદનીમાં તેની જે ચમક જણાઇ તેનાથી ગભરાઇ જઇ તે બાજુ ખસી ગયો અને તેથી તે જમૈયો તો ફોકટ ગયોજ; પણ મારી છરીથી પણ સારૂં પરિણામ આવ્યું નહિ. તે ફક્ત તેના હાથનેજ અડકી ચાલી ગઇ. આવી રીતે તે દિવસે તેનું મૃત્યુ ટળ્યું. પરંતુ નવાબ સાહેબ ! ખાત્રી રાખજો કે, જાફર પોતે કબ્રસ્થાનમાં જાય, તે પહેલાં તે અમિરૂદ્દીનને સારી શિક્ષા કર્યા શિવાય રહેશે નહિ."

જાફરે કહેલી વાત સાંભળીને ઘોટાળો શો થયો હતો એ મારા લક્ષમાં આવ્યું. અમિરૂદ્દીન અને દિલારામપર સંતપ્ત થએલો હું એકલોજ નથી પણ બીજું પણ કોઈ તેનાપર દાંત કચકચાવે છે એ જોઇ મને સાહજીકજ સમાધાન થયું. જાફર મારો પહેલાંનો મન ગમતો ખાનસામો હતો. અત્યારે તેને મન હું જો કે નવો હતો પણ મારે મન તો તે જુનોજ હતો. મેં તેને મારે ઘેર નોકરી રહેવા કહ્યું. પહેલાં તો તે ના કહેતો હતો, પણ પાછી મેં તેને ઘણો આગ્રહ કર્યાથી તેણે મારૂં કહેવું કબૂલ કર્યું. તે મારે ઘેર નોકરીમાં છે, આ વાત તેના અને મારા વિચાર મુજબ ગુપ્તજ રાખવામાં આવી હતી. આવી રીતે ફરી મને મારા પહેલાંના ખાનસામાના હાથના પદાર્થ ખાવા માટે મળવા લાગ્યા. જે કોઇ પદાર્થ તૈયાર કરવાને હું તેને આજ્ઞા કરતો, તો તે કહેતો કે, "મારા શેઠ સાહેબને પણ આજ પદાર્થ વધારે ભાવતો હતો." મેં જો તેને કહ્યું હોત કે, નવાબ પીરબક્ષજ સાદતઅલ્લીખાન છે;

તો તે વૃદ્ધના આનંદનો પાર રહ્યો ન હોત. પરન્તુ, નાટકનો આરંભ કર્યા પછી, પોતાની ભૂમિકા સમાપ્ત થયા શિવાય નટ જેમ પોતાનો વેષ બદલી શકતો નથી, તે પ્રમાણે હું પણ એટલામાં સાદતઅલ્લીખાનના નામથી ઓળખાણ આપી શકું તેમ નહોતું. એટલુંજ નહિ, પણ મેં જે વેષ લીધો હતો, તે વેષ હવે તો મારે આખો જન્મારો રાખવાનું આવશ્યક થઇ પડયું છે. કારણ કે, દિલારાએ જે અધમ વર્તન કર્યું હતું, તેથી સાદતઅલ્લીને જીવતા રહેવાનો માર્ગજ બાકી રહ્યો નહોતો. અત્યારે તેને મરી ગયેલો રહેવામાંજ સમાધાન લાગતું હતું. અમિરૂદ્દીનનું મૃત્યુ ટળ્યું એને માટે પણ મને એક રીતે સમાધાન થયું. મેં ક્રોધવિવશ થઇ તેના પર જમૈયો ફેંકયો ખરો, પણ તેથી જો તે મરી ગયો હોત, તો મારી વેરની કલ્પના અદ્ધરજ રહી હોત, અને અમિરૂદ્દીનને પોતાને પણ કૃતકર્મનાં ફળ કેવાં ભોગવવાં પડે છે એ સમજાયું ન હોત. તે મરી ન ગયો, એથી મને એમજ લાગ્યું કે તે સર્વ ફળ ભોગવવા માટેજ તે જીવતો રહ્યો.

દિલારાને ત્યાંથી ઉપરાઉપરી બોલાવવાનાં આવવા લાગ્યાં. એક સંદેશામાં તો તેણે એમ પણ જણાવ્યું કે, મરીના તમને બહુ સંભારે છે. મરીનાનું નામ સાંભળતાંજ મારો જીવ તલપાપડ થઈ આવ્યો અને તેથી મારે તેના આમંત્રણનો સ્વીકાર કરવો પડયો. તે દિવસે બપોરે તેણે મને જમવા માટે બોલાવ્યો હતો. ઠરાવેલા વખતે હું તેને ઘેર જઇ હાજર થયો. દિલારા બારણામાંજ સ્વાગત માટે ઉભી હતી. બીજી બાજુ અમિરૂદ્દીન પણ ઉભો હતો. બન્નેએ હસતાં હસતાં મારું સ્વાગત કર્યું. પણ દિલારાના સ્વાગતમાં થોડો

રીસામણાના ભાવ જણાતો હતો. તે પોતાનાં બન્ને નેત્રો કાંઇક ચમત્કારિક ભાવથી મારા તરફ ફેરવી, હસતી હસતી, પરંતુ જે સ્વરમાં ખિન્નતાની છટા છે, એવા સ્વરથી બોલી, "હું તો સમજી કે, નવાબસાહેબને અમો ગરીબને ઘેર આવવાનું પસંદ નથી! તો પછી વારૂ અમારી ખબર કાઢવાની તો વાતજ શેની? મહેરબાનની તબીયત તો સારી છે ને?"

મેં હસતાં હસતાં કહ્યું. "આ એક અમારાપર આપનો રોષ જણાય છે. હું કહેતો હતો ખરો કે, હું આપને ત્યાં દરરોજ આવીશ; પણ ઉદ્યોગ ધંધાને લીધે અવકાશ મળ્યો નહિ. મુર્શિદાબાદથી શેલાં, શાલો, સાડીઓ વિગેરેનો એક વ્યાપારી આવ્યો હતો. તેની સાથે પાંચ દસ સરદારોને ઘેર જવું પડયું હતું. એક દિવસ રાજમહેલમાં પણ ગયો હતો. આટલી બધી ખટપટ કર્યા પછી તેને સારૂં વેચાણ થયું."

"હા, ખરી વાત છે. આપ તો પૈસાનીજ પાછળ પડયા છો. એટલે એવા ઉદ્યોગ કરવા માટે આપને સાહજિકજ ઘણા પ્રસંગો આવે! વારૂ, પણ એટલી બધી ખટપટ કરી, તો પછી કાંઇ દલાલી મળી કે નહિ?"

"અરે હા હા! અને વળી તે અહીં સાથેજ લઇને આવ્યો છું." આમ કહી સાથે આણેલું ભરજરીનું કસબી શેલું દિલારાના શરીરપર ફેંકયું. તે સુંદર શેલું જોઇ દિલારાની તબીયત ઘણીજ ખુશ થઈ ગઇ. શેલું શરીરે ઓઢી, તેણે એક વખત તુચ્છકાર નજરથી અમિરદીન સામુ જોયું અને પછી હસતાં હસતાં મને કહ્યું, "નવાબસાહેબની પુત્રવધુને શોભે એવુંજ શેલું છે. હશે,

પણ ચાલો પ્રથમ જમવા માટે બેસો, પછીથી નીરાંતે વાતો કરતાં બેસીશું."

દિલારાએ આમ કહ્યા પછી અમે બધા અંદર જઇ જમવા માટે બેઠા. મરીનાને મેં મારાજ ભાણામાં જમવા માટે બેસાડી હતી. મને તે બાળકી આનંદમાં જણાઇ; પણ શરીરે તે ઘણીજ સુકાઇ ગઈ હતી. તેનો તે હૃદય-રોગ ઓળખી મારૂં કાળજું ચીરાઇ ગયું! જમતાં જમતાં અનેક વાતો નિકળી. દિલારાનો અને મારો વિનોદ ચાલુ થયો. અમે બન્ને એક મેક સાથે પ્રેમબદ્ધ થતાં જઇએ છીએ, એ વાત અમારા બન્નેના સંભાષણપરથી અમિરૂદ્દીનના લક્ષમાં આવી અને તેથી તેનો ચહેરો હિંસાથી ચમત્કારિક જણાવા લાગ્યો. તે તદ્દન મુગો મુગો જમતો હતો; પરંતુ હું તેને અનેક પ્રશ્નો પૂછી તેનું મનોધૈર્ય તોલી જોતો હતો. તે ઘણોજ કાચા દિલનો જણાઇ આવ્યો. આવા પ્રતિપક્ષીને સહજ રીતે યોગ્ય શિક્ષા કરી શકાશે, આમ ધારી મને એક રીતે સમાધાન થયું. આજે જો કે, અમિરૂદ્દીન ચીડાયો નહિ, પરંતુ આજે તેની ખિન્નતાનું કાંઈ પ્રમાણ જ રહ્યું ન હોતું. તેની માંદગીમાં મેં તેની જે શુશ્રૂષા કરી હતી, તેથી મારી સાથે વિરોધ કરવાની પણ તેની હિંમત ચાલી શકતી ન હોતી. ભોજન થયા પછી અમે બધા પહેલાંની જગાએ આવી પાન સોપારી ખાતાં બેઠાં. મરીના મારી પાસેજ બેઠી હતી. તેનું મન આજ ઘણું આનંદી જણાતું હતું. તે મને ઘણા પ્રશ્નો પૂછતી હતી અને હું પણ તેને આનંદ થાય તેવી રીતે ઉત્તર આપતો હતો. તેણે મને કહ્યું, "મારો વાઘો નામનો એક કુત્રો છે, તે તમે જોયો છે કે?"

મારા પરમપ્રિય વિશ્વાસુ વાઘાનું નામ સાંભળી મને શું થયું હશે ને શું નહિ તે મનેજ માલૂમ. દિલ્હી આવ્યા પછી તે મુંગો પ્રાણી મને દરરોજ સાંભરતો હતો. પરંતુ પારકે ઘેર જઇ, તમારો વાઘા નામનો કુત્રો કયાં છે, એમ પૂછવું કેવી રીતે? મેં મરીનાને પંપાળી કહ્યું, "તારો વાઘો ચીંથરાંનો કે લાકડાનો હશે?"

મારા ગળે બાઝી પડી તે બોલી, "ના ના, તે ખરેખરોજ કુત્રો છે. અરે તે તો વાઘ છે વાઘ! પરંતુ, હું તો તેને તેની પૂંછડી તાણી ખેંચું છું!"

તેના ગાલે એક ચુંબન કરી મેં કહ્યું, "તેમાં તે શું બહુ મોટું! હું તેના કાન ઝાલી તેને ખેંચું!"

તેટલામાં અમિરૂદ્દીન હસીને બોલ્યો, "નવાબ સાહેબ, તમે એ છોકરી પાસે તમારૂં અભિમાન કહ્યું તેટલુંજ બસ છે. બાકી, આપ જો ખરેખરજ તેના કાન ખેંચો ને, તો તે તમારા કાન કરડવાનું કદી પણ ભૂલશે નહિ. અરે તે કુત્રો શેનો, તે તો આ ઘરમાં એક આપત્તિ સમાન છે."

મેં દિલારાને કહ્યું, "આ કુત્રાની શી વાત છે?"

તે બોલી, "મારા પતિએ પાળેલો વાઘો નામનો એક કુત્રો છે. ઘણું વિલક્ષણ પ્રાણી છે. તેઓ ગયા ત્યારથી તે રાત દહાડો ઝુરે છે. તેની બેસવાની જગા મરીનાના પારણા નીચે. મરીના પારણામાં હોય તો તે પણ ત્યાંજ બેસી રહે. મરીના ગમે તે કરે, તો પણ તે ચૂં કે ચાં કરવાનો નહિ. પણ બીજાંઓને તેની સાથે ઘણી સંભાળથી વર્તવું પડે છે. મરીનાને સંભાળનારી દાસી

કે હું તેને બાંધીયે છીયે. બીજાને તો તે બિલકુલ હાથ જ અડકાડવા દેતો નથી. રાત્રે જો તેની બાકુ હરકત નડે, તો પછી તેને મરીનાની ઓરડીમાં લઇ જઇ બાંધ્યો કે તદ્દન શાંત બેસી રહે છે."

વાઘાના જેવા પ્રભુભક્ત કુત્રાની હકીકત સાંભળી અંતઃકરણ કૃતજ્ઞતાથી ભરાઇ આવ્યું. આખા ઘરમાં ખુલ્લેથી ફરનારા પ્રાણીના ગળામાં, માત્ર તેના નિમકહલાલપણાથી લોહસંખલા પડે, એ પણ જગતનો અદ્ભુત ન્યાય છે. મેં કહ્યું, "તમારો વાઘો ગમે તેટલો ખરાબ હશે, તો પણ તે મને લગારે ઇજા કરી શકશે નહિ. ઘણા ભયંકર કુત્રાઓને મેં ચપટીમાં શરીરપર રમતા કરી દીધા છે. તમે સમજશો નહિ કે, એવું કાંઇ મારી પાસે જાદુ છે. જે મનુષ્ય કુત્રાં પાળે છે, અને જે કુત્રાંને વધૂ લાડ લડાવે છે, તે મનુષ્ય પાસે ગમે તેવો ભયંકર કુત્રો આવે, તો પણ તે ઇજા ન કરતાં ઉલટો તે મનુષ્ય પાસે રમવા માંડે છે. અનેક સ્થળે આવા અનુભવ મળેલા છે. જોઇએ તો તમારા વાઘાને અહીં આણો, એટલે હમણાંજ તમને ચમત્કાર જણાશે."

દિલારા કુત્સિત બુદ્ધિથી હસી બોલી, "અમિરૂદ્દીન, લગાર કુત્રાને છોડી લાવશો કે?"

અમિરૂદ્દીને કહ્યું, "નારે બા ના! તે દિવસે તેણે મારી જે દુર્દશા કરી હતી, તે તમે ભૂલી ગયાં લાગો છો? સારૂ થયું એ તો કે, પેલી ડોસી એટલામાં ત્યાં આવી પહોંચી; નહિ તો તેણે મારા ગળે જ બચકું લીધું હોત. તે કુત્રો શેનો, ખરેખરો વાઘજ છે. દુષ્ટ, ક્રૂર!"

દિલારા બોલી, "ખરૂ છે. તે દિવસે અમિરૂદ્દીનના માથાપરથી મોટું સંકટ દૂર થયું. મરીના પોતાને પારણામાંથી કાઢવા

માટે રડતી હતી. મેં અમિરૂદ્દીનને કહ્યું, "તમે લગાર મરીનાને પારણામાંથી બહાર કાઢો." મરીના અમિરૂદ્દીનના હાથમાં જવા કબૂલ ન હોતી. છતાં તે પારણા પાસે જઇ તેને ઉંચકવા લાગ્યા. એટલામાં વાઘો તેમનાપર ધસી આવ્યો અને તેણે પોતાના બે પંઝા તેમની છાતીપર રાખી ગળા પાસે મોઢું લીધું. એથી અમિરૂદ્દીને મોટેમોટેથી બૂમો પાડવા માંડી, તે સાંભળી ડોસી દોડી આવી. નહિ તો—" આટલું જ કહી દિલારા અટકી અને અમિરૂદ્દીનનો દર્પ કેટલો ઉતર્યો છે, તે જોવા લાગી. તે બિચારો ઘણો ખશીયાણો પડી ગયો હતો. પછી તેણે મને કહ્યું, "એવા ભયંકર કુત્રાને તમારી પાસે આણું કે?"

મેં હસીને કહ્યું, "મેં કહ્યું નહિ કે, આ માત્ર પરીક્ષા છે. એ બાબતમાં મારી ફજેતી થશે, તો પણ તેથી મને કાંઇ ખોટું નહિ લાગે.:'

અમિરૂદ્દીનની એવી ઘણી ઇચ્છા હતી કે, આ કુત્રાની બાબતમાં મારી ફજેતી થાય અને મને શિક્ષા પણ થાય. પરંતુ કોણ જાણે કદાચિત્ વાઘો તેના પોતાના પરજ ધસી આવે તો? આ બીકથી તેણે પૂર્ણ મૌન સ્વીકાર્યું હતું. છેવટે મારા કહેવાને માન આપી કુત્રાને ત્યાં આણવાનું ઠરાવ્યું. મરીનાને સંભાળનારી ડોસી એક ઓરડીમાં ગઇ અને તે કુત્રાને લઇ મારી પાસે આવવા લાગી. પ્રથમ તો તે અમિરૂદ્દીનને જોઇ મોટેમોટેથી ઘુરકવા લાગ્યો. એટલે હું ઉઠયો અને વાઘાની પાસે જઇ ઉભો રહ્યો. કુત્રાની ઘ્રાણેંદ્રિય કેટલીબધી તીક્ષ્ણ હોય છે, એ તમે જાણો જ છો. બધા મને ભૂલી ગયા હતા, પણ તે મને ભૂલી ગયો

ન હોતો. મારા વેષાંતરનું તેનાપર કાંઇજ પરિણામ ન થયું અને તુરત જ તે મને ઓળખી ગયો. તેના આનંદનો પાર રહ્યો નહિ અને તેણે મારા શરીરપર કેટલાયે કુદકા માર્યા. કેટલીયે વખત પુંછડી હલાવી અને ઘુરકયો પણ કેટલું, તે એક હું અને તેજ જાણે. તે ડોસી દિલારા અને અમિરૂદ્દીન આ બનાવ જોઈ ચકિત થઇ ગયાં હતાં. આ વખતે વાઘાએ જે સ્નેહભાવ પ્રકટ કર્યો, તેનો મેં તેને મોબદલો પણ પાછો આપ્યો. તેને ત્રણ ચાર વખત પંપાળી અને પછી દૂર ફેંકયો. તે પણ ફરી મારી પાસે દોડી આવ્યો અને શરીર પર ચઢવા લાગ્યો. ધીમે ધીમે વાઘાને શાંત કરી હું તેને ઠેઠ બેઠક સુધી લઇ ગયો. મેં તેને મારી પાસેજ ચુપચુપ બેસવાની આજ્ઞા કરી. તે પણ મારી આજ્ઞા માની બન્ને આગલા પગપર ડોકી મુકી નીરાંતે બેઠા. પણ વચમાં વચમાં અમિરૂદ્દીન તરફ જોઇ ઘુરકયા જ કરતો હતો. મેં દિલારા સામું જોયું, તો તેનો ચહેરો વિલક્ષણ ચિંતાતુર જણાયો. "મને ઓળખ્યો તો નહિ હોય?" આ ભાવનાથી હું પણ ચિંતાતુર થયો. છતાં મોઢાપર તે ભાવ ન દેખાડતાં મેં દિલારાને કહ્યું, "આ કુત્રો ખરો જાતિવાન્ છે, આથી જ હું તમને આ ચમત્કાર દેખાડી શકયો; નહિ તો મારી પણ ફજેતી થઇ હોત. એક બે ઠેકાણે એવાં થોડાં ઓછી જાતિનાં કુત્રાં પણ મને મળ્યાં છે અને તેમણે મને બચકાં પણ ભર્યાં છે. પરંતુ આ કુત્રો તેવો નથી. આ શુદ્ધ જાતિવાન્ છે. મુર્શિદાબાદમાંના મારા ઘરમાં આવા ચાર પાંચ કુત્રા છે. મને નાનપણમાંથી જ કુત્રાનો ઘણો શોખ છે. મારા બાપ મક્કે ગયા હતા, ત્યાંથી પાછાં ફરતાં તેઓએ મારે માટે

એક ખાસ ઉંચી જાતનો કુત્રો આણ્યો હતો. હજુ પણ તે મારી પાસે છે. કુત્રાંપર પ્રેમ કરનારાંને કુત્રાં કદી પણ ત્રાસ આપતાં નથી."

મારી આ ચર્પટપંજરી સાંભળી દિલારાનો ચહેરો એકદમ પ્રફુલ્લિત થયો. તેના મનમાંનો સંશય તુરત જ દૂર થઇ ગયો. તે બોલી, "મારા પતિને પણ કુત્રાંનો ઘણો શોખ હતો. આ કુત્રાપર તો તેમનો ઘણો જ પ્રેમ હતો."

અમિરદ્દીનની ધીરજ ઘણી ખુટી ગઈ હોવાથી તે કુચેષ્ટાથી બોલ્યો,–'કુત્રાંનો શોખ અને કુત્રાંપર પ્રેમ! એવાં પણ વિચિત્ર પ્રકૃતિનાં માણસો દુનિયામાં હોય છે."

અમીરદ્દીનની આ ક્ષુદ્રતા વાઘો સમજ્યો કે નહિ તે ખુદા જાણે? પણ, વાઘાએ પોતાના ડોળા અમિરદ્દીન તરફ ફાડયા અને તેના સામું ઘુરકવા લાગ્યો. મેં તેને ધાક બતલાવી શાંત કર્યો અને કુત્રાંના આ આશ્ચર્યકારક સ્વભાવની પોતે અનુભવેલી કરી, ઘણી ખરી ખોટી વાતો કહી. તે વાતોથી તે સર્વને આનંદ થયો અને તેમના મનમાં આવેલા સંશયો પણ દૂર થઇ ગયા. રાત ઘણીજ ગઈ હોવાથી મેં દિલારાની રજા માગી. હજુ વધારે સમય મને બેસાડવાની તેની ઇચ્છા હતી; પરંતુ બીજે દિવસે સ્હવારમાં કામે જવાનું નિમિત્ત દર્શાવી મેં તેની પરવાનગી મેળવી. અમે બધા ઘણીવાર સુધી વાતો કરતા બેઠા હોવાથી મરીના મારા ખોળામાંજ ઉંઘી ગઇ હતી. તેને તેની ઓરડીમાં લઇ જઇ પારણામાં સુવાડવાની અને વાઘાને તેજ ઓરડીમાં લઇ જઇ બાંધવાની કામગિરિ મેં સંતોપથી સ્વીકારી. મરીનાને લઇને ફિરનાંજ

વાઘો પણ ઉઠયો અને મારી પાછળ પાછળ આવવા લાગ્યો. જાણે કે, આ ઘરની મને કાંઇજ માહિતી નથી, આમ દેખાડવા માટે હું ભળતી જ ઓરડી તરફ ગયો. એટલામાં દિલારા હસીને બોલી, " અરે તે ઓરડી નહિ, ખરેખર તેના સામેની." " અરેરે! ભુલ્યો." આમ કહી હું મરીનાની ઓરડી તરફ વળ્યો. મરીનાને પારણામાં સુવાડતી વખતે તેના કોમલ ગાલનું જ્યારે મેં ચુંબન લીધું, ત્યારે મારી આંખો અશ્રુથી ભરાઇ આવી. પછી વાઘાને સાંકળે બાંધ્યો. તેને બાંધી જ્યારે હું પાછો ફર્યો, ત્યારે તે મુગા પ્રાણીએ પોતાની કૃતજ્ઞતા વ્યક્ત કરવાની કમાલ કરી. તે વખતે મારાથી રહી શકાયું નહિ. હું ફરીથી તેની પાસે ગયો અને તેનું શરીર થાબડવા લાગ્યો. " વાઘા, પ્રિયતમ વિશ્વાસુ મિત્ર, દુનિયાનો અનુભવ લેતાં—જગતપર મેં યથાશક્તિ કરેલા ઉપકારનો બદલો શોધતાં—એક પશુ શિવાય કોઇપણ કૃતજ્ઞ મળી આવ્યું નહિ. ખરેખર જ, તે મનુષ્યોને ધિક્કાર છે. વાઘા, તારા સ્નેહ ઋણમાંથી હું આમરણાંત મુક્ત થઇશ નહિ. દ્વિપાદ નરપશુ કરતાં તું શ્રેષ્ઠ છે. તને પશુ કહેતાં પણ જીભ ખચકાય છે. વેશાંતર કરી હું દુનિયાને ઠગું છું, પણ તને ઠગવો શક્ય નથી. તારીજ માફક જો મનુષ્યોને રોટલીની ઓળખાણ હોત, તો પછી આ દુનિયામાં કૃતઘ્નો કરતાં કૃતજ્ઞો જ વધારે મળી આવત. તારા જેવું એકાદું મનુષ્ય-હૃદય જો મને મળી આવશે, તો મને ઘણું સમાધાન લાગશે. અંતઃકરણની આ વેદના કોઇને કહેવાનું મન થાય છે, પણ કોને કહું ? વાઘા, હવે તો શાંતપણે દિવસો કાઢ. નકામો જીવ બાળીશ નહિ. થયું, તો તો બન્નેનો સહવાસ થશે; નહિતો કાયમની તુટાતુટ થશે." ફરી વાઘાને પંપાળ્યો અને ઓરડીની

બહાર નિકળ્યો. વાઘાની પીડ થાબડતા તે ઓરડામાં વધારે વાર રહી શકાય તેમ ન હોતું. કારણકે, જે વેષ લીધો હતો તે વેષને અસંગત લાગે એવું કોઈ પણ કૃત્ય કરવાની અત્યારે મને પરવાનગી ન હોતી. મેં મારા હાથેજ આ પારતંત્ર્ય-શૃંખલા મારા પગમાં ઘાલી હતી. દિલારા બારણામાંજ ઉભી હતી. તેની રજા લીધી અને ગાડીમાં જઇ બેઠો. દિલારાને આજે સુંદર શેઠ મળ્યું હોવાથી તેને ઘણો આનંદ થયો હતો. અર્થાત્, તેથી અમિરદોનને પણ કાંઇ ઓછો સંતોષ થયો ન હોતો. તે તો મને ઠેઠ ગાડી સુધી પહોંચાડવા માટે આવ્યો હતો. જાણી જોઇને તેના ખભા પર ભાર મુકી હું ગાડી સુધી આવ્યો. 'અરેરે! વૃદ્ધાવસ્થા બહુ બુરી છે." આમ હું વચમાં કહેતો જ હતો. ગાડીમાં બેસતી વખતે પણ મેં તેના હાથની મદદ લીધી. આવી રીતે મારી વૃદ્ધાવસ્થાની તેને ખાત્રી કરી આપી હોવાથી અમિરદોનની તબીયત અંતઃકરણથી ખુશી થઇ ગઇ હતી.

પ્રકરણ ૧૦.

બાલિકાનું મૃત્યુ.

સમયનું કાર્ય જે એકએક પગલું આગળ ચાલવાનું, તે એક સરખું ચાલેલું જ હતું. તમે તમારા કાર્યમાં યશસ્વી થાઓ અથવા અપયશી થાઓ કે પછી માત્ર તમે ઉદાસીન વૃત્તિથી રહો; પરંતુ સમય તે તરફ લક્ષ આપશે નહિ. તે તો તમને

પાછળ નાખી એક સરખો આગળ ચાલ્યો જ જશે. આ બાબતમાં મેં માત્ર મારી દિનચર્યા તે સમયની માફક આગળ પગલાં ભરનારી રાખી હતી. બેદરકારી, ઉપેક્ષા અને આળસ એ સર્વ પર મેં તિલાંજલિ છોડી હતી અને હું મારા ઉદ્યોગમાંજ ગુંથાઈ ગયો હતો. દિલ્હી આવે મને એક મહિનો અને ત્રણ અઠવાડીયાં થયાં હતાં. એટલાં દિવસોમાં નવાબ પીરબક્ષનું નામ સર્વતો-મુખી થયું હતું અને શહેરના ઘણા લોકોની ચર્ચાનો તે વિષય જ થઇ પડયો હતો. મારૂં નામ સર્વતોમુખી થવા માટે મેં જે ઉદ્યોગ કર્યો હતો, તે સંભારતાં મને હસવું આવે છે. ખરૂં જોતાં, આટલી બધી પ્રસિદ્ધિમાં તો મને સેતાનજંગે આણ્યો હતો; અને મુખ્ય વાત તો એ કે, તે અથાગ સંપત્તિ, પેલા ભયંકર કાળા તાવના રોગે મારા સ્વાધીન કરી હતી. આલંકારિક ભાષામાં કહીયે તો, એક મૃત્યુનો સાથીદાર અને બીજો પ્રત્યક્ષ મૃત્યુ, એ બન્નેએ મને દિવ્ય દૃષ્ટિ આપી દુનિયાનું ખરૂં ચિત્ર મારી નજર સામે મૂકયું હતું. દુનિયા તે બન્ને માટે ગમે તેટલો તિરસ્કાર દર્શાવે, પરંતુ હું તો તેમનો હંમેશનો ઋણી રહીશ. સેતાનજંગે મૂકેલી સંપત્તિ જો મારા હાથમાં ન આવી હોત, તો પણ મેં કાંઇ મારો ઉદ્યોગ છોડી ન દીધો હોત. એટલુંજ કે, મારે મારા કાર્યની દિશા જૂદીજ ઠરાવવી પડી હોત.

દિલ્હી જેવા વિલક્ષણ વૈભવસંપન્ન શહેરમાં હું આટલો બધો ઝપાટાથી પ્રસિદ્ધિમાં આવ્યો એમાં બહુ આશ્ચર્ય નથી. જેના ખજાનામાં લક્ષ્મી હતી, રાજમહેલને પણ લજાવે એવું જેનું ઘર હતું, જે ઘરમાં કોઇ પણ ઠેકાણે નજરે ન પડે એવાં અનેક

બહુમૂલ્ય રત્નો હતાં, જેના ઘરના નોકર ચાકરો પણ ચતુર અને વખણાયેલા હતા, જેના ગાડી-ઘોડા તો આખા દિલ્હી શહેરમાં સર્વોત્કૃષ્ટ ઠર્યા હતા, જે ખુલ્લા હાથે ગરીબ-ગુરબાંના સમાચાર લેતો હતો, અતિથિ અભ્યાગતો જેના બારણે આવી વિન્મુખ જતા ન હોતા, પોતાના મિત્રોની ચેન માટે જેણે જમદારખાનાના ખર્ચ તરફ કદાપિ લક્ષ આપ્યું નથી, એવા નવાબ પીરબક્ષનું નામ સર્વતોમુખી થાય, એટલુંજ નહિ, પણ તેના સંબંધમાં સર્વના મનમાં આદર ઉત્પન્ન થાય, એમાં કાંઇ આશ્ચર્ય નથી. એકંદરે જોતાં સમાજની એવી રચના જણાય છે કે, જેને સમાજમાં વિખ્યાત થવાનું હોય, તેના અંગે વ્યક્તિગત ગુણ હોવાજ જોઇએ એમ કાંઇ નથી. માત્ર એક ઐશ્વર્ય હોય તો બસ ! પછી તમે મૂર્ખ હશો, તો પણ લોક તમને ડાહ્યા કહેશે. તમે કંજુસ હશો, તો પણ લોકો તમને બલાત્કારે ઉદારની પદવી લટકાવશે; અને તમે નિષ્ઠુર હશો તો પણ તેઓ તમારા શરીરે મનની કોમળતા લગાડયા શિવાય રહે નહિ. તમે ગમે તેવા તિસ્કરણીય કે નીચ સ્વભાવના હશો, પરંતુ ઐશ્વર્યના ઢાંકણ નીચે સર્વ કાંઈ ઢંકાઇ જશે અને તમારા વખાણનાં બણગાંની તુતુડીઓ એક સરખી વાગતી જ રહેશે. દુનિયામાં, સ્વાર્થાંધ, અંતઃકરણશૂન્ય અને વિલાસમુમુક્ષુ લોકોનો જ્યાં સુધી ટોટો નથી, ત્યાં સુધી ‘ આપણો કીર્તિરથ અપ્રતિહતપણે કેમ દોડતો રહે ’ એવી ચિંતા કરવાનું તમારે કાંઇ કારણ નથી. ઐશ્વર્યસંપન્ન મૂર્ખ, નિષ્ઠુર અને ઇન્દ્રિયલોલુપ મનુષ્યનાં નામ જો સર્વતોમુખી થાય છે, તો પછી મારા જેવા શુદ્ધ દાનતથી વર્તનારાઓનાં નામ દિલ્હી શહેરમાં સર્વત્ર પ્રસિદ્ધમાં આવે એમાં કાંઇ આશ્ચર્ય નથી. મારી

આગળ પાછળ તે વખતે જે કેટલાંક જૂદી જૂદી મનોવૃત્તિનાં માણુસો એકઠાં થતાં હતાં, તેનું માત્ર મને હજુ સુધી પણ આશ્ચર્ય લાગે છે. મનુષ્યના અંતઃકરણને સ્વાર્થનામક પ્રાણીએ દંશ દઇ, જો તે અંતઃકરણમાં પોતાનું ઝેર રેડયું, તો તે મનુષ્ય પોતાના મનુષ્યત્વને તિલાંજલિ આપવા માટે જાણે કે ઉત્સુક થયા જેવો જણાય છે. એ પરથી, તમેજ એનો વિચાર કરો કે, એ સ્વાર્થનું ઝેર કેટલું ભયંકર છે.

મારા અનુગ્રહ માટે પ્રયત્ન કરનારા ઘણા સારા-નરસા લોક તે સમયે મને દિલ્હી શહેરમાં મળી આવ્યા. યોગ્ય કારણ હો કે ન હો, મને અનેકો તરફથી જમવાનાં નિમંત્રણો મળવા માંડયાં. વિશેષતઃ વિવાહાતુર સુંદર સ્ત્રીયોનાં મા-બાપોએ તો જાણે મારા પર આમંત્રણોનો વર્ષાદજ કર્યો હતો. એવા એકાદ ગૃહસ્થને ઘેર ગયો, તો પછી પોતાની છોકરીનાં વખાણ મને સંભળાવવાં અને તેનો ચહેરો મારી સામે વારંવાર હલાવવો, એજ તેમનો મુખ્ય ઉદ્યોગ થતો હતો. ઐશ્વર્યથી બિચારાંઓની દૃષ્ટિને ભ્રમ થયો હતો. મારા તરુણના જેવા જણાતા ચહેરા તરફ તેઓ નજર કરતાં, પણ પાકી ધોળા સફેદ થએલા વાળ તરફ કોઇની પણ નજર જતી ન હોતી. અથવા તો, કદાચને ઐશ્વર્યસંપન્ન મનુષ્યના તારુણ્યમાં પાકેલા વાળથી, કરચલી પડેલા ગાલથી અને બોખડા થએલા મોઢાથી તથા ઉંડી પેસી ગએલી આંખોથી વધારો થતો હશે! અને તેથી તે તેટલો અધિક તરુણ માનતો હશે. જેની પાસે પૈસો હોય છે, તેનીજ આંખોમાં દ્રવ્યોન્માદ આવે છે એમ નથી, પરંતુ તેની સામું જેનારાની પણ આંખોમાં દ્રવ્યોન્માદ આવે છે!

કેવળ સ્વાર્થબુદ્ધિથી મારી આસપાસ એકઠા થએલા લોકો માટે મારા મનમાં સાહજિક જ તિરસ્કાર ઉત્પન્ન થયો હતો; પરંતુ હું રંગભૂમિપર નટ–વેષમાં ઉતરેલો હોવાથી, તેમનું મન ન દુભવતાં તેમને સારું લાગે એવીજ રીતે વર્તતો હતો. તેમની આશા અને તેમનો ઉત્સાહ એ બે કે તદ્દન વૃથા છે એમ હું જાણતો હતો, તથાપિ દુર્દૈવે મારા નસીબે પ્રવંચક બુદ્ધિથી વર્તવાનું આવ્યાથી હું તેમનો ઉત્સાહ અને આશા વધારતો હતો. સમાજની અને મારી આ પરસ્પર વિરુદ્ધ મનઃસ્થિતિને લીધે જીવ ઘણોજ ઉદાસ થયો હતો, પરંતુ પેલી વેરની કલ્પના પ્રત્યેક ક્ષણે મને ઉત્સાહિત કરતી હોવાથી હું આગળજ ચાલ્યો જતો હતો. મારી કાર્યસિદ્ધિ માટે જે માણસોની આવશ્યકતા હતી તેમના એકંદર ચારિત્ર્ય તરફ દુર્લક્ષ્ય કરી, હું તેમને ખુશ રાખવાના પ્રયત્ન કરતો હતો. મને જેમ અનેક ઠેકાણેથી મીજબાની માટે આમંત્રણ આવતાં હતાં તે પ્રમાણે વચમાં વચમાં હું પણ તે સર્વને મારે ઘેર બોલાવી મીજબાનીઓ આપતો હતો. દિલારા તરફથી મને બે વખત મીજબાની મળ્યા પછી એક મીજબાની માટે મેં પણ તેને બોલાવી. આમંત્રણ આપવા માટે હું પોતે ગયો હતો. દિલારાએ કહ્યું, “પતિને મરે પુરા છ મહિના પણ થયા નથી; એવી સ્થિતિમાં આપને ઘેર આવું તો ખરાબ દેખાય.”

પતિના મૃત્યુથી નહિ, પણ લોકો ખરાબ કહે એટલા માટે દિલારાએ ત્યાં આવવાને ના પાડી. વાસ્તવિક જોતાં, દિલારાએ લોકલાજની બીક રાખી હતી, એ હવે તેણે મને કહેવા જેવું રહ્યું નહોતું. લોકની જ નહિ, પણ મનની પણ લાજ જેણે

વેચી ખાધી હતી, તેનો નકાર, અર્થાત્ તે ચોખ્ખું નખરું હતું. મેં તેને સહાનુભૂતિથી કહ્યું, " દિલારા, એમાં તો જાણે કાંઇ શંકા જ નથી કે પતિના મૃત્યુથી તારા પર મોટી આપત્તિ તુટી પડી છે. પણ, તેટલા માટે આમ શોક પણ કેટલા દિવસ કરીશ? આટલા દિવસો શોકમાં ગાળ્યા, તેટલા બસ છે. તારા જેવી તરુણીએ, તેમાં વળી અપ્રતિમ સુંદર એવી સ્ત્રીએ, પોતાની શરીર-હાનિ ન થાય એટલા માટે પણ ઘણી સંભાળ રાખવી જોઇએ. પતિ માટે શોક કરી અનેક તરુણ સ્ત્રીયો શ્રી–હીન થયેલી છે અને તેથી તેમનું આખું આયુષ્ય નકામું ગયું છે. તારી અવસ્થા એવી થાય નહિ, એવી મારી ઘણી ઇચ્છા છે. આગળ પર, તારી સાથે જેનાં લગ્ન થાય તેને શું એમ ન લાગવું જોઇએ, કે દિલારા પોતાનું કલેજું છે? એટલા માટે તો તારે ઘણી સંભાળ રાખવી જોઇએ. તેમાં વળી, તારે કાંઈ ઓછુંજ પારકે ઘેર જવાનું છે? મારૂં ઘર એ તો તારૂં પોતાનું જ ઘર છે. મારા ઘરમાં કોઇ સ્ત્રી–માણસ ન હોવાથી ચાર આમંત્રિત સ્ત્રીઓને ઘણી અડચણ પડશે; એટલા માટે તું આવી તેમની વ્યવવસ્થા રાખે એવી મારી ઘણી ઇચ્છા છે." આ શબ્દો ઉચ્ચારતી વખતે મેં હાવ–ભાવની માર્મિકતા એટલી બધી દેખાડી કે, તેની સહજ એવી ખાત્રી થાય કે, આ ડોસો રસિક અને ચંચળ વૃત્તિનો છે.

દિલારાની પણ તેજ ઇચ્છા હતી. આ શ્રીમંત્ વૃદ્ધને પોતાની જાળમાં ગોંધી તેને છોઇ કોરો કડકડતો કરવો અને એવી રીતે ઐશ્વર્યસંપન્ન થયું, એજ તેની ઇચ્છા હતી. તેણે મારૂં કથન અંતરમાં સંતોષથી પણ બહાર કષ્ટથી માન્ય કર્યું. એક વખત,

બે વખત, એમ થતાં થતાં દરેક મીજબાનીમાં તે મારે ઘેર હાજર રહેવા લાગી. તે વખતે તે સ્ત્રીઓના આદરસત્કાર માટે ગમે તેટલો ખર્ચ કરતી, તો પણ હું તેને એક શબ્દ સરખો પણ કહેતો નહોતો. તેનો અને મારો આવી રીતે પરિચય અને સ્નેહ વધતો ચાલ્યો. કદાચિત્ તે મારાપર ખરેખરજ આશક થઈ હશે ! નહિ, એમ નહિ; પણ તેના વર્તનનું ખરૂં ચિત્ર મારી નજર સામે આ પહેલાંજ આવેલું હોવાથી, મને તેના સ્વાર્થનીજ ઉપપતિ અધિક સયુક્તિક લાગવા માંડી.

દિલારાની માફક અમિરૂદ્દીનને પણ મારી જાળમાં ગોંધવાનો મારો પ્રયત્ન ચાલૂ હતો, અને સાદતઅલ્લીખાન કરતાં પોતાને અત્યંત દક્ષ —હુંશીયાર સમજનારા તે નંદી—બળદના નાકમાં નથ ટોચી નવાબ પીરબક્ષ તેને મરજી મુજબ વાળતો હતો. તેનો વિશ્વાસ સંપાદન કરવાનું મુખ્ય સાધન મારા જાણવામાં આવ્યું હતું. નવાબ પીરબક્ષજ સાદતઅલ્લીખાન છે, આમ જો તે વખતે મેં તેને કહ્યું હોત, તો તે બાયલા બીકણે બેઠાં બેઠાંજ પ્રાણ છોડયા હોત. પણ મારે તેમ કરવાનું નહોતું. મારે એવી રીતે વેર વાળવું નહોતું. સ્ત્રી દુરાચરણી નિકળી હોય, તો તેના પતિના અંતઃકરણ-ને કેવી વેદના થાય છે, એ તેને દેખાડી માત્ર તેજ પશ્ચાત્તાપના અગ્નિથી મારે તેના શરીરની હોળી કરવી હતી. અર્થાત્ મારી આ કાર્યસિદ્ધિ માટે, દરેક મુલાકાત વખતે હું એવી કાંઇ સાકર વેરતો હતો કે તેની ઐશ્વર્યલિપ્સા વધતી ચાલી. તે મારો પૂર્ણ વિશ્વાસુ અનુચર બન્યો હતો. એક તો હું વૃદ્ધ, બીજું અરસિક, ત્રીજું દિલારા મારા કુટુંબનીજ હોવાથી, હવે તેનાં લગ્ન અમિરૂદ્દીન જેવી 'પુરુષશ્રેષ્ઠ' વ્યક્તિ સાથે થાય, એ મારી ઇચ્છા; અને મુખ્ય એ કે

આટલા દિવસમાં અમિરૂદ્દીનનો અને મારો જે સ્નેહસંબંધ બંધાયો, તેના ઇનામ તરીકે તેના કલ્યાણ માટે પ્રયત્ન કરવો એ મારૂં કર્તવ્ય; આવી કર્તવ્ય પરંપરા જ્યારે મેં અમિરૂદ્દીન પાસે મૂકી, ત્યારે આ 'ભોળો' ઘરાક આપણને સારો મળ્યો, આમ તેને લાગે એ સાહજિક છે. પ્રથમ તેના મનમાં મારે માટે સંશય આવ્યો હતો, પણ તુરતજ તેની ખાત્રી થઇ કે, ડોસાનો સ્વભાવજ એવો છે, અને દિલારાપર તો તેની આંખ છેજ નહિ. છેવટે તેણે મારાપર પૂર્ણ વિશ્વાસ નાંખ્યો અને હું પણ તેના સંતોષ માટે છૂટે હાથે તેની સાથે વર્તતો હતો.

દિલારાનો અને અમિરૂદ્દીનનો સ્નેહ આવી રીતે સંપાદન કર્યા પછી દિલારાને—વસ્તુતઃ મારે—ઘેર જવા આવવા માટે કાંઈ જ હરકત રહી નહિ. પરવાનગી માગવાનું કાંઇ કારણ રહ્યું નહિ. મારા ઘરમાં પણ મેં તે બન્નેને તેટલીજ છૂટ આપી હતી. ખરૂં જોતાં, દિલારાના ઘરમાં મને ખેંચી જવાનું સામર્થ્ય માત્ર બે પ્રાણીમાં હતું. એક મરીના અને બીજો વાઘો. મરીના માટે મારો જીવ તડતડ તુટતો હતો. ઝુરાવા માંડેલી તે બાલિકાની તે દશા જોઇ, આ બહુરૂપીનો વેષ ફેંકી દેવો, સઘળું કાંઇ વિસરી જવું અને મરીના સાથે કયાંય પણ જઇ રહેવું એમ મનમાં થયું; પણ મારૂં અંતઃકરણ દિલારાના અધઃપતનને લીધે એટલું બધું સળગી ઉઠયું હતું કે, વેરના વિચાર શિવાય બીજા કશાથી તે શાંત થતું ન હોતું. દિલારાને ઘેર જઈ મરીનાને અને વાઘાને સાથે લેવા, તથા બાગમાં જઇ તેમની સંગતિમાં બની શકે તેટલો સમય ગાળવો, આવો મારો ક્રમ ચાલ્યો હતો. ધીમે ધીમે તે છોકરીને મારો ઘણો સ્નેહ થયો. કેટલેક પ્રસંગે તે એવી હઠ લઈ બેસતી કે,

ખાપડી દાસી નિરુપાય થતી અને મરીનાને લઇને તેને મારે ઘેર આવવું પડતું. એક દિવસે સવારે હું ઘોડાપરથી રપેટ કરી પાછો આવ્યો, તો મરીના મારા ઘરમાં હાજર. ઘરમાં પગ મૂકતાં જ તે દડુક દડુક દોડતી આવી મારા શરીરપર ચઢવા લાગી. મેં પણ તેને છાતી સરસી ચાંપી પંપાળી ઉંચકી લીધી. તે મને ગમે તે પ્રશ્નો પૂછતી હતી અને હું પણ તેને તેવા ઉત્તરો આપતો હતો. તેણે એવી હઠ લીધી કે હું કોઇપણ એક વાત કહું. નિરુપાય થઈ હું તેને વાત કહેવા લાગ્યો. " એક હતો રાજા અને એક હતી રાણી. તે રાજાને એક છોકરી હતી. આગળ જતાં રાણી ખરાબ ચાલની નિકળી. એટલે રાજાને ક્રોધ ચઢયો અને જંગલમાં ચાલ્યો ગયો—"

મરીના વાત સાંભળતાં વચમાં જ બોલી, " રાણીપર ચીડાયો, પણ છોકરીને શા માટે છોડી ગયો ? છોકરી માટે તો તે જલદી પાછો આવશે ને ?"

આ પ્રશ્નનો ઉત્તર આપતાં મારી આંખો આંસુથી ભીંજાઇ ગઇ. મેં મરીનાને ચુંબન કરી કહ્યું, "આવશે, જરૂર આવશે. બાપ શું પોતાની છોકરીને છોડી કયાંય પણ વધારે દિવસ રહે ખરો કે ? છટ્ !"

મરીનાના કોમલ ગાલપર બાલ્ય-હાસ્યની છટા જણાવા લાગી. તે બોલી, " ત્યારે તો મારા બાપા પણ જલદી જ આવશે ને ? અમિરદ્દીન કાકા કહે છે કે, તું બહુ ખરાબ છે, તેથી તારા બાપા તારાપર ચીડાઇ ચાલ્યા ગયા છે. ખરૂં જ કહેજો હાં, શું હું ખરાબ છું ? મારા બાપાને તો હું બહુજ ગમતી હતી. ત્યારે તો તેઓ આવશે ખરૂં ને ?"

ફરી મરીનાના ગાલનું ચુંબન કરી બોલ્યો, "હા હા. ઘણીજ જલદીથી આવશે. તારા જવી છોકરીને છોડીને તેને બહાર કાંઇ ચેન જ નથી પડવાનું."

મરીનાએ પૂછયું, "તે કયા દિવસે આવશે?"

ધીમે ધીમે હું મારી પરિસ્થિતિ વિસરી ગયો. હું મારા મનમાં જ બોલ્યો, "મરીના, તારા બાપ પાછા આવવામાટે નીકળ્યા છે. એ પિશાચને દાટવાનું કાર્ય તેમણે માથે લીધું છે. તેટલું થયું કે, તે તારી પાસે આવી ઉભા રહેશે." હવે હું મારા મનમાંના વિચાર મોટા સ્વરે બોલવા જતો હતો; ત્યાંજ પરિચારિકાએ મને શુદ્ધિમાં આણ્યો. તે ગળગળી થઇ બોલી, "તે છોકરીને નકામી શા માટે આશા આપો છો? મરેલ પ્રાણી કદી પાછું આવ્યું છે? તમે અમારા શેઠ સાહેબને જોયા નથી. તેઓ એક લાખ મનુષ્ય હતા. આ દુનિયામાં પુણ્યાત્માઓ ઘણા દિવસ રહેતા નથી. પોતાનું કાર્ય પૂરૂં થયું કે, ચાલ્યા જાય છે. તેમને મરણ પણ કેવા સુખથી અને જલદીથી મળ્યું. મને આ છોકરીની પણ બીક લાગે છે. આ પણ એવી જ રીતે બધાંને ફસાવી ક્યારે ચાલી જશે, એનો નિયમ નથી." આ શબ્દો કહેતાં કહેતાં તે બિચારી ડોસીનાં નેત્રો અશ્રુથી ભરાઇ આવ્યાં. ફરીથી તેણે મને કહ્યું, "મેં બે ચાર વખત બાઇ સાહેબને વિનંતી કરી કે, આ મરીનાને કોઇ એક સારા વૈદ્યને બતલાવો. પણ તે તો કાંઈ સાંભળતાં જ નથી. તમે તો આ છોકરીને કાંઇ કાળજી રાખો!"

હવે હું દિલારાનું હૃદય ઓળખી શકયો. તે ડોસીના વાત્સલ્યભાવને લીધે તે ડોસી મને દેવીના જેવી પવિત્ર ભાસી અને

દિલારા પોતાના ક્રૂર વર્તનને લીધે મને રાક્ષસિણીના જેવી ક્રૂર લાગી. મરીના ખરેખરજ સુકાતી જતી હતી. બે ચાર દિવસે મારી અને દિલારાની મુલાકાત થઈ ત્યારે મેં તેને તે સંબંધમાં પૂછયું પણ ખરૂં. તે વખતે તે હસીને બોલી, "તેમાં બીવા જેવું કાંઈ નથી. છોકરી જ્યારે મોટી થવા માંડે છે, ત્યારે આવી જ સુકાયેલી જણાય છે. જો જો ને; થોડા જ દિવસમાં તે ફરી સારી થઈ જશે."

દિલારાનું આ કથન મને પસંદ પડયું નહિ. પણ કરવું શું? મૂગા મૂગા તેના કથનને ડોકી નમાવી. મને મરીનાની ઘણી બીક લાગી. હું મારા કાર્યમાં વિજયી થઇ, તે મારા હાથમાં પડતાં પહેલાં જ મને ફસાવી જશે, આવું અશુભ ભવિષ્ય મને જણાવા લાગ્યું. ખુદાની મરજી.

સફર મહિનો ચાલૂ હતો. ઠંડી પડવાની તુરતની જ શરૂઆત થઇ હતી. શોખીન લોકોને આ દિવસ ઘણા મઝાના લાગતા હતા. મારા નિશાળીઆ સોબતીઓને ત્યાં અને મારે ત્યાં મીજબાનીઓ પર મીજબાનીઓ ચાલૂ થઇ હતી. એજ વખતે મેં દિલ્હી શહેરના મોટા મોટા લોકોને એક સુંદર અને ભવ્ય મીજબાની આપી ચકિત કરવાની યોજના કરી હતી. વિશેષતઃ, આ મીજબાની તે, અમિરૂદ્દીનનાં દિલારા સાથે થનારાં લગ્નના શ્રીગણેશ છે આમ મેં અમિરૂદ્દીનને જણાવ્યું હતું. તેથી તે પણ ખુશ થઇ ગયો હતો અને તે મીજબાનીની વ્યવસ્થા માટે તે પણ મને મદદ કરતો હતો. ધીમે ધીમે તેનો આ ઉત્સાહ વધતો જ જતો હતો. પરંતુ, એક દિવસે અમિરૂદ્દીન મારી પાસે આવ્યો, તે ઘણું જ રડતું મોઢું કરી આવ્યો. તેનો તે ખિન્ન અને ઉદાસ ચહેરો જોઇ મેં તેને

કહ્યું, "દોસ્ત, એકાએક કેમ તમે બહુ ચિંતાતુર થયા જણાઓ છો? કાંઈ ઓછું વધતું થયું છે કે શું? પૈસાની અડચણ હોય તો મને કહો. હું તે હમણાંજ દૂર કરી દઉં. બીજી અડચણ હોય તો તે પણ કહી દો. હું મારાથી થતો પ્રયત્ન કરી તે દૂર કરીશ."

મારા આ શબ્દો સાંભળી અમિરૂદ્દીનનો ચહેરો થોડો ખીલ્યો. તે હાસ્ય કરી બોલ્યો, "હું આપનો ઘણો આભારી છું. પૈસાની અડચણ નથી. એ અડચણ બીજીજ આવી પડી છે."

ચિંતામાં પડયા જેવું કરી મેં કહ્યું, "દિલારાના સંબંધમાં કાંઇ થયું છે? પણ તેનાં એકંદર વર્તનપરથી તો એમ જણાય છે કે તે તમારી સાથેજ લગ્ન કરશે? શું તેણે તે સંબંધમાં તમને નકારાત્મક જવાબ આપ્યો?"

"નારે ના! તે સંબંધમાં હું કહેતો નથી. અને આપ એની પણ ખાત્રી રાખજો કે, મારી સાથે વિવાહ ન કરે એવો ઉત્તર દિલારા તરફથી મને મળવો શકયજ નથી."

"વાહ! તમે તેના પર જે જય મેળવ્યો છે, તેથી મને ઘણો આનંદ થાય છે. મારી પણ તેજ ઇચ્છા છે. પરંતુ દોસ્ત! તમે હજુ સ્ત્રીઓને સારી રીતે ઓળખતા નથી, એમ જણાય છે. વારૂ તમે કહો છો કે તે તમને ના નહિ કે એની ખાત્રી શી?"

મારા આ પ્રશ્નથી અમિરૂદ્દીન સાહજિક ગોટાળામાં પડયો. તે બોલ્યો, "તમે કહો છો તે ખરૂં છે. તે સ્વતંત્ર છે. ગમે તેની સાથે લગ્ન કરવાને તે મુખત્યાર છે. પણ મને એમ નથી લાગતું કે તે એટલું બધું સાહસ કરી મને નિરાશ કરશે."

"અંહ! તે તેમ તો કદાપિ નહિ કરે. તે જો સારા આ-

ચરણની હશે, તો એમ કદાપિ કરશે નહિ. તમને તેના સચ્ચરિત્રની સઘળી માહીતી છેજ; અને તેથીજ તમે તેની ખાત્રી રાખો છો. હશે, જવા દો તે વાત. પૈસા અને પ્રેમ એ બે અડચણમાં તો જાણે તમે નથી. ત્યારે તે ત્રીજી અડચણ કઇ છે?"

મારા આ પાંડિત્યનું અમિરૂદ્દીનપર કાંઇ જૂદું જ પરિણામ થયું. તે થોડો વખત સ્તબ્ધ રહી બોલ્યો, "થોડા દિવસ માટે આ દિલ્હી શહેર છોડવાનો મારાપર પ્રસંગ આવ્યો છે."

તેણે આ શબ્દો એટલા બધા ખિન્ન સ્વરે ઉચ્ચાર્યા હતા કે, તે જો અમિરૂદ્દીન ન હોત, તો મને તેની દયા આવી હોત. પણ એ ખિન્નતા અમિરૂદ્દીને દર્શાવી હોવાથી મને એક પ્રકારે આનંદ થયો. મારા પર ઇશ્વર પ્રસન્ન થયો છે એમ મને લાગ્યું. બે યોદ્ધાઓનું દ્વંદયુદ્ધ ચાલ્યું હોય ત્યાં એક જણ રણાંગણમાંથી પીઠ ફેરવી નાસી જાય, આવો જ કાંઇક પ્રકાર મને અમિરૂદ્દીન માટે લાગ્યો. ગમે તેમ હો, તે ચાર દિવસ જવાનો એથી મને સમાધાન લાગ્યું. ત્યાં સુધીમાં દિલારાપર અધિક મંત્ર—પ્રયોગ કરી શકાશે અને મુખ્ય વાત એ કે, મરીનાના ઔષધ પાણીની હવે હું કાંઇક સ્વતંત્રતાથી વ્યવસ્થા કરી શકીશ. આ વિચારથી મને સાહજિક આનંદ થયો, હું એકદમ ખિન્ન સ્વરે બોલ્યો, "હેં! તમે એ શું કહો છો? આવે વખતે? આ બીજબાર્નમાં તો રહેશો ને? એટલું બધું ઉતાવળથી જવું જોઇએ એવું કાંઇ મહત્વનું કામ છે?"

અમિરૂદ્દીન ગંભીર સ્વરે બોલ્યો, "લખ.નૌમાં મારો એક કાકો છે. તેને કાંઇ છોકરાં નથી અને હુંજ એકલો તેનો પાસેનો

સગો છું. અત્યારે તેની તબીયત બગડી છે અને તેનો ભરોસો નથી. તેની પાસે સંપત્તિ પણ સારી છે. એટલે જો હું વખતસર તે ડોસા પાસે હાજર ન રહું તો મને ઘણું નુકશાન થવાનો સંભવ છે. પરંતુ અહીંયાં દિલારાને છોડી જવાનું ઘણું કઠણ લાગે છે. મને ત્યાં કાંઇ બહુ દિવસ થવાના નથી. બહુ તો પંદર કે વીસ. એટલે એ અવધિમાં તમે જો–"

"બોલો, બોલો. સંકોચ રાખશો નહિ. એવી રીતે પણ જો તમને મારો થોડો ઉપયોગ થતો હોય, તો તે માટે મને ઘણી ધન્યતા લાગશે"

અમિરૂદ્દીન હસતાં હસતાં બોલ્યો, "આપનો એ ઉદાર સ્વભાવ ઓળખીને જ મેં આપને એક કામ સોંપવાનો વિચાર કર્યો છે. તમે દિલારાનો સ્વભાવ તો જાણો જ છો. તે ચતુર છે; પણ મનોનિગ્રહની બાબતમાં ઘણીજ ઢીલી છે. તેના અપ્રતીમ સૌંદર્યપર લુબ્ધ થઇ અનેક યુવાનો તેની સાથે લગ્ન કરવાની ખટપટો કરે છે. અત્યારે મારી ગેરહાજરીમાં કદાચ કાંઇ ભળતુંજ થઇ બેસે?"

મેં હસતાં હસતાં કહ્યું, "બસ એજ ને? એમાં શી બહુ મોટી વાત? જાઓ, એ બાબતમાં હું પ્રતિજ્ઞા કરૂં છું કે, તમારા આવતા સુધીમાં હું કોઇની સાથે પણ તેનાં લગ્ન નહિ થવા દઉં. સાદતઅલ્લીખાનની પછી તે ગરીબ બિચારી વિધવાનું હિત–અહિત તમે જેટલી કાળજીથી, અને જે પદ્ધતિથી જુઓ છો, તેટલીજ કાળજીથી અને તેજ પદ્ધતિથી હું તમારી પાછળ દિલારાનું હિત–અહિત જોઇશ. સાદતઅલ્લીખાનના તમે કેટલા બધા વિશ્વાસુ

મિત્ર છો, એ દિલારાએ મને કહ્યું છે અને એવુંજ મારૂં વિશ્વાસુપણું પણ, તમે આવશો ત્યાર પછી દિલારા તમને કહેશે, આવી મારી ખાત્રી છે."

મેં આ શબ્દો એવા સાહજિક રીતે ઉચ્ચાર્યાં હતા કે, અમિરૂદ્દીનને કોઇપણ જાતનો સંશય આવેજ નહિ; તથાપિ અત્યારે તેનો ચહેરો સાહજિકજ કાળો પડયો. જાણે કે તેને સાંભરી આવ્યું હોય કે, પોતે સાદતઅલ્લીખાનનો કેટલો બધો મિત્રદ્રોહ કર્યો છે? તે નીચ કૃતિની તેના ચહેરાપર છાયા ઉપસી આવેલી મને જણાઇ. તેને તે સ્થિતિમાં ઘણીવાર સુધી રહેવા દેવો સારો નહિ, આમ મને લાગ્યું અને તેથી મેં કહ્યું, "દોસ્ત હજુ પણ કેમ તમે ખિન્ન છો? એ બાબતમાં તમે લગાર પણ ચિંતા કરશો નહિ. પાછા આવ્યા પછી મારો મિત્રધર્મ તમે જોઇ શકશો."

અમિરૂદ્દીન ગંભીર સ્વરે બોલ્યો, "નવાબ સાહેબ, આપની કીર્તિ અને આપના વર્તન પરથી, આપના પર વિશ્વાસ રાખવાને કાંઇ હરકત છે, એમ મને બિલકુલ લાગતું નથી."

મેં પણ ગંભીરતાથી કહ્યું, "તો પછી મિત્રધર્મ શેનું નામ? તમે તમારી પોતાની કીર્તિપર અને વર્તનપર જે વિશ્વાસ મુકો છો, તેટલોજ મારાપર પણ મૂકો." મારા આ શબ્દો સાંભળી ફરી તેનો ચહેરો બગડી આવ્યો. તો પણ, તેને એમજ લાગ્યું કે, મારૂં સર્વ બોલવું નિષ્કપટ વૃત્તિનું છે. હું દ્વીઅર્થી બોલું છું એવો સંશય તો તેને આવ્યો જ નહિ. તે જયારે બહાર જવાના ઉદ્દેશથી મને સલામ કરી ઉઠયો, ત્યારે બલાત્કારે આણેલા પ્રેમ ભાવથી તેનો હાથ પકડી મેં કહ્યું, "તમને આવા કસમયે દિલ્હી

શહેર છોડવું પડે છે, એ માટે મને ઘણું ખરાબ લાગે છે; પણ તે સાથેજ આનંદ પણ ઘણો થાય છે. હું નાનપણમાંથીજ પૈસાનો ઉપાસક છું. એટલે, ક્યાંકથી દ્રવ્યની વાસ આવી કે, મારા પગ આપોઆપ તે દિશાએ વળે છે. મારો એક મિત્ર—અમિરૂદ્દીન—લખનોથી પોતાની સાથે ઘણી સંપત્તિ આણશે, એ સાંભળી, મને ખરેખર ઘણોજ આનંદ થાય છે. વળી અહીંઆં, સાદતઅલ્લી-ખાનની સ્ત્રી અને સંપત્તિ તમારી વાટ જોતી બેઠેલીજ છે. વાહ, એકંદર જોતાં આ વખત તમારા ભાગ્યોદયનો જણાય છે. જેમ બને તેમ જલ્દીથી આવજો હો. તમારા માટે મેં જે આ મીજ-બાનીની તૈયારી કરવા માંડી હતી, તે હવે તમે આવશો ત્યાં સુધી મુલતવી રાખવી પડશે."

મારા આ ભાષણથી અમિરૂદ્દીનનો ચહેરો ઘણોજ ખુલી આવ્યો. તે બોલ્યો, "નવાબ સાહેબ, ખરેખર આપના મારાપર અનંત ઉપકાર થયા છે. હું જો મારૂં હૃદય ચીરી કૃતજ્ઞતા વ્યક્ત કરૂં તો, તે પણ થોડુંજ છે."

હસતાં હસતાં અને તેનો હાથ પ્રેમથી હલાવી કહ્યું; "વાહ? આવું આલંકારિક શા માટે બોલો છો? તમે પાછા આવશો, એટલે તમારા હૃદયની પરીક્ષા થઇ જશે. તમે નિકળશો ક્યારે?' 'હૃદયની પરીક્ષા' એનો અર્થ 'મિત્રવર્ગ માટે આનંદોત્સવ' આવો અમિરૂદ્દીને કર્યો. હવે તે ઘણોજ ખુશીમાં આવ્યો હતો. તે હસતાં હસતાં બોલ્યો, "પહેલાં મારી મરજી મુજબ કામ તો થવા દો, એટલે પછી આપને પણ મારા તરફથી ભવ્ય અને સુંદર મીજબાની મળ્યા શિવાય રહેશે નહિ. મેં કાલે સવારેજ નીકળવાનો નિશ્ચય કર્યો છે."

"હેં! એટલી બધી ઉતાવળથી. ત્યારે તો તમારો સામાન બામાન કાંઇ બાંધવાનો હશે. હું તમને મદદ કરવા આવું? કાલે તમને વળાવવા તો જરૂર આવીશજ."

મારો સ્નેહ કેટલો બધો નિર્દોષ છે એ અમિરૂદ્દીનના ધ્યાનમાં આવ્યું અને તે સાહજિક પ્રસન્ન થયો. તે બોલ્યો, "મેં પ્રવાસની તૈયારી કરી રાખી છે. કાલે સવારે આપની મુલાકાત થશે તો ઉપકાર થશે. આપની રજા તો મળી, પણ દિલારાની રજા હજુ મેળવવાની છે. તે ઘણું નાજુક અને કઠિણ કામ છે. ઠીક ત્યારે રજા લઉં છું." આમ કહી અમિરૂદ્દીને ફરી એક લાંબી સલામ કરી અને તે ચાલ્યો ગયો.

અમિરૂદ્દીને દિલારાપર નાંખેલો વિશ્વાસ, અર્થાત્ તે અમિરૂદ્દીનનું એક અજ્ઞાનજ. તેની એ મૂર્ખાઈ માટે મને તેની દયા આવી. તેને બિચારાને ઘણી ચિંતા થઇ પડી હતી કે, દિલારા તરફથી તેને રજા કેવી રીતે મળશે. પણ નિત્ય નવીન સુખના દુઃખથી બેહોષ થએલી દિલારા અમિરૂદ્દીનને પોતા પાસેથી દૂર થતો જાણી ખુશીજ થશે. અમિરૂદ્દીન, હું પણ તારીજ માફક આમ એક વખત પ્રેમના કાવ્યથી બેહોષ થઈ ગયો હતો અને તેથી દિલારાને હું મારા વિશ્વાસનું આશ્રયસ્થાન સમજતો હતો. મારો આ ભ્રમ જેમ તેં દૂર કર્યો, તેમ તારો ભ્રમ હું દૂર કરવાનો છું. પરંતુ તેટલા માટે હું તારી આંખોમાં જે દિવ્ય અંજન આંજવાનો છું, તે એટલું બધું પ્રખર છે કે, તેનો દાહ શાંત કરવા માટે મૃત્યુના ઠંડા હાથ તારાપરથી ફરવા જોઇએ.

બીજે દિવસે સવાર થયું નહોતું ત્યાં તો હું અમિરૂદ્દીનના

બાગણુંમાં જઇ ઉભો રહ્યો. તે પણ નીકળવાની તૈયારીમાં હતો. ઘોડાની ગાડી બારણામાં જોડીને તૈયારજ ઉભી હતી. ગાડીમાં બેસતાં બેસતાં તેણે મને કહ્યું, "હું ફક્ત આપના ભરોસાપરજ આટલે બધો દૂર જઉં છું, એ લક્ષમાં રાખજો."

"આપ તદ્દન નિશ્ચિતપણે જાઓ. અહીંયાં અમિરૂદ્દીન નથી, એમ હું દિલારાને ભાસ સરખો નહિ આવવા દઉં."

મારા આ ભાષણનો તેણે ઉલટોજ અર્થ કર્યો. તે હસતાં હસતાં મને સલામ કરી ગાડીમાં બેઠો અને ગાડી ચાલુ થઇ. અમિરૂદ્દીન ગયા પછી મને પણ સુનું સુનું લાગવા માંડયું. જિંદગીમાં પ્રતિસ્પર્ધી મિત્રો અથવા શત્રુઓનો જયાં થોડા દિવસ સહવાસ થયો, અને ગુંથાગુંથીની કાલક્રમણાની એક વખત ટેવ પડી ગઇ; એટલે પછી પ્રતિદ્વંદ્વી–હીન દિવસો ખરેખરજ ઘણા ઉદાસીન લાગે છે. પણ એક રીતે, અમિરૂદ્દીન થોડા દિવસો માટે બહાર ગયો, એ પણ સારૂં થયું. દિલારા સાથે સ્વતંત્ર રીતે વર્તવા માટે મને થોડોક અવસર જોઇતોજ હતો. મેં જો મારા મનમાં ધાર્યું હોત તો, તેજ દિવસે રાત્રે દિલારાને મળી મારી ઓળખાણ આપી, તેને મોઢે તેની પાપ–કહાણી કહી હોત, અને તે સઘળી હકીકત કહ્યા પછી તીક્ષ્ણ ધારની છરીથી તેનું વક્ષસ્થળ ચીરી તે પાપસંગ્રહની પેટી મેં સહજ રીતે શતધા વિદીર્ણ કરી નાંખી હોત. એ કૃત્યથી, દિલ્હી શહેરમાં કોઇએ પણ મને રાક્ષસ કહી મારો તિરસ્કાર કર્યો નહોત; ઉલટ તેઓએ 'શાબાસ, યોગ્ય શિક્ષા કરી' આમ કહી મારી પીઠ થાબડી હોત. પણ મારા મનપર પરિસ્થિતિનું દબાણ પડી, તે એટલું બધું

ગંભીર બન્યું હતું કે, ઉતાવળ એ શું છે એ હું જાણુતોજ નહોતો. ઉતાવળા ઉતાવળા કાંઇપણ કરીને, સહજ રીતે દિલારાને શિક્ષા કરી શકાત હોત, પણ મારે તેમ કરવું નહોતું. એક ત્રાજવામાં તેનાં પાપનાં પ્રતિફળ, અને બીજા ત્રાજવામાં તેને મળનાર પ્રતિદંડ મૂકી, મારે તે ત્રાજવું તેની આંખો સામે ધરવું હતું અને એવી રીતે મારે વેર વાળવું હતું. તેણે પાપનો જે પર્વત તૈયાર કર્યો હતો, તે પર્વત નીચેજ તેને કચરી નાંખવાનો મેં નિશ્ચય કર્યો હતો. કૃતકર્મના પશ્ચાત્તાપને લીધે જીવતરથી કંટાળી જવું અને એવી રીતે મૃત્યુની માર્ગપ્રતીક્ષા કરતાં છતાં તે ન આવે, આજ ખરૂં વેર છે. એ વેર કેવી રીતે વાળવું એની પણ મેં યોજના કરી રાખી હતી. તે યોજના ફળીભૂત થવા માટે જ કે શું, અમિરૂદ્દીને થોડા દિવસ બહાર ગામ જઇ મને એક રીતે સહાયતાજ કરી.

હું ઘેર જઇ પગલું મૂકું છું ત્યાંજ મારા એક નોકરે એક ચીઠી મારા હાથમાં મૂકી. દિલારાના પરિચિત અક્ષરો નજરે પડયા. ઉતાવળે ઉતાવળે ચીઠી ઉઘાડી અને વાંચવા લાગ્યો. “ મરીનાની તબીયત એકાએક ઘણીજ બગડી છે. તે તમને ઘણી સંભારે છે. જલદી આવશો તો ઉપકાર થશે.” હેં ! મારી મરીનાની તબીયત ઘણીજ બગડી છે ? આ અક્ષરોએ મારા કાળજામાં ઝેરના જેવી અસર કરી. મારા પોતાના રક્ત-માંસથી ઘડાયેલી મરીના માટે જીવ તલતલ તુટવા માંડયો. તે છોકરીનું કોઇ પણ સારૂં નરસું થયું હોવું જોઇએ આવા અશુભ વિચાર અંતઃકરણમાં કોઇ બળાત્કારે પેસતું હોય તેમ લાગ્યું. મેં

નોકરને કહ્યું, "આ ચીઠ્ઠી કોણે આપી? કેટલો સમય થયો? ચીઠ્ઠી લાવનારે કાંઇ મોઢાનો સંદેશો કહ્યો છે?"

નોકરનો ચહેરો સુકાઈ ગયો હતો. મરીના હરહંમેશ મારા ઘરમાં આવતી હોવાથી સઘળા નોકરો તેના પર પ્રેમ કરતા હતા. તે બોલ્યો, "પેલી વૃદ્ધ દાસી ચીઠ્ઠી લઈ આવી હતી. તેને ઘણી આશા હતી કે, તમેજ તેને મળશો. પણ તમે ઘરમાં નથી જાણી તેની આંખો પાણીથી ભરાઇ આવી. મધ્ય રાત્રે છોકરીની તબીયત એકાએક બગડી આવી આમ તે બોલી."

"હકીમને બોલાવ્યોજ હશેને?"

"હા, હકીમને બોલાવ્યો છે; પણ—"

"પણ શું?"

"પણ, હકીમે એમ કહ્યું કે મને ઘણો મોડો બોલાવ્યો."

એ સાંભળી જીવ ઘણોજ ગભરાઇ આવ્યો. ક્યાંક બાજુ પર જઇ ખુલ્લે ગળે રડું એમ થયું. તુરત તેજ પગલે પાછો ફર્યો. 'કદાચિત્ સાંજ સુધી પણ હું પાછો નહિ આવું' આમ નોકરને કહ્યું અને ઉતાવળે ઉતાવળે દિલારાના ઘર તરફ જવા લાગ્યો. દરવાજા પાસેજ એક નોકર ઉભો હતો. મેં તેને પૂછ્યું, "મરીનાની તબીયત કેમ છે?"

અંદરના દિવાનખાનામાં એક લાંબી દાઢીવાળા વૃદ્ધ ગૃહસ્થ બેઠા હતા, તેમના તરફ આંગળી કરી તે બોલ્યો, "પેલા અંદર હકીમ સાહેબ બેઠા છે, તે આપને સર્વ કાંઇ કહેશે."

હકીમસાહેબને સલામ કરી હું તેમની પાસે બેઠો અને અત્યંત લાગણીપૂર્વક પૂછ્યું, "છોકરીની તબીયત કેમ છે?"

હકીમ ખિન્ન સ્વરે બોલ્યો, "તેની તબીયતના સંબંધમાં હું કાંઈ ખાત્રીપૂર્વક કહી શકતો નથી. વખતસર ઔષધોપચાર થયા હોત, તો કાંઇ ઉપયોગ થયો હોત. છોકરીની તબીયત રાત્રે બગડી અને દાસી મને સવારે બોલાવવા આવી. દાસીનો પણ તેમાં કાંઇ દોષ નથી. તે બિચારી કોઇ કારણથી રાત્રે પોતાની શેઠાણીને ઉઠાડવાનું ધૈર્ય કરી શકી નહિ."

દાસીએ રાત્રે દિલારાને કેમ ઉઠાડી નહિં, એ તુરતજ મારા ધ્યાનમાં આવ્યું. અમિરૂદ્દીન સવારે જવાનો હોવાથી તે સ્વારી રાત્રે દિલારાને ત્યાં મીજબાની માટે આવી હતી અને એવા આનંદોત્સવમાં કોઇ પણ નોકરે વિઘ્ન ન નાંખવાની દિલારાએ તે સર્વને પહેલેથીજ તાકીદ આપી હોવી જોઇએ. જયારે આ વિચાર મારા મનમાં આવ્યો, ત્યારે જાણે એકજ વખતે હજારો વીંછીઓએ દંશ કર્યા હોય, તેવી અંતઃકરણમાં વેદના થઈ. ક્રોધે પણ તેટલાજ જોરથી ઉછાળો માર્યો. પણ હજુ સુધી વેર વાળવાનો સમય આવેલો ન હોવાથી સર્વ કાંઇ મુગા મુગા સહન કર્યું. આ પૈશાચિક વ્યવહારનું નામ પ્રેમ! પ્રેમની એ કેવી ભયંકર કલ્પના? અને એવા પાશવિક સુખ માટે કેટલો આ રાક્ષસી અટ્ટહાસ! કવિઓ, તમે આ પ્રેમનાં ગમે તેટલાં ગાણાં ગાઓ, પણ મને એટલી એક વાત માત્ર લોકોને કહેવા દો કે, જે હૃદય વાત્સલ્યશૂન્ય હોય છે, ત્યાંજ એ આસુરી પ્રેમ વાસ કરતો હોય છે. સમાજની સભ્ય વ્યક્તિઓને પ્રેમ એજ પોતાની અધિષ્ઠાત્રી દેવતા લાગે છે. આ વાક્યનો ખરો અર્થ એવો કે, એવી આસુરી વૃત્તિજ જેમનું ઉપાસ્ય છે, તેમણે પોતાના શબ્દ-

કોષમાં આ દુર્ગંધયુક્ત કચરાને ' પ્રેમ ' આ સંજ્ઞા આપી મૂકી છે. સભ્ય અને શિષ્ટ વ્યક્તિજ ધૂલિનિક્ષેપ–પ્રયોગ કરવા માટે અવતાર લેતી હોય છે. એ અસલી ગટરની ગાળને તેઓ પ્રેમ રસની ઉપમા આપે છે. એવા પ્રેમની ઉપાસક સુંદર સ્ત્રીઓને તે દેવતા માને છે અને અમિરૂદ્દીન જેવાં 'વાંદરાં' નિર્લજ્જપણે લોકો ને એમ કહેતાં હોય છે કે, ' આ બધું સમાજ–સંસ્કૃતિ માટે. ' દિલારા, પતિ એટલે તારે મન તો કોઇજ નથી. ભીંતપર કાઢેલું ચિત્ર ભૂસી નાંખી જેમ ભીંત સ્વચ્છ કરી શકાય છે, તે પ્રમાણે તારૂં સ્મૃતિપટલ પણ તેં સાદતઅલ્લીખાનનાં સ્મરણો ધોઇ નાંખી સ્વચ્છ કર્યું છે. પરંતુ મરીના તારી કોઈજ નથી શું ? તેં નવ મહિના સુધી જેનો ભાર ઉંચકયો, તેનું સ્મરણ પણ જે સ્મૃતિ–પટલપરથી ભૂસાઇ જાય છે, તે સ્મૃતિપટલ શેનું ? તે એક કઠણ પથ્થરની ભીંતજ છે. એવી ભીંત રાખનાર સ્ત્રીને લોકો મનુષ્ય તરીકે ઓળખે એ મનુષ્યત્વનું ફક્ત અપમાન છે.

મને ખિન્ન, મ્લાન અને ચિંતાગ્રસ્ત જોઇ હકીમ બોલ્યો, " છોકરી તમને બહુ સંભારે છે. તમારે માટે તો તેણે જીવ ઉંચો રાખ્યો છે. છોકરીને મહામારી જેવો સંસર્ગજન્ય રોગ થયો હોવાથી તેની માતાનો વિચાર તો તમને તસ્દી આપવાનો નહોતો. પણ મેંજ બાઇસાહેબને વધારે આગ્રહ કર્યા પછી તેમણે આપને ચીઠ્ઠી લખી. આપ આવ્યા, એ ઘણો ઉપકાર થયો. આપને તો એક રોગની બીક લાગતી નથી ને ?"

" કૃપા કરી મને એવો બીકણ ન સમજશો. કોઇએ મને જણાવ્યું હોત તો હું મધ્ય રાત્રે પણ આવ્યો હોત. તમે આપેલા

ઔષધનું કાંઇ પરિણામ તો આવ્યુંજ હશે ને? દરદીને જોવાની મને ઘણી ઇચ્છા છે. હું તેની પાસે જઉં?"

હકીમ ગંભીર સ્વરે બોલ્યો, "મારે ને તમારે પરિચય નથી. એટલે પૂછું છું તે માટે રોષ ન આણશો. વારૂ કહો જોઇએ, સ્મશાનચિકિત્સાથી કયાંય પણ ગુણ આવ્યો છે? છોકરીની તબીયત ઘણા દિવસોથી બગડેલી હોય તેમ જણાય છે. વારસ તરીકેનો મીલકતપરનો તેનો હક નષ્ટ થવા માટે કોઇએ પ્રયત્ન કરેલો જણાય છે. ધીમે ધીમે પરિણામ કરનારૂં ઝેર, આ છોકરીને બે ત્રણ મહિના પૂર્વે આપેલું હોવું જોઇએ આવો મને સંશય છે. એટલા માટે જ હું કહું છું, કે, અહીંયાં આટલાં બધાં માણસો છતાં આ પહેલાં જ આ છોકરીને એકાદ સારા હકીમને સ્વાધીન કરવાની કેમ કોઇની બુદ્ધિ ન સુઝી? અત્યારે અણી વખતે અશ્વિની કુમારને હાંક મારવાથી શું થાય? ચાલો આપણે છોકરીની ઓરડીમાં જઇએ."

હું હકીમની પાછળ ચાલતો હતો ખરો; પણ અંતઃકરણમાં દુઃખ અને સંતાપ એટલાં બધાં ઉછળી આવ્યાં હતાં કે, હું વિવેકભ્રષ્ટ થાઉં છું એમ મને લાગવા માંડયું. મરીના આમ સુરાતી કેમ જાય છે, એ હવે મારા લક્ષમાં આવ્યું. આપણા ધર્મ મુજબ બાપની મીલકત પર છોકરા જેટલો જ છોકરીનો પણ હક્ક હોય છે, એ તો તમે જાણતા જ હશો. એટલે આગળ નડનારી મરીનાને પોતાના માર્ગમાંથી દૂર કરવા માટે અમિરદીને અથવા બન્નેએ મળી મરીનાના ખોરાકમાં વિષ ભેળવ્યું હોવું જોઇએ. અરેરે! તે બિચારી ગરીબ બાલિકાના જીવપર આ બે

અસુરોએ આમ હુમલો કર્યો ? ઠીક છે, મારી વેરની કલ્પનામાં આ એકનો વધારો થયો ! હવે તો તે બન્નેપર વેર વાળવાને કોઇપણ જાતની હરકત રહી નહિ. એટલું જ નહિ પણ હવે તે મારૂં કર્તવ્ય જ થઇ ગયું. હું તે બન્નેને યોગ્ય શિક્ષા નહિ કરૂં, તો જરૂર ખુદાનો મારા પર કોપ ઉતરશે આમ મને લાગ્યું. જલદીથી મરીનાની ઓરડીમાં જઇ પહોંચ્યો. એક સાધરણ ગાદીપર મરીના આંખો મીચી પડેલી હતી અને વૃદ્ધ દાસી પાસે જ બેઠી હતી. ખુણામાં વાઘો બેઠો હતો. મને જોતાં જ વાઘાને કેવો આનંદ થતો; પણ આજ તે શાંત અને ખિન્ન ભાવે, લાંબા કરેલા બે આગલા પગપર ડોકું મૂકી બેઠો હતો. તેણે મારા તરફ જોયું. તેના આ જોવામાં 'મારી મરીનાને બચાવો' આ ભાવ જાણે સ્પષ્ટ જણાયો. વાઘા ! તું પશુ છે! મારી મરીનાની રોગશય્યા પાસે તું બેઠેલો છે અને જન્મ આપનારો દિલારા કેમ વારૂ નથી જણાતી ? ચહેરો જેટલો વિષણ્ણ થયો તેટલો ક્રુદ્ધ પણ થયો. દંતઘર્ષણ કરી દાસીને કહ્યું, "છોકરીની મા ક્યાં છે ?"

ડોસી જો દુઃખને લીધે ગભરાઇ ગઈ ન હોત, તો ક્રોધથી ઉચ્ચારેલા મારા આ શબ્દો માટે તેને થોડુંક આશ્ચર્ય લાગ્યું હોત. પરંતુ, હું તુરત જ સાવધ થયો. તુરત જ મારા લક્ષમાં આવ્યું કે હું સાદતઅલ્લીખાન નથી પરંતુ નવાબ પીરબક્ષ છું. ડોસી ખિન્ન સ્વરે બોલી, "બાઇ સાહેબ તેમના શયન ગૃહમાં છે. તેમનું કાંઇક એવું માનવું છું કે, આ રોગ સ્પર્શજન્ય છે."

જેને પોતાનું સૌંદર્ય જ સર્વસ્વ લાગે છે, તેના હૃદયમાં વાત્સલ્યનો લવલેશ પણ ન હોય એ સ્વાભાવિક છે. હજુ પણ હું

એવા જ વિચારોમાં રહ્યો હોત. પણ તેટલામાં મરીનાએ આંખો ઉઘાડી અને "બાબા, તમે આવ્યા?" આમ ગળગળ થતા અવાજે બોલી. "હા બેટી. હું તારી પાસે જ છું. બ્હીશ નહિ." આમ કહી હું તેની છેક લગોલગ જ બેઠો અને તેના શરીરપર હાથ ફેરવવા લાગ્યો. તેને લીધે તે બાલિકાનો ચહેરો અધિક પ્રફુલ્લિત થયો. ડોસી બોલી, "આખી રાત આપનું જ સ્મરણ કર્યા કરતી હતી. તમે આવ્યા તેથી હવે તેને ઘણું સારૂં લાગ્યું."

મેં હકીમને વિનંતી કરી કહ્યું, "જુઓ, ફરી ખરોખર તેની તબીયત જુઓ. તેના ચહેરાપર એટલી બધી બીકનાં ચિન્હ જણાતાં નથી."

હકીમ દૂરથી જ બોલ્યો "એવાનું કાંઇ કારણ નથી. ઘણા દરદીઓના ચહેરા અંતકાળે આવા જ પ્રસન્ન જણાય છે." આમ કહી હકીમે એક મોટો નિઃશ્વાસ નાંખ્યો, અને તે ઓરડીની બહાર જઇ એક કોચપર બેઠો. હું વાત્સલ્યપ્રેમથી ગાંડો થયો હોવાથી, મને હકીમના કથનમાં કાંઇ અર્થ જણાયો નહિ. મેં મરીનાના શરીરપર બે ત્રણ વખત હાથ ફેરવ્યા પછી મરીના મારા સામુ જોઈ બોલી, "તમે મારા બાબા છો ખરૂં છે ને?" મરીનાના આ પ્રશ્નનો શો ઉત્તર આપવો એ હું સમજી શકયો નહિ. દાસી કપાળે હાથ મારી બોલી, 'આ છોકરી એના બાબાનું જ એક સરખું ધ્યાન કરે છે. તે સ્વર્ગીય આત્મા તરફ જ તેના મનનું ખેંચાણ થયા કરે છે. કદાચિત્, એમ પણ કેમ ન હોય કે, તેના આ હાલ જોઇ ન શકવાથી તે સ્વર્ગીય આત્મા જ તેને બોલાવતો હોય! છોકરીને મસ્તકભ્રમ થયો છે. જે આવ્યું તે લવ્યા કરે છે."

મારૂં હૃદય ઘણું જ દ્રવી ગયું. મરીનાને મારા ખોળામાં લઇ કહ્યું, "બેટી, બહુ બોલીશ નહિ. હકીમજીએ તને બોલવાની ના પાડી છે ને? માટે તું શાંત પડી રહે, એટલે તને સારૂં લાગશે."

મરીના ફરી બડબડવા લાગી, 'લોકો કહે છે કે, મારા બાબા મારા પર ચીડાઇ ને ચાલ્યા ગયા. ખરે જ વારૂ, તમે મારાપર ચીડાઇ ગયા હતા?" હું અને દાસી મુગાં જ હતાં. ફરી તે બોલી, "બાબા, જીભ સુકાઈ ગઈ છે. થોડું પાણી આપો."

હકીમની પરવાનગી લઇ મેં તેને થોડું પાણી પાયું. હવે મરીનાએ આંખો મીચી દીધી. ધીમે ધીમે તેનું શરીર ઠંડુ પડતું ગયું. એટલામાં તે આંખો ઉઘાડી ક્ષીણ સ્વરે 'બાબા' કરી બોલી. તે વખતે મારી સ્થિતિ ગાંડા જેવી થઇ. મેં તેને હૃદય સરશી ચાંપી એક ચુંબન કર્યું અને ફરી તેને ખોળામાં સુવાડી. નાડી બંધ પડતી ગઇ. છેવટની ઘડીનાં ચિન્હ જણાવા લાગ્યાં. તે વખતે મારા અંતઃકરણમાં શું થતું હતું અને શું નહિ, તે એક સર્વાંતર્યામી ખુદાને માલૂમ. જીવ ઘભરાઇ આવ્યો, આંખો અશ્રુથી ભરાઇ આવી અને જાણે કે કોઇ હૃદય ચીરે છે એમ લાગવા માંડયું. હું તે વખતે ભાનમાં નહોતો. સાહજિક જ વેષાંતરનું વિસ્મરણ થયું અને તે હૃદયરત્ન ખોવાઇ જતું હોવાથી શોકસંતપ્ત થઇ કાંઇ પણ બડબડી ઉઠયો. મેં દાસીને કહ્યું, "જા, દિલારાને બોલાવ અને કહે કે છોકરીને પ્રાણ જાય છે, તે વખતે તે રંગમહેલમાં શણગાર સજવા બેસી રહી છે કે શું?" મારા આ શબ્દો સાંભળી ડોશી પણ એકદમ ભયભીત થઇ. તે ખિન્ન સ્વરે બોલી, "ના નવાબ સાહેબ, બાઇ સાહેબની સ્થિતિ તો ઘણી ચમત્કારિક

થઇ છે. મરીના પ્રાણાંતિક અવસ્થામાં છે, એ જાણ્યું ત્યારથી તેઓ મૂર્છિત થએલાં છે.”

તે મૂર્છિત થઇ છે, એ સાંભળતાંજ જાણે હું શુદ્ધિમાં આવ્યો. મારી મૃત્યુવાર્તા સાંભળીને પણ તે મૂર્છિત જ થઇ હતી ને? સમજ્યો, પોતાને અનિવાર્ય દુઃખ થાય છે, એ દેખાડવા માટે દિલારાએ આ મૂર્છિતાવસ્થાની નવીન શોધ કરી જણાય છે. સુંદર સ્રીયોની કોઇ પણ કૃતિ કાવ્યમયજ હોવી જોઇએ. આ બાહ્ય સૌંદર્યથી વિભૂષિત થએલી સ્રીયો અંતર્યામી કેટલી કઠોર, નીચ અને તિરસ્કરણીય સ્વરૂપની હોય છે, તે આ વખતે સારી રીતે મારા લક્ષમાં આવ્યું. આશ્ચય તો એજ છે કે, આ આખી દુનિયા પણ એવા બાહ્ય–આડંબરથી મુગ્ધ થઇ જઇ અવળાજ માર્ગે ચાલી જાય છે. ભાઇઓ રે, કેવળ શરીરની જ ઓળખાણ રાખી આત્માને ભૂલી જશો નહિ. કોઈના પણ હૃદયમાં પેસી તેના અંતઃકરણની પરીક્ષા કરો અને પછી ફાવે તો તેના ઉપાસક થાઓ અથવા નિંદક થાઓ. પરંતુ એકાદ શરીરની બાહ્ય ચેષ્ટાથી ફસી જઇ આંધળાની માફક તેની પાછળ જતા ના. મારૂં પોતાનું ઉદાહરણ જ તમારી આંખો સામે છે. તે પરથી જો કાંઇ શિખવું હોય તો એજ શિખો.

ખોળામાં પડેલી મૃત મરીના તરફ લક્ષ જતું એટલે હૃદય દુઃખથી સળગી જતું, અને વળી તેટલામાં દિલારા સાંભરતી કે, ક્રોધથી ગાંડા જેવી સ્થિતિ થઇ જતી. ઘણીવાર સુધી હું આવીજ સ્થિતિમાં બેસી રહ્યો હોત; પણ પેલો ભલો હકીમ અંદર આવ્યો અને મારા મસ્તકપર હાથ મૂકી બોલ્યો, “નવાબ સાહેબ, હવે

શોક કરવામાં શો અર્થ ? છોકરી સર્વ હાલ-અપેષ્ટામાંથી છુટી. હવે કોઇ પણ એને ત્રાસ આપી શકશે નહિ. ઉઠો બહાર આવો. ”

હકીમના આ શબ્દો સાંભળી હું થોડોક શુદ્ધિમાં આવ્યો. મેં ધાર્યું કે, હું ભાનમાં નહોતો ત્યારે ‘ આ લોકોએ મરીનાને કેટલી બધી નીચ બુદ્ધિથી રાખી હતી ’ એ સંબંધમાં મેં ઘણીજ લવરી કરી હોઇએ. એક જૂદી નાની મૃત્યુશય્યા તૈયાર કરી અને તે પર મરીનાનો મૃત દેહ મૂકી હું બહાર આવ્યો. હકીમ અને હું બન્ને જણ વિષણ્ણ થઇ કોચપર બેઠા હતા, તે વખતે દાસી મારી પાસે આવી અને ઉદ્વિગ્નતાથી બોલી, “હવે બાઇ સાહેબ પાસેથી આગળની વ્યવસ્થાની સંમતિ કેવી રીતે મેળવવી ?”

હું એ સંબંધમાં દાસીને કાંઇ કહેવાનો વિચાર કરતો હતો, એટલામાં હકીમે કહ્યું “ પણ, તે છોકરી બાઇ સાહેબના કરતાં આમને જ વધારે ઓળખતી હતી એમ જણાય છે. એટલે તેઓજ બધી વ્યવસ્થા કરશે. આટલી બધી માંદગીમાં 'મા' આવો એક અક્ષર પણ તે છોકરીએ ઉચ્ચાર્યો નથી. એવો પ્રેમાળ માની મૂર્છા શા માટે તું ભંગ કરે છે ?” હકીમના આ શબ્દોથી મારૂં દુઃખ ઘણું જ હલકું થયું અને વિવેક જાગૃત થયો. મરીનાના મૃત્યુથી મારા અંતઃકરણમાં શું થતું હતું અને શું નહિ, તે જો કે હું જ જાણતો હતો. તથાપિ, જેમ જેમ દુઃખ ઓછું થવા માંડયું, તેમ તેમ મનમાં એક પ્રકારનું સમાધાન ઉત્પન્ન થયું. મરીના મરણ પામી એ એક રીતે સારૂં થયું એમ મને લાગવા માંડયું. તે જો બચી હોત, તો કદાચિત્ તેને માટે જીવ ઘોટાળા-

માં પડયો હોત અને તે સડેલી આબૂનો બોજો માથાપર લઇ મારે ફરી સાદતઅલ્લીખાનના નામથી આ દુનિયાને મારી ઓળખાણ આપવી પડી હોત. અને મરીનાને પણ જીવીને શું સુખ મળ્યું હોત? જે માતાની કુખમાંથી તે આ દુનિયામાં આવી હતી, તેના કલંકિત આયુષ્યક્રમનો ઇતિહાસ જ્યારે મરીનાના જાણવામાં આવ્યો હોત, ત્યારે તેને પોતાને પણ મૃત્યુ જ શ્રેયસ્કર લાગ્યું હોત. આવી સ્થિતિમાં તે પુણ્યમય કલિકા પાપસામ્રાજ્યમાં ન રહેતાં જલદીથી સ્વર્ગત થઇ, એ ખરેખર જ ઘણું સારૂં થયું આમ મને લાગ્યું. મેં હકીમને કહ્યું, “ ગમે તેમ હોય, પણ છોકરીની માને જણાવવું જ જોઇએ. હું તો આ છોકરીના મરણને લીધે ઘણો જ હતાશ થઇ ગયો છું. એટલે આપ પોતે જ બાઇસાહેબ પાસે જઇ આગળ જે કરવાનું હોય તે ઠરાવો તો સારૂ થાય.”

હકીમ મારા કહેવાને માન આપી ઉઠયો અને અંદર ગયો. પછી તુરતજ પાછો આવી હસતો હસતો બોલ્યો, “ બાઇસાહેબ ક્યાં શુદ્ધિમાં છે ? તે તો દુ:ખથી મૂર્છિત થયાં છે અને દાસ-દાસીઓ તેમને પવન નાંખે છે. આવે વખતે જો તેમને કાંઇ પૂછીશું, તો ઉંધુંજ થઇ બેસશે. નવાબસાહેબ, હવે મારે જવું જોઇએ અને આપ પણ આપને ઘેર જાઓ એ સારૂં. તમારો પણ શો ઉપાય છે? તમારો વિચાર બાઇસાહેબ સાહેબ તરફથી નિશ્ચિત વિચાર જણાયા સુધી રહેવાનો છે કે કેમ ?”

હું પણ ઘેર જવાનો નિશ્ચય કરી ઉઠયો અને હકીમ સાથેજ તે ઘરની બહાર નિકળ્યો. છોકરીના પ્રેત-શબ પાસે દાસીને

બેસાડી હતી. જીવતી અવસ્થામાં તો મરીનાની હાલ-અપેષ્ટા જાણે થઇ; પણ હવે તેના પ્રેતની કેવી અવસ્થા થાય છે એની મને ચિન્તા થતી હતી. જો કે હું તેનો જન્મદાતા હતો, તો પણ મેં પોતેજ મારાપર પરાયાપણાનો આરોપ કરી લીધો હોવાથી મારી પોતાની મુખત્યારીથી તે છોકરીની વ્યવસ્થા કરવા માટે હું અસમર્થ હતો. ઘેર આવી એજ ચિન્તા કરતો બેઠો હતો, ત્યાં દિલારાનો એક નોકર તેનો પત્ર લઇ આવ્યો. "આ શોક પ્રસંગને લીધે મારી અવસ્થા ગાંડા જેવી થઇ ગઈ છે અને આગળ શું કરવું અને શું ન કરવું, તેની કાંઇ મને સુઝ પડતી નથી. આપ એ પ્રેતને અમારા કુટુંબના કબરસ્થાનમાં લઇ જઇ, છોકરીની મૂઠી-માટીની વ્યવસ્થા કરશો તો ઘણો ઉપકાર થશે. આપ તેના ધર્મના બાપ છો. તેમજ સવડ-અનુસાર એ વાર્તા અમિરૂદીનને પણ જણાવશો."

દિલારા તરફથી આવેલા નોકરને મેં કહ્યું, "તારાં બાઇસાહેબને કહેજે કે, આજેજ પત્ર મોકલી અમિરૂદ્દીનને આ વર્તમાન જણાવવામાં આવશે અને મરીનાની વ્યવસ્થા માટે હું હમણાંજ આવું છું, એમ પણ કહેજે." નોકર ગયા પછી, નવાબ પીરબક્ષની સાથે જેમનો જેમનો પરિચય થયો હતો, તેમને સાથે લઈ હું દિલારાને ઘેર ગયો અને મોટા સમારંભથી મરીનાને કબરસ્થાનમાં લઇ જઈ, વાત્સલ્યપ્રેમથી સર્વને પોતાના ઉદરમાં આશ્રય આપનાર વસુંધરાના પેટમાં તેને મૂકી. "મરીના. તારો આત્મા તો પુણ્ય-લોકમાં ગયોજ છે. હવે તારા આ દેહને તે નીચ અમિરૂદ્દીન કે તે હૃદયહીન દિલારા ત્રાસ આપી શકશે નહિ. મૃત્તિકાએ-એ મહામાતાએ-હવે તને પોતાની સોડમાં લીધી છે,

એટલે તારા વાળને પણ અડકવાની કોઇની છાતી નથી. અમિરૂદીન, હું એમ સમજતો હતો કે, તારો આ અધઃપાત માત્ર દિલારાના સૌંદર્યને લીધેજ થયો છે; પરંતુ તેમ નથી. એ અધઃપાતના મુળમાં અનેક બાબતો છે, એ ઉઘાડું જણાય છે. સારૂં થયું કે પેલા ભયંકર કાળા તાવથી હું પટકાયો અને બચ્યો. નહિ તો આજ સાદતઅલ્લીખાન નવાબ પીરબક્ષના વેષમાં દુનિયાની નજરે ન પડયો હોત; પરંતુ એક ઘસાતો ચાલેલો ક્ષયરોગી દુનિયાને દેખાયો હોત અને પછી એ બન્નેએ તેની અવહેલના કરવાનું બાકી રાખ્યું ન હોત. ખુદા, તારી મારાપર મોટી દયા કે, તેં મને પુનર્જન્મ આપી બચાવ્યો અને સૃષ્ટિનું તદન જુદુંજ સ્વરૂપ દેખાડયું. હું દૂર થયા પછી માર્ગમાં રહેલો આ જુનો કાંટો આવી રીતે એ બન્નેએ દૂર કર્યો ! કાંઇ હરકત નહિ. તમારી અધમતાથી થઇ શકે તે સઘળું કરો. તે સર્વનું શાસન કરવાનું સામર્થ્ય ખુદાએ મને આપેલું છે, અને હવે તે ઘણીજ જલદીથી તમારા અનુભવમાં પણ આવશે.” મરીનાને માટીને સ્વાધીન કરતાં આવા કેટલાયે વિચાર આવ્યા અને કેટલાયે નહિ તે મનેજ માલુમ. અંત્યાવિધિ સમાપ્ત થયા પછી કબરસ્થાનમાંથી સર્વ સાથે પાછો ફર્યો અને જાતિરીવાજ મુજબ દિલારાની મુલાકાત લઇ ઘેર પાછો આવ્યો. આ વખતે દિલારાએ રડી રડી જે ધમચકડી કરી, તે જોઇ સર્વનાં હૃદય પીગળી આવ્યાં; પણ તે ચાંડાલણીનું એ નાટક જોઇ મને ઘણો ક્રોધ ચડયો. પરંતુ કરવું શું ? કારણ કે, ખરો અવતાર પ્રગટ કરવાને હજુ પણ ઘણો અવકાશ હતો.

પ્રકરણ ૧૧.

શિકાર સપડાયા.

ધીમે ધીમે એક એક દિવસ કાળના પેટમાં ગુમ થવા લાગ્યો; તે મુજબ મરીનાના સંબંધમાં હૃદયમાં ઉત્પન્ન થએલી વ્યથા પણ ઓછી થવા માંડી. વેષાંતર કરી દુનિયાની રંગભૂમિપર હું મારી ભૂમિકાનું કાર્ય અવિરતપણે બજાવ્યે જતો હતો. એ કાર્યજ એવું હતું કે, વચમાં વિશ્રાંતિ લેવાને અવસર જ મળતો નહેતો. પરંતુ મરીનાના મૃત્યુને લીધે માત્ર મન અસ્વસ્થ થયું અને તેથી શરીર વિશ્રાંતિ લેવા લાગ્યું. સાત આઠ દિવસ સુધી તો મને કાંઇ સુઝ્યું નહિ અને મેં કાંઇ કર્યું પણ નહિ. હજુ બીજા થોડા દિવસ કદાચિત્ એમજ ગયા હોત. પણ એટલામાં દિલારાનો પત્ર મારા હાથમાં આવ્યો.

"મરીનાના મૃત્યુને લીધે મારી સ્થિતિ ઘણી ચમત્કારિક થઇ ગઇ છે. કોઇપણ બાજુ ચિત્ત ગોઠતું જ નથી. મને એવી ઘણી આશા હતી કે, આપના દર્શનથી અને આપના મધુર મધુર ભાષણથી મારૂં દુઃખ હલકું થશે. પણ, આ આઠ દિવસમાં આપનું દર્શન જ થયું નથી. મેં મોકલેલા બે ચાર સંદેશાના પણ સારા જોઇતા જવાબ મળ્યા નથી. મારાં નેત્રો આપની મુલાકાત માટે ચાતક સરખી વાટ જુએ છે. હું તો એમજ માનતી હતી કે, મરીના ગયાથી મારા શોકસાંત્વન માટે આ આઠ દિવસ સુધી આપ નિરંતર મારા સાનિધ્યમાંજ રહેશો:—"

પત્ર વાંચી મન આશ્ચર્યથી છક્ક થઇ ગયું. દિલારા, તારૂં

આવા પત્રોથી હું ફસાઈશ એમ જો તું ધારતી હોય, તો તે તારો ભ્રમ છે. હા, એક વખત સાદતઅલ્લીખાનપર કામુકપણાનો આરોપ કર્યો, તો તે શોભશે પણ ખરો; પણ હું કાંઇ સાદતઅલ્લીખાન નથી; હું તો વિવેકી પીરબક્ષ છું. દરેક પગલું ઘણો વિચાર કરી મૂકવું, એ આ પીરબક્ષની ઘણી ખરાબ ટેવ છે. કહે છે કે, મનુષ્યનું હૃદય કેવું આરસા જેવું સ્વચ્છ હોવું જોઇએ. જો એ મનુષ્યત્વની નિશાની હોય, તો તો તે દિલારાને પણ લાગુ પડે તેમ છે. કારણ કે, તેનું હૃદય પણ આરસા જેવું સ્વચ્છ હતું, પરંતુ તેટલુંજ તે કઠિણ હતું. એ વાત જવા દો, તો પણ એટલું માત્ર ખરૂં કે, કોઇ 'પુરુષોત્તમ' તેની સામે ઉભો રહ્યો કે, તેની પ્રતિકૃતિ તેના તે આરસા જેવા સ્વચ્છ હૃદયપર ઉપસી આવતી હતી. અને જ્યારે તેની સામે કોઇ ન હોય, ત્યારે તેના પોતાના જ સૌંદર્યની પ્રતિમા તેના તે આરસામાં જણાતી હશે, એની તો ખાત્રી જાણવી. કારણ, તેનું સૌંદર્ય તેને મન તેનું સર્વસ્વ હતું. તેની સંપત્તિ, તેનું વિત્ત, તેનું સુખ, વધુ તો શું પણ તેનું શસ્ત્ર પણ સૌંદર્ય જ હતું. તે માત્ર પોતાના સૌંદર્યના શસ્ત્રથી જ જે સામે આવે, તેનાપર જય મેળવતી અને તેને પોતાના સિંહાસન પાસે નમન કરાવતી હતી. કન્યાનો શોક એ તો એક કવિકલ્પના હતી. બાકી, રસિક માણસોને શોક કરવો અનુચિત લાગે છે. શોકાકુલ થયેલો એકાદો કવિ જો કદિ તમારે નજરે પડે, તો તે પુત્ર-કન્યા માટે રડતો નથી પણ પોતાની પ્રિયા માટે રડે છે, એ તમને જણાઇ આવશે. તમે એ તો જાણતા જ હશો કે, કવિઓ 'પ્રિયારાધન' જેવાં કાવ્ય ચપટીમાં કરી શકે છે. એટલે

દિલારાના 'રસિક' હૃદયપર મરીનાનાં શોકચિન્હો પ્રતિબિંબિત થવાને બદલે નવાબ પીરબક્ષનો ભવ્ય ચહેરો પ્રતિબિંબિત થયો હોય, તો તેમાં એટલું બધું આશ્ચર્ય કરવા જેવું કાંઇ નથી. તેમ દિલારાનો સ્વભાવ મને જાણીતો થયો હોવાથી મને આશ્ચર્ય પણ લાગ્યું નહિ. જો કે દિલારાના અંતઃકરણે શોકચિન્હો ધારણ કર્યાં નહોતાં, પરંતુ તેણે પોતે તો શોકચિન્હો ધારણ કરી ઘર ઉપર પણ ઔદાસીન્ય આણવાનો પ્રયત્ન કર્યો હતો. કારણ શું? તો એજ કે, નવાબ પીરબક્ષ છોકરીપર ઘણો પ્રેમ કરતા હતા. એટલે, હવે દિલારાએ તેમને ગમે એવી રીતે વર્તવાનો આરંભ કર્યો હતો.

દિલારાએ મોકલેલા નિમંત્રણનો—ખરું કહીયે તો તેણે મોકલેલી પ્રેમપત્રિકાનો—સ્વીકાર કરી, સાંજના સુમારે ઘેરથી નીકળ્યો અને દિલારાને ઘેર જઇ હાજર થયો. માળી બાગમાં પાણી છાંટતો હતો અને મુખ્ય દાસી દિવાનખાનાના બારણામાં ઉભી હતી. મલ્લિકાનો માંડવો પૂર્ણ બહારમાં આવેલો હોવાથી, ધોબીના ઘરની ધોએલી ચાદરના જેવો શુભ્ર જણાતો હતો. મેં માળીને કહ્યું, "વાહ! માંડવો ઘણો સરસ ફુલ્યો છે." પણ મારા આ શબ્દોથી માળીનો ચહેરો સંતોષકારક ન જણાતાં તે થોડો ખિન્ન જણાયો. તે બોલ્યો, "માંડવો ફુલ્યો તો તેનો ઉપયોગ શો? અમારા શેઠ સાહેબ જે ફુલોની માળાઓ કરીં બાપ-દાદાઓનાં કબરસ્થાન પર ચઢાવતા હતા, તેજ ફુલો અત્યારે—"

માળી આગળ કાંઇ બોલ્યો નહિ. હું પણ તેનું બોલવું સાંભળવા ઉભો નહિ. તે ફુલો અત્યારે પુષ્પશય્યાના ઉપયોગમાં

આવતાં હશે, એ તેના કહેતાં પહેલાં જ મારા ધ્યાનમાં આવ્યું. દરવાજામાં દાસી ઉભી હતી. મેં તેને પૂછ્યું, "પેલી વૃદ્ધ દાસી ક્યાં છે ?"

દાસી બોલી, "તે તો નોકરી છોડીને જતી રહી. મરીના ગયાથી તેને આ ઘરમાં કાંઇ ગોઠ્યું નહિ. બિચારી રડતી રડતી ચાલી ગઇ."

ક્યાં તે વૃદ્ધ દાસીનું હૃદય અને ક્યાં દિલારાનું હૃદય ! હું પણ એજ દાસીની કેડ–ખાંધપર ઉછર્યો હતો. મેં તે દાસીને કહ્યું, "જા, તારી બાઇ સાહેબને જઇ કહે કે, બહાર નવાબ પીરબક્ષ આવ્યા છે." મારો આ સંદેશો લઇ દાસી અંદર ગઇ અને તુરતજ બહાર આવી બોલી, "બાઇ સાહેબે આપને અંદર બોલાવ્યા છે. તેઓ પોતેજ આપના સામાં આવ્યાં હોત, પણ તેમની તબીયત સારી નથી."

દાસી આગળ થઇ. હું પણ તેની પાછળ પાછળ જઇ દિલારાના દિવાનખાનામાં દાખલ થયો. દિલારા ખિન્ન થઇ એક કોચપર બેઠલી જણાઇ. મને જોતાંજ તે આંખો લુછતી લુછતી બોલી, "છોકરી ગયા પછી ઘર કેવું ખાવા ધાય છે. આપ આવો તો મનને કાંઇક સારૂં લાગે, એટલા સારૂ આપની કેટલીયે વાટ જોઇ ! આપની તબીયત તો સારી છે ને ? અમિરૂદ્દીન તરફથી કાંઇ પત્ર આવ્યો છે કે ?"

દિલારા જે કોચપર બેઠી હતી, તેજ કોચપર બેસવું મને અનુચિત લાગ્યાથી હું પાસેના એક જુદા કોચપર બેસવા જતો હતો, ત્યાંજ દિલારાએ પોતાનાજ કોચપર બેસવાનો આગ્રહ કર્યો.

નાઇલાજ થઇ હું પણ તેની પાસેજ બેઠો. મેં સહાનુભૂતિથી કહ્યું, "મરીના ગઇ એ ઘણુંજ ખોટું થયું. પતિ-નિધનનું દુઃખ તો આપના સ્મરણમાં તાજું જ છે ત્યાં આ દુઃખનો ભરાવો થયો. આજેજ અમિરૂદ્દીનનો પત્ર આવ્યો છે. આપને ત્યાં પણ આવ્યોજ હશે."

"હા, મારાપર પણ આવ્યો છે. મરીનાની મૃત્યુવાર્તા સાંભળી તેની પણ ઘણી ચમત્કારિક સ્થિતિ થઈ છે. તેના પર તેનો ઘણો પ્રેમ હતો. આપના પત્રમાં તેણે શું લખ્યું છે?"

પત્ર ખિસામાં જ હતો અને તેમાંનું લખાણ પણ જૂદુંજ હતું. પહેલાં તો મારૂં મન થોડું પાછું પડયું, પણ મનને મજબૂત કરી મેં તે પત્ર દિલારાના હાથમાં આપ્યો. તે પત્ર વાંચવા લાગી.

"શ્રીમાન્ નવાબ પીરબક્ષ જોગ;

ઘણી ઘણી સલામ. મરીના પરલોકવાસી થયાની હકીકત જાણી. વાત જો કે ખરાબ ખરીજ, પણ તમારા જેવા મિત્રોને ખરૂં કહું તો, મરીનાના મૃત્યુથી મને એક પ્રકારનો આનંદ જ થયો છે. તે બચી હોત, તો અમો બન્નેને એકમેક તરફથી સુખ એવું કાંઈ થયું જ નહોત. કારણ કે, તે છોકરીના ચહેરામાં સાદતઅલ્લીખાનનું સ્મરણ કરી આપવાનો ઘણો ખરાબ ગુણ હતો. હવે તેના મૃત્યુને લીધે સાદતઅલ્લીખાનનું કોઇને સ્મરણ થશે નહિ. આથી તે છોકરીના આત્માનું કલ્યાણ ઇચ્છવાને કાંઇ હરકત છે એમ મને લાગતું નથી.

અમારા ડોસા કાકા ઘણા પાજી જીવના છે. તેઓ મરતા પણ

નથી અને જીવતા પણ નથી. તથાપિ, હકીમ સાહેબ આશા આપે છે કે, એક અઠવાડીયા કરતાં કાંઇ વધારે દિવસ અમારા કાકા જીવવાના નથી પરંતુ, ડોસાએ જીવતા રહેવાની જો હઠ જ લીધી, તો પછી તેમની પાસેથી મળનારી સંપત્તિની આશા છોડી દિલ્હી ચાલ્યો આવીશ. કારણ કે, હવે તો દિલારા માટે પ્રાણ ઘણો જ ઉંચો થાય છે. હુ અહીંયાં મારા દિવસો કેમ કાઢું છું અને કેમ નહિ તે માત્ર ઇશ્વર જ જાણે. આપ તેનું ઓછું-વધતું જોવા માટે ત્યાં છો, એજ ભરોસા પર હું અહીયાં દિવસો કાઢું છું.—"

પત્ર તેટલોજ અધુરો વાંચી દિલારાએ તે મારા હાથમાં પાછો આપ્યો અને પછી તે બોલી, "ઉંહ્! કેવી આ નિર્લજજતા? દુનિયામાં આવા બેશરમ લોકો હોય છે, એ આ પત્રથી આપે મારા જાણવામાં આણ્યું હોવાથી હુ આપની ખરેખરજ ઘણી આભારી છું. મારી એવી કલ્પના પણ નહોતી કે, અમિરૂદ્દીન આમ અસભ્યતાથી પત્ર લખશે. મારા પતિનો તે દિલોજાન દોસ્ત હતો, આથીજ હું તેના પર માત્ર બન્ધુના જેવો સ્નેહ રાખું છું. પરંતુ, જણાય છે કે, તેણે એ સ્નેહનો અવળોજ અર્થ કર્યો છે અને પોતાના મનમાં ઉંધીજ આશા બાંધી. મૂર્ખોજ. તેની વર્તણુક તરફ આજ સુધી દુર્લક્ષ્ય કર્યું તેનું આ પરિણામ!"

આ માત્ર દિલારા ખરૂં બોલી. અમિરૂદ્દીને જે દિવસે તેના સામુ પાપી નજરે જોયું, તેજ દિવસે દિલારાએ જો તેને આવો સણસણતો જવાબ આપ્યો હોત, તો જરૂર સાદતઅલીખાનનું ચરિત્ર કાંઇ જૂદુંજ નજરે પડયું હોત. મેં હસતાં હસતાં કહ્યું,

"આ પત્રપરથી અમિરૂદ્દીનની આશા કાંઇક જૂદી હોય તેમ જણાય છે ખરૂં; કેવળ, આપના પતિના મિત્ર થઇનેજ તેનું સમાધાન થયું નથી; પરંતુ વળી પણ તમારી સાથે બીજો કાંઇ સંબંધ સાંધવાનો તેનો વિચાર જણાય છે."

દિલારા કિંચિત્ રોષથી બોલી, "બીજો કાંઇ સંબંધ એનો અર્થ લગ્નજ, ખરો ને? આ આશા કેવી? અમિરૂદ્દીનની એ કેવળ દુરાશાજ છે. નવાબ સાહેબ, આપજ કહો જો; અમિરૂદ્દીન સાથે જો હું લગ્ન કરૂં તો લોક મને શું કહે? તેને શું એમ લાગે છે કે હું એટલી બધી ભોળી છું?"

દિલારાના આ શબ્દો સાંભળી તેના સંબંધમાં મને ઘણોજ ક્રોધ ચઢયો; પણ તે હું અંદરને અંદર ગળી ગયો. મને મારી સહનશીલતાની ટેવ પડી ગઇ હતી અને હવે તે એટલી અભ્યસ્ત થઇ હતી કે, ગમે તેવો પ્રસંગ આવતાં પણ, મારા ચહેરાપરના ભાવમાં ફેરફાર ક્વચિત્‌જ પડતો હતો. માત્ર સાદતઅલ્લીખાનને ફસાવીનેજ દિલારાનું સમાધાન થયું નથી, પણ અમિરૂદ્દીનને ફસાવીને આગળપર નવાબ પીરબક્ષને પણ ફસાવવાનો તેનો વિચાર જણાય છે. જ્યારે આ બધું મારા ધ્યાનમાં આવ્યું, ત્યારે દિલારા તરફથી અમિરૂદ્દીનને આવી રીતે પ્રાયશ્ચિત્ત મળે એનું મને ઘણું આશ્ચર્ય લાગ્યું. સહજ રીતેજ દિલારાના હૃદયની પરીક્ષા થઇ. હવે રંગભૂમિપર નટના વેષમાં એકલો સાદતઅલ્લી-ખાન નહોતો; દિલારા પણ અભિનય કરવા માટે આગળ આવી હતી. જોઇએ, કોણ કોનાપર જય મેળવી યશસ્વી થાય છે? હું કાંઇ બોલતો નથી, એ જોઇ દિલારા બોલી, "નવાબસાહેબ, આપ કેમ કાંઇ બોલતા નથી?"

થોડું હસી, પણ ગંભીર સ્વરે હું બોલ્યો, "દિલારા, ખરૂં પૂછે તો તારા આ લગ્નસંબંધમાં મેં કયરેય પણ વિચાર કર્યો નથી. તટસ્થ હું; એટલે વિચાર કરવાને મને કારણ પણ નથી. પણ મને લાગતું નથી કે, આમરૂદ્દીને રાખેલી આશા છેકજ અનુચિત છે. એક તો તે તરુણ છે. વળી તે સુંદર પણ કાંઈ ઓછો નથી. તે પોતેજ કહેતો હતો કે, સાદતઅલ્લીખાન કરતાં હું પોતે દસ ગણો અધિક સુંદર છું. વળી તે ચિત્રકળામાં પણ ઘણો પ્રવીણ છે. એટલે એવા સુંદર, ગુણજ્ઞ, રસિક અને પ્રેમિક તરુણે તારી સાથે લગ્ન કરવાની આશા રાખવામાં ભૂલ કરી, એમ મને તો કાંઈ લાગતું નથી; અને મુખ્ય તો એ કે, તે તારો ઘણો ઓળખીતો અને તારા પતિનો મિત્ર—"

મને આગળ ન બોલવા દેતાં દિલારા વચમાંજ બોલી, "પણ મારી નજરે તેની સાથે લગ્ન ન કરવાનાં અનેક કારણો છે, અને તેમાં તે મારા પતિનો મિત્ર હતો એ પણ મુખ્ય છે. તેના સંબંધમાં મારા અંતઃકરણમાં સહેજ પણ સ્નેહ નથી. તથાપિ, થોડો છે, એવી જો કલ્પના કરીયે, તો પણ તે મારા પતિનો મિત્ર હતો, એથી તેની સાથે લગન કરવું કદાપિ શ્રેયસ્કર નથી. લોકો એવા લગનમાંથી અનેક અપવાદો બહાર કાઢતા હોય છે. એટલે એવા લગનથી થનારી મારી નિંદા સાંભળવાની મારી ઇચ્છા નથી."

દિલારા સહેજ મારા તરફ સરકી, ધીમેથી પણ મધુર સ્વરે બોલી, "જો હું તેની સાથે લગન કરૂં, તો લોકો એમ કહે કે ધણીના વખતથીજ તે અમિરૂદ્દીન પર આશક થએલી હતી. હવે,

તમેજ કહો જોઉં કે, કુલીન કુટુંબની કઇ સ્ત્રી આવો લોકાપવાદ સહન કરે ?"

તેનું આ કથન કાંઇ ખોટું નહોતું. એટલુંજ નહિ પણ કેટલાક તો વળી જૂદુંજ કહેતા હતા. સાદતઅલ્લીખાનના મૃત્યુ સંબંધમાં તેઓ જુદ્દોજ તર્ક બાંધતા હતા. કાળા તાવના રોગની સંધિ સાધી અમિરૂદ્દીનેજ સાદતને મારી નાંખ્યો, આવો પણ એક નાનો જેવો લોકાપવાદ પ્રસરેલો હતો. બન્નેના લગ્ન થયા પછી આ લોકનિંદાને અધિક ઉગ્ર સ્વરૂપ મળશે એ દિલારા જાણુતી હતી. પણ એવી વાતોથી બ્હી જવા જેટલી કાચા હૈયાની હતી, એમ કહેવું તે દિલારાનું અપમાન કરવા બરાબર છે. મેં સહાનુભૂતિથી કહ્યું, "નવાબ પીરબક્ષનો દિલારા સાથે દૂરનો અથવા તો પાસેનો સગાઈ—સંબંધ છે, એ વાત લોકો જાણુતાં છતાં જો તેઓ નિંદા કરશે તો તુરતજ તેમને જણાઇ આવશે કે તેમને શાસન કરવાનું સામર્થ્ય પીરબક્ષમાં છે. પણ, વારૂ તું ખરેખરજ અમિરૂદ્દીન સાથે લગ્ન કરવા કબૂલ નથી."

દિલારા નિશ્ચિત સ્વરે બોલી, "ઉહૂ! લગારે નહિ. તમારા મનમાં એવી શંકા પણ કેમ આવી, એ ખુદા જાણે. તે ઘણોજ ક્ષુદ્ર બુદ્ધિનો છે. આપણા ધર્મ મુજબ દારૂને સ્પર્શ કરવામાં પણ પાપ; પણ અમિરૂદ્દીન જેવો મદ્યપી તો મેં કોઇ પણ ઠેકાણે જોયો નથી. વારૂ, સમજો કે ચાર સભ્ય ગૃહસ્થોમાં તેનું માન છે, તો તેમ પણ નથી. એવા મનુષ્ય સાથે નિકા કરવાને કબૂલ થવા કરતાં, ઉલટી હું તો તેનો તિરસ્કાર કરૂં છું. તે મારા પતિનો મિત્ર હતો, એટલા માટેજ હું તેને આપણા ઘરમાં આવવા દેતી હતી."

આ વખતે દિલારાનો ચહેરો સહેજ લાલ થયો હતો અને જાણે તે અમિરૂદ્દીનપર ક્રોધે ભરાઇ હોય તેમ દેખાતી હતી. હું માત્ર થોડોકજ ખિન્ન થઇ બોલ્યો, "ત્યારે તો તે બિચારાના હૃદયપર નિરાશાની કુહાડી પડશે અને તે જલદીથીજ ચીરાઇ જશે! તારા જેવી સુંદર સ્ત્રીની આશા છોડવી એ તેને મન પ્રાણસંકટજ થઇ પડશે! મને તેની દયા આવે છે. પરંતુ, તે સાથે મને આનંદ પણ થાય છે કે, તેં તેના જેવા હલકા મનુષ્યને તારા અંતઃકરણમાં આશ્રય-સ્થાન આપ્યું નથી. કારણ—"

દિલારા ઉત્સુકતાથી અને આગ્રહથી બોલી, "કારણ શું?"

હસી અને શરમાયા જેવું કરી મેં કહ્યું, "કારણ એજ કે, અમિરૂદ્દીને જે આશાથી અહીંયાં પોતાના ધામા નાંખ્યા હતા, તે હવે નિરાશ થયા પછી તેને અહીંથી ઉઠાવી જવા પડવાના અને પછી બીજા કોઇને પણ પાછા અહીંયાં ધામા નાંખવાની સવડ મળવાની!" આમ કહી મેં હસતાં હસતાં દિલારા સામું જોયું.

દિલારાએ પણ તેનો હસીનેજ ઉત્તર આપ્યો. પછી ગંભીર અને ખિન્ન સ્વરે બોલી, "પણ, અમિરૂદ્દીન એવી રીતે બીજા કોઇનો પ્રવેશ થવા દેશે તો ને? મને તેની ઘણી બીક લાગે છે. તેનો સ્વભાવ ઘણો ખુન્નસી અને ક્ષુદ્ર છે. મારા સબંધમાં ખોટી આશા રાખવામાં તેણે મોટી મૂર્ખાઈ કરી છે. પણ તેની તે આશાને મારા તરફથી પાણીચું મળશે, એટલે તેનો અત્યાચારી સ્વભાવ તેને લગારે ચેન પડવા દેશે નહિ. મને એવી પણ બીક લાગે છે કે વખત છેને તે મને કોઇક ઘોટાળામાં નાખશે. તે લખનો ગયો ત્યારથી મને ઘણું સારૂં લાગે છે અને તે પાછો

દિલ્હી આવે તે પહેલાંજ તેની નજરઆડ થવું એમ પણ મનમાં થાય છે. હું રહી એકલી. કોઇનો આશ્રય પણ નહિ. માત્ર આપજ અમારા કુટુંબના દુરના સગા છો. એટલે, જો આપજ મારા ભવિષ્યના સુખ–દુઃખની ચિન્તા ઉપાડી લ્યો, તો તે દુનિયામાં ઉચિત પણ જણાશે અને હું પણ નિશ્ચિન્ત થઇશ. પરંતુ, આપની તો વખતપર મુલાકાતે થતી નથી, તો પછી આપ શા માટે એટલી બધી તસ્દી લ્યો ?"

કપટી કહો અથવા નિષ્કપટી કહો, ગમે તેવા પણ પ્રેમથી ગળગળો થઇ હું દિલારાની થોડીક બાજુએ સરકયો અને હસતાં હસતાં કહ્યું, "હું ઘણા સારા મુહૂર્તમાં દિલ્હી આવ્યો એમ એમ જણાય છે. તારા જેવી સદ્ગુણી સ્ત્રીના સુખ–દુઃખનો ભાર જો મારા પર પડે તો હું તે મારૂં સદ્ભાગ્યજ માનીશ; પણ દિલારા, એ સર્વ તારીજ ઇચ્છાપર આધાર રાખે છે. તું એકલી છે એ ખરૂં, પણ ચતુર અને બુદ્ધિમાન્ છે. માત્ર તારી આજ્ઞા થવાની વાર, કે તારી સેવામાં હું કયારેય હાજર છું, કારણ કે, એ મારૂં કર્તવ્ય છે. જયાં તારો સઘળો ભાર મારા પર પડયો, કે પછી અમિરૂદ્દીન તારી સામે ઉંચી આંખે જોવાનું પણ ધૈર્ય કરી શકશે નહિં."

મારા આ ભાષણથી દિલારા આશ્ચર્યચકિત થએલી જણાઇ. ગુલાબનું તાજુંજ ખીલેલું એક ફુલ તેના હાથમાં હતું, તે પણ પડી ગયું. તે વિસ્મયથી બોલી, "તમારા આ કથનનો અર્થ મારા લક્ષમાં આવ્યો નહિ."

નીચે પડેલું ફૂલ તેના હાથમાં ઉંચકી આપી હસતાં હસતાં બોલ્યો, "મારા એ કથનનો અર્થ જેવો કરીએ તેવો થાય છે.

તેનો અર્થ આપણુ બન્નેને અનુકૂળ થાય એવો કરવો એ માત્ર તારી ઇચ્છાને આધીન છે."

આમ કહી હું ઘણી ઉત્સુકતાથી દિલારાના ચહેરા સામું જોવા લાગ્યો તે પણ કાંઇક ચમત્કારિક નજરથી મારા સામું જોવા લાગી. તેટલામાં શરમાઇ અને નીચું જોઇ તે બોલી, "નવાબ પીરબક્ષ સાહેબ!—"

દિલારા શરમાયા જેવું કરી આગળ કાંઇ બોલી નહિ. મેં તેટલામાં કહ્યું, "તું શું કહેવા માગે છે તે હું સમજયો. આવી વૃદ્ધાવસ્થામાં લગ્નની વાત કરવી એ હાસ્યાસ્પદ છે. મારા આ ધોળા વાળ મને 'લગ્ન' આ શબ્દ પણ ઉચ્ચારવા દેતા નથી; પણ હું તેવો વયાતીત છું એમ કાંઇ નથી. હા, ચહેરો તરૂણના જેવો સાફ જણાતો નથી, એ ખરૂં. પણ ઉદ્યોગ-ધંધાની મહેનત મારી પાછળ શું ઓછી છે? જો હું થોડા દિવસ વિશ્રાંતિ લઇશ તો મારો ચહેરો તરુણોને પણ લજાવશે. હવે વ્યક્તિ-ગત ગુણોના સંબંધમાં કહીશ તો, તો જાણે હું મોટો કવિ કે ચિત્રકાર નથી. પાસે માત્ર થોડો પૈસો છે, એજ મારી પોતાની મોટાઇ. આવી સ્થિતિમાં તારા સૌંદર્યના ઉપાસક થવું તે મને થોડું સાહસનું અને નિરાશાનુંજ લાગે છે. મારી શારીરિક અને સાંપત્તિક જે કાંઇ મીલકત છે, તેનો વિચાર કરી તું મારી સાથે નિકા કરવાનું ઠરાવે, તો આટલા દિવસ અવિવાહિત રહ્યાનું સાર્થક થયું, એમ મને લાગશે. હું તને તરુણો કરતાં પણ ઘણી સારી રીતે રાખીશ, એવી મારી માન્યતા છે અને તેનો અનુભવ પણ તને મળશે. દિલારા, લગ્નનો સંબંધ એ એક

પ્રકારની જન્મારાની ગાંઠ હોય છે. એટલા માટે એ બાબતમાં હું ગમે તેટલી ઉતાવળ કરૂં તો પણ તું તેનો સારો વિચાર કરી પછી જોઇએ તો હા કે ના જણાવજે. હું તો એમ માનું છું કે, હું નિરાશ નહિ થઉં. ખરૂંને દિલારા ?"

દિલારાનો ચહેરો લજ્જાથી લાલ થયો. ભલે તેના મનમાં ખરો કે ખોટો પ્રેમ ઉત્પન્ન થયો હોય; પરંતુ તેને લીધે તે પ્રસન્ન જણાવા લાગી. તેનું સૌંદર્ય ખુલવા લાગ્યું. વેશધારી પીરબક્ષ સાહેબની સ્વારી કાંઇક ગાફેલ થઇ, તે સૌંદર્યનું ઘણી ઉત્સુકતાથી પાન કરવા લાગી. "દિલારા, મારી જીવલગ દિલારા, તું મારીજ છે. તારૂં પહેલાંનું નિંદાચરણ ભૂલી જાઉં છું અને–" અંહ્! આવો વિચાર મનમાં આવતાં તેજ ક્ષણે જાણે કોઇએ મારા કાનમાં "વેર ! વેર ! " કરી બૂમ પાડી હોય તેવો મને ભાસ થયો. હું પાછો સારી શુદ્ધિમાં આવ્યો અને ફરી તે વેરની કલ્પના જાગૃત થઇ. ફરી મારો ચહેરો ગંભીર થયો. દિલારા સમજી કે, પોતા તરફથી ઉત્તર મળવાની વાર થતી હોવાથી પીરબક્ષનો ચહેરો ગંભીર થાય છે અને તેથી તે ઉતાવળથી બોલી, " પ્યારા પીરબક્ષ ! આપ લગ્ન માટે તો ઘણા ઉત્સુક જણાઓ છો. પણ, મારાપર આપનો ખરો પ્રેમ છે ને ? " આમ કહી દિલારાએ પોતાનો ડાબો હાથ મારા ખભાપર મૂકયો. દિલારાના તે કોમલ હાથનો સ્પર્શ થતાંજ ફરી અંતઃકરણમાં પ્રેમ–લહરીઓ વહેવા લાગી. પરંતુ, તે હાથ મારી ગૃહિણીનો નથી, પણ પોતાના સતીત્વ સાથે રમત કરતી એક કાળસર્પિણીનો છે, આવો વિચાર મનમાં આવ્યો અને હું સાવધ થયો. તેને દંશ કરવા દેવો જોઇએ

નહિ. કારણ, નહિ તો તેનું પ્રખર વિષ હૃદયમાં દાખલ થઇ સઘળી સારાસાર-વિચાર-શક્તિ નષ્ટ થઇ જશે, આવી મને બીક લાગવા માંડી. અહીંયાં, તેના ચહેરાની આકર્ષણ શક્તિ ધીમે ધીમે વધતીજ જતી હતી. હવે તો તેનો ઉષ્ણ શ્વાસ પણ મારા મુખપરથી વહેવા લાગ્યો. આટલું બધું દિલારાનું સાન્નિધ્ય થયું હતું, તો પણ મેં મારી સહનશીલતા તેટલીજ સાવધ રાખી હતી. એક વાર વિવેકભ્રષ્ટ થયો, તેટલુંજ બસ. હવે ફરી તે વિવેકભ્રષ્ટતાનાં કડવાં ફળ ચાખવાં નથી, આવો વિચાર કરી હું ઘણી સાવધતાથી વર્તતો હતો. મિત્રો ! તે વખતે મારી મનઃસ્થિતિ કેવી થઇ હતી, તે અત્યારે હું તમને કહી શકું તેમ પણ નથી. જેના સહવાસમાં મેં અનેક વર્ષો ગાળ્યાં હતાં, તે દિલારાને ફરી આટલી બધી પાસે જોવાથી અંતઃકરણનો ખળભળાટ અવર્ણનીય વધ્યો હતો. અને તેવી સ્થિતિમાં મારે મારા ચહેરાપર ક્રોધ વ્યક્ત ન કરતાં સંતોષ અને કામુકતા વ્યક્ત કરવી પડતી હતી. હૃદયમાં માનસિક વ્યથાની હોળી સળગતી હોય ત્યારે હર્ષથી હસવાનું કેટલું બધુ કઠિણ છે, એનો તમેજ વિચાર કરો. આવી સ્થિતિમાં દિલારા મારા અંતઃકરણમાં પ્રવેશ કરી ખરી હકીકત જુવે, તે તદ્દન અશક્યજ હતું. તે તો એમજ સમજતી હતી કે, પોતે નાંખેલો કામપાશ મને વળગતો જાય છે. પોતાનો ડાબો હાથ ખભાપરથી ઉપાડી લઇ તેણે પોતાના હાથનાં આંગળાં મારાં આંગળામાં ભેરવ્યાં, અને ધીમે રહીને મારા શરીરપર હળવા ભાર મૂકી તે કંપતા સ્વરે બોલી, "નવાબ સાહેબ, આપના મનમાં મારા ઉપર આપનો પ્રેમ નથી, એમ જણાય છે. પણ હું આપને

મારી વાત કહું ? ખરેખર, મારા મનમાં આપના સંબંધમાં ખરો-સાચ્ચો પ્રેમ ઉત્પન્ન થયો છે."

હું પણ ગળગળો થઇ બોલ્યો, "ખરો ? સ્વર્ગીય ?"

કુદકો મારી દિલારા બોલી, "નહિ, તે કરતાં પણ પવિત્ર !"

હું મનમાં ને મનમાં બોલ્યો, "શાબાસ પીરબક્ષ, તેં તો ખુબ વિજય મેળવ્યો ! અમિરૂદ્દીન, આવ અને આ દશ્ય જો, એટલે સાદતઅલ્લી ખાનના હૃદયને જે વેદના થતી હશે, તેની થોડી પણ કલ્પના તને થશે. સ્વર્ગીય પ્રેમ કરતાં પણ પવિત્ર પ્રેમની સાક્ષી આપવા માટે દિલારાએ ઉભા રહી જે અભિનય કર્યો, તે જોઇ કુશળ નટને પણ આશ્ચર્ય લાગ્યું હોત. ચોખ્ખી, અક્ષરે અક્ષર ખોટી એવી એક વાત તેણે એટલી બધી સરળતાથી અને સહજ રીતે ખરી દેખાડવાનો પ્રયત્ન કર્યો કે, તે વખતે જો હું સાદતઅલ્લીખાન ન હોત, તો આવું સ્ત્રી-રત્ન મળવા માટે ખુદા પાસે કૃતજ્ઞતા પ્રકટ કરતાં કરતાં મેં મારી આખી જીંદગી ગાળી હોત. પણ મેં એક વખત સ્પષ્ટે સ્પષ્ટ દિલારાનું હૃદય જોએલું હોવાથી, હું ફસ્યો નહિ. મારા બન્ને હાથ પોતાના બન્ને હાથથી પ્રેમભાવે પકડી દિલારા હસતી હસતી બોલી "આપ મારા પર પ્રેમ કરો, એટલી બધી હું ભાગ્યશાળી છું શું ?"

હું પણ હસ્યો, વાંકી ચુંકી આંખો કરી, શરમાયો અને મરડાયો પણ ખરો. સારાંશ, કામુકના વેષમાં સહેજ પણ ઉણપ પડવા દીધી નહિ. મારા બન્ને હાથથી તેના બન્ને હાથ ઝાલી હું બોલ્યો, "એ શું પૂછે છે દિલારા ? અરે તારૂં આ લાવણ્ય જોઇને તો તારા પર જીવ કુરબાન કરવો એમ લાગે છે."

મારા હાથ હલાવતાં હલાવતાં તે બોલી, " આપનું આ કહેવું ખરૂં છે કે ખોટું તે ઇશ્વર જાણે. પણ મારી અવસ્થા તો તેવી થઇ છે ખરી. ખરેજ, મેં જે દિવસે તમને પ્રથમ જોયા, તેજ દિવસથી મારી અવસ્થા તો એવી ગાંડા જેવી થઇ છે. આટલા દિવસોમાં મેં જો કોઇના સામું પ્રેમદષ્ટિથી જોયું હોય, તો તે આપના સામુંજ. આપ આપની આ પ્રૌઢાવસ્થા માટે ખેદ કરો છો, પણ આ અવસ્થામાં કોણ જાણે એવું કાંઇ જાદૂ ભર્યું છે કે, તેને લીધે આપે મને દાસી કરતાં પણ દાસી કરી નાંખી છે. "

હું ઘણી જિજ્ઞાસાથી અને ઉત્સુકતાથી દિલારાનું આ ભાષણ સાંભળતો હતો. જાણે કે, તેનું હૃદય-કબાટ ઉઘાડી એ શબ્દ કયે ઠેકાણેથી બહાર નીકળે છે એ હું જોતો હોઉં એમ મને લાગ્યું. દિલારાનો સઘળો પ્રપંચ મારા લક્ષમાં આવ્યો. પાશવિક પ્રેમની સાકર પીરસી મને ગાંડો બનાવવાનો તેનો વિચાર હતો. મેં વિસ્મયથી, હસતાં હસતાં કહ્યું, " દિલારા, તું ખરેખરજ મારી સાથે લગ્ન કરવા માટે કબૂલ છું ? "

દિલારા હસીને બોલી, " હા, આપની સાથે લગ્ન કરવા માટે હું કેટલી બધી આતુર થઇ છું, એ ખુદાને માલૂમ. આપને નવાબ પીરબક્ષ આ નામથી બોલાવવા એ મને ઘણું અવઘડ લાગતું હતું. ' પ્યારા પીરબક્ષ ' આમ હું આપને કહું તો તેથી આપને ખોટું તો નહિ લાગે ને ? "

હું આનંદના આવેશમાં આવી બોલ્યો, " અહ ! ખોટું લાગે ? અરે, પ્યારા પીરબક્ષ એ નામથી તો મને ઘણોજ હર્ષ થયો છે. ખરેજ ! હું ઘણો નસીબદાર છું. પ્યારી દિલારા ! "

"હા પ્યારા પીરબક્ષ!" આમ કહી દિલારાએ પોતાના બન્ને ગૈર દંડભુજંગ આગળ કર્યાં અને તેમાં વૃદ્ધ પીરબક્ષનો દેહ આબદ્ધ થયો. મહા પ્રયાસે મેં તે વખતે મારા મનોવિકારનું દમન કર્યું. તે વખતે અંતઃકરણમાં ઘણાં પૂર્વ સ્મરણો જાગૃત થઇ આવ્યાં અને ઘડીકમાં હૃદયમાં ડુમો ભરાઇ આવતો, તો ઘડીકમાં ક્રોધથી હૃદય સળગી જતું હોય તેવી વેદનાઓ થવા માંડી. તે વખતે મને પોતાને જ મારી સહનશીલતા માટે આશ્ચર્ય લાગ્યું. તે પ્રસંગે મારે ઠેકાણે બીજો કોઈ હોત, તો તે આટલું આત્મસંયમન કરી શકયો હોત કે કેમ, એની મને શંકાજ છે. પૂર્વનું સર્વ કાંઇ ભૂલી જઈ દિલારાને કડકડીને બાઝી પડવું, આમ એકવાર લાગતું, તો એકવાર એમ પણ લાગતું કે, શરીરમાંની સર્વ શક્તિ એકઠી કરી, એ આલિંગનનું છેવટ દિલારાના પ્રાણોત્ક્રમણમાં આણવું. પરંતુ મારો વિવેક એટલો બધો શિથિલ થયો નહોતો, તેમજ કોઇ કાર્યનો આરંભ કર્યા પછી, ગમે તે કોઈ કારણથી નિરાશ કે નિરુત્સાહ થવાનો મારો સ્વભાવ નથી. મેં પણ દિલારાની માફક જ નાટકી પ્રેમ વ્યક્ત કરવાનો આરંભ કર્યો. મેં પણ તેને આલિંગન આપ્યું. તેણે જયારે મને ચુંબન કર્યું, ત્યારે જાણે મને નાગેણ દંશ કરતી હોય તેમ લાગ્યું. મેં પણ તેનું ચુંબન તેને પાછું આપ્યું. ધીમે ધીમે તેની મગર–ચૂડમાંથી શરીર છોડવી લીધું અને મેં તેનો હાથ મારા હાથમાં લીધો. દિલારા મારા તરફ સકરુણ દૃષ્ટિથી જોઇ બોલી, "પ્યારા પીરબક્ષ, અહાહા! તમે કેટલા બધા સુંદર જણાઓ છો. પેલા ગંડૂ અમિરૂદ્દીને તમારા સંબંધમાં જેમ આવ્યું તેમ કહ્યું હતું. પણ નહિ. તમારી આ અસામાન્ય કાંતિ

અને સૌંદર્ય જોઇ મારો સઘળો ભ્રમ દૂર થયો. આ વખતે મને કેટલો બધો આનંદ થયો છે, શું કહું ? પતિએ મને છોડી ત્યા-રથી મારા મનની સ્થિતિ ઘણી ચમત્કારિક થઇ હતી. હું લગ્ન કરવાની છું, એમ જાણ્યા પછી દિલ્હીના યુવાનોએ અનેક પ્રકા-રના પ્રયત્નો ચલાવ્યા હતા. અને તેથી તો હું ઘણીજ ત્રાસી ગઇ હતી. પણ આજ મનજુગતી આપની મુલાકાત થયાથી હવે મારા તે સંકટના દિવસો પુરાં થયા અને ફરી મારા ભાગ્યોદયનો આરંભ થયો. પણ–"

મેં વિસ્મયથી પૂછ્યું "પણ શું ?"

અત્યંત નમ્રતાપૂર્વક દિલારા બોલી, "બીજું શું ? આપ તો મને દેવ સમાન પૂજ્ય લાગો છો. પણ હું તો આપના ચરણની દાસી થવાને પણ પાત્ર નથી."

દિલારાના ખભાપર હાથ મૂકી મેં પ્રેમપૂર્વક કહ્યું, "દિ-લારા, નકામી મને શરમાવીશ નહિ. અરે પીરબક્ષ જેવા વૃદ્ધને તારા જેવી સર્વાંગસુંદર અને તરુણ સ્ત્રીની પ્રાપ્ત થાય, એ મા-રેજ ઉલટું મારૂં નસીબ માનવું જોઇએ. મને તો એમ થઇ ગયું છે કે તને કયાં બેસાડું અને કયાં ન બેસાડું. ખુદાને માલૂમ, તારા પર મારો કેટલો પ્રેમ છે, તે !"

આમ કહી મેં દિલારાનો હાથ છોડયો અને કોચપર બેઠો. દિલારા પણ પાસેજ બેઠી. ઠમકાતી ઠમકાતી દિલારા બોલી, "વ્હાલા; હવે આ વાત એટલામાંજ અમિરૂદ્દીનને જણાવવાની જરૂર નથી. તમને કેમ લાગે છે ?"

"તે લખનૌ છે, ત્યાં સુધી તો જાણે બીક નથી. તે અહીં

આવશે, ત્યારે તેને જણાવવું કે નહિ એનો વિચાર કરીશું. પણ, તેણે જાણ્યું, તો તેમાં શું થવાનું છે?"

"ના ના. તે બહુ ખરાબ માણસ છે. આપણ બેનું સૌખ્ય તેનાથી સહન થઇ શકશે નહિ. લગ્ન થતા સુધી તો કોઇને કાંઇ જણાવવુંજ નહિ. વ્હાલા, આપને મારી એક વિનંતિ છે. માન્ય થશે કે નહિ?"

"વિનંતિ! દિલારા, હવે તો તારે મને હુકમ ફરમાવવો જોઇએ. વિનંતિ નથી કરવાની. જે બે અંતઃકરણમાં ખરા પ્રેમનો પ્રવાહ વહેતો હોય છે ત્યાં વિનંતિ કરવાનું કારણજ રહેતું નથી. બોલ હવે, તારી મને શી આજ્ઞા છે?"

વિસ્મયદર્શક ચહેરે મારા સામું જોઇ દિલારા બોલી, "કોણ કહે તમે અરસિક છો? પણ પેલો અમિરદ્દીન જે આવ્યું તે ખકતો હતો. ઉંહ! તદ્દન ખોટું. જાણે સઘળી રસિકતા આપના હૃદયમાંજ એકઠી થઇ છે એમ મને લાગે છે. એ તો હું એમ કહેતી હતી, કે આજના સંભાષણના સ્મરણ તરીકે આ હીરાની વીંટી આપની આંગળીમાં ઘાલું?"

મેં હસતાં હસતાં કહ્યું, "એ લેવડ-દેવડ આજેજ કરવાનું કાંઇ કારણ નથી. તે તો લગ્ન વખતે કરી લેવાશે. તારી વીંટીનો મેં આજેજ સ્વીકાર કર્યો હોત. પણ મારા હાથમાં જે હીરાની વીંટી છે તે, મારા બાપે મારા હાથમાં ઘાલતી વખતે મને કહ્યું છે કે, જે દિવસે તારાં લગ્ન થાય, તેજ દિવસે આ વીંટી તું તારી સ્ત્રીને આપજે. એટલે જે દિવસે હું મારી વીંટી તને આપીશ, તેજ દિવસે મારે તારી વીંટીનો સ્વીકાર કરવો એવી મારી ઇચ્છા છે."

દિલારા ખિન્ન સ્વરે બોલી, "જેવી આપની મરજી. પણ એ લગ્ન હવે કયારે થશે ?"

મેં ઉત્સુકતાથી કહ્યું, "હું તો આજે કરવા કબૂલ છું. પણ, જાતિ રિવાજ મુજબજ સર્વ વ્યવહાર થાય, એવી તારી ઈચ્છા હોય, તો પછી થોડા દિવસ થોભવુંજ જોઇએ.

દિલારા હસી આંખો મટમટાવતી બોલી, "આપના જેવા અરસિક લગન માટે આટલા બધા ઉતાવળા છે, એ જોઇ મને ઘણો આનંદ થાય છે. રસિકતાની આ કરતાં વળી બીજી કઇ નિશાની હશે ?"

"દિલારા, હું રસિક છું કે અરસિક એ કાંઇ મારાથી કહી શકાય નહિ. પણ એટલું માત્ર હું કબૂલ કરૂં છું કે મારૂં મન લગ્ન માટે ઘણું ઉતાવળું થયું છે. જાણે મને એવી બીક લાગે છે કે જો વચમાં ઘણોજ વખત ચાલ્યો જશે, તો આપણા આ લગ્નમાં કોઈ વિઘ્ન તો ઉત્પન્ન થશે નહિ ને ?"

મારા ખભાપર હાથ મૂકી અને મોટી આશાથી મારા સામું જોઇ દિલારા હસતાં હસતાં બોલી, "મને તો કાંઈ તેવી બીક લાગતી નથી. પરંતુ તમારૂં આ બોલવું સાંભળી મારો એક મોટો ભ્રમ દૂર થયો. આપ પ્રેમોપાસક છો કે નહિ, એનો મને શંકા હતી. પણ તમારા આ વિચારપરથી સ્પષ્ટ રીતે મારા જાણવામાં આવી ગયું છે કે, તમારા હૃદયમાં આ વૈવાહિક પવિત્ર પ્રેમ ઓતપ્રોત ભરેલો છે. પ્રિયતમ ! તમારી આ દાસી પર આપનો આવોજ પ્રેમ સતત રહો આવી તે ખુદા પાસે મારી પ્રાર્થના છે."

હું પણ તેને પંપાળી બોલ્યો, "દિલારા, હું કબૂલ કરૂં છું

કે અત્યાર સુધી મેં પ્રેમની ઉપાસના કરી નથી. હું પ્રેમની બાબતમાં આમ અનભ્યાસી હોવાથી, અત્યારે મારા અંતઃકરણમાં જે વિકાર ઉત્પન્ન થયો છે, તે પ્રેમનો છે કે બીજા કશાનો છે એ મને બિલકુલ સમજાતું નથી. એટલું ખરૂં કે, તારા સહવાસથી મારી સ્થિતિ ઘણી બ્હેબાકળા જેવી થઇ છે અને તારે માટે શું કરૂં અને શું ન કરૂં, તેની પણ મને સૂજ પડતી નથી. દિલારા, પતિએ સ્ત્રી સાથે કેવી રીતે વર્તવું જોઇએ એ પણ તારેજ મને શિખવવું જોઇએ. દિલારા, સાદતે તારા જે મનોરથો પૂર્ણ નહિ કર્યા હોય, તે જરૂર હું પૂર્ણ કરીશ. તારી ઇચ્છા નહિ હોય, તો પણ હું અહર્નિશ તારા સુખ માટે પ્રયત્નો કરતો રહીશ. દિલારા, તારા સુખની જે જે કલ્પનાઓ હોય, તે તે તું મને ખુશીથી કહે. આ પીરબક્ષ તેને માટે કદાપિ કૃપણતા કરશે નહિ. એ બાબતમાં મારૂં હૃદય એટલું ઉદાર છે કે, તેમાં તું પોતે પણ ખુશીથી રહી શકીશ."

આમ કહી મેં દિલારાને વધારે પાસે ખેંચી. તાવી ઠંડી પડી જાય નહિ, ત્યાં સુધીમાંજ તેના પર રોટલી શેકી લેવી જોઈએ. આવો વિચાર કરીને હું તે વખતે દિલારા આગળ સાકર ને સાકરજ વેરતો જતો હતો. તેને તેના ભાવી ઐશ્વર્યની એવી સુંદર કલ્પના કરી આપી કે, જાણે હમણાંજ તે વિશાલ સંપત્તિની તે માલીક થઇ એમ તેને લાગે. પીરબક્ષ ઉલ્લુ બનેલો છે અને હવે તે પૂરેપૂરો આપણી મુઠ્ઠીમાં સપડાયો છે, આમ તેને લાગ્યું; તથાપિ મારાપર હજૂ પૂર્ણ અમલ બેસાડવા માટે તે બોલી, "વ્હાલા પીરબક્ષ, મારે તમારી સંપત્તિ નથી જોઇતી,

વૈભવ નથી જોઇતા, કાંઇપણ નથી જોઇતું. એક માત્ર તમે હો, એટલે બસ. સ્ત્રી અર્થાત્ તે પતિની દાસી, એ માન આપ મને આપો, એટલે મને સઘળું મળ્યું." આમ કહી દિલારા નીચે બેઠી અને તેણે ખરેખરજ મારા ઢીંચણુને બાઝી પડી મારા બન્ને પગ પકડયા.

મેં પણ ઉછીના પ્રેમથી ગળગળા થઇ દૃષ્ટિ ઉંચી ફેરવી અને હાથ જોડી બોલ્યો, "ખુદા, આવું સ્ત્રી રત્ન આપી આજે તેં મને દુનિયામાં ધન્ય કર્યો." આમ કહી મેં દિલારાને મારી પાસે બેસાડી અને તેને કહ્યું "દિલારા, ખરેખર, તેં મારાપર ઉપકારનો મોટો ભાર નાંખ્યો છે. મને વૃદ્ધને તારા જેવી તરૂણ અને સુંદર સ્ત્રી મળે એ જો કે મને તો આનંદદાયક થાય, પરંતુ તું પોતે મારા જેવા વૃદ્ધને પસંદ કરે, એ એક તારો વિલક્ષણ સ્વાર્થત્યાગ છે. વળી સ્ત્રી થઇ. એટલે પછી તે પોતાના પતિના સુખ માટે આત્મ-બલિ પણ આપે છે, પણ—"

દિલારા હસતી હસતી બોલી, "પણ કહી શા માટે મનમાં નકામો સંશય લાવો છો. હું પણ આપ કહો, ત્યારે મારા જીવની પણ આશા છોડવા કબૂલ છું. સ્ત્રી તો પોતાના પતિના આશ્રયની ભિખારણ હોય છે. આ દાસીને આપે આપના આશ્રય-માં લીધી, એથી મને તો આજ આખું ત્રિભુવન તુચ્છ લાગવા માંડયું છે."

દિલારાના આ શબ્દો સાંભળી મન સાહજિક સંતુષ્ટ થયું. હું પણ તેના જીવની આશાથીજ તેની સાથે લગ્ન કરવા માટે કબૂલ થયો હતો. દિલારા જેવી પાતાળયંત્રી સ્ત્રી આમ સહજ

રીતે હાથમાં આવશે, આમ હું નહોતો માનતો. પણ તેણે પોતાનું મન વાસના અને સ્વાર્થ એ બે વિકારોને સ્વાધીન કર્યું હોવાથી હું સહજ રીતે તેનાપર મંત્ર–પ્રયોગ કરી શકયો. અરસિક અને વૃદ્ધ પીરબક્ષે તે દિવસે કોઇ એક રસિકવર્યને આશ્ચર્ય લાગે તેવી હિતગુંજની વાતો દિલારાને મનમુરાદ કહી; અને એવી રીતે તેને તે ભાવી ઐશ્વર્યના સુખના કલ્પનાતરંગોપર ઝુલતી રાખી અમારી સ્વારી તેની રજા લઇ અમારા ઘરમાં આવી.

ઘેર આવ્યો ત્યાં એક નોકરો કુર્નિસ કરી એક કાગળ મારી સામે લાવી મૂકયો. હસ્તાક્ષર નજરે પડતાંજ, તે પત્ર અમિરદ્દીનનો છે એ મારા લક્ષમાં આવ્યું. અમારા આ પ્રતિસ્પર્ધી, મિત્રદ્રોહી ગર્દભરાજ શું કહે છે, એ જોવાની જિજ્ઞાસા સ્વાભાવિક વધી અને મેં ઉતાવળો ઉતાવળો તે પત્ર વાંચવાની શરૂઆત કરી.

"પરમપ્રિય દોસ્ત શ્રીમાન્ નવાબ પીરબક્ષ જોગ;

પ્રેમ–પૂર્વક સલામ. મારા ઘરડા કાકાને, છેવટે આ દુનિયાની દયા આવી અને તેમણે તેની છેલ્લી રજા લીધી. લૌકિક નજરે ઘણું ખરાબ થયું, પણ હું તો તેથી ઘણો આનંદમાં છું. ઇશ્વરની મારાપર મહેર–નજર જ થઇ એમ કહેવું જોઇએ. હવે કાકાની સંપત્તિનો હું એકલોજ માલીક છું. દિલ્હી આવવા માટે હું હવે છૂટો થયો છું અને તે મુજબ જલદીથીજ હું દિલ્હી આવવાનો છું. કાકાની મીલ્કતની થોડી વ્યવસ્થા કરવાની રહી છે, તે એક બે દિવસમાંજ થઇ જશે. મારી આપને એક વિનંતિ છે કે, શ્રીમતી દિલારાને મારા આવવાની વાત લગાર પણ ન

જણાવશો. કારણ કે, મારો વિચાર ઓચિંતા તેની સામે ઉભા રહી તેને આશ્ચર્યચકિત અને આનંદી કરવાનો છે. હું ત્યાં ન હોવાથી તેને પણ કાંઇ ગમતું નહિ હોય અને તે ઘણા દુઃખથી દિવસો ગાળતી હશે. આવી સ્થિતિમાં તે મને અકસ્માત સામે જોઈ ખચિતજ ઘણી આનંદિત થશે અને એવા આનંદના સમયે તેના ચહેરાપર જે વિશેષ સૌન્દર્ય ખીલશે, તે જોઇ મને આનંદજ થશે. તે મારી સાથે લગ્ન કરવા માટે જો કે કબૂલજ છે, પણ હવે તો તેની માફક હું પણ શ્રીમંત થયો હોવાથી એ લગ્ન માટે લોકોની નજરે પણ કોઇ જાતની હરકત રહી નથી. દિલારાએ મોકલેલા જે કેટલાક પત્રો મને અહીંયાં મળ્યા, તે પરથી એ સ્પષ્ટ જણાય છે કે, તેનો અનુરાગ મારાપર સતત વધ્યો જ જાય છે. તેને કદાચિત એમ લાગશે કે, અમિરદ્દીન હવે શ્રીમંત થયો છે, એટલે હવે તે આપણાપર ખરો પ્રેમ કરશે નહિ; પણ તેવું મુદ્દલે નથી, ઉલટું આ સંપત્તિને લીધે તો મારો તેનાપરનો પ્રેમ અધિક થયો છે. આપનો તો હું અત્યંત ઋણી છું. વખતે વખતે આપે જે કાંઇ પૈસાની મદદ કરી છે તે ઋણમાંથી હું જલદીથીજ વ્યાજસહ મુક્ત થઇશ એમ મને લાગે છે. મેં દિલારાની કાળજી રાખવાનાં સંબંધમાં જે ભાર આપનાપર નાંખ્યો છે, તે તસ્દી માટે આપ મને ક્ષમા કરશો. અને દિલ્હી આવી પહોંચતાં સુધી એવીજ નજર તેનાપર રહેવા દેજો."

આ પત્રમાં બીજી પણ કેટલીક બાબતો તેણે લખી હતી અને વચમાં વચમાં દિલારાપર પહેરો રાખવાની મને વિનંતિ કરી હતી. જો કે આ પત્રમાં વિશેષ જેવું કાંઇજ નહોતું; તોપણ

મને તે ઘણો મહત્વનો લાગ્યો. અમિરૂદ્દીન ! તું જેમ દિલારાના દર્શન માટે ઠેઠ લખનૌથી આજ ઉતાવળો થયો છું, તેજ પ્રમાણે હું પણ એક વખત દિલારાના દર્શન માટે કબરસ્થાનમાંથી મૃત્યુને પાછો કાઢી દોડયો હતો. તે વખતે જે દેખાવ મારી નજરે પડયો હતો, તે કરતાં વિચિત્ર દેખાવ તારી નજરે પડવાનો છે.

પ્રેમ ! પ્રેમ ! તે પ્રેમથી તું ગાંડો થયો હતો. પણ એજ પ્રેમના પ્રવાહમાં વહેતાં વહેતાં અત્યારે તારે નિરાશાના ભમરામાં સપડાઇ પ્રાણાંતિક વેદના ભોગવવી પડશે. એ પ્રેમવિષયક કલ્પનાઓને સાદતઅલ્લી તારા જેટલો ચાહી રહ્યો નહોતો; પણ મૂર્ખ, તેં તો પ્રેમને સર્વ સુખનું સ્થાન માન્યું હોવાથી તારાથી આ નિરાશાનો તડાકો સહન થવાનો નથી. તેના એકજ તડાકાથી તારા પ્રાણના સેંકડો ટુકડા થઇ જશે. અને કાકાની સંપત્તિથી અત્યારે શ્રીમંત થએલા આ ગૃહસ્થ અહીં આવી મારૂં કરજ વ્યાજસાથે ભરી આપશે ! પણ અમિરૂદ્દીન, અરે મારૂં જે ખરૂં કરજ તારી પાસે છે, તેની તને કલ્પના છે કે ? તારા શરીરમાંથી લોહીનું એકેક ટીપું કાઢીને એ કરજ ફેડવાનો વિચાર કરૂં, તો પણ તેના વ્યાજ માટેજ તારા પ્રેતના હાલહવાલ કરવા પડશે. અમિરૂદ્દીન જલદીથી દિલ્હીમાં આવ અને તારૂં પ્રાયશ્ચિત્ત ભોગવવાનો પ્રારંભ કર !

હલકારો તે જ દિવસે લખનૌ જવાનો હોવાથી મેં પણ ઉતાવળમાં એક પત્ર અમિરૂદ્દીનને લખ્યો.

"મિત્રોત્તમ ભાઇ અમિરૂદ્દીન !

પ્રેમપૂર્વક સલામ. પત્ર મળ્યો. ઘણો આનંદ થયો. આપના કાકાના આત્માને શાંતિ મળે એમ હું ઇચ્છું છું. આપે કરેલ આજ્ઞા પ્રમાણે આપના આવવાની વાત દિલારાને જણાવીશ નહિ. આપ અકસ્માત તેની નજરે પડો અને બન્ને આશ્ચર્ય—ચકિત થાઓ, તથા તે સુખમાંજ તમો બન્નેનું આખું આયુષ્ય જાઓ એમ હું ઇચ્છું છું. આપની આજ્ઞા મુજબ આટલા દિવસ સુધી મેં જે દિલારાનું રક્ષણ કર્યું, તેનો હું પણ એક મોબદલો માગું છું. આપ દિલ્હી આવો કે તુરતજ પ્રથમ મારે ઘેર આવજો અને પછી આપ દિલારાની મુલાકાતે જજો, આવી મારી આપને વિનંતિ છે. વિશેષ કાંઇ નથી. બે ચાર સારા મિત્રો સાથે આપને એક સુંદર મિજબાની આપવાની યોજના કરી છે. આપ એમ ન સમજતા કે આપ શ્રીમંત થયા તેથી હું આપનો સત્કાર કરવાનો છું. પરન્તુ એક દિલજાન દોસ્ત તરીકે હું આપનો સત્કાર કરવાનો છું. એથી જો કે દિલારાની મુલાકાત કરવામાં થોડી વાર થશે; પરંતુ પ્રેમસુખની મીઠાશ વિલંબને લીધે વધે છે, એ આપને મારે કહેવું પડે તેમ નથી. દિલારાની માફક મારી આંખો પણ આપના રસ્તા તરફજ વળેલી છે."

આ પત્ર મેં મારા કારકુન પાસે લખાવી તે પર ચમત્કારિક વલણની સહી કરી હતી. સાદતઅલ્લીખાનના અક્ષરોનું વલણ હજુ પણ તેવું ને તેવુંજ હોવાથી મારો પત્રવ્યવહાર બધો કારકુન પાસેજ કરાવવો પડતો. પણ કોઇ દેવાદારને દેવામાંથી છુટો કરવાનો વિચાર થતો ત્યારે માત્ર હું પોતેજ કલમ ચલાવતો હતો. અમિરૂદ્દીનને પત્ર મોકલ્યા પછી ભાવી કાર્યયોજના મારી

નજર સામે ઉભી રહેવા માંડી. ચાર આઠ દિવસમાં અમિરૂદ્દીન દિલ્હી આવશે અને દિલ્હી શહેરમાં તેનું પગલું પડતાંજ વિલક્ષણ નાટકના ત્રીજા અર્થાત્ છેવટના અંકની શરૂઆત થશે. કોણજાણે કાંઇક આકસ્મિક કારણ બની આવે અને મારી આ બધી યોજના ફસકી જાય તો, આવી પણ કયારેક કયારેક બીક લાગતી. પણ મારો નિગ્રહ એટલો મજબૂત હતો કે હજારો વિઘ્નો આવી પડતાં છતાં તે ફરે તેવો નહોતો. વિચાર કરતો બેઠો હતો ત્યાં મે મોટેથી 'ગફૂર, ગફૂર' કરી બૂમ મારી. તરતજ એક પચીસ વર્ષનો પઠાણ જાતનો તરુણ મારી સામે આવી ઉભો રહ્યો. 'માલીક માટે પ્રાણ આપનારો' આવા સ્પષ્ટ અક્ષરો જાણે વિધાતાએજ તે તરૂણના ચહેરાપર લખી રાખ્યા હતા. જો કે એ અક્ષરો કોઇ લિપીના વલણમાં નહોતા; પણ તેથી કાંઈ તે વાંચી શકાતા નહોતા એમ નહોતું. ઘણાના ચહેરાપરથી ઘણી વાતો જણાઇ આવે છે, તે પ્રમાણે આ પઠાણ યુવકના ચહેરાપરથી સ્વામિભકિતનું ચિત્ર નજર સામે ખડું થતું હતું. તે મુર્શિદાબાદમાં મારી ઓળખાણના એક હિંદુ ગૃહસ્થની પેઢીપર નોકર હતો. મે' તે શેઠને ઘણું ઘણું કહ્યું ત્યારે તેમણે મને આ યુવકને સોંપ્યો હતો. તે શેઠે ઠેઠ નાનપણમાંથી તેને ઉછેરી તેનાં લગ્ન પણ કરી આપ્યાં હતાં. શેઠ હિંદુ હતો અને આ પઠાણ હતો; પણ વિશ્વાસના બળથી જાતિ-વૈમનસ્ય દૂર થઇ ગયું હતું અને તે બન્નેમાં ઘણી વિલક્ષણ પ્રેમવૃદ્ધિ થઇ હતી. અને અમિરૂદ્દીન અને હું એકજ જાતના અને અનેક દિવસોના મિત્રો છતાં માત્ર વિશ્વાસઘાતને લીધે અમો બન્નેમાં વૈરાગ્નિ ધુમાતો હતો.

"ગફૂર !"

"જી હાં! બંદા હાજર છે!"

"મેં કહેલું બધું લક્ષ્યમાં છે ને?"

"હા હજુર. આપના હુકમ મુજબ બધાં કામ પૂરાં થયાં છે અને હવે આગળના હુકમની હું વાટ જોઉં છું."

"આપણે અહીં પેલો અમિરૂદ્દીન આવતો હતો એ તારા ધ્યાનમાં છે ને?"

"હા હજુર. મેં તેને સારી રીતે લક્ષમાં રાખ્યો છે."

"મનુષ્ય કેવો જણાય છે?"

"સારો જણાય છે. ગોરો-ગટાક, તરૂણ—"

"પણ સ્વભાવે?"

"હજુર ક્રોધે ન ભરાઓ તો કહું."

"કહે, ખુશીથી કહે. હું લગારે ક્રોધ નહિ કરૂં."

"તે તો મને એક બદમાસ જણાય છે. ખુદાએ આપેલા અનેક સદ્ગુણોમાંના એકની પણ છટા તેના ચહેરા પર જણાતી નથી."

"બરોબર ઓળખ્યો છે. હવે જો, હું શું કહું છું તે બરોબર ધ્યાન આપી સાંભળ. આ દિલ્હી શહેરમાં મારા ભાઇનો સાદતઅલ્લીખાન નામનો એક છોકરો ઘણી હુંશીયારીથી અને ઉદારતાથી વર્તી રહેતો હતો. પેલી આપણે ત્યાં કયારેક ક્યારેક દિલારા નામની જે સ્રી આવે છે, તે એ સાદતની બીબી અને અમિરૂદ્દીન સાદતઅલ્લીનો મિત્ર. અમિરૂદ્દીનની સ્થિતિ ઘણી દરિદ્રી હતી; પણ તે પોતાનો મિત્ર છે આવા વિશ્વાસથી સાદત તેને એક સરદારની માફક રાખતો હતો. એટલું જ નહિ, પણ સાદતે

અમિરૂદ્દીનપર એવા તો અનેક ઉપકાર કરેલા છે. છતાં, તે મિત્રદ્રોહીએ દિલારાપર—અર્થાત્ પોતાના જીવજાન મિત્રની ઓપર ખરાબ નજર કરી અને તેમાં તેને યશ પણ મળ્યો. પછી, ગયા છ મહિના પહેલાં અહીંયાં જે પેલો કાળા તાવનો રોગ આવ્યો હતો, તે રોગમાં સાદત મરણ પામ્યો. ગફૂર, હું શું કહું છું તે તે તારા ધ્યાનમાં ઉતરે છે ને ?'

"હા હજુર."

"ગફૂર, મારા પ્રિય સાદતનો આત્મા અંતરિક્ષમાં દુઃખી થાય છે અને તે વેરની ઇચ્છા દર્શાવે છે. તેની સ્રીને શી શિક્ષા કરવી, એ તો આપણે આગળ ઠરાવીશું; પણ તે મિત્રદ્રોહીને તો હમણાં યોગ્ય દંડ કરવો જ જોઇએ !"

મેં આ શબ્દો થોડા ઉચ્ચ અને કઠોર સ્વરે ઉચ્ચાર્યા હતા. ગફૂરની આંખો પણ લાલ થઈ. કમરપટામાંથી લખલખતો મોટો છરો કાઢી તે બોલ્યો, "હજૂર, હથીયારની ધાર સાબૂત છે ત્યાં સુધી એક તો શું, પણ એવા દસ અમિરૂદ્દીનને દુનિયાથી દૂર કરવાને તૈયાર છું. હજુર આજ્ઞા કરશો, તો ભર બજારમાંનો રસ્તો ધોળે દિવસે તેનાં રક્તથી રંગીશ, અથવા તો તે શૂર હશે, તો તેની સાથે દ્વંદ્વયુદ્ધ કરી હું તેને કબરસ્થાનમાં પહોંચતો કરીશ.—"

ગફૂરની આ સ્વામિભક્તિ જોઈ હૃદય ગળગળું થઇ આવ્યું. મેં કહ્યું, "ગફૂર, તે તો પક્કો ખાયલો છે. હાથમાં હથીયાર કેમ પકડવું તે એ જાણતો નથી; ત્યાં પછી તે તારી સાથે દ્વંદ્વયુદ્ધ કરવા ક્યાંથી ઉભો રહેશે ? અને વળી તે તેટલી યોગ્યતાનો પણ

નથી. એવી રીતે તેને શિક્ષા કરવી એ તેનું એક રીતે સન્માન કર્યા ખરેખર છે. આથી, મારે તેને જૂદીજ રીતની શિક્ષા કરવી છે. તને કહેલાં બે ભોંયરાં તૈયાર છે ને ?"

"હા હજુર. હવે આપ તેને કઈ શિક્ષા કરવા ધારો છો, તે પણ મારા ધ્યાનમાં આવ્યું. તેમાંનું એક ભોંયરૂં અમિરૂદ્દીન માટે છે. નહિ તો પણ, એવા અધમ મનુષ્યને તો એવી જ રીતે ઉંદરની માફક પાંજરામાં ગોંધી મારવો જોઇએ."

"ગફૂર, ધ્યાનમાં રાખજે. સાત આઠ દિવસમાં અમિરૂદ્દીન દિલ્હીમાં આવશે. તે આવશે કે તુરતજ હું તેને આપણા ઘરમાં મીજબાની માટે બોલાવવાનો છું. તે વખતે તારે તેની પાસેજ ઉભા રહી યુક્તિથી તારૂં કામ સાધવું. પણ, એટલું ધ્યાનમાં રાખજે કે, તું જે કાંઇ કરે તે બીજા કોઇના પણ જોવામાં ન આવવું જોઇએ. જા."

એક લાંબી સલામ કરી ગફૂર ચાલ્યા ગયા પછી મેં પણ તે દિવસ વિશ્રાંતિમાંજ ગાળ્યો. બીજો દિવસ ઉગ્યો નહિ, ત્યાં દિલારા તરફથી તેડું આવ્યું. હું પણ ફક્કડ પોષાખ સજી તેના ઘરમાં જઇ દાખલ થયો. તે હસતાં હસતાં મારી સામે આવી. પાનાનું જે ફૂલ મને કબરસ્થાનમાં મળ્યું હતું, તે તેના હાથમાં આપી કહ્યું, "આ અલંકાર બાઇસાહેબને પસંદ આવે છે કે?"

તે ફૂલ મારી સામેજ પોતાના વાળમાં ખોસી તે બોલી, "સારૂં જણાય છે કે નહિ, તે હવે આપજ જુઓ."

મેં કિંચિત્ ઉપહાસથી કહ્યું, "આ પરીક્ષા મારા કરતાં

અમિરૂદ્દીનને સારી કરતાં આવડે છે. હા, ઠીક સાંભરી આવ્યું. આજ અમિરૂદ્દીનનો પત્ર આવ્યો છે."

દિલારા મને અંદર લઇ ગઇ. અમે બન્ને એકજ કોચપર બેઠા પછી તે કપાળે આંટીયો ચઢાવી બોલી, "શું કહે છે, તે એ પત્રમાં?"

મેં હસીને કહ્યું, "બીજું કાંઇ નહિ. સ્વારી હવે થોડાજ દિવસમાં દિલ્હી આવી પહોંચવાની છે."

દિલારા એકાએક ઉદ્વિગ્ન થઇ બોલી, "હે ખુદા! હવે હું શું કરૂં?"

આ શબ્દો દિલારાએ એટલી બધી ગમગીનીથી ઉચ્ચાર્યા કે, તેને માટે મને પણ આશ્ચર્ય લાગ્યું. દિલારા અમિરૂદ્દીનને લગ્ન સંબંધમાં નકારાત્મક જવાબ આપવા માટે બીતી હતી એમ નહોતું; પણ પહેલાંના કાંઇક વ્યવહાર સંબંધમાં અમિરૂદ્દીન પોતાની બદનામી કરવાનું છોડશે નહિ, આ બીકથીજ તે વિશેષ ઘભરાઈ હોવી જોઇએ આમ મને લાગ્યું. અમિરૂદ્દીન અત્યંત ક્ષુદ્ર બુદ્ધિનો છે એ વાત તે નહોતી જાણતી એમ નહિ. એટલે, દિલારા જો પોતાનું મોઢું નવાબસાહેબના કાનમાં ખોસે, તો પછી 'આગળ શું?' આવી પણ બીક તેના મનમાં ઉભી રહેલી હોવી જોઇએ. મેં તેને મારી પાસે લઇ પંપાળીને કહ્યું, "દિલારા, તું બહુ બીકણ છે. તે અહીં આવશે તો શું બહુ મોટું બગડવાનું છે? તે નિરાશ થશે એટલુંજ ને?"

દિલારા ખિન્ન થઈ બોલી, "તમે તેનો સ્વભાવ જાણતા નથી. તેણે મારા સંબંધી એવી ઉંચી આશા શા કારણથી રાખી

છે, તેં ખુદા જાણે. તે ઘણોજ ઉશ્રૃંખલ વૃત્તિનો મનુષ્ય છે. તે નિરાશ થતાં કાંઇ મૂર્ખના જેવું કરી બેસશે એવી મને બીક લાગે છે. આ બાબતમાં મારી આપને એક વિનંતિ છે તે આપ માન્ય કરશો ?"

મેં હસીને કહ્યું, "હા હા, ઘણા આનંદથી. હવે તો તારા હુકમ તામીલ કરવા માટેજ હું મારી જીંદગી ખર્ચવાનો છું."

દિલારા પણ હસીને બોલી, "પ્રિય, એવું આલંકારિક બોલી મને શરમાવો નહિ. મને એમ લાગે છે કે, અમિરૂદ્દીન આવતાં પહેલાં આપણે બન્નેએ કોઇને પણ ન જણાવતાં કોઇ એક બહાર ગામ જવું અને ત્યાં આપણાં લગ્ન કરી નાંખવાં."

થોડા સમય વિચાર કર્યા જેવું કરી મેં કહ્યું, "તારી સલાહ ઠીક છે. પણ એક હલકટ મનુષ્યથી ભયપામી નાસી જવું મને પસંદ નથી. તથાપિ, એમ છે કે તું થોડા દિવસ બહાર ગામ જઇ રહે એ સારૂં. અમિરૂદ્દીનના અહીં આવ્યા પછી—થોડા દિવસ ગયાં બાદ તેનો રંગરાગ જોઇ પછીથી આપણે લગ્ન કયાં કરવાં તે નિરાંતે ઠરાવીશું. કહે જો, તું કયે ગામ જઇ આવે તેમ છે ?"

દિલારા દૂર-દૃષ્ટિ વાપરી બોલી, "ફત્તેહપુર સિક્રીમાં મારા મામા હતા, એ તો તમે જાણોજ છો. તેઓ અત્યારે અજમેરના પીરના કારભારી છે. હું તેમનીજ પાસે જઈ રહું."

"ઠીક ઠીક! મને પણ અજમેર જોવાની ઇચ્છા છે. વળી તું તારા મામા પાસે રહે એ પણ સારૂં. હું આવતી કાલેજ ગુપ્ત રીતે ગોઠવણ કરી તને અજમેર મોકલી આપીશ. તારી તૈયારી

પર કદાચ કોઇને સંશય આવે તો 'મુરાદાબાદ જવાનો છું' એમ કહેજે"

મને આગળ ન બોલવા દેતાં વચમાંજ ગળગળા સ્વરે તે બોલી "પણ વ્હાલા. તે અજમેરમાં તમારા શિવાય મને કેમ ગમશે?"

"અને મારી પણ અહીંયાં એવીજ અવસ્થા થવાની છે. તું અહીં નહી હોય એટલે મને પણ ગમવાનું નથી. પણ ભવિષ્યના સુખને માટે અત્યારે આપણે બન્નેએ થોડું થોડું દુઃખ સહન કરવા માટે તૈયાર થવું જોઇએ."

દિલારા આંસુ ગાળતી ગાળતી બોલી, "તમે ત્યાં જલદીથી આવશોને? નહિ તો પછી ઉદ્યોગ-ધંધાને નાદે લાગી મને ભૂલી પણ જશો!"

"વ્હાલી, એવું ગાંડા જેવું શું બોલે છે? તું અહીં નહિ હોય એટલે મને તો ખાવું-પીવું પણ નહિ ગમે. પછી હું અહીં શા માટે રહીશ? પ્રસંગ મળ્યો કે, અજમેરમાં હાજર થયોજ સમજી લેજે. હું ઘણીજ સાવધાનતાથી તારી અજમેર જવાની વ્યવસ્થા કરૂં છું. તું પરોઢીયામાં તૈયાર રહેજે એટલે બસ."

મારા આ શબ્દો સાંભળી દિલારા ડુસકાં ખાવા લાગી. તે વખતનું તેનું વર્તન જોઇ, તેના પ્રેમ સંબંધમાં કોઇને પણ સંશય ન આવ્યો હોત. તે પ્રેમ સાત્વિકજ છે, એમ કોઇને પણ લાગ્યું હોત. પરંતુ સાદતઅલીએ તો એક વાર તેનું હૃદયકબાટ ઉઘાડી જોયેલું હોવાથી તે આ માયાવી પ્રેમથી ફસ્યો નહિ. હું તેને છાતીસરશી ચાંપી બોલ્યો, "દિલારા, એમ ગાંડા જેવું શું

કરે છે? તું ખરેખર ઘણી ચતુર છે; તું શા માટે નકામી આંખોમાં આંસુ લાવે છે? કોઇ પણ નિમિત્તે તું બહારગામ જઇશ તો તારી તબીયતને પણ ઠીક લાગશે. હવા–ફેરબદલ થવાથી, દુઃખથી કરમાઈ ગયેલું તારૂ મન પણ થોડું પ્રફુલ્લિત થશે. વળી તું એ તો જાણે છે કે, અજમેરમાં પવિત્ર પીરનું સ્થાન છે. તે રમ્ય સ્થાન જોઇ, તારા અંતઃકરણને પણ ઘણું સમાધાન થશે. ચાર દિવસ તારા એમ જશે ન જશે એટલામાં તો હું પણ અજમેરમાં હાજર થઇ જઇશ. પછી આપણે બન્ને થોડા દિવસ પ્રવાસ કરી દિલ્હી પાછા આવીશું અને લગન સંબંધથી આબદ્ધ થઇશું. તુંજ વિચાર કર કે, એ પ્રવાસમાં કેવી મઝા પડશે. ઠીક ત્યારે, હું જાઉં છું. પાછી તારી ગાડીની વ્યવસ્થા કરવી જોઇએ. તું માત્ર તારી વ્યવસ્થા કરી વખતસર હાજર રહેજે એટલે થયું."

દિલારાને મેં આટલું કહ્યું, છતાં જાણે હજુ પણ પોતાની ખિન્નતા દૂર થઇ નથી એમ દેખાડીનેજ તેણે મને રજા આપી. ઘેર આવ્યા પછી દિલારા માટે ગાડી વગેરેની વ્યવસ્થા કરી અને તેની સાથે જવા માટે બેચાર વિશ્વાસુ નોકર પણ તૈયાર કર્યા. એ નોકરો માગી નજરે વિશ્વાસુ હતા; પણ ખરૂં જોતાં તેમણે દિલારા પર પેંહરો રાખવો એ મારો મુખ્ય ઉદ્દેશ હતો અને એથી દિલારાની દૃષ્ટિએ 'વિશ્વાસુ' આ શબ્દ ઉપહાસાસ્પદ હતો. ગમે તેમ હો, દુનિયાની એકંદર ન્યાય–નીતિ સાથેનો મારો સંબંધ સારો છે કે નરસો છે, એ જોવાનું મારે કારણ નહોતું. હું તો ફક્ત તે વખતે એટલુંજ જોતો હતો કે, મારી દૃષ્ટિએ હું સારૂં કરૂં છું કે નરસું. બીજે દિવસે ઘણી ચુપકીદીથી

દિલારાને અજમેર રવાના કરી. તે અજમેરના માર્ગે ગયા પછી 'એક શિકાર તો આજ હાથમાં સપડાયો' આવો વિચાર આવી મનમાં થોડું સમાધાન પણ થયું. હવે મારી આંખો અમિરૂદ્દીનના માર્ગ તરફ વળી હતી. લખનૌથી દિલ્હી આવવા માટે તે જેમ ઉતાવળો થયો હતો તેમ હું પણ ઘણી ઉત્સુકતાથી તેની રાહ જોતો હતો. લખનૌમાં પણ તે કાંઇ નિરાપદ હતો એમ નહોતું. ત્યાં પણ તેના પર નજર રાખવા માટે મારા બે વિશ્વાસુ નોકરો હતાજ અને સ્વારી કદાચિત્ ત્યાંજ કોઈ બીજા રંગમાં રંગાય તો એક નોકરના હાથમાં દિલારાની વિરહ–વ્યાકુળ પ્રેમ–પત્રિકા તૈયાર હતીજ. એ પત્રિકા બનાવટી હતી અને પછીથી તેની કાંઇ જરૂર પણ પડી નહિ. તે લંપટને એવી પ્રેમ–પત્રિકાની વાટ જોવા જેટલી ધીરજ પણ કયાં હતી? હું એક એક દિવસ વેઢા પર ગણી તેની વાટ જોતો હતો, ત્યાં મારા જાણવામાં આવ્યું કે સ્વારી દિલ્હીથી માત્ર એકજ મુકામ દૂર સુધી આવી પહોંચી છે. તે સાથે મારી ઉત્સુકતા વધી. મીજબાનીની તૈયારી કરવા માટે મેં નોકરને હુકમ કર્યો. શહેરમાંના જે કેટલાક શ્રીમંત અને સભ્ય ગૃહસ્થો સાથે મારે ઓળખાણો થઇ હતી તેમને પણ મેં પોતે મીજબાનીનાં નિમંત્રણ આપ્યાં. સાંજના સુમારે હું શહેરની બહાર નીકળ્યો અને ખાસ તેની સામે ગયો. ત્યાંથી તેને ઘણા મોટા સમારંભથી મારે ઘેર લઇ આવ્યો. તેને આમ તેમ ફરવા માટે વખતજ આપ્યો નહિ; એટલુંજ નહિ પણ 'દિલારા કેમ છે' એટલું પણ પૂછવાની મેં તેને સંધિ આપી નહિ. મેં જયાં ત્યાં તેના માન–મરતબાની વ્યવસ્થા કરી હોવાથી ચાર સભ્ય માણસો સામે દિલારા સંબંધમાં પૂછવાની તેને સવડ

રહી નહોતી. વળી આ મીજબાનીની વ્યવસ્થા મારેજ કરવાની હોવાથી હું પણ તેના સામું જોયું ન જોયું કરતો હતો. શણગારેલું મારૂં ઘર, દિવાઓનો ઝળહળાટ અને સમગ્ર ઠાઠમાઠ જોઇ અમિરૂદ્દીન તો અભિમાનના શિખરે પહોંચી ગયો હતો. તેને તો એમજ લાગતું હતું કે આપણો જે આટલો બધો સત્કાર થાય છે તે સત્કારને આપણે યોગ્યજ છીએ.

મેં મારા ખાસ દિવાનખાનામાં જઇ 'ગફુર' કહી બૂમ મારી. તુરતજ ગફુર 'જી હજુર' કહી સામે હાજર થયો મેં કહ્યું, "ગફૂર, અમિરૂદ્દીન આવ્યો છ."

"હા હજુર; મેં તેને જોયો. છરો તૈયાર છે."

"ગફૂર છરાનું કાંઇ કામ નથી. તે દારૂનો શોખીન છે. માટે જયારે સઘળા જમણ જમવા માટે બેઠા હોય ત્યારે તું તેની પાછળજ ઊભો રહેજે અને [illegible] પ્યાલામાં તાજો દારૂ રેડતો જજે. સમજ્યો? [illegible]

[illegible]

"[illegible] સાંભળ. તે આ મીજબાનીમાંથી ક્રોધમાંજ ઉઠશે [illegible] કરીને [illegible] દર તરફ જશે. [illegible] તારે શું કરવું તે તું [illegible] મનમાં ઠરાવજે. લક્ષમાં રાખજે કે જો આજ તું યશસ્વી થયો નાહ, તો પછી તે સ્વારને સપડાવવાને ઘણી અડચણો ઉત્પન્ન થશે."

"હજુર, આ ગફૂર તેમાં કાંઇ કહેવું પડે તેમ નથી. ગફૂર એટલો બધો અક્કલશૂન્ય નથી."

"જા હવે, તારે કામે લાગ."

ગફૂર ગયો એટલામાંજ બીજો નોકર અંદર આવ્યો અને બધી તૈયારી થઇ છે એમ તેણે મને જણાવ્યું. હું ઉત્તમ પોષાક પહેરી મુખ્ય દિવાનખાનામાં જઇ બેઠો. ધીમે ધીમે નિમંત્રિત ગૃહસ્થો પણ આવી બેઠા. પછી અમિરૂદ્દીનને પણ બોલાવ્યો અને મુખ્ય સ્થાને બેસાડયો. પાનસોપારી, હુક્કો વિગેરે સર્વ કાંઇ ત્યાં હતું. તુરતજ દિલ્હી શહેરની એક પ્રસિદ્ધ નર્તકીનું થોડું નૃત્ય અને ગાયન થયું અને અમે બધા અંદરના મહાલમાં ભોજન માટે ગયા. અમિરૂદ્દીન જેવા ભિખારચોટ મનુષ્યને મીજબાની આપવા માટે આજે મેં જે ઠાઠમાઠ કર્યો હતો, તે જોઇ ઘણાને આશ્ચર્ય લાગતું હતું. અમિરૂદ્દીનને પોતાને પણ ઘણો આનંદ થતો હતો. પોતાનો માનમરતબો વધ્યો, સંપત્તિ મળી અને દિલારા જેવી સુંદર સ્ત્રી જલદીથીજ મળશે, આ વિચારથી તે બિચારાને સ્વર્ગ, માત્ર બે આંગળજ દૂર રહ્યું હોય તો તેમાં આશ્ચર્ય નથી. અનેક સ્વાદિષ્ટ પદાર્થોપર હાથ મારવાનો બધાયે પ્રારંભ કર્યો. નોકરો વચમાં વચમાં પવન નાખવા માટે અને ખાલી થએલા પ્યાલાઓમાં મદ્ય રેડવા માટે ઉભા હતા. ગફૂર અમિરૂદ્દીનની પાસેજ ઉભો હતો. અમિરૂદ્દીન આજ પોતાને ભૂલી ગયેલો હોવાથી પ્યાલા પાછળ પ્યાલા ગટકાવતો હતો અને ગફૂર પણ તેનો પ્યાલો ખાલી રહેવા દેતો નહોતો. ધીરે ધીરે ભોજનમાં રંગ વધતો ચાલ્યો. અનેક પ્રકારની ગપ્પાં-વાતો ચાલતી હતી. વચમાં વચમાં સર્વના હાસ્યના શબ્દથી મારૂં ઘર ગાજી ઉઠતું હતું. આવી રીતે આ મીજબાની ખરેખર રંગમાં આવ્યા પછી,

હું બોલ્યો, "મિત્રો, આપણા સર્વના દોસ્ત મીયા–મીર–અમિરૂદ્દીન આજ આટલા દિવસ અહીંયાં ન હોવાથી આખી દિલ્હી જાણે ઓસાડ પડી હોય તેમ જણાતી હતી. પરંતુ, આજે તેઓ દિલ્હીમાં આવ્યા હોવાથી જ્યાં ત્યાં આનંદોત્સવ શરૂ થયા છે. આપણા એ દોસ્ત સામા મનુષ્યને ચટકો લાગે તેવો સ્નેહ કેમ સંપાદન કરવો, એ ઘણું સારૂં જાણે છે. તેઓ એક વખત જેને પોતાનો મિત્ર કહે, તેને માટે પોતાનો પ્રાણ આપવા માટે તૈયાર થાય તેવા છે."

એક કુત્સિત બુદ્ધિના ગૃહસ્થે કહ્યું, "હા ! હા ! આપ કહો છો તે તદ્દન ખરૂં છે. સાદતઅલ્લીખાન સાથે પણ તેમનો એવોજ અકૃત્રિમ સ્નેહ હતો."

નિમંત્રિત ગૃહસ્થો ઘણા ભલા અને પ્રસિદ્ધ છે, એમ જોઇ અમિરૂદ્દીન બોલ્યો, "તે સાદતની વાત ન સંભારશો. તેનું સ્મરણ થતાંજ મારો પ્રાણ આકુળ વ્યાકુળ થઈ જાય છે. તે મારા પહેલાં ગયો, એ માટે મને ઘણું ખરાબ લાગે છે. નહિ તો તમને જણાઈ આવ્યું હોત કે, તેની આપત્તિના પ્રસંગે અમિરૂદ્દીન પ્રાણ આપવા માટે તૈયાર છે"

બીજો એક ગૃહસ્થ ધીમે રહીને બોલ્યો, "અને હજુ પણ તેઓ દિલ્લાશને માટે પ્રાણ નહિ આપે, એમ કાંઇ નથી."

તે ગૃહસ્થનું આ ટોંચદાર બોલવું અમિરૂદ્દીનના લક્ષમાં ન આવ્યું હોવાથી, અમિરૂદ્દીન ગાલમાં ને ગાલમાં હસવા લાગ્યો. પછી, એ બાબતમાં વિષય બદલાતો જોઇ મેં કહ્યું, "સદ્ગૃહસ્થો ! આ મીજબાની મીર અમિરૂદ્દીનના સત્કાર માટે છે, તે

પ્રમાણે તેનું બીજું પણ એક કારણ છે. ધારૂં છું કે, જો હું તે કારણ આપને કહીશ, તો જરૂર આપને આનંદ થશે. "

એક જણ ઘણા હર્ષથી બોલ્યો, "હા હા ! નવાબ સાહેબ, એ આનંદદાયક હકીકત જરૂર અમને સંભળાવવી જોઇએ. અમે પણ તેમના આનન્દોત્સવ માટે કાંઈક પ્રયત્ન કરીશું. "

મેં કહ્યું, " સાંભળો. આપ સર્વ ધ્યાન દઇને સાંભળજો. હું વૃદ્ધ હોવાથી મારી એ હકીકત તમો બધાને ઘણી આશ્ચર્યકારક લાગશે. તથાપિ, મને ખાત્રી છે કે, તે સાંભળીને આપને ઘણો આનંદ થશે અને તે બાબતમાં આપ મને આશીર્વાદ પણ આપશો. "

એક ગૃહસ્થ બોલ્યો, " હવે તો નવાબ સાહેબે એ વાત જલદીથી કહેવી જોઇએ. કેમ કે તે સાંભળવાની અમને ઘણી ઉત્સુકતા થઇ આવી છે. "

મેં હસતાં હસતાં કહ્યું, " આપનાજ શું, પણ આખા દિલ્હી શહેરમાં અત્યારે એ વાત સર્વના જાણવામાં આવી ચુકી છે કે, નવાબ પીરબક્ષ સ્ત્રીયોનો તિરસ્કાર કરે છે. તેઓ જયારે બે ચાર સ્ત્રીયોના સમૂહમાં સપડાઈ જાય છે ત્યારે તો જાણે તેમના મોઢે તાળું માર્યા જેવી તેમની સ્થિતિ થાય છે. મિત્રો, હું કબૂલ કરૂં છું કે, એ દોષ મારામાં છે. પણ ખરૂં પૂછો તો મારામાં એ દોષ મારી વૃદ્ધાવસ્થાને લીધે આવ્યો છે. અત્યાર સુધી હું એમ ધારતો હતો કે. મારા વૃદ્ધના સામુ તો કોઈ પણ સ્ત્રી આડું વાળી જોવાની નથી; અને તેથીજ હું અત્યાર સુધી સ્ત્રીયોના સંબંધમાં ઉદાસીનતાથી વર્તતો હતો. પરંતુ, આ દુનિયા અનેક આશ્ચર્યોથી

ભરેલી હોવાથી, મારા સંબંધમાં એવીજ એક આશ્ચર્યકારક વાત બની આવી છે. ગૃહસ્થો, આ શહેરની એક અત્યંત સુંદર અને તરુણ સ્ત્રીએ મારી સાથે લગ્ન કરવાનું ઠરાવ્યું છે. હું પણ તેની સાથે લગ્ન કરવા માટે કબૂલ થયો છું."

મારા આ શબ્દો સાંભળતાંજ સર્વ જણ 'વાહ નવાબ સાહેબ! વાહ નવાબ સાહેબ!' એમ મોટેથી બોલી આનંદ દર્શાવવા લાગ્યા. પણ અમિરૂદ્દીનનો ચહેરો ફટામણો થઇ ગયો અને ઇર્ષ્યાથી તેની આંખો લાલ ચોળ જણાવા લાગી. એક ગૃહસ્થે કહ્યું, "ઘણા આનંદની વાત છે. હવે તો અમો સર્વની એવી ઇચ્છા છે કે, એ લગ્ન જેમ બને તેમ જલદીથી થાય. જે સ્ત્રી આપનાપર આશક થઇ છે, તેનું નામ કહેવાને તો કાંઇ હરકત નથી ને ?"

હું આ પ્રશ્નનો ઉત્તર આપવા જતો હતો, ત્યાંજ અમિરૂદ્દીન ખુન્ની સ્વરે બોલ્યો, "નવાબ સાહેબ એ સ્ત્રીનું નામ કહેતાં શરમાવાના નથી. મને તો એમ લાગે છે કે, એ સ્ત્રી સુંદર હશે પણ તે કોઇની ઓળખાણની તો નહિ હોય."

મેં હસતાં હસતાં ગંભીર સ્વરે કહ્યું, "દોસ્ત અમિરૂદ્દીન, તમારી એ માન્યતા ઘણીજ ભૂલભરેલી છે. દિલ્હી શહેરના ઘણા ખરા લોકો તો જાણે તે સ્ત્રીને ઓળખેજ છે; પણ તે કરતાં આપ તો વિશેષજ ઓળખો છો. મિત્રો, સાદતઅલ્લીખાનની વિધવા સ્ત્રી જે દિલારા છે, તેની સાથે મેં લગ્ન કરવાનું ઠરાવ્યું છે."

"જૂઠું! તદ્દન જૂઠું!" આ શબ્દો, ક્રોધથી થરથર કાંપતા અમિરૂદ્દીનના મુખમાંથી એટલા બધા ભયંકર, કર્કશ અને મત્સર-

ગ્રસ્ત સ્વરે નિકળ્યા કે, તેને લીધે આખું દિવાનખાનું સ્તબ્ધ થયું. તેની પાસે પાણી પીવાનો જે ચાંદીનો પ્યાલો પડયો હતો, તે તેણે ઉંચકી ક્રોધથી મારાપર ફેંકયો અને બોલ્યો, "આવી મૂર્ખાઇ ભરેલી થાપ મારતાં લાજ નથી આવતી ?"

સર્વ જણ ક્ષણવાર સ્તબ્ધ હતા. પરંતુ તેણે ફેંકેલો પ્યાલો મારા શરીરને વાગીને ગયેલો જોતાંજ, દરેક જણ અમિરૂદ્દીનનો તિરસ્કાર કરવા લાગ્યા. એક ગૃહસ્થે કહ્યું, "અમિરૂદ્દીનનું આ કેવું બેશરમપણું! અમિરૂદ્દીન, તને કાંઈ નિશો વધારે ચઢયો છે કે શું? આ તેં નવાબ સાહેબનું અપમાન કર્યું નથી, પણ અમો બધાનું કર્યું છે. અમે તો પહેલેથી જ નવાબસાહેબને જણાવ્યું હતું કે, આ હલકટ મનુષ્ય છે; માટે એની સાથે દોસ્તી ન કરશો."

અમિરૂદ્દીન આ વખતે ક્રોધથી ખરેખર જ ગાંડો થયો હતો. તેની આંખો લાલચોળ થઈ ગઈ હતી. શ્વાસોચ્છ્વાસ જોરથી ચાલૂ હતો, અને શરીર થરથર કંપતું હતું. દાંતપર દાંત ઘસી તે બોલ્યો, "શું એ દિલારા આ ડોકરા સાથે લગ્ન કરવા કબૂલ થઈ છે? તદ્દન ખોટી વાત. એમ કદાપિ બને નહિ. નવાબસાહેબે આમ થાપ મારવાની રમત રમી મારૂં અને દિલારાનું બન્નેનું અપમાન કર્યું છે. નવાબ સાહેબને એનું પ્રાયશ્ચિત્ત આપવાની અત્યારે અને આ ક્ષણેજ મારી તૈયારી છે." આમ કહી અમિરૂદ્દીન પોતાની જગા પરથી ઉઠવા લાગ્યો. પરંતુ, તેની પાસેજ બેઠેલા બે ગૃહસ્થોએ તેના હાથ પકડી રાખ્યા હોવાથી તેનાથી હાલી શકાયું નહિ. અમિરૂદ્દીન તેમના પર ચડભડી પડયો અને

બોલ્યો, "છોડી દો મને. નહિ તો મારે તમારા પણ દાંત પાડવા પડશે."

એક ગૃહસ્થે કહ્યું, "અમિરૂદ્દીન, તું તે ગાંડો થયો છું કે શું? તું આ કોનું અપમાન કરે છે, એ કાંઇ તારા ધ્યાનમાં છે કે?"

અમિરૂદ્દીન મોટેથી બૂમ પાડી બોલ્યો, "હા. ધ્યાનમાં છે! અરે, મુર્શિદાબાદના આ અધમ ગૃહસ્થનું આ તો મેં કાંઇ જ અપમાન કર્યું નથી. આના કરતાં પણ એની અધિક નિર્ભર્ત્સના કરવી જોઇએ. તેણે મારી સાથે જે છેતરપિંડી કરી છે, એની તમને કલ્પના પણ છે કે?"

હજુ પણ હું તદ્દન શાંત હતો. બીજા એક ગૃહસ્થે અમિરૂદ્દીનને કહ્યું, "અમિરૂદ્દીન, હજુ પણ તું તારી જીભ બંધ કર. મૂર્ખોની માફક બડબડાટ ન કર."

મેં હસતાં હસતાં શાંતપણે કહ્યું, "મને લાગે છે કે, આ બાબતમાં અમિરૂદ્દીનની ભૂલભરેલી માન્યતા થવી હોવી જોઇએ. દિલારાની અને પોતાની થોડી ઓળખાણ છે, એટલી માન્યતાપર તે બિચારો મનમાં ફોકટની ખાંડ ફાકતો હતો. અને તેની એ કલ્પના મેં પાડી નાંખી, એટલા માટે તે ગૃહસ્થ મારાપર ચીડાયા છે. હશે, જવા દો; એવા મૂર્ખના નાદે શા માટે લાગો છો?"

અમિરૂદ્દીન ક્રોધથી તે બન્ને ગૃહસ્થોના હાથમાંથી પોતાને છોડાવી લેવાનો પ્રયત્ન કરતો બોલ્યો, "હું મૂર્ખ! હું કલ્પનાવિવશ! વાહ! સાંભળો, તમે બધા સાંભળો આ ડોકરો મને શું કહે છે તે? મુર્શિદાબાદી ઠગ! ધ્યાનમાં રાખજે કે, તારા આ

વૃદ્ધ ચહેરા તરફ દિલારા ઢુંકીને પણ જોવાની નથી. તેમ તેણે જે અમિરૂદ્દીનને વચન આપ્યું છે, તેની સાથે તે કદી પણ વચન-ભંગ કરશે નહિ."

મેં કહ્યું, "અને વચનભંગ કરવા માટે તેને શી હરકત છે? તેનું પોતાનું હિત–અનહિત જોવા માટે તે પોતે મુખત્યાર છે અને તેટલું જ્ઞાન પણ તેને છે તે તેની મરજીમાં આવશે તેની સાથે પરણશે. તે એટલીબધી કમનસીબ નથી, કે તેણે તારા જેવા એક બદમાસ માણુસ સાથે લગ્ન કરવાં જોઇએ."

જે બે ગૃહસ્થોએ અમિરૂદ્દીનને પકડી રાખ્યો હતો, તેમને બેસાવધ જોઇ અમિરૂદ્દીને એકદમ ઉછાળો માર્યો અને તે મારી સામે આવી બોલ્યો, "ડોકરા મને બદમાસ કહે છે? તને ફરી કહું છું કે, દિલારા મારી છે, મારી! અરે તેનો નખ પણ તારી નજરે પડશે નહિ. તેનું સૌંદર્ય જોઇ તું બેભાન બનેલો છું; પણ ધ્યાનમાં રાખ, તેં સિંહનું મન દુઃખાવ્યું છે."

મારો અત્યાર સુધી શાંત રહેલો ક્રોધ હવે જાગૃત થયો. માથા પરનો ફેંટો અને શરીરપરનું અંગરખું કાઢી નાંખી, બાહુ–દંડ ઠોકી તેની સામે ઉભો રહ્યો અને બોલ્યો, ' તું સિંહ હો યા ગર્દભ હો: હવે મારે તને શિક્ષા કરવી જ જોઇએ. આવ, ચાલ, સામો ઉભો રહે અને ફાવે તો પહેલો પ્રહાર તું મારા પર કર."

મારી તે ઉંચી મજબૂત શરીરયષ્ટિ જોઈ અને તે જ વખતે બાજુમાંના ગૃહસ્થોના મુખમાંથી નીકળેલો 'શાબાસ નવાબસાહેબ' આવો ધ્વનિ સાંભળી અમિરૂદ્દીનનું ધૈર્ય ગળી પડયું. પણ ઉછીકા

ધૈર્યનો ડોળ દેખાડી બોલ્યો, "આવું જંગલીપણું અને તે પણ આ સાંકડી જગામાં કરવાની મારી મુદ્દલ ઇચ્છા નથી. કાલે સૂર્યોદય થયા પછી–મોટા મુક્ષા મેદાનમાં તારી સાથે તલવારનું દ્વંદ્વ યુદ્ધ કરવા માટે હું કયારેય પણ કબૂલ છું."

મેં મોટેથી કહ્યું, "ગૃહસ્થો, એ શું કહે છે તે બરોબર સાંભળો. કાલે ખુલ્લા મેદાનમાં તમે તમારા બાંધવો લઇ જરૂર હાજર રહેજો. કાલે તમારા જાણવામાં આવશે કે, વેપાર કરનાર પીરબક્ષ તલવાર ચલાવવામાં પણ કેટલો કુશળ છે. અમિરૂદ્દીન, તું પણ તારા ઓળખીતાઓને લઇને આવજે હોં!"

"અમિરૂદ્દીનના જ હાથથી તારૂં મરણ જણાય છે" આમ બડબડતો બડબડતો તે ધમ ધમ પગ પછાડતો ચાલ્યો ગયો. આવી રીતે તે મીજબાનીના રંગમાં ભંગ થયો. નિમંત્રિત ગૃહસ્થો દુઃખી થઈ ઘેર ગયા. તે દિવાનખાનું નિર્મનુષ્ય થયા પછી મેં મોટેથી 'ગફૂર' કરી બૂમ મારી. ઉતાવળો ઉતાવળો એક નોકર સામે આવ્યો અને બોલ્યો, 'હજૂર, ગફૂર ઘરમાં નથી, કયાંક બહાર ગયો છે.' ગફૂર ઘરમાં નથી, કયાંક બહાર ગયો છે, એ સાંભળી મને સાહજિક આનંદ થયો. મુખ્ય દિવાનખાનામાં આવી શૂન્ય દૃષ્ટિથી આમથી તેમ આંટા મારવા લાગ્યો. અંતઃકરણમાં માત્ર ઘણા વિચારો આવતા હતા. ગફૂર પોતાનું કામ કેટલી હુંશીયારીથી પાર ઉતારી આવે છે તે તરફ મારી આંખો વળેલી હતી. રસ્તામાં કોઇનાં પગલાંનો અવાજ થતો કે, ગફૂર જ આવ્યો એમ મને લાગતું. લગભગ બે કલાક પછી ગફુર આવ્યો અને સલામ કરી મારા પૂછતાં પહેલાં જ બોલ્યો, "હજૂર, કામ ફત્તેહ!"

મેં હર્ષથી કહ્યું, "શાબાસ! જોઉં, તારો જમૈયો જોઉં."

તુરત જ જમૈયો મારી સામે કરી ગફુર બોલ્યો, "હજૂર, હું કદાપિ હુકમ બહાર વર્તવાનો નહિ. જુઓ આ જમૈયો. તદન સ્વચ્છ છે. તે નિમકહરામના પાપી રક્તથી હું મારૂં હથિયાર શા માટે અપવિત્ર કરૂં?"

તે વખતે મને ઘણો જ વિલક્ષણ સંતોષ થયો. મેં મારે હાથેથી હીરાજડિત્ર પોંચી કાઢી અને તે ગફુરના કાંડે બાંધી તેને કહ્યું, "ગફુર, તારી આ સ્વામભક્તિથી હું માત્ર પ્રસન્ન જ થયો છું એમ નથી, પણ કૃતજ્ઞ પણ થયો છું."

પ્રકરણ ૧૨.

લગ્ન.

ઘરમાં સારી રીતે શાંતિ પથરાયા પછી મેં ગફુરને પૂછયું, "ગફુર, તું અહીંથી અમિરૂદ્દીનની પાછળ પાછળજ ગયો હતો ને? જેવી હકીકત બની હોય, તેવી કહે જો મને."

ગફુર નમ્રપણે કહેવા લાગ્યો; "કહું હજુર. રાત અંધારી હતી અને પોતે ઘણો ઘભરાલો હોવાથી, પાછળ કોણ આવે છે એની તો તેને કલ્પના જ આવી નહિ. તે જેવો અહીંથી નીકળ્યો કે બારોબાર દિલારા બાઇ સાહેબના મહાલ તરફ ગયો. રસ્તામાં વચમાં વચમાં તે મોટેથી મનમાં બબડતો પણ હતો. તે બેચાર વખત એવી રીતે જે બબડ્યો, તે પરથી એટલું માત્ર મારા જા-

ણુવામાં આવી ગયું કે સ્વારી ઘણી બીકણુ છે અને તરવારનું દ્વંદ્વ–યુદ્ધ કેમ દૂર કરવું એના વિચારમાં છે. રસ્તામાં તેની બડબડ અને ચીરડાટ જોઇ કોઇએ પણુ તેને ગાંડોજ ઠરાવ્યો હોત. દિલારા બાઈ સાહેબના મહાલ પાસે જતાંજ તેણે દરવાજાપર મોટેથી થાપ મારી. તુરતજ એક ઘરડી દાસી હાથમાં દીવો લઈ બારણું ઉઘાડવા માટે આવી. તે બારણું ઉઘાડે છે ત્યાંજ 'પ્યારી દિલારા' કહી તે તે દાસીના ગળામાં હાથ નાંખવા લાગ્યો. પરંતુ તે દાસી 'અરે, હું તો ઘરડી દાસી છું' આમ બૂમ પાડી ઉઠી. તે બનાવ જોઇ મને પણુ હસવુ આવ્યું. એવી રીતે 'પોતાને દિલારા જ સામી તેડવા આવશે' આવો તેનો ભ્રમ દૂર થયા પછી તે તે દાસીપર ચીડાઇ જઈ બોલ્યો, "તું શા માટે બારણું ઉઘાડવા આવી ? દિલારાને આવતાં શું થયું ? ક્યાં છે તે ? જા, જઇને કહે તેને કે અમિરદ્દીન આવેલ છે." તેની આ મૂર્ખાઈ માટે તે દાસીને પણુ હસવુ આવ્યું. તે બોલી, "અરે બાઇ સાહેબ તો બહારગામ ગએલ છે, એ તમે નથી જાણુતા કે ?" આ સાંભળી અમિરદ્દીન તે બિચારી ડોસીપર વધારે ચીડાયો અને વધારે જોરથી તેને દબરાવી બોલ્યો, "જૂઠું બોલે છે ? ગામ ગઇ છે ? લુચ્ચી ચાલ, દેખાડ મને દીવો લઇને. મને તેના ખાસ દિવાનખાનમાં લઇ ચાલ." દાસી બોલી, "તેઓ જતી વખતે કહેતાં ગયાં છે કે, ઘરમાં કોઇને પણુ દાખલ ન કરશો." વળી અમિરદ્દીન વધારે ક્રુદ્ધ થયો અને બોલ્યો, "ડોકરી, આ ઘરમાં મને બંદી ? હું કોણુ છું, તે તું જાણે છે ? હું આ ઘરનો માલીક છું. ચાલ, દિવો લઇને મને દેખાડ. મારે આખું ઘર શોધવું જોઇએ. તે જરૂર આ ઘરમાંજ છે." આમ કહી અમિરદ્દીન તે ડોસીને

ધકેલવા લાગ્યો. એટલે ડોસીએ બિચારીએ નાઇલાજ થઇ 'સૈય્યદ' કરી બૂમ મારી. તુરત જ એક યુવક અંદરથી બહાર દોડતો આવ્યો અને પોતાની ઉંઘમાં ખલેલ થઈ હોવાથી આંખો ચોળતો ચોળતો બૂમ મારી બોલ્યો, "ડોસી, શી ગડબડ છે ?" ડોસીએ કહ્યું, "આ અમિરૂદ્દીન સાહેબ આવ્યા છે. મેં તેમને કહ્યું કે, ઘરમાં આવવાની રજા નથી, છતાં તેઓ જોરજુલમથી અંદર પેસે છે. સૈય્યદ એકદમ આગળ થઇ અમિરૂદ્દીન પાસે આવ્યો, અને મોટેથી પણ ગંભીરતાથી બોલ્યો, "અરે ભલા ગૃહસ્થ, અમારાં બાઇ સાહેબ મુર્શિદાબાદ ગયાં છે, મુર્શિદાબાદ ! માટે જે રસ્તે આવ્યા તે રસ્તે મુગા મુગા પાછા જાઓ. ન જોઇ રાત ન જોઇ કરાત, લાજ નહિં શરમ નહિ; ઉઠયા અને આવ્યા બાઇ સાહેબને શોધવા. સાદતઅલ્લાખાનનું ઘર કાંઇ ધર્મશાળા નથી. ચાલતો થા અહીંથી." અમિરૂદ્દીન ઘણોજ ખસીયાણો પડી ગયો. તે ચડભડી ઉઠયો અને બોલ્યો, "આ અપમાનનો બદલો લીધા શિવાય હું રહેવાનો નથી. તેની અને મારી મુલાકાત થાય એટલીજવાર !' આમ કહી તે ત્યાંથી તેવોજ પાછો ફર્યો. અત્યારે તે ઘણોજ ચીડાઇ ગયો હતો. તેની માનસિક અવસ્થા એવી ચમત્કારિક હોવાથી જ હું ગુપ્ત રીતે તેની પાછળ પાછળ જઇ શક્યો. વળી આ અંધારી રાત્રીએ પણ મને ઘણી મદદ કરી. ત્યાંથી તે શહેરના ઘણાજ દરિદ્રી લોકોની વસ્તીમાં પેઠો. નાની નાની ગલીઓમાંથી હું પણ તેની પાછળ પાછળ જતો હતો. એક નાના, એક માળના ઘર પાસે જઈ તેણે બારણાપર ટચકીઓ વગાડી. તત્ક્ષણે બારણું ઉઘડયું અને એક વ્યક્તિ બહાર આવી તેણે 'કોણ' કહી કહ્યું." અમિરૂદ્દીને કહ્યું, "એ તો હું, તારો દોસ્ત અમિરૂદ્દીન છું.'

બહાર આવેલો માણસ તેની પીઠ થાબડી બોલ્યો, " વાહ દોસ્ત, ઘણે દિવસે મળ્યો. કાંઇ કામ આણ્યું છે કે શું ? " અમિરુદ્દીને કહ્યું, " હા, અંદર ચાલ. " પેલા માણસે કહ્યું, " અંદર એક બીજા ગૃહસ્થ આવેલ છે અને તેમને અને અમારે કાંઇ મસલત ચાલે છે. તું તારૂં કામ અહીંજ કહી દે. પેલું મરીનાને આપ્યું હતું તેવું વિષ જોઇએ છે કે, બીજું કાંઇ કામ છે ? " અમિરુદ્દીને કહ્યું, " પેલા અહીંયાં મુર્શિદાબાદના નવાબ પીરબક્ષ આવ્યા છે, એ તું જાણે છે કે ? " તે બોલ્યો, " હા હા ! તેમને તો આખું દિલ્હી શહેર ઓળખે છે. " અમિરુદ્દીન ધીમે રહીને બોલ્યો, "કાલે, સાત આઠ વાગ્યાની અંદર જો તું તેમને ગમે તે પ્રયત્ને પણ આ દુનિયામાંથી દૂર કરી દે, તો તને એક લાખ રૂપીયા આપીશ. " પેલો માણસ હસીને બોલ્યો, " ગાંડા, તું મને એટલો બધો નીચ ન સમજીશ. અરે દસ લાખ રૂપીયા મળે, તો પણ હું તે ભલા ગૃહસ્થના એક વાળને પણ ઇજા નહિ કરૂં. " અમિરુદ્દીન કાંઇ પણ બોલ્યો નહિ. તે તેવોજ ત્યાંથી પાછો ફર્યો. હું તેની પાછળ હતોજ. રસ્તામાં ચાલતાં તે એમ બડબડયો કે, નવાબની સાથે તલવારનું દ્વંદ્વયુદ્ધ કરવા કરતાં તો આત્મહત્યા કરવી વધારે સારી. હવે વધારે સમય ગુમાવવામાં માલ નથી, આવો વિચાર કરી, તુરતજ તેની સામે જઈ ઉભો અને તેનો હાથ પકડયો. તે ઘભરાયો અને " કોણ ? " કરી બૂમ મારી. મેં કહ્યું, " તમે એમ ઘભરાઓ નહિ. હમણાં તમે જે ગૃહસ્થ પાસે ગયા હતા, તેણે મને મોકલ્યો છે. મને જો એક લાખ રૂપીયા આપો તો હું તમારૂં કામ કરી આપીશ. પણ, એ લાખ રૂપીયા મળતા સુધી હું તમને છોડીશ નહિશ. કબૂલ હોય, તો ચાલો અને તે નવાબનું ઘર

દેખાડો." અમિરૂદ્દીનને ઘણો આનંદ થયો. "દોસ્ત, લાખ શું, પણ દોઢ લાખ આપીશ. ચાલ, મારી સાથે, હું તને તેનું ઘર દેખાડું." એવી રીતે અમો બન્નેનું નક્કી ઠરતાં જ અમે આ ઘરની પાછળની બાજુએ આવ્યા."

આટલું કહી ગફુરે મને એક સહર્ષ સલામ કરી અને કહ્યું, "અને હજુર, એવી રીતે એ શિકાર ઘર પાસે આવતાંજ એકદમ તેનું મોઢું બંધ કરી દીધું અને તેની ગાંસડી બાંધી, જમણા હાથના ભોંયરામાં લાવી તે સ્વારીને મૂકી, ત્યાં તેના મોઢામાંથી, ડુચો કાઢી નાંખ્યો અને તેને થોડું પાણી પાયું. પછી તેને સુખેથી ઉંઘવાનું કહી, દરવાજા બંધ કરી હું અહીં ચાલ્યો આવ્યો."

"શાબાસ ગફૂર ! જે નીચે નિષ્કારણ બીજાના આત્માને દુઃખી કર્યો છે, તેને શિક્ષા કરવા માટેજ ખુદાએ તને જન્મ આપ્યો છે એમ જણાય છે. ખુદા તારૂં કલ્યાણ કરો. જા હવે નિરાંતે વિશ્રાંતિ લે."

ગફૂરના ગયા પછી અંતઃકરણમાં અનેક પ્રકારના વિચાર ઉત્પન્ન થયા અને મન ઘણુંજ અસ્વસ્થ થયું. હમણાંજ અમિરૂદ્દીનને મળવું અને તેની પાસેથી તેણે કરેલાં પાપ કૃત્યનો જવાબ લેવો આમ મનમાં થવા માંડયું. પણ, તેમ કરવાને હજુ ઘણો વખત હતો. હજુ એક કાર્ય બાકી હતું. નવાબ પીરબક્ષના નામથી મારે હજુ દિલારા સાથે કેટલાક વહેવાર કરવાના હતા અને તેને પણ અમિરૂદ્દીનની માફકજ ભોંયરામાં લાવી રાખવાની હતી. આ કાર્ય થયા પછી મારે તે બન્નેને મારા મૂળના રૂપમાં અર્થાત્ સાદતઅલી ખાન તરીકે મુલાકાત આપવાની હતી. હવે આ મુલાકાતનો વખત

જેમ બને તેમ જલદી આવે એટલા સારૂ હું ઘણો ઉતાવળો થયો હતો. પરંતુ હાથમાં લીધેલું કામ એવું ચમત્કારિક હતું કે, તે ધીમેથી કર્યા શિવાય બીજો કોઇ ઉપાય નહોતો.

સૂર્યોદય થતાંજ થોડો ઉપહાર કર્યો અને લશ્કરી પોષાક પહેરી મેદાનમાં જઇ ઉભો રહ્યો. મારા સ્નેહી-સોબતીઓ પહેલેથીજ ત્યાં આવ્યા હતા. અમિરૂદ્દીનના જે કેટલાક મિત્રોને મારા મિત્રો મારફતે આ વાતની ખબર પડી હતી, તેઓ પણ આવ્યા હતા. પણ તેમની સંખ્યા ઘણીજ થોડી હતી. કેટલાક લોક તમાશગિર તરીકે પણ આવ્યા હતા. લગભગ પાંચસો છસો લોકોનો સમુદાય અમો બન્ને યોદ્ધાનો યુદ્ધ-ચમત્કાર જોવા માટે ત્યાં એકઠો થયો હતો. પરંતુ અમિરૂદ્દીને સર્વની નિરાશા કરી. બે ત્રણ ચાર કલાક ગયા, છતાં તે હાજર થયો નહિ; એટલે તેના બાયલાપણા માટે અનેક પ્રકારના વિચાર પ્રદર્શિત કરતા લોકો ઘેર ચાલ્યા ગયા. મને માત્ર એ માટે કાંઇ આશ્ચર્ય લાગ્યું નહિ. તે વખતે અમિરૂદ્દીન કયાં હતો, એ રહસ્ય જો કોઇના જાણવામાં આવ્યું હોત, તો તેણે અમિરૂદ્દીનને બીકણ ન ઠરાવતાં નવાબ પીરબક્ષનેજ બીકણ ઠરાવ્યો હોત. ખરૂં જોતાં, મારી સાથે દ્વંદ્વ યુદ્ધ કરવાની સંધિ અમિરૂદ્દીનને આપવા માટે હું કયારેય પણ કબૂલ હતો; પરંતુ પલાયન કરી જવા અને આત્મહત્યા કરી દુનિયાને છેવટના રામરામ કરવાના તેના વિચાર ગફૂરને સ્પષ્ટ જણાયા, એટલે એવી રીતે તે સ્વારીને બંદીખાનામાં લાવી મૂકવાની મને જરૂર પડી હતી. નાનપણથીજ જેની સાથે નિષ્કપટ વૃત્તિથી વર્તી, મેં જેનો સ્નેહ સંપાદન કર્યો હતો, તે અમિરૂદ્દીન

સાથે તે સમયે તેવી રીતે વર્તતાં, ખરેખર મને ઘણુંજ ખોટું લાગ્યું. પણ કરૂં શું ? તેનો અપરાધ પણ ક્ષમાને પાત્ર નહોતો. તેનું નિંદ્યાચરણ એટલે બધું ભયંકર હતું કે તેણે અનેક જન્મો સુધી શિક્ષા ભોગવતા રહેવું જોઇએ; આથીજ મારે તેને શિક્ષા કરવાની જરૂર પડી હતી. જો મેં તેને પ્રતિદંડ કરવાનો ઉપયોગ છોડી દીધો હોત, તો પરમેશ્વરને ઘેર હું પણ અપરાધી ઠર્યો હોત.

હવે મારી આંખો અજમેર તરફ વળી. પરંતુ અજમેર જતાં પહેલાં મારે એક મોટું કામ કરવાનું હતું. હું કાળા તાવના રોગથી મરી ગયો, તે પહેલાંથીજ દિલારાનો અમિરૂદ્દીન સાથે જે વ્યવ-વહાર હતો, તેના કાંઇ પુરાવા મારે એકઠા કરવાના હતા. તુર-તજ હું અમિરૂદ્દીનને ઘેર ગયો અને તેનું ઘર તપાસવાનો આરંભ કર્યો. શોધતાં શોધતાં એક નાની પેટીમાંથી દિલારાના સાત આઠ પ્રેમપત્રો સહજ રીતે મળી આવ્યા. તેજ પ્રમાણે દિલારાના ઘરમાં જઇ તેની ખાનગી પેટી તપાસતાં તેમાંથી પણ આઠ દસ પ્રેમ-પત્રિકાઓ મળી આવી એ સર્વ પ્રેમ-પત્રો વાચતાં મારૂં હૈયું સળગી જવા લાગ્યું. પણ શું કરૂં ? મૂગા રહી તે સર્વ સહન કર્યું. અજમેર જવાની તૈયારી કરતાં કરતાં, ઓચિતા મેં ડાબી બાજુના ભોંયરામાં પ્રવેશ કર્યો અને હું અમિરૂદ્દીન પાસે જઇ ઉભો રહ્યો. મને જોતાં જ અમિરૂદ્દીન લાલ-પીળો થઇ ગયો અને બોલ્યો, "નવાબ, આવી રીતે મને અહીં લાવવાનું શું કારણ? મેં તમારો કોઇ પણ જાતનો ગુન્હો કર્યો નથી, છતાં તમે નિષ્કારણ મને દુઃખી કરો છો એ તમારા લક્ષ્યમાં છે? શું તમે એમ ધારો છો કે, બાદશાહ પાસે મારી દાદ કરનાર કોઇ

પણ નથી? ફક્ત દ્રવ્યના જ જોરપર તમે ચલાવેલ આ તોફાન ઇશ્વરથી બ્હીને તો બંધ પાડશો?"

હું ઘણોજ સંતપ્ત થયો. મેં તીવ્ર સ્વરે તેને કહ્યું, "અમિરૂદીન, તે ઇશ્વરના હુકમથી જ તને અહીં આણ્યો છે અને તેની જ ઇચ્છાથી તારે હવે યોગ્ય તે શીક્ષા ભોગવવાની છે. ખરી વાત છે કે, તેં મારો કાંઇ અપરાધ કર્યો નથી; પરંતુ તારા અક્ષમ્ય અપરાધને લીધે સાદતઅલ્લીખાનનો આત્મા અંતરિક્ષમાં કળવિકળ થાય છે, એની તને ખબર પણ છે કે? મને તે આત્માનો હુકમ થયો છે અને એટલા જ માટે હું તને યોગ્ય તે શિક્ષા કરવાનો છું!"

સાદતનું નામ નિકળતાં જ અમિરૂદીનનો ચહેરો એકદમ ઉતરી ગયો. છતાં તે ચીડાયેલા સ્વરે બોલ્યો "સાદતઅલ્લીખાનનો પણ મેં શો અપરાધ કર્યો છે? હું તેની સ્ત્રી સાથે લગ્ન કરવા તૈયાર થયો, એજ ને? પણ, વિધવા સ્ત્રી સાથે લગ્ન કરવા તૈયાર થવું, એને સમાજમાં કોઇ પણ અપરાધ માનતું નથી; અને તેમાં પણ હું તો દિલારાની સંમતિથી જ તેની સાથે લગ્ન કરવા કબૂલ થયો હતો."

હું અધિક તપી ગયો અને પેલાં પ્રેમપત્રો તેને દેખાડી કહ્યું, "બદકર્મી, નીચ, આ પ્રેમપત્રો તો સાદતઅલ્લીખાનના જીવતાંજ તમોએ એકમેકને લખેલાં છે."

અમિરૂદીનનો ચહેરો કાળો અને નિસ્તેજ પડી ગયો. તે બોલ્યો, "એમાં મારો શો દોષ? એ દોષ દિલારાનો!"

"દિલારાનો! પણ તું તો સાદતઅલ્લીખાનનો દોસ્ત હતો ને? જેણે તારા અનેક સંકટ સમયે પૈસાની અને દરેક પ્રકારની

તને મદદ કરી હતી, જેની કૃપાથી દિલ્હી શહેરમાં તું માનવંતો મનાતો હતો અને મિત્ર સમજી જેણે તારાપર વિશ્વાસ રાખ્યો હતો, તેની સાથે આ દગલબાજીનું વર્તન તેં નથી કર્યું શું ? હશે, દિલારાનો અપરાધ હશે; પણ તેને એ ઉપદેશની વાતો કહેવાનું તારૂં કર્તવ્ય હતું ને ? સાદતઅલ્લીખાનને દિલારાના સંબંધમાં સાવધ કરવાનું તારૂં કર્તવ્ય નહોતું શું ? નીચ મિત્રદ્રોહી, તેં તો તે કર્તવ્ય ન બજાવતાં, ઉલટું સાદતઅલ્લીખાનનો સર્વનાશ કરવાના પ્રયત્ન કર્યા છે ! આ જ ને તારો મિત્રધર્મ ? "

મારા આ શબ્દો સાંભળી અમિરૂદ્દીનનો ચહેરો ઘણો ચમત્કારિક થયો. મારા ચહેરા તરફ અત્યંત તીક્ષ્ણ દૃષ્ટિથી જોઇ ધ્રુજતા, ઉદ્વિગ્ન અને ખિન્ન સ્વરે તે બોલ્યો, " નવાબ, તમે કોણ છો ? તમારો ચહેરો—" આટલું જ બોલી અમિરૂદ્દીન અટક્યો. તેના ચહેરાપર ભયનાં ચિન્હો સ્પષ્ટ જણાવા લાગ્યાં. કપાળ પરસેવાથી ભીંજાઇ ગયું અને તેનું શરીર ધ્રુજી ઉઠયું. તે નીચે પડયો પણ હોત; પણ મેં તુરતજ તેનો હાથ પકડી મોટેથી કહ્યું, " હું સાદતઅલ્લીખાનનો કાકો છું. અમારા કુલને તેં જે કલંક લગાડયું છે, તેની તને શિક્ષા કરવા માટેજ હું દિલ્હી આવ્યો છું. અમિરૂદ્દીન, આ જો; આ તારા હાથમાંની વીંટી જો. મેં આ વીંટી મારા પ્રિય સાદતને આપી હતી, અને જે દિવસે સાદતનો દેહ કબરસ્થાનમાં મૂકવામાં આવ્યો, તેજ દિવસે દિલારાએ તે વીંટી તારી આંગળીએ ઘાલી. જે દિવસે સાદત મરણ પામ્યો, તે જ દિવસે તેં દિલારા સાથે લગ્ન કરવાની વાત કરવાનું ઠરાવ્યું હોય તેમ લાગે છે ! નહિ તો, તે જ દિવસે આ વીંટી તારાથી તારી આંગળીયે ઘલાઇ પણ કેમ ? "

અમિરૂદ્દીનની કંપારી અધિક વધવા લાગી. તેનામાં ઉભા રહેવાનું સામર્થ્ય રહ્યું નહિ. તે "ભૂત-ભૂત-પિશાચ!" એમ અચકાતાં અચકાતાં બોલી ધડાક દઇ નીચે જમિનપર પડયો. મેં ગફૂરને બોલાવી તેને અમિરૂદ્દીનને સાવધ કરવાનું કહ્યું અને હું અમિરૂદ્દીનના હાથમાંની વીંટી કાઢી લઇ ભોંયરામાંથી બહાર નિકળયો. તેજ દિવસે દિલારાનો પત્ર આવ્યો. તે પત્રમાં વિરહી જનને શોભે એવો મજકૂર હતો. દિલારા, હું પણ તારા વિરહથી ગાંડો થયો છું. બિલાડી જેમ ઉંદરનો વિરહ સહન કરી શકતી નથી, અથવા તો ભૂખ્યો વાઘ જેમ ગાંડો થાય છે, તેવી જ મારી અવસ્થા થઇ છે. તને તો અન્ન પાણી મીઠાં નહિ લાગતાં હોય, પણ મને તો મીઠા પદાર્થ પણ મીઠા લાગતો નથી. જો કાંઇ મીઠું લાગતું હોય તો તે એક માત્ર વેરની કલ્પના! ફક્ત વેરની કલ્પનામાં જ જો આટલું સુખ છે, તો પછી પ્રત્યક્ષ તારાપર વેર વાળતી વખતે મને કેટલો બધો આનંદ થશે?

હું તેજ દિવસે અજમેરના માર્ગે પડયો. પાંચ છ દિવસની અંદર જ હું અજમેર જઇ પહોંચ્યો. જે ઘરમાં દિલારાને રહેવાની વ્યવસ્થા કરી હતી, તેજ ઘરમાં હું ગયો. રસ્તે પડેલો શ્રમ દૂર કરવા માટે સારી વિશ્રાંતિ લીધી અને પછી દિલારા જે દિવાનખાનામાં બેઠી હતી, ત્યાં ગયો. મને જોતાં જ તે હસતી, મરડાતી સામે આવી અને તેણે મને એક કોચપર લઈ જઇ બેસાડયો. મારા ચહેરાપર જોઈએ તેવા આનંદને બદલે ખિન્નતા જોઇ દિલારા એકદમ ચિંતાક્રાંત થઇ. મનુષ્ય-સ્વભાવના સંબંધમાં હરકે આ એક વાત ખાસ ધ્યાનમાં રાખવા જેવી છે કે, જે હંમેશાં

પાપાચરણથી વર્તતા હોય છે, તેઓ, પોતે અગ્નિ સાથે રમત કરે છે એમ નથી જાણતા એમ નહિ. તેમના મનમાં તો એવી નિરંતર ધાસ્તી રહ્યા જ કરે છે કે, આ અગ્નિ કયારે પ્રજ્વલિત થશે અને તેની મોટી મોટી જ્વાલાઓ કયારે એકદમ નિકળી આવશે? દિલારાનું મન એવા પ્રકારની બ્હીકથી સંત્રસ્ત હોવાથી અત્યારે 'કાંઇ અનર્થ તો થયો નથી?' આવી કુશંકા તેના મન સામે ઉભી રહે એ સ્વાભાવિક જ હતું. મને સ્તબ્ધ અને ખિન્ન જોઇ તે બોલી, "મુસાફરીમાં "હુ થાક લાગ્યો જણાય છે? ચહેરો તદ્દન સુકાઇ ગયો છે. તબીયત તો અચ્છી છે ને?"

મેં ઉદ્વિગ્ન સ્વરે કહ્યું, "દિલારા, તને એક દુઃખદાયક સમાચાર મારે કહેવાના છે."

"દુઃખદાયક? અમિરૂદ્દીન લખનૌથી આવ્યો કે શું?"

"હા, આવ્યો. અને હું તેની છેવટની મુલાકાત લઇને અહીં આવ્યો છું. તેણે તને આ ભેટ મોકલાવી છે તે પણ મેં સાથે આણી છે.' આમ કહી એક નાની પડીકી છોડી તેમાંથી દિલારાએ લગ્ન વખતે જે વીંટી મને આપી હતી અને જે મેં અમિરૂદ્દીનના હાથમાંથી કાઢી આણી હતી, તે કાઢી દિલારાના હાથમાં આપી. તે જોતાં જ દિલારાનો ચહેરો ઘણો કાળો પડી ગયો અને તેના શરીરે પણ ધ્રુજારી છુટી. તેના મનમાં એવી શંકા થઈ આવી કે, પોતાનું સર્વ રહસ્ય અમિરૂદ્દીને નવાબ પીરબક્ષને કહ્યું હશે કે શું? આથી તે ઘણી જ ભયાકુલ થઇ. તે બોલી, "તેણે વીંટી કેમ આપી, એ હું સમજી નહિ. મારા પતિ મરણ પામ્યા પછી અમિરૂદ્દીન તેમનો દિલજાન દોસ્ત છે એમ માની મેં તે વીંટી

અમિરૂદ્દીનને આપી હતી. અત્યારે તે તેણે પાછી કેમ આપી?"

"છેવટની ભેટ તરીકે! તેણે મને તેવી વિનંતી કરી અને મેં પણ તે માન્ય કરી."

"છેવટની? એનો શો અર્થ?"

"બીજો શો અર્થ? અમિરૂદ્દીને પ્રાણ છોડતી વખતે તને આ બક્ષિસ આપી છે."

"શું? અમિરૂદ્દીન મરી ગયો? શાથી મરી ગયો?"

મેં દિલારાને નવલકથા કહેવાનો આરંભ કર્યો. "હું તારી સાથે લગ્ન કરવાનો છું, એ તેના જાણવામાં આવતાં તે મારાપર ઘણો ચીડાયો અને મને મારા જ ઘરમાં દસ વીસ સભ્ય ગૃહસ્થોની સામે ગાળો દેવા લાગ્યો. એથી હું પણ ચીડાયો અને પછી તે તકરાર ઘણી વધી ગઇ. છેવટે બન્નેએ તલવારો લીધી અને યુદ્ધ માટે તૈયાર થયા. તેના મનમાં કે આ વેપારી વાણિયો તલવાર કયાંથી ફેરવી જાણે? પણ બિચારાને અનુભવ તેથી ઉલટો જ મળ્યો. અર્ધા કલાકની અંદર મેં તેને વાર કરી જમિનપર પાડયો. વાર ભયંકર હોવાથી તેના બચવાની આશા રહી નહિ. છેવટે, પ્રાણોત્ક્રમણ વખતે તેણે તને આપવા માટે આ વીંટી મને આપી."

"અરેરે, ઘણું ખોટું થયું. પણ પ્રિય નાથ, તમે તે દ્વંદ્વ યુદ્ધમાંથી અક્ષત બચ્યા, એ માટે મને કેટલો બધો આનંદ થાય છે!" આમ કહી દિલારા એકદમ મારી પાસે આવી બેઠી અને પોતાનો એક હાથ મારા ખભા ઉપર મૂકી બોલી, "અમિરૂદ્દીને આ વીંટી શિવાય બીજું કાંઇ જ કહ્યું નથી?"

મેં આશ્ચર્યથી કહ્યું, "કાંઇ જ નહિ. કાંઇ કહેવા જેવું હતું કે શું ?"

દિલારાનો ચહેરો પહેલાં કરતાં ઘણો જ પ્રફુલ્લિત થયો, અમિરૂદ્દીને પોતાનું ગુપ્ત રહસ્ય અંતિમ અવસ્થામાં પણ કોઇને કહ્યું નથી, એ જોઇ તેને સ્વાભાવિક જ આનંદ થયો. તે બોલી "અરે, પણ તેણે લખનોથી આણેલી સંપત્તિ સંબંધમાં કાંઇ જ કહ્યું નથી ?"

"ના. તેમ તેને તેટલું કહેવાનો વખત પણ મળ્યો નથી. તેના પ્રાણ ઘણી જ જલદીથી ગયા. દિલારા, તેના મરણથી તને સ્વાભાવિક જ ઘણું ખોટું લાગશે નહિ વારૂ ?"

"અંહ! ખોટું લગાડવાનું કાંઇ જ કારણ નથી. એથી તો ઉલટો મને એક રીતે આનંદ થાય છે. જો મેં તેને મારા ઘરમાં ન આવવા દીધો હોત તો તે મારા પતિનો મિત્ર હોવાથી, ઘણું ખોટું દેખાયું હોત. પરંતુ, એમ કરીને મેં તેને જે છૂટ આપી, તેથી તેણે પોતાના મનમાં નકામી દુરાશા રાખી. એથી મને તેની ઘણી બ્હીક લાગતી હતી. હવે એ બ્હીક દૂર થવાથી સ્વાભાવિક જ મને ઘણો આનંદ થાય છે," આમ કહી દિલારાએ તે વીંટી મારી આંગળીમાં ઘાલી. પછી તે બોલી, "આ વીંટી હવે આપના હાથે રહેવા દો. અમિરૂદ્દીનને તો જાણું, તે પતિનો મિત્ર છે એમ માની આપી હતી; પણ આપને તો તે અત્યારે તદન જૂદા જ સંબંધથી આપી છે."

મે ગંભીર અને ખિન્ન સ્વરે કહ્યું, "દિલારા, આ વીંટી આ આનંદ સાથે એક દુઃખનું પણ સ્મરણ કરાવી આપે છે.

બિચારા અમિરૂદ્દીને પોતાનો છેવટનો શ્વાસ છોડતાં આ વીંટી આપી છે; એટલે એવી વીંટીનો સ્વીકાર કરવા માટે મન તૈયાર થતું નથી. તારા જ હાથે તે રહેવા દે. તારો પ્રેમ તેનાપર નહોતો એ ખરૂં, પણ તેનો પ્રેમ તો તારાપર હતો અને એથી જ તેણે પોતાના મૃત્યુ–કાળની આ બક્ષિસ તને આપી. માટે તારી જ પાસે તે રહેવા દે. તેનો આત્મા તેટલેથી પણ સમાધાન માનશે."

વીંટી પાછી લઇ દિલારા હસતી હસતી બોલી, "આપની મરજી! પણ પ્રિય પીરબક્ષ, વારૂ કહો જોઇએ, તે મારા પર પ્રેમ કરતો હતો એમાં મારો શો અપરાધ? કેટલાંક માણસો એટલાં બધાં નિર્બોધ અને બ્રમાસક્ત હોય છે કે, તેમની સાથે જો આપણે શિષ્ટાચારથી વર્તીયે, તો તેને તેઓ પ્રેમ સમજે છે. અમિરૂદ્દીન પણ તેવો જ આશાવાદી હતો. હશે, જવા દો તે વાત હવે. પણ કહો હવે દિલ્હી ક્યારે ચાલવું છે? લગ્નનો દિવસ પાસે પાસે આવતો જાય છે, એ આપના ધ્યાનમાં છે ને?"

"હા હા. તે મારા ધ્યાનમાં છે અને એથી જ મને કાંઇ સુઝતું નથી. દિલારા, પણ તારો મારાપર ખરેખરો જ પ્રેમ છે ને? આપણો લગ્ન સંબંધ અત્યારે આપણને અત્યંત આનંદદાયક લાગે છે ખરો, પણ લગ્ન થયાં એટલે પછી બન્ને જણપર કઠિણ જવાબદારી આવી પડે છે. દિલારા, તારા સંબંધનાં મારાં જે જે કર્તવ્યો છે, તે સર્વ કરવા માટે હું તૈયાર છું. તારે માટે હું દેશત્યાગ પણ કરીશ."

દિલારા ખુશ થઇ બોલી, "અને હું પણ કદાપિ કર્તવ્ય-

પરાઙ્મુખ થવાની નથી. વધુ શું કહું, પણ આપના સુખ માટે હું મારો પ્રાણ પણ કુરબાન કરીશ."

મેં તેને આલિંગન આપી કહ્યું, "પ્રિયે, મારે પણ તે જ જોઇએ છે. તારી સાથે લગ્ન કરવામાં મારો એ જ હેતુ છે. જ્યાં ખરો પ્રેમ ન હોય, ત્યાં પછી લગ્ન કરવાથી કોઇને પણ ફાયદો થાય નહિ. દિલારા, તારો આ પ્રેમ આવો હંમેશાં રહેશે જ ને ?"

"નાથ, એ શું પૂછો છો ? મને તો એમ થાય છે કે, આપનાપર મારો જે નિસ્સીમ પ્રેમ છે, તે હું આપને મારૂં અંતઃકરણ ઉઘાડી દેખાડું. પણ તે ઉઘાડું કેવી રીતે ?"

"દિલારા તે તારે ઉઘાડું કરવું નહિ પડે. લગ્ન થયા પછી બન્નેના સહવાસથી તે આપોઆપજ ઉઘાડું થશે ! લગ્ન કરવાનું કારણ જ તે છે, મને લાગે છે કે, હવે આપણે કાલે જ અહીંથી નિકળીએ. જે કાંઇ જોવા જેવાં સ્થળો હોય તે આપણે જોતાં જોતાં દિલ્હી જઇશું. એથી આપણી મુસાફરી પણ ઘણી સુખી નિવડશે."

મારા આ કથનને દિલારા તરફથી તુરત જ અનુમોદન મળ્યું અને તે મુજબ અમે જલદીથી દિલ્હી આવી પહોંચ્યાં. લગ્નનો દિવસ નક્કી થયો. બન્ને પક્ષ તરફથી લગ્નની તૈયારીઓ ચાલૂ થઇ. લગ્નનો દિવસ જેમ જેમ પાસે આવતો ગયો, તેમ તેમ મારી માનસિક અવસ્થા અત્યંત ચમત્કારિક થવા માંડી. લગ્ન પહેલાંના એક બે દિવસ તો મને રાત્રે ઉંઘ પણ સારી આવી નહિ. એક રાત્રે હું મારા દિવાનખાનામાં કેટલાક કાગળપત્રો જોતો બેઠો હતો. દિલ્હી શહેરમાં પાણીની માફક પૈસા

ઉછાળતાં છતાં, હજુ પણ મારી પાસે લાખ્ખો રૂપિયા રહ્યા હતા. વળી અમિરદીને લખનૌથી આણેલ સંપત્તિ, તે મારે ત્યાં ઉતરેલો હોવાથી મારા જ ઘરમાં હતી. તેમજ દિલારાની સંપત્તિ પણ હવે મારી જ થવાની હતી. આથી હું એનો વિચાર કરતો હતો કે, આટલી બધી સંપત્તિની કેવી અને શી રીતે વ્યવસ્થા કરવી. એટલામાં બારણા પાસે કાંઇ ગડબડ થયાનો ભાસ થવાથી મેં 'કોણ' કરી પ્રશ્ન કર્યો. તુરત જ ગફૂર અંદર આવી બોલ્યો "આપનો બંદો ગફૂર છે."

હું તેના તરફ કૃતજ્ઞતાભરી નજરે જોઈ બોલ્યો, "તું મારો નોકર નથી. તું તો મારો વિશ્વાસુ મિત્ર છે. આ દુનિયામાં વિશ્વાસ અને કૃતજ્ઞતા એ બે વસ્તુનો શોધ કરતાં કરતાં તે બન્ને વસ્તુઓ બે ચાર પ્રાણીઓમાં જ મને મળી આવી. એક તું, એક જાફર, એક પેલી ઘરડી દાસી અને મારો પ્રિય વાઘો કુતરો. હું એ સર્વના પ્રેમનો ભૂખ્યો છું. આ સમાજમાં તમારી કિંમત નહિ હોય, પણ તમે સ્વર્ગમાંનાં રત્નો છો. મારૂં ધન્યભાગ્ય કે તમારો મને સહવાસ મળ્યો. ગફૂર, લૌકિક દૃષ્ટિથી તું મારો નોકર છે; પણ ખરેખર તો તું મારો મિત્ર છે. બોલ, આટલી રાત્રે કેમ આવ્યો છું? બહાર બીજું કોઇ છે?"

ગફૂર નમ્રતાથી બોલ્યો, "હજૂર જાફર છે."

"જાફર!"

"જી હજુર." આમ કહી જાફર પણ અંદર આવ્યો.

તે બન્નેને કાંઈ સચિન્ત અવસ્થામાં જોઈ હું બોલ્યો, "તમો

બન્ને જણ કાંઇ પણ કહેવાના ઉદ્દેશથી આવ્યા જણાઓ છો. કહો, કહો. બ્હીશો નહિ. પૈસા જોઇએ છે ?"

બન્ને જણ સ્તબ્ધ ઉભા હતા. જાફરે ગફૂરને કાંઇક નિશાની કર્યા પછી ગફૂર બોલ્યો, "હજુર, પૈસાનાં ઘરાક જુદાં છે. તેમાંનું એક તો ભોંયરામાં છે અને બીજા ઘરાક સાથે આપ તુરતમાં જ લગ્ન કરવાનો છો. હજુર, શું ખરેખર જ આપ તે બાઇસાહેબ સાથે લગ્ન કરવાના છો ?"

"વળી ખરેખર તે કેવું હોય ? દિવસ પણ નક્કી થયો. તે લગ્ન માટે કબૂલ થઇ છે, અને હું પણ કબૂલ છું. હવે અડચણ શી ?"

"હજુર, પણ—"

"બોલ, બોલ. ચોખ્ખું બોલ. બ્હીવાનું કાંઈ કારણ નથી."

"હજુર, મને અને જાફરને એમ લાગે છે કે, તે સ્ત્રી સાથે આપનાં લગ્ન ન થવાં જોઇએ. ગુન્હો માફ કરજો હજુર."

"કેમ ? આટલી બધી સુંદર સ્ત્રી તો આખા દિલ્હી શહેરમાં નથી."

"પણ તે સૌંદર્યના પડદા નીચે કાંઇ પણ કાળું કાળું જણાય છે. ચહેરો મોહક છે ખરો, પણ તે પર સૌજન્ય બિલકુલ નથી. એકલું સૌંદર્ય તો બજારમાં જોઇએ તેટલું મળે છે. પણ સૌજન્ય મળતું નથી. અને એ સૌજન્ય માટે જ મનુષ્યને ગૃહસ્થાશ્રમી થવાનું મન થાય છે. પણ આ લગ્ન—"

ગફૂર અને જાફરની મારા પરની મમતા જોઇ મારૂં હૃદય સાહજિક જ ભરાઇ આવ્યું. દિલ્હી શહેરમાં મને ઘણા નિશાળીયા

સોબતીઓ મળ્યા હતા. પણ આ લગ્ન સંબંધમાં આવી સાવધ રહેવાની સૂચના કોઈ એકના તરફથી પણ મને મળી નહોતી. ગફૂર અને જાફર એ લોકો નોકર અને તે પણ સેવાવૃત્તિ કરનારા. તેમને મારા આ લગ્નની ભાંજગડમાં પડવાનું કાંઇ પણ કારણ નહોતું. પણ દિલારાની કેટલીક વાતો તેઓ જાણતા હોવાથી તેમની સ્વામિભક્તિ તેમને મુગા બેસવા દેતી નહી. મેં ગફૂરને કહ્યું, "આ સલાહ તને જાફરે આપી હોવી જોઇએ. પણ આ લગ્નને માટે એટલી બધી બ્હીક રાખવાનું તમારે બન્નેને કાંઇ જ કારણ નથી. ગફૂર, ગુપ્ત રીતે બાંધેલા પેલા ભોંયરામાં કેટલા ઓરડા છે ?"

"હજુર, બે. એકમાં અમિરદ્દીન સાહેબની સ્વારી અતિથિસત્કાર લે છે અને બીજો ખાલીજ છે.

"મારાં લગ્ન થયા પછી તે ખાલી ઓરડામાં પણ તમને એક વ્યક્તિ દેખાવા માંડશે. જાઓ, બન્ને જણ જઇ નિરાંતે ઉંઘો. નક્કામી મારે માટે ચિન્તા ન કરતા."

મારા બોલવાનો અર્થ તે બન્નેના લક્ષમાં આવ્યો અને બન્ને જણ પ્રસન્ન ચિત્તે ચાલ્યા ગયા. લગ્નને બાકી રહેલા બે દિવસ પણ નિકળી ગયા અને લગનનો દિવસ ઉગ્યો. નસીબની આ કેવી વિચિત્ર રમત! જ્ઞાતા પુરુષો કહે છે કે, દુનિયાનો વ્યવહાર એ એક પ્રચંડ રંગભૂમિ છે, તેમાં લગારે અતિશયોક્તિ નથી. હું તો વેષાન્તર કરીને જ આ રંગભૂમિ પર આવ્યો હતો. પરંતુ ક્ષણે ક્ષણે જુઠું બોલનારા, કૃત્રિમ હાવભાવ કરનારા, પૈસા સાટે ગુલામી કરનારા, સ્વાર્થ માટે લોકોની

આંખમાં ધૂળ ફેંકનારા, તેમજ ઢોંગી અને દાંભિક એ બધા આ રંગભૂમિપરના નટ નથી શું ? એકંદરે જોતાં દુનિયાનો વ્યવહાર એ એક નાટક જ છે. દૂર ઉભો રહી જે પુરુષ આ નાટકનું મૂગો મૂગો નિરીક્ષણ કરે છે અને સર્વથી અલિપ્ત રહે છે, તેજ ખરો ડાહ્યો. એવા ડાહ્યા આ દુનિયામાં કેટલા વારૂ મળી આવશે ?

લગ્નને દિવસે વરરાજાનો વેષ ધારણ કરવાનો મારા પર પ્રસંગ આવી પડયો. પરંતુ, શું હું ખરેખર જ લગ્ન સુખ માટે ઉત્સુક વર હતો ? પતિના મૃત્યુથી સંતુષ્ટ થઇ જેણે વૈધવ્યનો ઢોંગ કર્યો હતો, તે પણ શું ખરેખર જ વૈવાહિત સુખ માટે આજે વધુવેષથી નાચતી હતી ? નહિ. તેનો ઉદ્દેશ જુદો હતો. મારો ઉદ્દેશ પણ જુદો હતો. તે એમ ધારતી હતી કે, પોતાના સૌંદર્ય બળથી આજ પોતે એક શિકાર પકડયો, તો બીજી બાજુ હું એમ ધારતો કે, ઐશ્વર્ય–બળથી આજ મેં એક શિકાર પકડયો. આજે તે પરમેશ્વરને સાક્ષી રાખી અનેક વાતો બનશે. દિલારાને પણ અનેક ખોટી પ્રતિજ્ઞાઓ કરવી પડશે. મારે પણ કરવી પડશે. ખુદા ! ખુદા ! તું સર્વસાક્ષી છે. તને સાક્ષી રાખીને અને તારી જ પ્રેરણાથી હું આ કાર્યમાં પ્રવૃત્ત થયો છું. મને યશસ્વી કરવો કે અપયશી કરવો એ સર્વ તારે સ્વાધીન છે. રાત્રે બાર વાગતાંને સુમારે અમારા નિકા થવાના હતા. દિલારાનું અને મારૂં એમ બન્નેના ઘર શણગારવામાં આવ્યાં હતાં. બન્ને ઘરપર હજારો દિવાઓ સળગી રહ્યા હતા અને તે દિવસના પ્રકાશને પણ શરમાવે તેવા હતા. સમય થતાં જ ગફૂરે અને જાફરે મને એક

વરરાજા-છોકરા પ્રમાણે શણગાર્યો. તે પોશાક પહેરી મેં જ્યારે આરસામાં જોયું, ત્યારે હું વૃદ્ધ હતો છતાં ઘણો જ સુંદર જણાવા લાગ્યો. આ પરથી સહજ રીતે તમારા લક્ષમાં આવશે કે, બાહ્ય-આવરણમાં બીજાને ફસાવવાનું કેટલું સામર્થ્ય છે. એક સુંદર અને ઉત્તમ જાતિના ઘોડાપર આ વૃદ્ધ નવાબસાહેબની સ્વારી આરૂઢ થઇ અને અનેક જાતનાં વાદ્ય-વાજીંત્રોની ધામધૂમ સાથે દિલારાના ઘર પાસે આવી ઉભી રહી. તુરત જ દસ વીસ મોટા મોટા ગૃહસ્થો મારી અભ્યર્થના માટે આગળ આવ્યા અને મને ઘણા સત્કારપૂર્વક ઘોડાપરથી ઉતારી તેઓ મને લગ્નમંડપમાં લઇ ગયા. તે લગ્ન માટે શહેરમાંના હજારો પ્રતિષ્ઠિત ગૃહસ્થો એકઠા થયા હતા. ધર્મશાસ્ત્ર પ્રમાણે અને રૂઢિ-રીવાજ મુજબ જે કેટલાક વિધિ થવાના હતા, તે સર્વ થયા અને એવી રીતે તેજ દિલારા સાથે તેજ સાદતઅલ્લીખાને ફરી લગ્ન કર્યાં. કર્મની વિચિત્ર ગતિ કહેવાય છે તે આજ. મારી નજરે આ લગ્ન અત્યંત રહસ્યમય હતાં; પણ પોતે દિલારાને અને એકઠા થએલા ભોજન-બંધુઓને તેમાં કાંઈ વિશેષ જેવું લાગ્યું નહિ. મારી પાસે ઉભેલો ગફૂર માત્ર વચમાં વચમાં ગાલમાં ને ગાલમાં હસતો હતો. બીજે દિવસે દિલારાને ઘેર ઘણાજ ઠાઠમાઠથી મોટી જમણવાર થઇ. તે પછી રાત્રે વરાત નીકળી અને હું દિલારાને લઇ મારે ઘેર આવ્યો. બીજે દિવસે મેં પણ શહેરમાંના હજારો પ્રતિષ્ઠિત ગૃહસ્થોને મિજબાની માટે બોલાવ્યા હતા. ગફૂર આ પ્રસંગે અમિરૂદ્દીનને પણ ભૂલ્યો નહિ. તેણે તે બિચારાને ભોંયરામાં આ લગ્નની ખુશાલીમાં બે ત્રણ દિવસ સુધી લાગ લાગટ પાંચ પકવાન્નોથી ભરપૂર ટાટ મોકલ્યા હતા. એવી રીતે અમારો

આ લગ્નસમારંભ પૂર્ણ થયા પછી દિલારાની અને મારી મુદા પર વાત આવી.

સર્વ નિમંત્રિત પુરુષો, સ્ત્રીયો વિગેરે પોત પોતાને ઘેર ચાલ્યા ગયા પછી ઘરમાં ઉદાસીનતા જણાવા લાગી. અથવા તે ચિત્ એમ પણ હશે કે, મારૂં મન ઉદાસ થયું હોવાથી મને એ ઉદાસીનતાનો ભાસ થયો હશે. તેમજ, આ ઘર હવે થોડાજ સમયમાં મનુષ્યરહિત થવાનું છે, આ વિચારથી પણ કદાચિત તેમ લાગ્યું હશે. રાત્રે હું મારા ખાનગી દિવાનખાનામાં નિરાંતે વિચાર કરતો બેઠો હતો, ત્યાંજ મોતીયા રંગની ભપકાદાર રેશમી સાડી પહેરી, ધીમે ધીમે મરડાતી, શરમાતી દિલારા તેજ દિવાનખાનામાં આવી. તે વખતનું તેનુ તે મનોમુગ્ધકારી અપ્રતીમ સૌંદર્ય જોઈ ક્ષણવાર મારી ચિત્તવૃત્તિ પણ ચંચલ થઇ. વિચાર હવે દલારાને દુઃખી કરવાનું શું પ્રયોજન બાકી રહ્યું છે? અમિરૂદ્દીનને શિક્ષા કરવા માટે ભોંયરામાં આણીજ મૂકયો છે! પરંતુ, તેના પર પણ રહેમ કરવી. એક સમયે હું તે બન્ને પર પ્રેમ કરતો હતો. બન્નેને સુહૃદ માનતો હતો. તે કૃતઘ્ન થયાં તો ભલે થયાં; પણ હવે તેમને મારી ઓળખાણ આપવી. અને માત્ર આટલી શિક્ષા પરજ તેમને છોડી દેવાં, આવા આવા વિચાર દિલારાનુ તે સૌંદર્ય જોઇ મનમાં થઇ આવ્યા. પરંતુ, તીક્ષ્ણ દષ્ટિ કરી જ્યારે મેં તેના ચહેરા પર નજર કરી, ત્યારે મઝૂરે કહ્યા મુજબ તે સૌંદર્યના પડદા પાછળ એક કાળો પડદો પણ મને જણાઇ આવ્યો. તે સાથેજ જાણે કોઈ 'વેર, પ્રતિકાર થવોજ જોઇએ.' આમ મારા કાનમાં ગણગણ્યું હોય એવો

મને ભાસ થયો. કોચ પરથી ઉઠયો. હૃદયમાં સંતાપ સમાતો ન હોતો, છતાં ચહેરા પર હર્ષરેખાઓ ઉત્પન્ન કરી અને દિલારાની સામે જઇ હસતાં હસતાં તેને કોચ પર બેસાડી. મારા પર કટાક્ષપાત કરી, હસતાં હસતાં તેણે પોતાના ગુલાબી ગાલ રમતમાં મારા મુખ પાસે આણ્યા; અને ઇચ્છા ન છતાં, મેં તેનું ચુંબન લીધું. તેને કેઠ પાસે લઇ બોલ્યો, " પ્રિય દિલારા, અહાહા, કેવું તારૂં અપ્રતીમ સૌંદર્ય ! તારા સાંનિધ્યથી હું આજ મને ધન્ય ધન્ય માનું છું. આજ હું તને ઘણાંજ અમૂલ્ય રત્નાભરણોથી અલંકૃત કરવાનો છું. તે આભરણ તારા શરીરે ઘાલ્યા પછી ખરેખર જ, તું આ કરતાં અધિક સુંદર દેખાઇશ. "

દિલારા ઉત્સુકતાથી અને લાડપણથી બોલી, " કયાં છે તે અલંકાર ? "

કોચ નીચે પહેલેથી જ આણી મૂકેલી પેટી મેં કાઢી અને તે ઉઘાડતાં કહ્યું, " જો આ પેટીમાંજ છે. દિલારા ખરેખર જોજે. એમાંનાં રત્નો કેટલાં કિંમતી છે એની તને તો કલ્પના પણ થશે નહિ. પાનાનાં આ કર્ણ-ફૂલ જો, કેવાં સર્પનાં ઝેર જેવાં તે લીલાંછમ જણાય છે. લાલ નીલમ મણીનો આ હાર જોયો કે ? જાણે અગ્નિ જેવો લાલચોળ જણાય છે. આ પુષ્કરાજ રત્નનો કંમરપટ્ટો જો; તેમાંથી નિકળતાં કિરણો કેવાં બાણની માફક વેગથી દોડે છે. આ મોતીનો કંઠો, એમાં તો જાણે સૂર્યની પ્રખરતા-લાવી ભરી રાખે છે. આ સૂર્યકાંત મણીનાં કંકણ તો વિજળીનાં જેવાં તેજસ્વી જણાય છે. દિલારા, આ બધા અલંકાર તારે યોગ્ય છે ને ? ઘાલું કે તે તારા શરીર પર ? "

તે અલંકાર ઘણી આશાથી જોતી જોતી દિલારા બોલી, "એ શું પૂછો છો ? સ્ત્રીયોએ અલંકારની ક્યાં ના પાડી છે ? ખરેખરજ, ઘણાજ ઉત્કૃષ્ટ અલંકાર છે અને તે પહેર્યા પછી તો હું તમને અધિક સુંદર જણાઇશ, નહિ વારૂ ?"

"હા હા. એમાં વળી પૂછવું તું શું ! દિલારા, હવે તું તદ્દન ખરૂં બોલી." એટલામાં હું જાણે ગભરાઇ ગયો હોય તેમ કરી બોલ્યો, "અરરર ! પેલો ચંદ્રકાંત મણીનો ચંદ્રહાર ક્યાં છે ? તે તો મુખ્ય શોભા છે. જામદારખાનામાં જ રહ્યો જણાય છે ? ગફૂર !"

તત્ક્ષણેજ ગફૂર મારી સામે આવી ઉભો રહ્યો અને કુર્નિસ બજાવી બોલ્યો, "જી હજૂર."

મેં આંખ્યો મટમટાવી કહ્યું, "ગફૂર, જામદારખાનામાં ચંદ્રહાર ભૂલી ગયો છું. લાવ, કુંચીઓ લાવ જો. જામદારખાનામાં દીવો છે કે ?"

એક ચાંદીની તબકમાં કુંચીઓ મૂકી તે તબક ગફૂરે મારી સામે આણી મૂકી અને ગાલમાં ને ગાલમાં હસી કહ્યું, "હજૂર, જામદારખાનામાં દીવો છે."

ગફૂર ચાલ્યો ગયો. હું હાથમાં કુંચીઓ લઇ ઉઠ્યો અને દિલારાને કહ્યું, "દિલારા, તે ચંદ્રહાર જામદારખાનામાં જ રહ્યો છે. હું તે હમણાં લઇને આવું છું. ત્યાં સુધી તું અહીં જ બેસી રહેજે."

"ક્યાં છે, આપનું જામદારખાનું ?"

" નીચે ભોંયરામાં. "

" હું આવું કે જમદારખાનું જોવા ? "

" હા હા. ઘણી ખુશીથી. પણ દિલારા, તે અગણિત સંપત્તિ રાખેલી જગ્યા નરકના જેવી ગંદી છે. એટલા માટે કહું છું—"

" પણ આપ પોતે જ્યાં જાઓ છો, ત્યાં મને આવવાની હરકત છે ? સ્ત્રી એ પતિની અનુચર છે. તે ગંદી જગામાં જતાં તમને બ્હીક નથી, તો પછી હું શા માટે તેની બ્હીક રાખું ? "

" ચાલ ચાલ, દિલારા ! ઘણી ખુશીથી ચાલ. મારી એવી ખાત્રી થઇ છે કે, મને માત્ર સૌંદર્યમાંજ નહિ, પણ સ્વભાવમાં પણ યોગ્ય એવીજ ગૃહિણી મળી. આવ, મારી પાછળ પાછળ આવ. "

હું અને દિલારા હાથમાં હાથ ઘાલી અને પગથીયાં પાછળ પગથીયાં ઉતરી ભોંયરામાંના ડાબા હાથ તરફના ઓરડામાં ગયાં. તે ઓરડામાં ઉંચે લટકાવેલા દિવાનો પ્રકાશ પડેલો હતો અને એક ઉત્કૃષ્ટ બિછાનું, અને પીવાનું પાણી વિગેરે મૂકયું હતું. એક પેટી ઉઘાડવાનું બ્હાનું કરી હું ઓચિંતો તે ઓરડામાંથી બહાર નિકળ્યો અને એકદમ તે ઓરડાનો પ્રચંડ દરવાજો બંધ કરી દીધો. દિલારા અંદર ઘભરાઇ જઇ બૂમ પાડી ઉઠી; પણ તે મેં સારી રીતે સાંભળી નહિ.

પ્રકરણ ૧૩.

ઉપસંહાર.

દિલારાને અને અમિરૂદ્દીનને જે ભોંયરામાં રાખ્યાં હતાં, તે ભોંયરૂં એક કુશળ કારીગર પાસે તૈયાર કરાવેલું હતું. તે કારીગરે મારી મરજી મુજબ કામ કર્યા પછી, યોગ્ય બક્ષિસ આપી મેં તેને રજા આપી હતી. મેં તે કારીગરને અને મજુરોને એવું દેખાડયું હતું કે, મારી અગણિત સંપત્તિ રાખવા માટે હું આ ભોંયરૂં તૈયાર કરાવું છું; અને તે તે સર્વને ખરૂં પણ લાગ્યું. વાસ્તવિક રીતે તે ભોંયરૂં એકજ હતું. પણ તેની વચ્ચોવચ જાડા લોખંડી ગજ ઉભા ઠોકી તે ભોંયરાના બે ભાગ કર્યા હતા. આવી રીતે ગજને બેવડા ઠોકયા હતા. અને તે બન્ને ગજની જાળીમાં એક હાથનું અંતર હતું. તે બન્ને જાળીની વચમાં આ જે અંતર હતું, તેમાં એક પાટીયાંનો પડદો કર્યો હતો. એ પડદાને એક કળ જોડી હતી અને તે કળ ખેંચતાં પળવારમાંજ તે પડદો ઉંચો થઇ જતો અને એક ઓરડામાંનું મનુષ્ય બીજા ઓરડામાંનું સર્વ કાંઇ જોઈ શકતો હતો. પરંતુ એક ઓરડામાંથી બીજા ઓરડામાં જવાનો માર્ગ માત્ર નહોતો રાખ્યો. એટલુંજ નહિ, પણ બન્ને ઓરડામાંના મનુષ્ય એકમેકને ફક્ત હસ્તસ્પર્શ કરવાની ઇચ્છા કરે, તો તે પણ શકય નહોતું. તેઓ એકમેકને જુવે અને એકમેક સાથે વાત કરે, એટલું જ બહુ તો કરી શકાય તેમ હતું. મિત્રો, આજ ભોંયરામાં મેં પહેલાં અમિ

રૂદીન અને પછી દિલારાને આણી રાખ્યાં હતાં. હજુ સુધી પેલો લાકડાનો પડદો તેવોજ રાખ્યો હતો. મેં ગફૂર મારફતે તે બન્નેની ઘણી સારી વ્યવસ્થા પણ રાખી હતી. ખાવા-પીવાની તે બન્નેને કોઇપણ જાતની ફરીયાદ કરવાની જગા રાખી નહોતી.

નવાબ પીરબક્ષનું કાર્ય હવે પૂરૂં થયું. હવે સાદતઅલ્લીખાનની જરૂર હતી, એ તમારા લક્ષમાં આવ્યુંજ હશે. ધીમે ધીમે મેં મારો વેષાંતર કાઢી નાંખવાનો આરંભ કર્યો. વાળોએ લગાડેલો કલપ બીજી ઔષધિઓથી ધોઇ નાંખતાંજ વાળ ફરી પહેલાંના જેવા કાળાભમ્મર થયા. પહેલાં મને દાઢી નહોતી, એટલે હજામને બોલાવી મારે તે કાઢી નંખાવવો પડી. દિલારાનું ઘર હવે મારાજ તાબામાં હોવાથી મેં મારો મનગમતો પહેરવેશ ત્યાંથી આણ્યો અને તેનો ઉપયોગ કરવા માંડ્યો. નવાબ પીરબક્ષ થવા માટે તો મારે ચાર મહિના પ્રયત્ન કરવા પડ્યા; પણ સાદતઅલ્લીખાન તો હું એકજ દિવસમાં થયો. કારણ કે, તેમાં પ્રયાસ જેવું કાંઇજ નહોતું. હું મારા મૂળના સ્વરૂપમાં નજરે પડતાંજ ગફૂરને વિલક્ષણ આશ્ચર્ય લાગ્યું, પણ જાફરના આનંદનો તો પારજ રહ્યો નહિ. તે મારા પગ પાસે આળોટી પડ્યો અને ડખક ડખક રડવા લાગ્યો. ગફૂર પણ થોડી વારમાં એ રહસ્ય સમજી ગયો અને તેને પણ આનંદ થયો તથા તેની આંખો આનંદાશ્રુથી ભરાઇ આવી. વચમાં એક દિવસ ગયા પછી બીજે દિવસે બપોરના સમયે મેં દિલારાની મુલાકાત લેવાનું ઠરાવ્યું. તે પ્રમાણે બીજે દિવસે બપોરે બજારમાંથી ધોળી મૂછો અને દાઢી વિગેરે સાહિત્ય આણી એકદમ બદલી નાંખી શકાય એવો

નવાબ પીરબક્ષનો વેષ ધારણ કર્યો અને દિલારાના ભોંયરામાં ગયો. ઘરના છેક ઉપરના ભાગમાંથી ભોંયરામાં અજવાળું આણેલું હોવાથી અત્યારે ત્યાં સારો પ્રકાશ પડયો હતો. મેં ત્યાં પગ મૂકતાંજ દિલારા વાઘણની માફક ગર્જી મને કહેવા લાગી, “ ચોર, લુંટારૂ, ખુની ! કહે છે કે, હું નવાબ પીરબક્ષ છું. અમિરૂદીન કહેતો હતો તે કાંઇ ખોટું નહોતું. આજ સુધીમાં અનેક ખુન કરી તેં આ અગણિત સંપત્તિ મેળવી છે અને મારી સંપત્તિ માટે તેં મને આ આપત્તિમાં નાંખી છે. બિચારો અમિરૂદ્દીન લખનૌથી બધી સંપત્તિ લાવી તારેજ ઘેર આવી ઉતર્યો હતો. તેં તેનું ખુન કરી તેની સંપત્તિ પણ મેળવી; અને કહે છે કે, મેં તેને યુદ્ધમાં ઠાર કર્યો. ”

મેં શાંત અને ગંભીર સ્વરે કહ્યું, “ દિલારા, શાંત થા. એમ ક્રુધ ન થા. મારા કુટુંબમાં આજ સુધી કોઈએ પણ ખૂન કર્યું નથી અને એક કોડીને માટે મેં કે મારા બાપદાદાએ અસદાચરણ કર્યું નથી. હા, અત્યારે મને ખૂન કરવાની જરૂરજ પડી હોય, તો ધ્યાનમાં રાખ કે, એ વિદ્યા હું તારીજ પાસેથી શીખ્યો છું. મેં અમિરૂદ્દીનનું ખૂન કર્યું, તો તેમાં પણ મારો દોષ નથી; તેમ તારો વધ કર્યો, તો તેમાં પણ દોષ નથી. કારણ કે, તમે બન્ને જણ મને પરકીય છો. પરંતુ, પ્રત્યક્ષ તારા પેટનો ગોળો—કે જેનો તેં નવ માસ સુધી ભાર વેઠયો—તે મરીનાના ખાણામાં કોણે ઝેર ફાલવ્યું હતું ? તે છોકરીને ગુરાવવાનો કોણે પ્રયત્ન કર્યો હતો ? સાદતઅલ્લીખાનની સંપત્તિ પરનો તેનો હક્ક દૂર કરવા. માટે ધીમે ધીમે હાલ કરી તે છોકરીનો જીવ કોણે લીધો ?

દિલારા, કહે ખૂન કોણે કર્યું ? સાદતઅલીખાનની સંપત્તિ લૂંટવાનો કોણે પ્રયત્ન કર્યો ? દિલ્હી શહેરના કસાઇખાના પાસે રહેતા રમજાન નામના માણસ પાસેથી તેં અને અમિરૂદ્દીને બન્નેએ એ ઝેર પેદા કર્યું અને ચાંડાળણી, તેં તે તારા બાળકના ખોરાકમાં કાલવ્યું ! રાક્ષસણી ! ધિક્કાર ! તને ધિઃકાર છે !"

મારો ક્રોધ વધતો ચાલ્યો. કંઠ દબાઇ ગયો અને આંખો અશ્રુથી ભરાઇ આવી. મનમાં એમ થવા માંડ્યું કે, દિલારાને ગળે બચકું ભરવું અને તેનો કંઠનાળ ચાવી તેનો પ્રાણ લેવો. મારો આ ક્રોધ, મારી વાણીની અડગતા અને આંખમાંથી પડતાં અશ્રુ જોઈ દિલારાનો ક્રોધ તો ક્યાંનો ક્યાં સમાઈ ગયો; અને મરીનાના મૃત્યુનું પાપ સ્પષ્ટ રીતે તેનાપર નાંખ્યું હોવાથી તેના ચહેરાપર કાળાશ પથરાતી ગઇ. પરંતુ, તે જાતનીજ નાગણ હતી. ફરી તે મારાપર ઉછળી પડી અને બોલી, "તદ્દન જુઠ્ઠું, સાફ જુઠ્ઠું. એ માત્ર લોકાપવાદ છે અને એવા લોકાપવાદપર વિશ્વાસ રાખી મને શિક્ષા કરવાનો તને શો અધિકાર છે ? શુ તું ઔરંગઝેબ છે ?"

મેં વધુ તીવ્ર સ્વરે કહ્યું, "દિલારા, હું ઔરંગઝેબ નથી; પરંતુ તને શિક્ષા કરવાનો માત્ર મને અધિકાર છે. તેવો અધિકાર હોયા શિવાય મેં આ પ્રયત્ન આરંભ્યો નથી. લક્ષમાં રાખ કે, લોકાપવાદ પરથી હું તારો એક પણ ગુન્હો સાબીત કરતો નથી. પ્રત્યક્ષ પુરાવો હોયા શિવાય હું તને શિક્ષા કરવાને પ્રવૃત્ત થયો નથી. તેં મરીનાને ઝેર આપ્યું હતું, એ વાત અક્ષરે અક્ષર ખરી છે. વળી, જારિણી ! તારો પતિ જીવતાંજ તેં તેની સાથે વિશ્વાસઘાત કરી અમિરૂદ્દીનને શરીરવિક્રય કર્યો હતો. વિશ્વા-

સદ્યાતકી તું કે હું? પતિ ફકીરોની દરગામાં મૃત્યુ-પથારીએ પડયો હતો તે વખતે અહીંયાં તું તારા વિલાસમાં મગ્ન હતી અને તેના મરણની રાતેજ અમિરૂદ્દીન સાથે ચાંદનીમાં બાગમાં મોજ મારતી બેઠી હતી. દિલારા કહે, પાપકર્મી તું કે હું? અને દિલારા તને શિક્ષા કરવાનો અધિકાર મને શા માટે છે, તે તને કહું કે?"

દિલારાના શરીરે ધ્રુજારી છુટી. તેના ચહેરાપર મૃત્યુની કળા સ્પષ્ટ જણાવા લાગી. તે ભીતિવિહ્વલ નજરે મારા તરફ જોઇ બોલી, "તમે કોણ છો? મને માફ કરો. હું ખરેખર નિરપરાધી છું. મને અહીંથી જવા દો."

હું દિલારા પર દાંત કચકચાવી બોલ્યો, "તને અહીંથી જવા દેવા માટે આણી નથી. તું સાદતઅલ્લીખાનના જે મૃત્યુની કામના કરતી હતી, તેજ મૃત્યુની વાટ જોતાં તારે અહીં તારૂં આખું આયુષ્ય ગાળવું પડશે. તું એમ ધારતી હતી કે સાદતઅલ્લીનું વેર વાળવા માટે કોઇ પણ ઉભું થશે નહિ; ખરૂંને? પણ દિલારા, ખુદાના ઘરનો હિસાબ એટલો ચોખ્ખો અને સરળ હોય છે કે તેમાં વાંધો કાઢવાની જગા જ રહેતી નથી. દિલારા, સાદતઅલ્લીખાન મરી ગયો નથી પરંતુ જીવતો છે. બે નારકીય કીડાને પ્રતિદંડ કરવા માટે ખુદાએ તેના આયુષ્યની દોરી મજબૂત રાખી છે. દિલારા ખરોખર જો! મારા સામું બરાબર જો!" આમ કહી હું પેલી બનાવટી ધોળી દાઢી અને મુછો કાઢી સામે ઉભો રહ્યો. તે આખું ભોંયરૂ પ્રતિધ્વનિત થાય એટલે મોટેથી મેં કહ્યું "દિલારા ઓળખ્યો કે મને? હું નવાબ પીર-

આક્ષ નથી પરંતુ સાદતઅલીખાન છું ! તારી સાથે એક વખત નહિ પણ બે વખત પરણેલો પતિ છું. અર્થાત્ મને તને શિક્ષા કરવાનો મને બમણો અધિકાર છે. હું જે કાંઇ શિક્ષા ફરમાવું તે તારે ભોગવવી જ જોઇએ."

દિલારા ભયભીત થઇ. તે એકદમ નીચે બેસી ગઇ. પોતાના બન્ને હાથથી આંખો ઢાંકી દઇ તે આર્ત સ્વરથી બોલી "ખુદા ! ખુદા !" પછી તેણે એક વાર મારા સામું જોઇ કહ્યું "પ્રિય સાદત, મને માફ કરો. ખરેખર હું નિરપરાધી છું. તમે મરણ પામ્યા છો એમ જાણ્યા–સમજ્યા પછી જો મેં બીજા કોઇ સાથે નિકા કરવાનો પ્રયત્ન કર્યો હોય તો તેમાં મેં શી ભૂલ કરી વારુ ?"

મેં ક્રોધથી કહ્યું "પણ ચાંડાળણી ! તેં તો હું જીવતો હતોને જ ઉપપતિ સાથે નિકા કર્યા હતા !"

"ના નાથ; એ તદ્દન જૂઠ્ઠું છે."

"દિલારા, આ તેં પોતે લખેલા પ્રેમપત્રો જોયા કે ? અને અમિરૂદ્દીને તેના જે ઉત્તરો મોકલ્યા છે તે પણ જો. આ તો લેખી પુરાવો છે ! અને દિલારા, જે દિવસે મારા મૃત્યુની ખબર તારા જાણવામાં આવી, તે જ દિવસે તેં અમિરૂદ્દીન સાથે નિકા કરવાની બાબતમાં વાતાચત કરવાનું ઠરાવ્યું હતું ને ? દિલારા, તારાપર જેણે એટલો બધો વિશ્વાસ રાખ્યો હતો, જેણે પોતાની સઘળી સંપત્તિ તારે સ્વાધીન કરી હતી અને તું જેને પતિ તરીકે સમજતી હતી, તેને માટે એક દિવસ સૂતક પાળવાનું પણ તારા જીવ પર આવ્યું ? શું આ પત્રો ખોટા છે ? મેં પોતે મારી આંખે જોયેલ બનાવ પણ ખોટા જ છે ને ?"

દિલારા કાંઇ જ બોલી નહિ. કૃતકર્મના પશ્ચાત્તાપની આંખો હવે તેના ચહેરાપર જણાવા લાગી. હું માંદો કેમ પડયો, કબરસ્થાનમાંથી બહાર કેવી રીતે નિકળ્યો, અને બન્નેના વિલાસ કેવી રીતે જોયા એ વિગેરે સર્વ હકીકત દિલારાને કહી, પછી તેને કહ્યું, "દિલારા, તેં કેવું ભયંકર પાપ કર્યું છે, એ તારા લક્ષ્યમાં આવ્યું કે? તેં તારા પતિના કાળજે બચકું ભર્યું છે અને તેના મર્મસ્થાને ઘા કર્યો છે. એ અપરાધ માટે તને ગમે તેવી ભારેમાં ભારે શિક્ષા કરી, તો પણ તે થોડી જ છે. પણ દિલારા, ધ્યાનમાં રાખજે કે એ શિક્ષા કરવા માટે હું તારા શરીરને હાથ પણ અડકાડીશ નહિ. હું તારા પાપી હૃદયમાં છુરી ઘોચીશ નહિ કે તારા ખાણામાં ઝેર પણ કાલવીશ નહિ. માત્ર એટલું જ કે, તારે તારૂં સ્વાતંત્ર્ય ગુમાવવું પડશે અને આ ભોંયરામાં તારૂં બાકી રહેલું આયુષ્ય ગાળવું પડશે! એક વખત મેં તારાપર વિશ્વાસ રાખી તને પૂર્ણ સ્વાતંત્ર્ય આપ્યું હતું. હવે તુંજ વિચાર કરી જો કે, તે સ્વાતંત્ર્યના સંબંધમાં તેં મારી સાથે જે વિશ્વાસઘાતનું વર્તન કર્યું છે, તેની તને યોગ્ય શિક્ષા મળી કે નહિ. તારા જેવી રૂપોન્માદથી ઉન્મત્ત થએલી વિષારી સ્ત્રીને સમાજમાં રહેવા દેવા કરતાં, આ ભોંયરામાં–કેદખાનામાં રાખવી અધિક શ્રેયસ્કર નથી શું? દિલારા, તું સુખેથી અહીં રહે. તું અહીંયાં એકલી છે એમ ન સમજીશ. પેલો મિત્રદ્રોહી વિશ્વાસઘાતી અમિરૂદ્દીન પણ તારી સોબતમાં છે. તેની સાથે આનંદથી રહે." એમ કહી મેં પેલા પાટીયાના પડદાની કળ ખેંચી. તેજ ક્ષણે ખડખડ શબ્દ કરતો તે પાટીયાનો પડદો ઉંચો ચઢી ગયો અને અમિરૂદ્દીનનું તથા દિલારાનું એકમેકને દર્શન થયું.

અમિરૂદીનને સામે જોતાં જ દિલારાની અવસ્થા વધુ કઠિણ થઇ. તેણે એકવાર અમિરૂદીન સામું જોયું અને પછી તે શૂન્ય નજરે જોવા લાગી. મેં ક્રોધમાં ને ક્રોધમાં કહ્યું, "દિલારા, આ તારૂં સર્વસ્વ, તારૂં હૃદય રત્ન, તારો ઉપપતિ તારી સામે છે. મેં તારા પર મૂકેલા આરોપ ખોટા છે કે કેમ, એ તેનેજ પૂછ. દિલારા, સાદતઅલ્લીનું ખરાબખસ્ત કરવા માટે કઇ વાતની તેં બાકી રહે છે? અને વારૂ મારા કયા દુર્ગુણને લીધે તેં અને અમિરૂદીને મારો આમ સવનાશ કર્યો? તે કાળા તાવના રોગે મને નિભય કર્યો એથી જ હું બચ્યો. નહિ તો તમો બન્ને પર નાંખેલા વિશ્વાસનું ફળ મરીનાની માફક મને પણ એક દિવસ મળ્યું હોત. મારા ખોરાકમાં ઝેર કાલવી મને ગુરાવવો અને અને એવી રીતે વિકલાંગ થએલા સાદતઅલ્લીખાનની અમર્યાદિત અવેહેલના કરવી. આવો પણ તમો બન્નેનો સંકલ્પ હતો. પરંતુ કાળા તાવના રોગે મને આશ્રય આપ્યાથી તમો નાઇલાજ થયાં. દિલારા, તેં એક કે બે અપરાધ ઓછાજ કર્યા છે? અરે તારા અપરાધની સીમાજ નથી. તને શિક્ષા કરવા માટે ગમે તે કોઇ પ્રવૃત્ત થાય, તો પણ તને શિક્ષા કઇ કરવી એ તેને સુઝશેજ નહિ. તેં હજાર અપરાધ કર્યા છે; પણ તને હજાર શિક્ષા કરવી કેવી રીતે? દિલારા, એથીજ મેં તને આવી વિલક્ષણ શિક્ષા ફરમાવી છે. બસ અમિરૂદીન સામું જોવું અને દિવસ ગાળવા. અમિરૂદીન તારા સામું જુવે અને દિવસ ગાળે. બોલ દિલારા, આ શિક્ષા તને યોગ્ય છે કે નહિ, કહે, બો?"

અત્યાર સુધી દિલરા સ્તબ્ધ હતી. તેના સર્વ અપરાધ તેના

મોઢા સામે સ્પષ્ટ કહી બતાવ્યાથી તેના ચહેરા પર મૃત્યુની છટા જણાતી હતી. પોતાને સૌંદર્યની ખાણ સમજનારી દિલારા તે સમયે એક પિશાચિણી જેવી ભયંકર અને કુરૂપ જણાતી હતી. એજ સ્થિતિમાં જો કોઇ બીજી સુશીલ સ્ત્રી હોય, તો પોતાના સતીત્વના બળ પર તેના મુખ પરના તેજમાં લગાર પણ ફરક પણ પડયો ન હોત. પરંતુ, દિલારાને સતીત્વ એ શું ચીજ છે, એની ખબર ન હોવાથી તેના સૌંદર્યમાં તત્ક્ષણ મૃત્યુકળા આવી. તે મારા તરફ સકરુણ નજરે જોઇ બોલી, "શું તમારા અંતઃકરણમાં દયાનો છાંટો પણ નથી ?"

"મારા અંતઃકરણમાં દયા પણ છે અને નિષ્ઠુરતા પણ છે. મારો જાફર, મારો ગફૂર, મારો પ્રિય વાઘો અને પેલી વૃદ્ધ દાસી એમને માટે મેં મારી દયા રાખી મૂકી છે અને તારે તથા અમિરૂદ્દીન નિષ્ઠુરતા રાખી છે. દિલારા વાવવું તેવું લણવું આ દુનિઆનો ન્યાય છે. માત્ર એટલુંજ કે કાઇકના હિસાબ આજ જન્મમાં અને આજ આંખો સામે પુરા થાય છે અને કોઇના હિસાબ જન્મોજન્મ સુધી લંબાયા કરે છે. પણ, કરેલાં દરેક કર્મનાં ફળ મળતાં નથી એમ કોઇએ પણ સમજવું નહિ. રાજા હો કે રંક હો, દરેકને સારાં-નરસાં કૃત્યોનાં ફળ ભોગવ્યા વિના છુટકો નથી, એ જ આ વિશ્વની યોજના છે. ખુદાએ જો આ યોજના નિર્માણ ન કરી હોત, તો વિશ્વનું આ ચક્ર ક્ષણવાર પણ ચાલ્યું નહોત. આજ નિયમથી વ્યક્તિ, સમાજ અને રાષ્ટ્ર પોત પોતાનાં ફળ ભોગવતાં હોય છે. દિલારા, તારા અપરાધનું ફળ તને આપવા માટે હું

તો નિમિત્ત માત્ર કારણ થયો છું. પણ, જરા દૂર જોઇશ, તો તને જણાઇ આવશે કે, એ બધી ખુદાની યોજના છે."

દિલારા નિશ્ચલ બેઠી હતી. કૃતકર્મનો અનુતાપ હવે તેના મોઢાપર પુરે પુરો જણાવા માંડયો હતો. તે સ્થળે હું અને થોડા અંતરે અમિરૂદીન એટલાંજ બે માણસો હતાં. પરંતુ અમને બન્નેને પણ મોઢું બતાવતાં તેનું મન કચવાતું હતું. મેં અમિરૂદીન તરફ વળી કહ્યું, " અમિરૂદીન, આ દુનિયામાં મિત્ર તરીકેનું જે જે શ્રેષ્ઠ માન છે, તે એક વખત મેં તને આપ્યું હતું. નિષ્કપટ વૃત્તિનો મિત્રપ્રેમ આ મૃત્યુલોકનું પરમ સુખ છે. આ દુનિયામાં અનેક અસાધ્ય બાબતો પણ પ્રયત્ન કર્યાથી સાધ્ય થાય છે. પરંતુ ખરો મિત્ર મળવા માટે ખરેખરજ ભાગ્ય જોઇએ છે. મા, બાપ, સ્ત્રી, ભાઇ, બ્હેન અને છોકરાં પણ પ્રસંગ આવે છોડી દે છે, પણ જે જીવનો દોસ્ત હોય છે, તે કદાપિ છોડતો નથી; આવું કોઇક કોઇક વખત જણાઇ આવે છે અને એથીજ મિત્રપ્રેમ જેટલો શ્રેષ્ઠ પ્રેમ બીજો નથી એમ કહેવાય છે. અમિરૂદીન, આ પ્રેમ મેં તને આપ્યો હતો. મેં તને મિત્રનું શ્રેષ્ઠ માન આપ્યું હતું. મારી પાસે પૈસા હતા, તે વખતે તે પૈસાની દૃષ્ટિથી હું તારે ઉપયોગી થઇ પડયો; એમાં કાંઇ મોટી વાત નથી. પણ ફક્ત મિત્ર તરીકે મેં કેટલી વખત તારા પ્રાણ બચાવ્યા છે, એ તારા ધ્યાનમાં છે કે ? એક વખત આપણે બન્ને યમુનામાં તરતા હતા તે વખતે તું પાણીમાં બુડવા માંડતાં કોણે તને બચાવ્યો ? આપણે ડુંગરપર ફરવા ગયા હતા, તે વખતે તું જ્યારે ડુંગર પરથી ઘસરી પડયો, ત્યારે

તને ભીડપડતાં કોણે અને તારે ઘેર જમાડતો કર્યો હતો, એ તારા લક્ષ્યમાં છે કે ? એક વખત સખ્ત તાવની માંદગીથી પથારીમાં તડફડતો પડયો હતો ત્યારે કોણે તારી શુશ્રૂષા કરી ? અમિરૂદ્દીન, એ સર્વ માટે હું તારી પાસે મારી મ્હોટાઇમાં ખણગાં ફૂંકતો નથી, તેમ તારાપર ઉપકારના ભાર ચઢાવતો નથી. તે તો એક મારૂં કર્તવ્ય હતું અને તેજ મેં કર્યું હતું. પરંતુ તેં તારા કર્તવ્યને કેમ ન સંભાળ્યું ? જવા દે તે કર્તવ્ય. પણ, તારે મિત્રદ્રોહ કરી મારા મુખપર પાણી તો નહોતુંજ રેડવું જોઇતું. મેં તારો કોઇપણ જાતનો ગુન્હો ન કરતાં છતાં, વધુ શું પણ તારૂં મન પણ દુભવ્યું નહોતું છતાં, તેં મારા કાળજે ભારે દંશ કર્યો છે, તે માટે તને શું પ્રાયશ્ચિત્ત આપવું એનો જોઇએ તો તુંજ વિચાર કર. લંપટ, નીચ, તેં એ સર્વ પ્રયત્ન દિલારા માટેજ કર્યા હતા ને ? લે ! તે તારી પાસેજ છે. સલામ અમિરૂદ્દીન, સલામ દિલારા ! હવે, પશ્ચાત્તાપથી જીવ કેટલો દુઃખી થાય છે એનો અંતકાળ સુધી અનુભવ લેતાં લેતાં તમે અહીંયાં તમારા દિવસ ગાળો. જો તમારાથી બની શકે, તો ખુદાનું સ્મરણ કરજો. એટલે એ દુઃખ તમને એટલું સખ્ત ભાસશે નહિ. સલામ ! સલામ ! !"

આમ કહી હું તે ભોંયરામાંથી બહાર નિકળ્યો અને તેનો મજબૂત દરવાજો બંધ કરી દીધો. પછી એ ભોંયરાને લગતીજ મેં એક ગુપ્ત જગા બંધાવી હતી, ત્યાં જઇ બેઠો. ત્યાંથી ભોંયરામાં બનતા સર્વ બનાવ હું સ્પષ્ટ રીતે જોઇ શકતો હતો; પણ ભોંયરામાંના માણુસો મને જોઇ શકતાં નહોતાં. કેટલીક વખત

લધી તો દિલારા અને અમિરૂદીન બન્ને જણ વિષણ્ણ ખિન્ન અને ઉદ્વિગ્ન થઇ બેઠાં હતાં. તેઓ એકમેક સામું જોતાં પણ નહોતાં. પરંતુ થોડીવાર પછી બન્નેએ એકમેક સામા ડોળા કાઢયા અને ધીમે ધીમે બન્નેના ચહેરા ક્રોધથી લાલ થતા જતા મને જણાયા. વળી થોડી વાર પછી તે એકમેકપર દાંત કચકચાવવા લાગ્યાં. પાંજરામાં પુરેલાં બે બિલાડાં જેમ એકમેકપર ઘુરકીયાં કરી ક્રોધ વ્યક્ત કરતાં હોય છે, તેના જેવી તે બન્નેની ધીમે ધીમે સ્થિતિ થઇ. ક્રોધિત થએલી વાઘણની માફક ઘુરકીયું કરી દિલારાએ અમિરૂદીનને કહ્યું, " રાક્ષસ, તેં મારી આ દુર્દશા કરી. "

અમિરૂદીન પણ તેટલાજ ક્રોધથી બૂમ પાડી બોલ્યો, " રાક્ષસણી, તારે લીધે મારી આવી દુર્દશા થઇ. તારે નાદે પડવાથી હું સર્વ સુખથી વંચિત થયો. ચાંડાળણી, શું કરૂં ? ક્રોધથી દાંત તો શિવ શિવ કરે છે; પણ ઉપાય નથી. તારી પાસે આવવાનો જો માર્ગ હોત, તો તારા રક્તથી હાથ ધોઈ મેં મારો ક્રોધ શાંત કર્યો હોત. "

દિલારા ચીડાઇને બોલી. " મૂર્ખ, એવો માર્ગ હોત તો તારી પહેલાં મેંજ તે માર્ગનો ઉપયોગ કર્યો હોત અને સ્ત્રીયોના દાંત કેટલા ઝેરી અને તીક્ષ્ણ હોય છે, એ તને દેખાડયું હોત. તું તો મારા રક્તથી માત્ર હાથ ધોઇનેજ તારો ક્રોધ શાંત કરવાનો હતો; પણ મેં તો તારૂં લોહી પીને મારો ક્રોધ શાંત કર્યો હોત ! "

કેટલીક વાર સુધી બન્ને જણ સ્તબ્ધ હતાં. પણ તેમનાં

અંતઃકરણમાં વિલક્ષણ ખળભળાટ શરૂ થઇ ગયો હતો એ તેમના ચહેરાપરથી સ્પષ્ટ જણાતું હતું. એટલામાં દિલારા પોતાનીજ સાથે સ્પષ્ટપણે બોલવા લાગી. તે પોતાના કપાળે હાથ મારી બોલી, " હાય ! શું હવે આ નરક જેવા ભોંયરામાં ઉંદરની માફક તરફડી દિવસ કાઢવા પડશે ? નાસી જવાનો માર્ગ ક્યાંય પણ જણાતો નથી શું ? અંહ્ બિલકુલ નહિ ! સાદત, મારા આવા હાલ કરવા કરતાં, મને જો ઠાર મારી નાંખી હોત તો આ અનુતાપના દુઃખથી આ જીવ છુટયો પણ હોત. ના, ના, હવે આ પશ્ચાત્તાપની આગ સહન થતી નથી. તેમ જીવ પણ જતો નથી. પાપનું પરિણામ આટલું બધું ભયંકર હોય છે, એવી મારા મનમાં કદાપિ કલ્પના આવી નહિ. તો—પણ હવે પાછળથી શુદ્ધિમાં આવે શો ઉપયોગ ? ઉંહ ! આવી સ્થિતિમાં જીવવા કરતાં આત્મહત્યા કરી મરવું વધારે સારૂં. પણ તેમ કરવાનું અહીંયાં સાધન ક્યાં છે ?

હાં હાં, ઠીક સાંભરી આવ્યું. લગ્ન સમયનો એક નાનો છરો મારા કમરપટામાં હજુ ખોસેલો છે, નહિ વારૂ ? હા છે. બંધુ શસ્ત્ર ! હવે તને તો આ દિલારાની દયા આવવા દે ! હાય ! આટલા દિવસ સુધી હું શરીર, સૌંદર્યને મારૂં સર્વસ્વ સમજતી હતી; પણ, તેનેજ લીધે મારે આ નરકવાસ ભોગવવો પડયો. " પછી તે અમિરૂદ્દીન તરફ વળી ક્રૂર સ્વરે બોલી, " મુઆ સેતાન, તેં મારો જે નાશ કર્યો છે, તે મારા આ સૌંદર્યને લીધેજ કર્યો છે. અમિરૂદ્દીન, જો. આ દિલારા તે સૌંદર્યપર કેવું વેર વાળે છે તે ! " આમ કહી દિલારાએ પેલા છરા વતી ચટક દેતું પોતાનું

નાક કાપી નાંખ્યું અને ગાલપર પણ બે ચાર ઘસરકા માર્યા. રાક્ષસણીનું કેટલું બધું ધૈર્ય ! પોતાના શરીરે આટલી બધી ઇજા કરતાં છતાં તેણે અરે પણ કર્યું નહિ. ઉલટી તે ઉછળીને બોલી, “ લે, ચાંડાળ, દિલારાનું સૌંદર્ય લે ! ”

આ બનાવ જોઇ અમિરૂદ્દીન પણ અનુતાપથી ગાંડા કરતાં વધૂ ગાંડો થયો. તે પણ આત્મહત્યાના વિચાર ખડખડવા લાગ્યો. તેના નસીબે તેને પણ એક હથિયાર મળી આવ્યું. તે દિલારાને ઉદ્દેશીને બોલ્યો, “રાક્ષસિણી, તેં જેમ તારા સૌંદર્યપર વેર વાળ્યું, તેમ હું મારી આંખો પર વાળું છું, આ આંખોએજ મારી આવી દુર્દશા કરી છે. મારી આ ઝેરી આંખોએજ મને માણસોમાંથી ઉઠાવી આણ્યો હતો. દિલારા. તારા જેવી ક્ષુદ્ર બુદ્ધિની સ્ત્રીને સૌંદર્ય આપવું એ માંકડાના હાથમાં મસાલ આપવા જેવું છે. તારો અત્યારનો ચહેરો—આજ ચહેરો—જો દુનિયા સામે હંમેશાં હોત, તો આ આંખો એટલી ફસાઇ ન હોત. પણ, મારી આ આંખોએજ મને અધોગામી કર્યો છે, માટે તે આંખોજ પહેલાં દૂર કરવી જોઇએ અને તે પછી આ વિષારી અંતઃકરણ નષ્ટ કરી દુનિયાની રજા લેવી જોઇએ. આવી સ્થિતિમાં સડી મરવા કરતાં આત્મહત્યા કરી અધિક સારી. હા ! પણ તે પહેલાં મારા લોહીથી મારે ચાર અક્ષર લખવા જોઇએ. ” આમ કહી તે પાષાણ-હૃદયી અમિરૂદ્દીને પોતાના ડાબા હાથ પર જખમ કરી લોહી કાઢ્યું અને તે લોહીથી “ કર્મફળ ” આવા અક્ષરો તેણે ભીંતપર લખ્યા. પછી તેજ છુરીથી પોતાની આંખો ઝટ દઇને કાઢી નાંખી અને બોલ્યો, “ દિલારા, અંધારૂં, અંધારૂં.

ચારે બાજુ અંધારૂં જણાવા લાગ્યું. આહાહા ! ખુદાએ મને જ-મશીન આંધળો કર્યો હોત તો કેવી મજેની બહાર આવી હોત. અરેરે ! પણ એ સ્મૃતિ દૂર થતી નથી. એ સ્મૃતિને લીધે હજુ પણ મને દિલારાનું રૂપ દેખાયે છે અને તે રૂપ મારૂં હૃદય બાળે છે ! છટ ! હવે જેમ બને તેમ જલદીથી આ દુનિયાની રજા લેવી જોઈએ ! ” આમ કહી અમિરૂદ્દીને તે છરી જોરથી પોતાની છાતીમાં મારી પ્રાણ-ત્યાગ કર્યો.

પેલી બાજુ દિલારા કાંઇક ચમત્કારિક દૃષ્ટિથી એ બનાવ જોતી હતી. અમિરૂદ્દીનનો દેહ ભૂમિપર પડતાંજ તેણે પણ પોતાના લોહીથી “ કર્મ-ફળ ” આવા અક્ષરો ભીંતપર લખ્યા અને પછી ક્રોધથી દાંત કચકચાવી બોલી, “ મૂઆ, કાળસર્પ, તને એમ છોડીશ નહિ તો. તારાપર વેર વાળવા માટે હું પણ તારી પાછળ પાછળજ તે નરક લોકમાં આવું છું. ” આમ કહી દિલારાએ પણ તે છરી પોતાના ગળાપર ફેરવી આ દુનિયાની આખરની રજા લીધી ! !

મિત્રો ! હવે તમારા સમજવામાં આવ્યું હશે કે, તમારી પાસે આ આત્મકથા કહેનાર સાદતઅલ્લીખાન મૃત કેવી રીતે અને જીવંત કેવી રીતે. તમને કહેલા તે ભયંકર દેખાવ તે વખતે મેં કેવી રીતે જોયા, અને કેવી રીતે નહિ, એ હુંજ જાણું. સાદતઅલ્લીખાનના નામથી જીવતા રહી દુનિયાને મારી ઓળખાણ આપવાની મને ઇચ્છા ન હોવાથી મેં મારી સર્વ સંપત્તિ ગરીબ-ગુરબાંની સુખ-સગવડો માટે ખર્ચી અને ફકીર થઇ હિંદુસ્થાન છોડયું. મારૂં નવું ઘર ગફૂરને આપ્યું. જુનું ઘર જાફ-

રને આપ્યું. પેલી બકરી હાથી તે બન્ને પોતાના પુત્રવત્ માની તેમની પાસે રહેવા લાગી. વાઘાની રજા લેતી વખતે તે મૂગા પ્રાણી માટે હૃદય ઘણુંજ દુઃખી થયું. તેના મરણ પછી તેનું સુંદર કબસ્થાન બાંધી, ત્યાં એક ધર્મશાળા, એક મસીદ અને એક નાનું તળાવ બાંધવા માટે મેં બે લાખ રૂપિયા જાફર અને ગફૂરને સ્વાધીન કર્યા. મેં જ્યારે મારા તે ગરીબ, પણ નિમક હલાલી મિત્રોની છેવટની રજા લીધી, ત્યારે તેઓ ડળક ડળક રડી પડયા. હું પણ આંસુ ગાળતો ગાળતો જહાજમાં બેઠો.

મિત્રો ! તમારી સામે બેઠેલા આ ફકીરની આવી વિચિત્ર હકીકત છે ! ”

સમાપ્ત.